To Hinaben P. ...tali
Sumantlal ...alchand Shet
(Limbdiwala)

कहान-रत्न चिंतामणि महोत्सव
(વીર સં. ૨૪૭૫)

# શ્રી કાનજી સ્વામી

૮૦



## જીવન પરિચય

અમે જિનવરનાં સંતાન જિનવર પંથે વિચરશું

# મંગલ વધાઈ



પ્રકાશક
દિ. જૈન મુમુક્ષુ મંડળ
મુંબઈ

*

વીર સં. ૨૪૯૫ વૈશાખ સુદ ૨
તા. ૧૮-૪-૬૯
મુંબઈ

*

સંપાદક
બ્ર. હરિલાલ જૈન

*

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

## સ્વાગત આજ તુમારા હૈ

વિદેહક્ષેત્રથી ભરતે આવ્યા,
સીમંધરદેવના સન્દેશ લાવ્યા;
આવો....ગુરુજી! આવો આવો,
અમને શુદ્ધાત્મા દરશાવો....

મોક્ષમાર્ગના પંથે ચાલ્યા,
મુમુક્ષુને એ માર્ગ બતાવ્યા;
રત્નચિંતામણિ આપ અમારા,
કરીએ સન્માન આજ તુમારા....

અષ્ટકર્મને શૂન્ય કરો છો,
અષ્ટ મહા ગુણ આપ વરો છો,
રત્નત્રયના દાતા ગુરુજી!
સ્વાગત આજ તુમારા હૈ...



Shmantlal sheth
(R) 8838735



रत्नत्रयवरदः शतं जीव शरदः

## वन्दे तद्गुणलब्धये

પૂ. ગુરુદેવની ૮૦ મી રત્નચિંતામણિ-જન્મજયંતિના મહોત્સવ પ્રસંગે મુંબઈ મુમુક્ષુમંડળદ્વારા પ્રગટ થતા આ પુસ્તકમાં ગુરુદેવના પવિત્ર જીવનનો, અને તેમના દ્વારા થયેલી પ્રભાવનાનો પરિચય આપવામાં આવ્યો છે. ગુરુદેવના પવિત્ર જીવનમાંથી આત્મિક સાધનાની મહાન પ્રેરણા આપણને પ્રાપ્ત થાય છે. ગુરુદેવના પવિત્ર હસ્તાક્ષરોનો સંગ્રહ પણ આ પુસ્તકમાં આપ્યો છે; એ હસ્તાક્ષરો, માત્ર અક્ષરો જ નથી પણ એમના અંતરના પવિત્ર ભાવોને સ્પર્શીને નીકળેલા ઉદ્ગારો છે.

ગુરુદેવની ૭૫ મી હીરકજયંતિનો ઉત્સવ અને આ ૮૦ મી રત્નચિંતામણિ-જયંતિનો ઉત્સવ, એ બંને મહાન ઉત્સવો ઉજવવાનું મહદ્‌ભાગ્ય મુંબઈ મહાનગરીને મળ્યું અને બંને પ્રસંગે સુંદર–સુશોભિત ગ્રંથોનું પ્રકાશન પણ મુંબઈ મુમુક્ષુમંડળદ્વારા જ થયું, તે માટે મુંબઈનું મુમુક્ષુમંડળ ધન્યવાદને પાત્ર છે. અને, બંને ગ્રંથોદ્વારા ગુરુદેવના પવિત્ર ગુણગાન ગાવાનો ને તેમના પ્રત્યેની અંતરની ઉર્મિઓ વ્યક્ત કરવાનો જે સુઅવસર મને મળ્યો,—એક ભાવિતીર્થંકરની સાથે તેમના ચરણ સાન્નિધ્યમાં સદૈવ રહેવાનું અને એમના ઉત્તમ જીવનનું આલેખન કરવાનું જે મંગલકાર્ય મને પ્રાપ્ત થયું, તેને હું મારા જીવનની સફળતા અને નીકટભવ્યતાની નિશાની સમજું છું. ગુરુદેવના મંગલ આશીર્વાદ પામીને જીવનમાં ધન્યતા અનુભવાય છે. હે ગુરુદેવ! આપના ગુણગાનનાં ફળરૂપે આપના જેવા ગુણો મને પણ પ્રાપ્ત થાઓ—**वन्दे तद्गुणलब्धये.**

—હરિ.

*

# અધ્યાત્મસંત શ્રી કાનજીસ્વામી

## [સંક્ષિપ્ત જીવનપરિચય]

[વિ. સં. ૧૯૯૯ : વૈશાખ સુદ ૨] [લે: હિંમતલાલ જેઠાલાલ શાહ B. Sc.]

જેમની 'રત્નચિંતામણિ (૮૦ મી) જન્મજયંતી પ્રસંગે આ પુસ્તક પ્રસિદ્ધ થાય છે એવા પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનું પ્રભાવશાળી જીવન વિદ્વાન્ વડીલબંધુશ્રી હિંમતલાલ જે. શાહે પોતાની ખાસ ભાવભીની શૈલીથી લખેલ છે. આજથી પચીસેક વર્ષ પહેલાં લખાયેલા એ જીવનપરિચયમાં સં. ૧૯૯૯ સુધીની ગુરુદેવના જીવનની મુખ્ય-મુખ્ય ઘટનાઓનો ઉલ્લેખ છે. ભાઈશ્રી હિંમતલાલભાઈની સંમતિ-અનુસાર એ જીવનપરિચય અહીં આપવામાં આવ્યો છે. આ જીવન-પરિચય મુમુક્ષુ જીવોને સત્ અને સંત બંને પ્રત્યે પરમ બહુમાન જગાડીને આત્માર્થિતાનું પોષણ કરે છે. —સંકલનકાર

### જન્મ અને બાલ્યકાળ

પરમ પૂજ્ય અધ્યાત્મસંત શ્રી કાનજીસ્વામીનો શુભ જન્મ વિ. સં. ૧૯૪૬ ના વૈશાખ સુદ બીજ ને રવિવારના દિવસે કાઠિયાવાડના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં થયો હતો. તેઓશ્રીનાં માતુશ્રીનું નામ ઉજમબાઈ અને પિતાશ્રીનું નામ મોતીચંદભાઈ હતું. જ્ઞાતિએ તેઓ દશા શ્રીમાળી વણિક હતા. બાળવયમાં તેઓશ્રીના વિશે કોઈ જોષીએ કહ્યું હતું કે આ કોઈ મહાપુરુષ થશે. બાળપણથી જ તેઓશ્રીના મુખ પર વૈરાગ્યની સૌમ્યતા અને નેત્રોમાં બુદ્ધિ ને વીર્યનું તેજ દેખાતું. તેઓશ્રીએ ઉમરાળાની જ નિશાળમાં અભ્યાસ કર્યો હતો. જોકે નિશાળમાં તેમ જ જૈનશાળામાં તેઓશ્રી પ્રાયઃ પ્રથમ નંબર રાખતા તોપણ નિશાળમાં અપાતા વ્યાવહારિક જ્ઞાનથી તેમના ચિત્તને સંતોષ થતો નહિ અને તેમને ઊંડે ઊંડે એમ રહ્યા કરતું કે 'હું જેની શોધમાં છું તે આ નથી.' કોઈ કોઈ વાર આ દુઃખ તીવ્રતા ધારણ કરતું; અને એક વાર તો, માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ, તે બાળ-મહાત્મા સતના વિયોગે ખૂબ રડ્યા હતા.

## ધંધામાં જોડાણ છતાં વૈરાગ્યની જાગૃતિ

નાની વયમાં જ માતાપિતા કાળધર્મ પામવાથી તેઓશ્રી આજીવિકા અર્થે તેમના મોટા ભાઈ ખુશાલભાઈ સાથે પાલેજમાં ચાલુ દુકાનમાં જોડાયા. ધીમે ધીમે દુકાન સારી જામી. વેપારમાં તેમનું વર્તન પ્રમાણિક હતું. એક વાર (લગભગ ૧૬ વર્ષની વયે) તેમને કોઈ કારણે વડોદરાની કોર્ટમાં જવું પડયું હતું. ત્યાં તેઓશ્રીએ અમલદાર સમક્ષ સત્ય હકીકત સ્પષ્ટતાથી જણાવી દીધી હતી; તેમના મુખ પર તરવરતી નિખાલસતા, નિર્દોષતા ને નીડરતાની અમલદાર પર છાપ પડી અને તેમણે કહેલી સર્વ હકીકત ખરી છે એમ વિશ્વાસ આવવાથી અમલદારે તે સર્વ હકીકત સંપૂર્ણપણે માન્ય રાખી.

પાલેજમાં તેઓશ્રી કોઈ વખત નાટક જોવા જતા; પરંતુ અતિશય આશ્ચર્યની વાત તો એ છે કે નાટકમાંથી શૃંગારિક અસર થવાને બદલે કોઈ વૈરાગ્યપ્રેરક દશ્યની ઊંડી અસર તે મહાત્માને થતી અને તે કેટલાય દિવસ સુધી રહેતી. કોઈ કોઈ વખત તો નાટક જોઈને આવ્યા પછી આખી રાત વૈરાગ્યની ધૂન રહેતી. એક વાર નાટક જોયા પછી 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એ લીટીથી શરૂ થતું કાવ્ય તેમણે બનાવ્યું હતું. સાંસારિક રસનાં પ્રબળ નિમિત્તોને પણ મહાન આત્માઓ વૈરાગ્યનાં નિમિત્ત બનાવે છે!

## વૈરાગ્ય અને દીક્ષા

આ રીતે પાલેજની દુકાનમાં વેપારનું કામકાજ કરતાં છતાં તે મહાત્માનું મન વેપાર-મય કે સંસારમય થયું નહોતું. તેમનો અંતર્વ્યાપાર તો જુદો જ હતો. તેમના અંતરનો સ્વાભાવિક ઝોક હંમેશાં ધર્મ અને સત્યની શોધ પ્રતિ જ રહેતો. ઉપાશ્રયે કોઈ સાધુ આવે કે તેઓ તે સાધુની સેવા તેમ જ તેમની સાથે ધાર્મિક વાર્તાલાપ માટે દોડી જતા અને ઘણો સમય ઉપાશ્રયે ગાળતા. ધાર્મિક અભ્યાસ પણ ચાલુ હતો. તેમનું ધાર્મિક જીવન અને સરળ અંતઃકરણ જોઈને તેમના સંબંધીઓ તેમને 'ભગત' કહેતા. તેમણે તેમના મોટા ભાઈ ખુશાલભાઈને સ્પષ્ટ જણાવી દીધું હતું કે 'મારું વેવિશાળ કરવાનું નથી; મારા ભાવ દીક્ષા લેવાના છે.' ખુશાલભાઈએ તેમને ઘણું સમજાવ્યા કે–'ભાઈ, તું ન પરણે તો ભલે તારી ઇચ્છા, પરંતુ તું દીક્ષા ન લે. તારે દુકાને ન બેસવું હોય તો ભલે તું આખો દિવસ ધાર્મિક વાંચનમાં ને સાધુઓના સંગમાં ગાળ પણ દીક્ષાની વાત ન કર.' આમ ઘણું સમજાવવા છતાં તે મહાત્માના વૈરાગી ચિત્તને સંસારમાં રહેવાનું પસંદ પડયું નહિ. દીક્ષા લીધા પહેલાં તેઓશ્રી કેટલાય મહિનાઓ સુધી આત્માર્થી ગુરુની શોધ માટે કાઠિયા-વાડ, ગુજરાત ને મારવાડમાં અનેક ગામો ફર્યા, ઘણા સાધુઓને મળ્યા પણ ક્યાંય મન ઠર્યું નહિ. ખરી વાત તો એ હતી કે પૂર્વ ભવની અધૂરી મૂકેલી સાધનાએ અવતરેલા તે

મહાત્મા પોતે જ ગુરુ થવાને યોગ્ય હતા. આખરે બોટાદ સંપ્રદાયના સ્થાનકવાસી જૈન સાધુ હીરાચંદજી મહારાજના હાથે દીક્ષા લેવાનું નક્કી થયું અને સં. ૧૯૭૦ ના માગશર સુદ ૯ ને રવિવારને દિવસે ઉમરાળામાં મોટી ધામધૂમથી દીક્ષામહોત્સવ થયો.

## શાસ્ત્રાભ્યાસ, અને પુરુષાર્થ—જીવનમંત્ર

દીક્ષા લઈને તુરત જ મહારાજશ્રીએ શ્વેતાંબર શાસ્ત્રાનો સખત અભ્યાસ કરવા માંડ્યો; તે એટલે સુધી કે આહારાદિ શારીરિક આવશ્યકતાઓમાં વખત જતો તે પણ તેમને ખટકતો. લગભગ આખો દિવસ ઉપાશ્રયના કોઈ એકાંત ભાગમાં અભ્યાસ કરતા તેઓ જોવામાં આવતા. ચારેક વર્ષમાં લગભગ બધાં શ્વેતામ્બર શાસ્ત્રો તેઓ વિચારપૂર્વક વાંચી ગયા. તેઓ સંપ્રદાયની રીત પ્રમાણે ચારિત્ર પણ કડક પાળતા. થોડા જ વખતમાં તેમની આત્માર્થિતાની, જ્ઞાનપિપાસાની અને ઉગ્ર ચારિત્રની સુવાસ કાઠિયાવાડમાં ફેલાઈ. તેમના ગુરુની મહારાજશ્રી પર બહુ કૃપા હતી. મહારાજશ્રી પ્રથમથી જ તીવ્ર પુરુષાર્થી હતા. કેટલીક વખત તેમને કોઈ ભવિતવ્યતા પ્રત્યે વલણવાળી વ્યક્તિ તરફથી એવું સાંભળવાનો પ્રસંગ બનતો કે 'ગમે તેવું આકરું ચારિત્ર પાળીએ પણ કેવળી ભગવાને જો અનંત ભવ દીઠા હશે તો તેમાંથી એક પણ ભવ ઘટવાનો નથી.' મહારાજશ્રી આવાં પુરુષાર્થહીનતાનાં મિથ્યા વચનો સાંખી શકતા નહિ અને બોલી ઊઠતા કે 'જે પુરુષાર્થી છે તેના અનંત ભવો કેવળી ભગવાને દીઠા જ નથી. જેને પુરુષાર્થ ભાસ્યો છે તેને અનંત ભવ હોય જ નહિ, પુરુષાર્થીને ભવસ્થિતિ આદિ કાંઈ નડતું નથી, તેને પાંચે સમવાય આવી મળ્યા છે.' 'પુરુષાર્થ, પુરુષાર્થ ને પુરુષાર્થ' એ મહારાજશ્રીનો જીવનમંત્ર છે.

દીક્ષાનાં વર્ષો દરમ્યાન મહારાજશ્રીએ શ્વેતામ્બર શાસ્ત્રોનો ખૂબ મનનપૂર્વક અભ્યાસ કર્યો. ભગવતી સૂત્ર તેઓશ્રીએ ૧૭ વાર વાંચ્યું છે. દરેક કાર્ય કરતાં તેમનું લક્ષ સત્યના શોધન પ્રતિ જ રહેતું.

## શાસન—ઉદ્ધારનો એક પવિત્ર પ્રસંગ : સમયસારની પ્રાપ્તિ

સં. ૧૯૭૮માં શ્રી વીરશાસનના ઉદ્ધારનો, અનેક મુમુક્ષુઓના મહાન પુણ્યોદયને સૂચવતો એક પવિત્ર પ્રસંગ બની ગયો. વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્ય-વિરચિત શ્રી સમયસાર નામનો મહાન ગ્રંથ મહારાજશ્રીના હસ્તકમળમાં આવ્યો. સમયસાર વાંચતાં જ તેમના હર્ષનો પાર ન રહ્યો. જેની શોધમાં તેઓ હતા તે તેમને મળી ગયું. શ્રી સમયસારજીમાં અમૃતનાં સરોવર છલકાતાં મહારાજશ્રીના અંતર્નયને જોયાં. એક પછી એક ગાથા વાંચતાં મહારાજશ્રીએ ઘૂંટડા ભરી ભરીને તે અમૃત પીધું. ગ્રંથાધિરાજ સમયસારજીએ મહારાજશ્રી પર અપૂર્વ, અલૌકિક, અનુપમ ઉપકાર કર્યો અને તેમના

આત્માનંદનો પાર ન રહ્યો. મહારાજશ્રીના અંતર્જીવનમાં પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજ ઘર દેખ્યું. ઉપયોગઝરણાનાં વહેણ અમૃતમય થયાં. જિનેશ્વર-દેવના સુનંદન ગુરુદેવની જ્ઞાનકળા હવે અપૂર્વ રીતે ખીલવા લાગી.

## અદ્‌ભુત વ્યાખ્યાનશૈલી અને સમ્યગ્દર્શનનો મહિમા

સં. ૧૯૯૧ સુધી મહારાજશ્રીએ સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી બોટાદ, વઢવાણ, અમરેલી, પોરબંદર, જામનગર, રાજકોટ વગેરે ગામોમાં ચાતુર્માસ કર્યાં અને શેષ કાળમાં સેંકડો નાનાંમોટાં ગામોને પાવન કર્યાં. કાઠિયાવાડના હજારો માણસોને મહારાજશ્રીના ઉપદેશ પ્રત્યે બહુમાન પ્રગટ્યું. અંતરાત્મધર્મનો ઉદ્યોત ઘણો થયો. જે ગામમાં મહારાજ-શ્રીનું ચાતુર્માસ હોય ત્યાં બહારગામનાં હજારો ભાઈબહેનો દર્શનાર્થે જતાં અને તેમની અમૃતવાણીનો લાભ લેતાં. મહારાજશ્રી શ્વેતામ્બર સંપ્રદાયમાં રહ્યા હોવાથી વ્યાખ્યાનમાં મુખ્યત્વે શ્વેતામ્બર શાસ્ત્રો વાંચતા (જોકે છેલ્લાં વર્ષોમાં સમયસારાદિ પણ સભા વચ્ચે વાંચતા હતા.) પરંતુ તે શાસ્ત્રોમાંથી, પોતાનું હૃદય અપૂર્વ હોવાથી, અન્ય વ્યાખ્યાતાઓ કરતાં જુદી જ જાતના અપૂર્વ સિદ્ધાંતો તારવતા. વિવાદનાં સ્થળોને છેડતા જ નહિ. ગમે તે અધિકાર તેઓશ્રી વાંચે પણ તેમાં કહેલી હકીકતોને અંતરના ભાવો સાથે મીંઢવીને તેમાંથી એવા અલૌકિક આધ્યાત્મિક ન્યાયો કાઢતા કે જે ક્યાંય સાંભળવા ન મળ્યા હોય. 'જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ પણ હેય છે....શરીરમાં રોમે રોમે તીવ્ર રોગ થવા તે દુઃખ જ નથી, દુઃખનું સ્વરૂપ જુદું છે.....વ્યાખ્યાન સાંભળી ઘણા જીવો બૂઝે તો મને ઘણો લાભ થાય એમ માનનાર વ્યાખ્યાતા મિથ્યાદૃષ્ટિ છે. ....આ દુઃખમાં સમતા નહિ રાખું તો કર્મ બંધાશે—એવા ભાવે સમતા રાખવી તે પણ મોક્ષમાર્ગ નથી....પાંચ મહાવ્રત પણ માત્ર પુણ્યબંધનાં કારણ છે.' આવા હજારો અપૂર્વ ન્યાયો મહારાજશ્રી વ્યાખ્યાનમાં અત્યંત સ્પષ્ટ રીતે લોકોને સમજાવતા. દરેક વ્યાખ્યાનમાં મહારાજશ્રી સમ્યગ્દર્શન પર અત્યંત અત્યંત ભાર મૂકતા. તેઓશ્રી અનેક વાર કહેતા કે "શરીરનાં ચામડાં ઉતરડીને ખાર છાંટનાર ઉપર પણ ક્રોધ ન કર્યો—એવાં વ્યવહાર ચારિત્રો આ જીવે અનંત વાર પાળ્યાં છે, પણ સમ્યગ્દર્શન એક વાર પણ પ્રાપ્ત કર્યું નથી. લાખો જીવોની હિંસાના પાપ કરતાં મિથ્યાદર્શનનું પાપ અનંતગણું છે. ....સમકિત સહેલું નથી. લાખો કરોડોમાં કોઈક વિરલ જીવને જ તે હોય છે. સમકિતી જીવ પોતાનો નિર્ણય પોતે જ કરી શકે છે. સમકિતી આખા બ્રહ્માંડના ભાવોને પી ગયો હોય છે. આજકાલ તો સૌ પોતપોતાના ઘરનું સમકિત માની બેઠા છે. સમકિતીને તો મોક્ષના અનંત સુખની વાનગી પ્રાપ્ત થઈ હોય છે. સમકિતીનું તે સુખ, મોક્ષના સુખના અનંતમા ભાગે હોવા છતાં અનંત છે.' અનેક રીતે, અનેક દલીલોથી, અનેક પ્રમાણોથી, અનેક દૃષ્ટાંતોથી સમકિતનું

અદ્‌ભુત માહાત્મ્ય તેઓશ્રી લોકોને ઠસાવતા. મહારાજશ્રીની જૈનધર્મ પરની અનન્ય શ્રદ્ધા, આખું જગત ન માને તોપણ પોતાની માન્યતામાં પોતે એકલા ટકી રહેવાની તેમની અજબ દૃઢતા અને અનુભવના જોરપૂર્વક નીકળતી તેમની ન્યાયભરેલી વાણી ભલભલા નાસ્તિકોને વિચારમાં નાખી દેતી અને કેટલાકને આસ્તિક બનાવી દેતી. એ કેસરીસિંહનો સિંહનાદ પાત્ર જીવોના હૃદયના ઊંડાણને સ્પર્શી તેમના આત્મિક વીર્યને ઉછાળતો. સત્યના જોરે આખા જગતના અભિપ્રાયો સામે ઝૂઝતા એ અધ્યાત્મયોગીની ગર્જના જેમણે સાંભળી હશે તેમના કાનમાં હજુ તેનો રણકાર ગુંજતો હશે.

આવી અદ્‌ભુત પ્રભાવશાળી અને કલ્યાણકારિણી વાણી અનેક જીવોને આકર્ષે એ સ્વાભાવિક છે. સાધારણ રીતે ઉપાશ્રયમાં કામધંધાથી નિવૃત્ત થયેલા વૃદ્ધ માણસો મુખ્યત્વે આવતા હોય છે. પરંતુ કાનજી મહારાજ જ્યાં પધારે ત્યાં તો યુવાનો, કેળવાયેલા માણસો, વકીલો, દાક્તરો, શાસ્ત્રના અભ્યાસીઓ વગેરેથી ઉપાશ્રય ઊભરાઈ જતો. મોટાં ગામોમાં મહારાજશ્રીનું વ્યાખ્યાન પ્રાયઃ ઉપાશ્રયમાં નહિ પણ કોઈ વિશાળ જગ્યામાં રાખવું પડતું. દિવસે દિવસે તેમની ખ્યાતિ વધતી જ ગઈ. વ્યાખ્યાનમાં હજારો માણસો આવતાં. આસપાસનાં ગામોમાંથી પણ માણસો આવતાં. આગળ જગ્યા મળે એ હેતુથી સેંકડો લોકો કલાક-દોઢદોઢ કલાક વહેલા આવીને બેસી જતા. કોઈક જિજ્ઞાસુઓ વ્યાખ્યાનોની ટૂંકી નોંધ કરી લેતા. જે ગામમાં મહારાજશ્રી પધારે તે ગામમાં શ્રાવકોના ઘરે ઘરે ધર્મની ચર્ચા ચાલતી અને સર્વત્ર ધર્મનું વાતાવરણ જામી રહેતું. શેરીઓમાં શ્રાવકોનાં ટોળાં ધર્મની વાતો કરતાં નજરે પડતાં. સવાર, બપોર ને સાંજ ઉપાશ્રયના રસ્તે જનસમુદાયની ભારે અવર-જવર રહ્યા કરતી. ઉપાશ્રયમાં લગભગ આખો દિવસ તત્ત્વજ્ઞાનચર્ચાની શીતળ લહરીઓ છૂટતી. કેટલાક મુમુક્ષુઓનું તો વેપારધંધામાં ચિત્ત ચોંટતું નહિ ને મહારાજશ્રીની શીતળ છાયામાં ઘણોખરો વખત ગાળતા. આ રીતે ગામોગામ અનેક સુપાત્ર જીવોના હૃદયમાં મહારાજશ્રીએ સત્‌ની રુચિનાં બીજ રોપ્યાં. મહારાજશ્રીના વિયોગમાં પણ તે મુમુક્ષુઓ મહારાજશ્રીનો બોધ વિચારતા, ભવભ્રમણ કેમ ટળે, સમ્યક્ત્વ કેમ પ્રાપ્ત થાય—તેની ઝંખના કરતા, કોઈ વાર ભેગા મળીને તત્ત્વચર્ચા કરતા, મહારાજશ્રીએ કહેલાં પુસ્તકો વાંચતા—વિચારતા.

સ્થાનકવાસી સાધુઓમાં મહારાજશ્રીનું સ્થાન અજોડ હતું. 'કાનજી મહારાજ શું કહે છે'—એ જાણવા સાધુ—સાધ્વીઓ ઉત્સુક રહેતાં. કેટલાક સાધુ—સાધ્વીઓ મહારાજશ્રીનાં વ્યાખ્યાનની નોંધ મુમુક્ષુ ભાઈબહેનો પાસેથી મેળવી વાંચી લેતાં.

મહારાજશ્રીએ ઘણાં વર્ષો સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી આત્મધર્મનો ખૂબ પ્રચાર કર્યો અને સાધુ તથા શ્રાવકોને વિચારતા કરી મૂક્યા.

## પરિવર્તન : સંપ્રદાયત્યાગ

મહારાજશ્રી સં. ૧૯૯૧ સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહ્યા. પરંતુ અંતરંગ આત્મામાં વાસ્તવિક વસ્તુસ્વભાવ અને વાસ્તવિક નિર્ગ્રંથમાર્ગ ઘણા વખતથી સત્ય લાગતો હોવાથી તેઓશ્રીએ યોગ્ય સમયે કાઠિયાવાડના સોનગઢ નામના નાના ગામમાં ત્યાંના એક ગૃહસ્થના ખાલી મકાનમાં સં. ૧૯૯૧ ના ચૈત્ર સુદ ૧૩ ને મંગળવારને દિને 'પરિવર્તન' કર્યું–સ્થાનકવાસી સંપ્રદાયનું ચિહ્ન જે મુહપત્તિ તેનો ત્યાગ કર્યો. સંપ્રદાય ત્યાગનારાઓને કેવી કેવી અનેક મહાવિપત્તિઓ પડે છે, બાળ જીવો તરફથી અજ્ઞાનને લીધે તેમના પર કેવી અઘટિત નિંદાની ઝડીઓ વરસે છે, તેનો તેમને સંપૂર્ણ ખ્યાલ હતો, પણ તે નીડર ને નિસ્પૃહ મહાત્માએ તેની કાંઈ પરવા કરી નહિ. સંપ્રદાયના હજારો શ્રાવકોના હૃદયમાં મહારાજશ્રી અગ્રસ્થાને બિરાજતા હતા તેથી ઘણા શ્રાવકોએ મહારાજશ્રીને પરિવર્તન નહિ કરવા અનેક પ્રકારે પ્રેમભાવે વીનવ્યા હતા. પરંતુ જેના રોમે રોમમાં વીતરાગપ્રણીત યથાર્થ સન્માર્ગ પ્રત્યે (–સમ્યક્ દિગંબર જૈન ધર્મ પ્રત્યે) ભક્તિ ઊછળતી હતી તે મહાત્મા એ પ્રેમભરી વિનવણીની અસર હૃદયમાં ઝીલી, રાગમાં તણાઈ, સત્‌ને કેમ ગૌણ થવા દે? સત્ પ્રત્યેની પરમ ભક્તિમાં સર્વ પ્રકારની પ્રતિકૂળતાનો ભય ને અનુકૂળતાનો રાગ અત્યંત ગૌણ થઈ ગયા. જગતથી તદ્દન નિરપેક્ષપણે, હજારોની માનવમેદનીમાં ગર્જતો સિંહ સત્‌ને ખાતર સોનગઢના એકાંત સ્થળમાં જઈને બેઠો.

મહારાજશ્રીએ જેમાં પરિવર્તન કર્યું તે મકાન વસતિથી અલગ હોવાથી બહુ શાંત હતું. દૂરથી આવતા માણસનો પગરવ ક્યાંયથી સંભળાતો. થોડા મહિનાઓ સુધી આવા નિર્જન સ્થળમાં માત્ર ( મહારાજશ્રીના પરમભક્ત ) જીવણલાલજી મહારાજ સાથે અને કોઈ દર્શનાર્થે આવેલા બે ચાર મુમુક્ષુઓ સાથે સ્વાધ્યાય, જ્ઞાન–ધ્યાન વગેરેમાં લીન થયેલા મહારાજશ્રીને જોતાં હજારોની માનવમેદની સ્મૃતિગોચર થતી અને તે જાહોજલાલીને સર્પકંચુકવત છોડનાર મહાત્માની સિંહવૃત્તિ, નિરીહતા અને નિર્માનતા આગળ હૃદય નમી પડતું.

## સંપ્રદાય ઉપર પરિવર્તનની અસર

જે સ્થાનકવાસી સંપ્રદાય કાનજીસ્વામીના નામથી ગૌરવ લેતો તે સંપ્રદાયમાં મહારાજશ્રીના 'પરિવર્તન'થી ભારે ખળભળાટ થાય એ સ્વાભાવિક છે. પરંતુ મહારાજશ્રી ૧૯૯૧ ની સાલ સુધીમાં કાઠિયાવાડમાં લગભગ દરેક સ્થાનકવાસીના હૃદયમાં પેસી ગયા હતા. મહારાજશ્રી પાછળ કાઠિયાવાડ ઘેલું બન્યું હતું. તેથી મહારાજશ્રીએ જે કર્યું હશે તે સમજીને જ કર્યું હશે' એમ વિચારીને ધીમે ધીમે ઘણા લોકો તટસ્થ થઈ ગયા. કેટલાક લોકો સોનગઢમાં શું ચાલે છે તે જોવા આવતા, પણ મહારાજશ્રીનું પરમ પવિત્ર જીવન

અને અપૂર્વ ઉપદેશ સાંભળી તેઓ ઠરી જતા, તૂટેલો ભક્તિનો પ્રવાહ ફરીને વહેવા લાગતો. કોઈ કોઈ પ્રશ્ચાત્તાપ કરતા કે 'મહારાજ, આપના વિષે તદ્દન કલ્પિત વાતો સાંભળી અમે આપની ઘણી આશાતના કરી છે, ઘણાં કર્મ બાંધ્યાં છે, અમને ક્ષમા આપજો.' આ રીતે જેમ જેમ મહારાજશ્રીના પવિત્ર ઉજ્જ્વળ જીવન તેમ જ આધ્યાત્મિક ઉપદેશ વિષે લોકોમાં વાત ફેલાતી ગઈ, તેમ તેમ વધારે ને વધારે લોકોને મહારાજશ્રી પ્રત્યે મધ્યસ્થતા થતી ગઈ અને ઘણાને સાંપ્રદાયિક મોહને કારણે દબાઈ ગયેલી ભક્તિ પુનઃ પ્રગટતી ગઈ. મુમુક્ષુ અને બુદ્ધિશાળી વર્ગની તો મહારાજશ્રી પ્રત્યે પહેલાંના જેવી જ પરમ ભક્તિ રહી હતી. અનેક મુમુક્ષુઓના જીવનાધાર કાનજીસ્વામી સોનગઢમાં જઈને રહ્યા, તો મુમુક્ષુઓનાં ચિત્ત સોનગઢ તરફ ખેંચાયાં. ધીમે ધીમે મુમુક્ષુઓનાં પૂર સોનગઢ તરફ વહેવા લાગ્યાં. સાંપ્રદાયિક મોહ અત્યંત દુર્નિવાર હોવા છતાં, સત્‌ના અર્થી જીવોની સંખ્યા ત્રણે કાળે અત્યંત અલ્પ હોવા છતાં, સાંપ્રદાયિક મોહ તેમ જ લૌકિક ભયને છોડીને સોનગઢ તરફ વહેતાં સત્સંગાર્થી જનોનાં પૂર દિનપ્રતિદિન વેગપૂર્વક વધતાં જ જાય છે.

પરિવર્તન કર્યા પછી પૂ. મહારાજશ્રીનો મુખ્ય નિવાસ સોનગઢમાં જ છે. મહારાજશ્રીની હાજરીને લીધે સોનગઢ એક તીર્થધામ જેવું બની ગયું છે. બહારગામથી અનેક મુમુક્ષુ ભાઈબહેનો મહારાજશ્રીના ઉપદેશનો લાભ લેવા સોનગઢ આવે છે. દૂર દેશોથી ઘણા દિગંબર જૈનો, પંડિતો, બ્રહ્મચારીઓ વગેરે પણ આવે છે. બહારગામના માણસોને જમવા તથા ઊતરવા માટે ત્યાં એક જૈનઅતિથિગૃહ છે. કેટલાક ભાઈઓ તથા બહેનો ત્યાં ઘર કરીને કાયમ રહ્યાં છે. કેટલાક સત્સંગાર્થીઓ થોડા મહિનાઓ માટે પણ ત્યાં ઘર કરીને અવારનવાર રહે છે. બહારગામના મુમુક્ષુઓનાં હાલ (સં. ૧૯૯૯માં) ત્યાં ચાળીસેક ઘર છે. (અત્યારે સં. ૨૦૨૫માં આ સંખ્યા લગભગ ૨૦૦ જેટલી છે.)

## શ્રી જૈન સ્વાધ્યાયમંદિર અને ધર્મચર્ચા

પૂ. મહારાજશ્રીએ જે મકાનમાં પરિવર્તન કર્યું તે મકાન નાનું હતું, તેથી જ્યારે ઘણાં માણસો થઈ જતાં ત્યારે વ્યાખ્યાન વાંચવાની અગવડ પડતી. પર્યુષણમાં તો બીજે સ્થળે વ્યાખ્યાન વાંચવા જવું પડતું. આ રીતે મકાનમાં માણસોનો સમાસ નહિ થતો હોવાથી ભક્તોએ સં. ૧૯૯૪ માં એક મકાન બંધાવ્યું અને તેનું નામ 'શ્રી જૈન સ્વાધ્યાયમંદિર' રાખ્યું. મહારાજશ્રી હાલમાં ત્યાં રહે છે. ત્યાં લગભગ આખો દિવસ સ્વાધ્યાય જ ચાલ્યા કરે છે. સવારે તથા બપોરે ધર્મોપદેશ અપાય છે. બપોરના ધર્મોપદેશ પછી ભક્તિ થાય છે. રાત્રે ધર્મચર્ચા ચાલે છે. ધર્મોપદેશમાં તથા તે સિવાયના વાંચનમાં ત્યાં ભગવાન કુંદકુંદાચાર્યનાં શાસ્ત્રો, તત્ત્વાર્થસાર, ગોમ્મટસાર, ષટ્‌ખંડાગમ,

પંચાધ્યાયી, પદ્મનંદિપંચવિંશતિકા, દ્રવ્યસંગ્રહ, મોક્ષમાર્ગપ્રકાશક, શ્રીમદ્ રાજચંદ્ર વગેરે પુસ્તકો વંચાય છે. ત્યાં આવનાર મુમુક્ષુનો આખો દિવસ ધાર્મિક આનંદમાં પસાર થઈ જાય છે.

## સમયસાર અને કુંદકુંદાચાર્ય ભગવાન તથા શ્રી સીમંધર ભગવાન પ્રત્યેની ભક્તિ

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી ગુરુદેવને સમયસારજી પ્રત્યે અતિશય ભક્તિ છે તેથી જે દિવસે સ્વાધ્યાયમંદિરનું ઉદ્ઘાટન થયું તે જ દિવસે એટલે સં. ૧૯૯૪ ના વૈશાખ વદ ૮ ને રવિવારના રોજ સ્વાધ્યાયમંદિરમાં શ્રી સમયસારજીની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. શ્રી સમયસારજીપ્રતિષ્ઠાના મહોત્સવ પર બહારગામથી લગભગ ૭૦૦ માણસો આવ્યાં હતાં. મહારાજશ્રી સમયસારજીને ઉત્તમોત્તમ શાસ્ત્ર ગણે છે. સમયસારજીની વાત કરતાં પણ તેમને અતિ ઉલ્લાસ આવી જાય છે. સમયસારજીની પ્રત્યેક ગાથા મોક્ષ આપે એવી છે એમ તેઓશ્રી કહે છે. ભગવાન કુંદકુંદાચાર્યનાં બધાં શાસ્ત્ર પર તેમને અત્યંત પ્રેમ છે. 'ભગવાન કુંદકુંદાચાર્યદેવનો અમારા પર ઘણો ઉપકાર છે, અમે તેમના દાસાનુદાસ છીએ' એમ તેઓશ્રી ઘણી વાર ભક્તિભીના અંતરથી કહે છે. શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્ય મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓશ્રી આઠ દિવસ રહ્યા હતા એ વિષે મહારાજશ્રીને અણુમાત્ર શંકા નથી. તેઓશ્રી ઘણી વાર પોકાર કરીને કહે છે: 'કલ્પના કરશો નહિ, ના કહેશો નહિ, એ વાત એમ જ છે; માનો તો-પણ એમ જ છે, ન માનો તો પણ એમ જ છે. યથાતથ્ય વાત છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે.' શ્રી સીમંધરપ્રભુ પ્રત્યે ગુરુદેવને અપાર ભક્તિ છે. કોઈ કોઈ વખત સીમંધર-નાથના વિરહે પરમ ભક્તિવંત ગુરુદેવનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહે છે.

## જૈનધર્મની શ્રદ્ધા અને પ્રચાર

વીતરાગના પરમ ભક્ત ગુરુદેવ કહે છે કે– 'જૈન ધર્મ એ કોઈ વાડો નથી. એ તો વિશ્વધર્મ છે. જૈન ધર્મનો મેળ અન્ય કોઈ ધર્મ સાથે છે જ નહિ. જૈન ધર્મનો ને અન્ય ધર્મોનો સમન્વય કરવાનો પ્રયત્ન રેશમનો ને કંતાનનો સમન્વય કરવાના પ્રયત્ન જેવો વૃથા છે.' દિગંબર જૈન ધર્મ તે જ વાસ્તવિક જૈન ધર્મ છે અને આંતરિક તેમ જ બાહ્ય દિગંબરતા વિના કોઈ જીવ મોક્ષ પામી શકે નહિ એમ તેમની દઢ માન્યતા છે. તેઓશ્રી કહે છે કે—'સ્વાનુભૂતિયુક્ત સમ્યગ્દર્શન સંપ્રાપ્ત કરી, પછી શુદ્ધાત્મામાં વિશેષ સ્થિર થઈ, જ્યારે જીવ એવી આંતરિક શુદ્ધ દશાએ પરિણમે કે બહારમાં પણ તે (અંતરિક સહજ દશાને અનુરૂપ) યથાજાતરૂપતા – દિગંબરતા – સહજપણે (હઠ વિના) ધારણ કરે

અને અંતર્બાહ્ય સર્વવિરતદશાએ સદા વર્તે, ત્યારે જ તે જીવ યથાર્થ મુનિ કહેવાય છે. આવા શુદ્ધાત્મસ્થિત ભાવદ્રવ્યલિંગી યથાજાતરૂપ મુનિના અમે દાસ છીએ.' સર્વજ્ઞપ્રણીત દિગંબર જૈન શાસનના મહાન ઉપાસક ગુરુદેવશ્રી મારફત સમયસાર, પ્રવચનસાર, પંચાધ્યાયી, મોક્ષમાર્ગપ્રકાશક વગેરે અનેક દિગંબર પુસ્તકોનો ઘણો ઘણો પ્રચાર કાઠિયાવાડમાં થઈ રહ્યો છે. સોનગઢના પ્રકાશન ખાતામાંથી ગુજરાતી સમયસારની ૨૦૦૦ નકલો છપાઈને તુરત જ ખપી ગઈ. તે સિવાય, સમયસાર–ગૂટકો, સમયસાર–હરિગીત, સમયસાર ઉપરનાં પ્રવચનો, અનુભવપ્રકાશ વગેરે ઘણાં પુસ્તકો ત્યાં છપાયાં અને કાઠિયાવાડમાં ફેલાયાં. તે ઉપરાંત આત્મસિદ્ધિશાસ્ત્રની હજારો પ્રતો ત્યાંથી પ્રકાશિત થઈ પ્રચાર પામી છે. ગુજરાત-કાઠિયાવાડના અધ્યાત્મપ્રેમી મુમુક્ષુઓને ગુજરાતી ભાષામાં આધ્યાત્મિક સાહિત્ય સુલભ થયું છે. કાઠિયાવાડમાં હજારો મુમુક્ષુઓ તેનો અભ્યાસ કરતા થયા છે. કેટલાંક ગામોમાં પાંચ દશ પંદર મુમુક્ષુઓ ભેગા થઈને ગુરુદેવ પાસેથી ગ્રહણ કરેલા રહસ્ય અનુસાર સમયસારાદિ ઉત્તમ શાસ્ત્રોનું નિયમિત વાંચન-મનન કરે છે. આ રીતે પરમ પૂજ્ય ગુરુદેવની કૃપાથી પરમ પવિત્ર શ્રુતામૃતના ધોરિયા કાઠિયાવાડના ગામેગામમાં વહેવા લાગ્યા છે. અનેક સુપાત્ર જીવો એ જીવનોદકનું પાન કરી કૃતાર્થ થાય છે.

[પૂજ્ય શ્રી કાનજીસ્વામીના પુનિત પ્રતાપે સં. ૨૦૨૫ સુધીમાં તો ગુજરાતી ઉપરાંત હિંદીભાષામાં પણ આધ્યાત્મિક સાહિત્ય અતિ વિપુલ પ્રમાણમાં પ્રકાશિત થયું છે અને સૌરાષ્ટ્ર–ગુજરાતની સીમા વટાવીને અખિલ ભારતવર્ષના મોટા ભાગમાં બહોળો પ્રચાર પામ્યું છે. ચેતનદ્રવ્ય અને સમ્યગ્દર્શનના મહિમાને તથા સત્પુરુષાર્થના પંથને પ્રકાશનારું એ સાહિત્ય ભારતના અનેકાનેક સ્વાધ્યાયપ્રેમી જિજ્ઞાસુ જીવોને જિનેંદ્રપ્રણીત સન્માર્ગનું લક્ષ કરાવવામાં નિમિત્તભૂત બને છે.]

## ઉપદેશનો પ્રધાન સૂર

પરમ પૂજ્ય મહારાજશ્રીનું મુખ્ય વજન સમજણ પર છે. 'તમે સમજો; સમજ્યા વિના બધું નકામું છે' એમ તેઓશ્રી વારંવાર કહે છે. કોઈ આત્મા–જ્ઞાની કે અજ્ઞાની–એક પરમાણુમાત્રને હલાવવાનું સામર્થ્ય ધરાવતો નથી, તો પછી દેહાદિની ક્રિયા આત્માના હાથમાં ક્યાંથી હોય? જ્ઞાની ને અજ્ઞાનીમાં આકાશ–પાતાળના અંતર જેવડો મહાન તફાવત છે, અને તે એ છે કે અજ્ઞાની પરદ્રવ્યનો તથા રાગદ્વેષનો કર્તા થાય છે અને જ્ઞાની પોતાને શુદ્ધ અનુભવતો થકો તેમનો કર્તા થતો નથી. તે કર્તૃત્વબુદ્ધિ છોડવાનો મહા પુરુષાર્થ દરેક જીવે કરવાનો છે. તે કર્તૃત્વબુદ્ધિ જ્ઞાન વિના છૂટશે નહિ. માટે તમે જ્ઞાન કરો.'–આ તેઓશ્રીના ઉપદેશનો પ્રધાન સૂર છે, જ્યારે કોઈ શ્રોતાઓ કહે કે 'પ્રભુ! આપ તો મેટ્રિકની ને એમ. એ. ની વાત કરો છો; અમે હજુ એકડિયામાં છીએ, અમને એકડિયાની

વાત સંભળાવો;' ત્યારે ગુરુદેવ કહે છે: 'આ જૈન ધર્મનો એકડો જ છે. સમજણ કરવી તે જ શરૂઆત છે. મેટ્રિકની ને એમ.એ.ની એટલે કે નિર્ગ્રંથદશાની ને વીતરાગતાની વાતો તો આઘી છે. આ સમજણ કર્યે જ છૂટકો છે. એક ભવે, બે ભવે, પાંચ ભવે કે અનંત ભવે આ સમજ્યે જ મોક્ષમાર્ગની શરૂઆત થવાની છે.

## અંતર્વિકાસ અને મુમુક્ષુઓ ઉપરનો પરમ ઉપકાર

પરમ પૂજ્ય મહારાજશ્રીના જ્ઞાનને સમ્યક્પણાની મહોર તો ઘણા વખતથી પડી હતી. તે સમ્યગ્જ્ઞાન સોનગઢના વિશેષ નિવૃત્તિવાળા સ્થળમાં અદ્ભુત સૂક્ષ્મતાને પામ્યું; નવી નવી જ્ઞાનશૈલી સોનગઢમાં ખૂબ ખીલી. અમૃતકળશમાં જેમ અમૃત ઘોળાતાં હોય તેમ ગુરુદેવના પરમ પવિત્ર અમૃતકળશસ્વરૂપ આત્મામાં તીર્થંકરદેવનાં વચનામૃતો ખૂબ ઘોળાયાં–ઘૂંટાયાં. એ ઘૂંટાયેલાં અમૃત કૃપાળુદેવ અનેક મુમુક્ષુઓને પીરસે છે ને ન્યાલ કરે છે. સમયસાર, પ્રવચનસાર વગેરે ગ્રંથો પર પ્રવચન કરતાં ગુરુદેવના શબ્દે શબ્દે એટલી ગહનતા, સૂક્ષ્મતા અને નવીનતા નીકળે છે કે તે શ્રોતાજનોના ઉપયોગને પણ સૂક્ષ્મ બનાવે છે અને વિદ્વાનોને આશ્ચર્યચકિત કરે છે. જે અનંત આનંદમય ચૈતન્યઘન દશા પ્રાપ્ત કરીને તીર્થંકરદેવે શાસ્ત્રો પ્રરૂપ્યાં, તે પરમ પવિત્ર દશાનો સુધાસ્યંદી સ્વાનુભૂતિસ્વરૂપ પવિત્ર અંશ પોતાના આત્મામાં પ્રગટ કરીને સદ્ગુરુદેવ વિકસિત જ્ઞાનપર્યાય દ્વારા શાસ્ત્રમાં રહેલાં ગહન રહસ્યો ઉકેલી, મુમુક્ષુને સમજાવી અપાર ઉપકાર કરી રહ્યા છે. સેંકડો શાસ્ત્રોના અભ્યાસી વિદ્વાનો પણ ગુરુદેવની વાણી સાંભળી ઉલ્લાસ આવી જતાં કહે છે: 'ગુરુદેવ! અપૂર્વ આપનાં વચનામૃત છે; તેનું શ્રવણ કરતાં અમને તૃપ્તિ જ થતી નથી. આપ ગમે તે વાત સમજાવો તેમાંથી અમને નવું નવું જ જાણવાનું મળે છે. નવ તત્ત્વનું સ્વરૂપ કે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યનું સ્વરૂપ, સ્વાદ્વાદનું સ્વરૂપ કે સમ્યક્ત્વનું સ્વરૂપ, નિશ્ચયવ્યવહારનું સ્વરૂપ કે વ્રતનિયમતપનું સ્વરૂપ, ઉપાદાન–નિમિત્તનું સ્વરૂપ કે સાધ્ય–સાધનનું સ્વરૂપ, દ્રવ્યાનુયોગનું સ્વરૂપ કે ચરણાનુયોગનું સ્વરૂપ, ગુણસ્થાનનું સ્વરૂપ કે બાધક–સાધકભાવનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ કે કેવળજ્ઞાનનું સ્વરૂપ—જે જે વિષયનું સ્વરૂપ આપના મુખે અમે સાંભળીએ છીએ તેમાં અમને અપૂર્વ ભાવો દૃષ્ટિગોચર થાય છે. અમે શાસ્ત્રોમાંથી કાઢેલા અર્થો તદ્દન ઢીલા, જડ–ચેતનના ભેળસેળવાળા, શુભને શુદ્ધમાં ખતવનારા, સંસારભાવને પોષનારા, વિપરીત અને ન્યાયવિરુદ્ધ હતા; આપના અનુભવમુદ્રિત અપૂર્વ અર્થો ટંકણખાર જેવા–શુદ્ધ સુવર્ણ જેવા, જડ–ચેતનના ફડચા કરનારા, શુભ ને શુદ્ધનો સ્પષ્ટ વિભાગ કરનારા, મોક્ષભાવને જ પોષનારા, સમ્યક્ અને ન્યાયયુક્ત છે. આપના શબ્દે શબ્દે વીતરાગદેવનું હૃદય પ્રગટ થાય છે; અમે વાક્યે વાક્યે વીતરાગદેવની વિરાધના કરતા હતા. અમારું એક વાક્ય પણ સાચું નહોતું. શાસ્ત્રમાં જ્ઞાન નથી, જ્ઞાનપર્યાયમાં જ્ઞાન છે–એ વાતનો અમને હવે સાક્ષાત્કાર થાય

છે. શાસ્ત્રોએ ગાયેલું જે સદ્‌ગુરુનું માહાત્મ્ય તે હવે અમને સમજાય છે. શાસ્ત્રોનાં તાળાં ઉઘાડવાની ચાવી વીતરાગદેવે સદ્‌ગુરુને સોંપી છે. સદ્‌ગુરુનો ઉપદેશ પામ્યા વિના શાસ્ત્રોનો ઉકેલ થવો અત્યંત કઠિન છે.'

## અધ્યાત્મ–મસ્તીથી ભરપૂર, ચમત્કારી વ્યાખ્યાન–શૈલી

પરમ કૃપાળુ ગુરુદેવનું જ્ઞાન જેવું અગાધ ને ગંભીર છે તેવી જ તેમની વ્યાખ્યાન-શૈલી ચમત્કારભરેલી છે. તેઓશ્રી કહેવાની વાતનું એવી સ્પષ્ટતાથી, અનેક સાદા દાખલાઓ આપીને, શાસ્ત્રીય શબ્દોનો ઓછામાં ઓછો પ્રયોગ કરીને સમજાવે છે કે સામાન્ય મનુષ્ય પણ તે સહેલાઈથી સમજી જાય છે. અત્યંત ગહન વિષયને પણ અત્યંત સુગમ રીતે પ્રતિપાદિત કરવાની ગુરુદેવમાં વિશિષ્ટ શક્તિ છે. વળી મહારાજશ્રીની વ્યાખ્યાનશૈલી એટલી રસમય છે કે જેમ સર્પ મોરલી પાછળ મુગ્ધ બને છે તેમ શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જાય છે; સમય ક્યાં પસાર થઈ જાય છે તેનું ભાન પણ રહેતું નથી. સ્પષ્ટ અને રસમય હોવા ઉપરાંત મહારાજશ્રીનું પ્રવચન શ્રોતાઓમાં અધ્યાત્મનો પ્રેમ ઉત્પન્ન કરે છે. મહારાજશ્રી પ્રવચન કરતાં અધ્યાત્મમાં એવા તન્મય થઈ જાય છે, પરમાત્મદશા પ્રત્યેની એવી ભક્તિ તેમના મુખ પર દેખાય છે કે શ્રોતાઓને તેની અસર થયા વિના રહેતી નથી. અધ્યાત્મની જીવંતમૂર્તિ ગુરુદેવના દેહના અણુએ અણુમાંથી જાણે અધ્યાત્મરસ નીતરે છે; એ અધ્યાત્મ-મૂર્તિની મુખમુદ્રા, નેત્રો, વાણી, હૃદય બધાં એકતાર થઈ અધ્યાત્મની રેલંછેલ કરે છે અને મુમુક્ષુઓનાં હૃદયો એ અધ્યાત્મરસથી ભીંજાઈ જાય છે.

## આ કાળે મુમુક્ષુઓનાં મહાભાગ્ય

ગુરુદેવનું વ્યાખ્યાન સાંભળવું એ એક જીવનનો લહાવો છે. તેમનું વ્યાખ્યાન સાંભળ્યા પછી અન્ય વ્યાખ્યાતાઓના વ્યાખ્યાનમાં રસ પડતો નથી. તેમનું વ્યાખ્યાન સાંભળનારને એટલું તો સ્પષ્ટ લાગે છે કે 'આ પુરુષ કોઈ જુદી જાતનો છે, જગતથી એ કાંઈક જુદું કહે છે, અપૂર્વ કહે છે. એના કથન પાછળ કોઈ અજબ દૃઢતા ને જોર છે. આવું ક્યાંય સાંભળ્યું નથી.' મહારાજશ્રીના વ્યાખ્યાનમાંથી અનેક જીવો પોતપોતાની પાત્રતા અનુસાર લાભ મેળવી જાય છે, કેટલાકને સત્‌ પ્રત્યે રુચિ જાગે છે, કોઈ કોઈને સત્સમજણના અંકુર ફૂટે છે અને કોઈ વિરલ જીવોની તો દશા જ પલટાઈ જાય છે.

અહો! આવું અલૌકિક પવિત્ર અંતર્પરિણમન–કેવળજ્ઞાનનો અંશ, અને આવો પ્રબળ પ્રભાવનાઉદય–તીર્થંકરત્વનો અંશ, એ બેનો સુયોગ આ કળિકાળમાં જોઈને રોમાંચ થાય છે. મુમુક્ષુઓનાં મહાપુણ્ય હજુ તપે છે.

## કાઠિયાવાડના આંગણે કલ્પવૃક્ષ

અહો ! એ પરમ પ્રભાવક અધ્યાત્મમૂર્તિની વાણીની તો શી વાત, તેનાં દર્શન પણ મહાપુણ્યના થોક ઊછળે ત્યારે પ્રાપ્ત થાય છે. એ અધ્યાત્મયોગીની સમીપમાં સંસારનાં આધિ – વ્યાધિ – ઉપાધિ ફરકી શકતાં નથી. સંસારતપ્ત પ્રાણીઓ ત્યાં પરમ વિશ્રાંતિ પામે છે અને સંસારનાં દુઃખો માત્ર કલ્પનાથી જ ઊભાં કરેલાં તેમને ભાસવા માંડે છે. જે વૃત્તિઓ મહા પ્રયત્ને પણ દબાતી નથી તે ગુરુદેવના સાંન્નિધ્યમાં વિનાપ્રયત્ને શમી જાય છે, એ ઘણા ઘણા મુમુક્ષુઓનો અનુભવ છે. આત્માનું નિવૃત્તિમય સ્વરૂપ, મોક્ષનું સુખ વગેરે ભાવોની જે શ્રદ્ધા અનેક દલીલોથી થતી નથી તે ગુરુદેવનાં દર્શનમાત્રથી થઈ જાય છે. ગુરુદેવનાં જ્ઞાન ને ચારિત્ર મુમુક્ષુ પર મહા કલ્યાણકારી અસર કરે છે. ખરેખર કાઠિયાવાડને આંગણે શીતળ છાંયવાળું, વાંછિત ફળ દેનાર કલ્પવૃક્ષ ફળ્યું છે. કાઠિયાવાડનાં મહાભાગ્ય ખીલ્યાં છે.

હવે, સોનગઢમાં પરિવર્તન કર્યા પછીના, મહારાજશ્રીના જીવનવૃત્તાંત સાથે સંબંધ રાખતા કેટલાક પ્રસંગો કાળાનુક્રમે સંક્ષેપમાં જોઈ જઈએ.

### શત્રુંજય યાત્રા

સોનગઢથી ૧૪ માઈલ દૂર આવેલા શ્રી શત્રુંજયતીર્થની યાત્રા કરવાની ઘણા વખતથી મહારાજશ્રીની ભાવના હતી. તે સં. ૧૯૯૫ના પોષ વદ તેરશે પૂર્ણ થઈ. લગભગ ૨૦૦ ભક્તો સહિત મહારાજશ્રીએ તે તીર્થરાજની યાત્રા અતિ ઉત્સાહ ને ભક્તિપૂર્વક કરી.

## રાજકોટ ચાતુર્માસ

રાજકોટના શ્રાવકોના બહુ આગ્રહને લીધે સં. ૧૯૯૫માં મહારાજશ્રીનું રાજકોટ પધારવું થયું. ત્યાં દશેક માસની સ્થિતિ દરમ્યાન મહારાજશ્રીએ સમયસાર, આત્મસિદ્ધિ અને પદ્મનંદિપંચવિંશતિકા પર અપૂર્વ પ્રવચનો કર્યાં. ગુરુદેવના આગળ વધેલા જ્ઞાનપર્યાયોમાંથી નીકળેલા જડ – ચેતનની વહેંચણીના, નિશ્ચય – વ્યવહારની સંધિના તેમ જ બીજા અનેક અપૂર્વ ન્યાયો સાંભળી રાજકોટના હજારો લોકો પાવન થયા અને અનેક સુપાત્ર જીવોએ પાત્રતા અનુસાર આત્મલાભ મેળવ્યો. દશ માસ સુધી 'આનંદકુંજ'માં (મહારાજશ્રી ઊતર્યા હતા તે સ્થાનમાં) નિશદિન આધ્યાત્મિક આનંદનું વાતાવરણ ગુંજી રહ્યું.

### ગિરનાર યાત્રા

રાજકોટથી સોનગઢ પાછા ફરતાં મહારાજશ્રી ગિરિરાજ ગિરનારતીર્થની યાત્રા કરવા પધાર્યા અને એ પવિત્ર નેમગિરિ ઉપર લગભગ ૩૦૦ ભક્તો સાથે ત્રણ દિવસ રહ્યા. ત્યાં દિગંબર દેરાસરજીમાં ઊછળેલી ભક્તિ, એ સહસ્રામ્રવનમાં જામી ગયેલી સ્તવનભક્તિની ધૂન અને એ સમશ્રેણીની પાંચમી ટૂંકે પૂ. ગુરુદેવશ્રી 'હું એક, શુદ્ધ, સદા અરૂપી,

જ્ઞાનદર્શનમય અરે !' વગેરે પદો પરમ અધ્યાત્મરસમાં તરબોળ બની ગવરાવતા હતા તે વખતે પ્રસરી ગયેલું શાંત આધ્યાત્મિક વાતાવરણ—એ બધાંનાં ધન્ય સ્મરણો તો જીવનભર ભક્તોના સ્મરણપટ પર કોતરાઈ રહેશે.

રાજકોટ જતાં તથા ત્યાંથી પાછા ફરતાં પરમ પૂજ્ય ગુરુદેવ રસ્તામાં આવતાં અનેક ગામોમાં વીતરાગપ્રણીત સદ્ધર્મનો ડંકો વગાડતા ગયા અને અનેક સત્પાત્રોના કર્ણપટ ખોલતા ગયા. ગામે ગામ લોકોની ભક્તિ ગુરુદેવ પ્રત્યે ઊછળી પડતી હતી અને લાઠી, અમરેલી વગેરે મોટાં ગામોમાં અત્યંત ભવ્ય સ્વાગત થતું હતું. ગુરુદેવનો પ્રભાવના ઉદય જોઈ, જે કાળે તીર્થંકરદેવ વિચરતા હશે તે ધર્મકાળમાં ધર્મનું, ભક્તિનું, અધ્યાત્મનું કેવું વાતાવરણ ફેલાઈ રહેતું હશે તેનો તાદૃશ ચિતાર કલ્પનાચક્ષુ સમક્ષ ખડો થતો.

## શ્રી સીમંધરપ્રભુની પ્રતિષ્ઠા અને અપૂર્વ ભક્તિ

સં. ૧૯૯૬ ના વૈશાખ માસમાં ગુરુદેવનાં પુનિત પગલાં ફરી સોનગઢમાં થયાં. ત્યારપછી તુરત જ શેઠ કાળિદાસ રાઘવજી જસાણીના ભક્તિવંત સુપુત્રોએ શ્રી સ્વાધ્યાયમંદિર પાસે શ્રી સીમંધરભગવાનનું જિનમંદિર બંધાવવા માંડ્યું, જેમાં શ્રી સીમંધર ભગવાનનાં અતિ ભાવવાહી પ્રતિમાજી ઉપરાંત શ્રી શાંતિનાથ આદિ અન્ય ભગવંતોનાં ભાવવાહી પ્રતિમાજીની પ્રતિષ્ઠા પંચકલ્યાણકવિધિપૂર્વક સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના માંગલિક દિને થઈ. પ્રતિષ્ઠામહોત્સવમાં બહારગામનાં લગભગ ૧૫૦૦ માણસોએ ભાગ લીધો હતો. પ્રતિષ્ઠાના આઠે દિવસ પરમ પૂજ્ય ગુરુદેવના મુખમાંથી ભક્તિરસભીની અલૌકિક વાણી છૂટતી હતી. લોકોને પણ ઘણો ઉત્સાહ હતો. પ્રતિષ્ઠાદિન પહેલાં થોડા દિવસે શ્રી સીમંધર ભગવાનના પ્રથમ દર્શને પરમ પૂજ્ય ગુરુદેવની આંખોમાંથી આંસુ વહ્યાં હતાં. સીમંધર ભગવાન મંદિરમાં પ્રથમ પધાર્યા ત્યારે ગુરુદેવને ભક્તિરસની ખુમારી ચડી ગઈ અને આખો દેહ ભક્તિરસના મૂર્ત સ્વરૂપ જેવો શાંત શાંત નિશ્ચેષ્ટ ભાસતો લાગ્યો. ગુરુદેવથી સાષ્ટાંગ પ્રણમન થઈ ગયું અને ભક્તિરસમાં અત્યંત એકાગ્રતાને લીધે દેહ એમ ને એમ બે ત્રણ મિનિટ સુધી નિશ્ચેષ્ટપણે પડી રહ્યા. આ ભક્તિનું અદ્‌ભુત દૃશ્ય, પાસે ઊભેલા મુમુક્ષુઓથી જીરવી શકાતું નહોતું; તેમનાં નેત્રોમાં અશ્રુ ઊભરાયાં અને ચિત્તમાં ભક્તિ ઊભરાઈ. ગુરુદેવે પોતાના પવિત્ર હાથે પ્રતિષ્ઠા પણ ભક્તિભાવમાં જાણે દેહનું ભાન ભૂલી ગયા હોય એવા અપૂર્વ ભાવે કરી હતી.

આ જિનમંદિરમાં બપોરના વ્યાખ્યાન પછી દરરોજ અર્ધો કલાક ભક્તિ થાય છે. ભક્તિમાં પરમ પૂજ્ય ગુરુદેવ પણ હાજર રહે છે. બપોરનું પ્રવચન સાંભળતાં આત્માના સૂક્ષ્મ સ્વરૂપના પ્રણેતા વીતરાગ ભગવંતનું માહાત્મ્ય હૃદયમાં સ્ફુર્યું હોય છે તેથી પ્રવચનમાંથી ઊઠી તુરત જ જિનમંદિરમાં ભક્તિ કરતાં વીતરાગદેવ પ્રત્યે પાત્ર જીવોને અદ્‌ભુત ભાવ ઉલ્લસે છે. આ રીતે જિનમંદિર જ્ઞાન ને ભક્તિના સુંદર સુમેળનું નિમિત્ત બન્યું છે.

## શ્રી સીમંધરપ્રભુના સમવસરણનું દૃશ્ય

શ્રી જિનમંદિર બંધાયા પછી એક વર્ષે થોડા મુમુક્ષુ ભાઈઓ દ્વારા જિનમંદિરની પાસે જ શ્રી સમવસરણમંદિર બંધાયું. તેમાં શ્રી સીમંધર ભગવાનાનાં અતિ ભાવવાહી ચતુર્મુખ પ્રતિમાજી બિરાજે છે. સુંદર આઠ ભૂમિ, કોટ, (મુનિઓ, અર્જિકાઓ, દેવો, મનુષ્યો, તિર્યંચો વગેરેની સભાઓ સહિત) શ્રીમંડપ, ત્રણ પીઠિકા, કમળ, ચામર, છત્ર, અશોકવૃક્ષ, વિમાનો વગેરેની શાસ્ત્રોક્ત વિધિથી તેમાં અતિ આકર્ષક રચના છે. મુનિઓની સભામાં શ્રી સીમંધર ભગવાન સામે અત્યંત ભાવપૂર્વક હાથ જોડીને ઊભેલા શ્રીમદ્‌ભગવત્ કુંદકુંદાચાર્યનાં અતિ સૌમ્ય મુદ્રાવંત પ્રતિમાજી છે. પ્રતિષ્ઠામહોત્સવ સં. ૧૯૯૮ ના વૈશાખ વદ ૬ ના માંગલિક દિવસે થયો હતો અને તે પ્રસંગે બહારગામથી લગભગ ૨૦૦૦ માણસો આવ્યાં હતાં. શ્રી સમવસરણનાં દર્શન કરતાં, શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્ય સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા તે પ્રસંગ મુમુક્ષુનાં નેત્રો સમક્ષ ખડો થાય છે અને તેની સાથે સંકળાયેલા અનેક પવિત્ર ભાવો હૃદયમાં સ્ફુરતાં મુમુક્ષુનું હૃદય ભક્તિ ને ઉલ્લાસથી ઊછળી પડે છે. શ્રી સમવસરણ–મંદિર થતાં મુમુક્ષુઓને તેમના અંતરનો એક પ્રિયતમ પ્રસંગ દૃષ્ટિગોચર કરવાનું નિમિત્ત પ્રાપ્ત થયું છે.

## બ્રહ્મચર્યાશ્રમ

સં. ૧૯૯૮ ના ભાદરવા સુદ પાંચમના રોજ સોનગઢમાં શ્રી સનાતન જૈન બ્રહ્મચર્યાશ્રમ સ્થાપવામાં આવ્યું છે. તેમાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો છે. દશેક બ્રહ્મચારીઓ તેમાં જોડાયા છે. તેમાં જોડાનાર બ્રહ્મચારી ત્યાં ત્રણ વર્ષ સુધી રહી દરરોજ ત્રણેક કલાક નિયત કરેલા ધાર્મિક પુસ્તકોનું શિક્ષણ પ્રાપ્ત કરે છે, તે પ્રાપ્ત થયેલા શિક્ષણને એકાંતમાં સ્વાધ્યાય દ્વારા દૃઢ કરે છે અને મહારાજશ્રીનાં પ્રવચનો, ભક્તિ વગેરેમાં ભાગ લે છે; એમ આખો દિવસ ધાર્મિક પ્રવૃત્તિમાં ગાળે છે.

## રાજકોટ તરફ વિહાર

પરમ પૂજ્ય ગુરુદેવે ફરીને પાછા રાજકોટના શ્રાવકોના આગ્રહને લીધે અને પ્રભાવના ઉદયને લીધે સં. ૧૯૯૯ ના ફાગણ સુદ પાંચમના રોજ સોનગઢથી વઢવાણ રસ્તે રાજકોટ જવા માટે વિહાર કર્યો છે. અમૃત વરસતા મહામેઘની જેમ રસ્તામાં આવતા દરેક ગામમાં પરમાર્થ–અમૃતનો ધોધમાર વરસાદ વરસાવતા જાય છે અને અનેક તૃષાવંત જીવોની તૃષા છિપાવતા જાય છે. હજારો ભાગ્યવંત જીવો – જૈનો ને જૈનેતરો – એ અમૃતવર્ષાને ઝીલી સંતુષ્ટ થાય છે. જૈનેતરો પણ ગુરુદેવનો આધ્યાત્મિક ઉપદેશ સાંભળી દિંગ થઈ જાય છે. જૈનદર્શનમાં માત્ર બાહ્ય ક્રિયાનું જ પ્રતિપાદન નથી પણ તેમાં સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન

ભરપૂર ભરેલું છે એમ સમજાતાં તેમને જૈનદર્શન પ્રત્યે બહુમાન પ્રગટે છે. ગામોગામ બાળકો, યુવાનો ને વૃદ્ધોમાં, જૈનો ને જૈનેતરોમાં મહારાજશ્રી આત્મવિચારનાં પ્રબળ આંદોલનો ફેલાવતા જાય છે અને 'આ મોંઘા મનુષ્યભવમાં જો જીવે દેહ, વાણી અને મનથી પર એવા પરમ તત્ત્વનું ભાન ન કર્યું, તેની રુચિ પણ ન કરી, તો આ મનુષ્યભવ નિષ્ફળ છે' એમ દાંડી પીટીને જાહેર કરતા જાય છે.

એ અમૃતસિંચક યોગિરાજ કાઠિયાવાડની બહાર વિચર્યા નથી. જો તેઓશ્રી હિંદુસ્તાનમાં વિચરે તો આખા ભારતવર્ષમાં ધર્મની પ્રભાવના કરી હજારો તૃષાવંત જીવોની તૃષા છિપાવી શકે એવી અદ્‌ભુત શક્તિ તેમનામાં દેખાય છે.

[ સં. ૨૦૨૫ સુધીમાં તો તીર્થયાત્રાનિમિત્તે તેમ જ જિનબિંબોની પ્રતિષ્ઠા વગેરેના હેતુથી સમસ્ત ભારતવર્ષમાં પૂ. ગુરુદેવના અનેક માંગલિક વિહાર થયા છે અને તે તે પ્રસંગે તેઓશ્રીએ સ્વાનુભવગર્ભિત આધ્યાત્મિક પ્રવચનો દ્વારા સમસ્ત જૈન જગતને ઢંઢોળી જિનેન્દ્રપ્રણીત અધ્યાત્મમાર્ગ પ્રત્યે જાગૃત કર્યું છે તથા દિગંબર જૈન માર્ગની સ્વાનુભવપ્રધાનતા જૈન જગતમાં ગાજતી કરી છે. આ રીતે ભારતવર્ષના અનેક અધ્યાત્મપિપાસુ જીવોની પિપાસા પૂજ્ય ગુરુદેવે છિપાવી તેમને નવજીવન અર્પ્યું છે. ]

## કાઠિયાવાડનું ગૌરવ

આવી અદ્‌ભુત શક્તિના ધરનાર પવિત્રાત્મા કાનજીસ્વામી કાઠિયાવાડની મહા પ્રતિભાશાળી વિભૂતિ છે. તેમના પરિચયમાં આવનાર પર તેમના પ્રતિભાયુક્ત વ્યક્તિત્વનો પ્રભાવ પડ્યા વિના રહેતો નથી. તેઓશ્રી અનેક સદ્‌ગુણોથી અલંકૃત છે. તેમની કુશાગ્રબુદ્ધિ દરેક વસ્તુના હાર્દમાં ઊતરી જાય છે. તેમની સ્મરણશક્તિ વર્ષોની વાતને તિથિ વાર સહિત યાદ રાખી શકે છે. તેમનું હૃદય વજ્રથીયે કઠણ ને કુસુમથીયે કોમળ છે. તેઓશ્રી અવગુણ પાસે અણનમ હોવા છતાં સહેજ ગુણ દેખતાં નમી પડે છે. બાળબ્રહ્મચારી કાનજીસ્વામી એક અધ્યાત્મમસ્ત આત્માનુભવી પુરુષ છે. અધ્યાત્મમસ્તી તેમની રગેરગમાં વ્યાપી ગઈ છે. આત્માનુભવ તેમના શબ્દે શબ્દમાં ઝળકે છે. તેમના શ્વાસે શ્વાસે 'વીતરાગ! વીતરાગ!' નો રણકાર ઊઠે છે. કાનજીસ્વામી કાઠિયાવાડનું અદ્વિતીય રત્ન છે. કાઠિયાવાડ કાનજી સ્વામીથી ગૌરવવંત છે.

અહીં વિક્રમની વીસમી સદી સુધીનો ગુરુદેવનો જીવનપરિચય આપે વાંચ્યો. ત્યાર પછી એકવીસમી સદીના કેટલાક મુખ્ય પ્રસંગોનું આલેખન હવે પછીના પૃષ્ઠોમાં આપ જોશો.

# અધ્યાત્મસંત શ્રી કાનજીસ્વામી

[ સંક્ષિપ્ત જીવનપરિચય ભાગ–૨ ]

[ સં. ૨૦૨૦ વૈશાખ સુદ ૨ ] [ હીરક જયંતિ પ્રસંગે ]

[ લે. બ્ર. હરિલાલ જૈન : સં. આત્મધર્મ ]

ગુરુદેવના જીવનપ્રસંગો અને તેમના પ્રતાપથી થયેલ શાસનપ્રભાવનાનાં મહાનકાર્યોનું સંક્ષિપ્ત આલેખન અહીં કર્યું છે. આમ તો વિદ્વાન વડીલ બંધુ શ્રી હિંમતલાલ ભાઈએ ગુરુદેવનું ભાવભીનું જીવનચરિત્ર લખ્યું છે–જે આપણે હમણાં જ આ પુસ્તકમાં જોયું, પરંતુ તેમાં સં. ૧૯૯૯ સુધીનું જ આલેખન છે. એટલે તેની પૂર્તિરૂપે ત્યારપછીના લગભગ વીસ વર્ષનાં – આજસુધીના મુખ્ય પ્રસંગોનું અહીં વિહંગાવલોકન કર્યું છે.

ગુરુદેવનું જીવન શા માટે આલેખાય છે? શા માટે આટલા બધા મુમુક્ષુઓ એમના જીવનમાં રસ લે છે? – એક જ કારણ છે કે એમના જીવનમાંથી આપણને આત્મહિત સાધવાનો માર્ગ મળે છે, એમનું જીવન આપણને સંસારની તુચ્છતા ને ધર્મની મહત્તા સમજાવે છે, એમનું પવિત્ર જીવન એ કોઈ પુરાણપુરુષોના પૂર્વજીવનની ઝાંખી કરાવે છે, આત્માર્થ સાધવા માટે જીવની કેટલી તૈયારી હોવી જોઈએ–તે તેમનું જીવન બતાવે છે. આવા મહાપુરુષના અંતરંગ જીવનની પૂરી ઓળખાણ કરવા માટે અંતરની કોઈ જુદી જ દૃષ્ટિ જોઈએ. અને એવી ઓળખાણ કરનારા તો કોઈક વિરલા જ હોય. અહીં તો, આપણને એક નિકટવર્તી ચરણસેવક તરીકે તેઓશ્રીના જે જીવનપ્રસંગો જોવા કે સાંભળવા મળ્યા તેમાંથી યત્કિંચિત્ ઉલ્લેખનીય પ્રસંગો આપીએ છીએ. સાધર્મી પાઠકોને લક્ષમાં રહે કે આ સંપૂર્ણ જીવન-ચરિત્ર નથી પરંતુ માત્ર કેટલોક જીવનપરિચય જ છે. ગુરુદેવના જીવનમાં બીજું એવું ઘણુંય છે કે જેનો ઉલ્લખ આમાં ન હોય. ગુરુદેવ જેવા મહાપુરુષનું જીવન એ તો એક દરિયો છે, ભૂત–વર્તમાન–ભાવીનાં અનેક રત્નો તેમાં ભરેલાં છે, તે બધાય રત્નો તો આપણે ક્યાંથી વીણી શકીએ? પરંતુ એ પાવન જીવનમાં ડૂબકી મારતાં થોડાઘણા જે કિંમતી રત્નો હાથ આવે છે તે પણ મહાન હિતકારી છે.

સં. ૧૯૪૬ની વૈશાખ સુદ બીજે જ્યારે ઉમરાળામાં તેઓ જન્મ્યા ત્યારે જ 'આત્માની શોધ'ના સંસ્કાર ને ભણકાર સાથે લઈને આવ્યા હતા. એમના જીવનનો પ્રવાહ પહેલેથી જ આત્મશોધ તરફ વહેતો હતો. એ દિશામાં એમણે સતત ધૂન વડે અંતરના આત્મબળથી જે રીતે સત્ય શોધ્યું, જે રીતે આત્માની મુક્તિનો નિઃશંકમાર્ગ શોધ્યો, અને જે રીતે જગતના મુમુક્ષુજીવોને માટે એ માર્ગ ખુલ્લો કર્યો તે જોતાં આશ્ચર્ય, આનંદ અને બહુમાન સાથે મુમુક્ષુના હૃદયમાં ગુરુદેવના જીવનનો આદર્શ કોતરાઈ જાય છે.

ગુરુદેવના જન્મકાળ વખતની પરિસ્થિતિ જોઈએ તો—

એવા એ કળિકાળમાં જગતના કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતા તલસતા સદ્ વસ્તુને ભેટવા;
એવા કૈંક પ્રભાવથી ભરતમાં ઓ કહાન તું ઊતરે,
અંધારે ડુબતા અખંડ સતને તું પ્રાણવંતુ કરે.

ગુરુદેવના જન્મથી યુગનાં એંધાણ પલટાવા માંડ્યાં; રાગપોષક રુઢિગત ક્રિયાકાંડને બદલે અધ્યાત્મજ્ઞાનનો અને જિનેન્દ્રભક્તિનો યુગ સરજાવા માંડ્યો. ઉજમબાને ક્યાં કલ્પનાય હતી કે પોતે જેને હીરની દોરીએ હીંચોળે છે તે કુંવર એકવાર આખાય ભારતને અધ્યાત્મરસના ઝૂલે ઝુલાવશે. બે વર્ષના બાળપણ વખતે એમની બહેન 'હરિ' એમને ખોળામાં લઈને મેડી ઉપરની બારીમાં બેસતી એટલું ગુરુદેવને સ્મરણમાં આવે છે. તે વખતે ફળિયામાંથી ઊંચે નજર કરતાં મેડીની જે બારીમાં કહાનકુંવર દેખાતા, આજે એ જ બારીમાં સીમંધરનાથના દર્શન થાય છે. ક્યાં એ વખતનું સ્થાનકવાસીનું ઘર, ને ક્યાં આજનું સીમંધરજિન-ચૈત્યાલય! જેમના પ્રતાપથી એક જૂનુંપુરાણું ઘર સુંદર જિનાલયમાં પલટાઈ ગયું, તેમના પ્રતાપે આત્માનું રૂપ પણ પરમાત્મરૂપમાં પલટાવા લાગે તો શું આશ્ચર્ય છે!! ખરેખર ગુરુદેવે આત્મસાધનાનો અધ્યાત્મપંથ દર્શાવીને ભારતના ખુણેખુણેથી હજારો જીવોને જાગૃત કર્યા છે. સૌરાષ્ટ્રમાં તો દિગંબરજૈનધર્મનું નવસર્જન તેમણે જ કર્યું છે.

સૌરાષ્ટ્રમાં તો દિગંબર જૈનધર્મને 'કાનજીસ્વામીનો ધર્મ'–એમ કહીને લોકો ઓળખવા લાગ્યા,–આ ઉપરથી ખ્યાલ આવે છે કે દિ. જૈનધર્મની પ્રભાવના કરવા માટે તેમની કેટલી ભારે પ્રસિદ્ધિ છે! પૂ. ગુરુદેવે અંતર્વલણપૂર્વક શોધેલો પરમસત્ય આત્મમાર્ગ દિગંબર જૈનધર્મ જેમ જેમ પ્રસિદ્ધ થતો ગયો તેમ તેમ વધુ ને વધુ જિજ્ઞાસુઓ તેના પ્રત્યે આકર્ષાતા ગયા, ઠેર ઠેર મુમુક્ષુઓના મંડળો સ્થપાયાં. સંપ્રદાયત્યાગથી જાગેલો વંટોળિયો શમી ગયો....ગુરુદેવ દિન પ્રતિદિન વધુ ને વધુ ખીલતા ગયા,

## ધાર્મિક શિક્ષણવર્ગ

માત્ર મોટી ઉંમરના ગૃહસ્થો જ નહિ પરંતુ નાની ઉંમરનાં બાળકોય ગુરુદેવના તત્ત્વજ્ઞાનમાં ઉત્સાહથી ભાગ લે છે; એટલે વિદ્યાર્થીઓ ઉનાળાની દોઢ માસની રજાઓનો સદુપયોગ કરીને તત્ત્વજ્ઞાન પામે-તે હેતુથી સં. ૧૯૯૭ થી દર વર્ષે ધાર્મિક શિક્ષણવર્ગ ખોલાય છે,-જેમાં સેંકડો વિદ્યાર્થીઓ ઉત્સાહથી ભાગ લે છે, તેની પરીક્ષાઓ લેવાય છે ને ઇનામો અપાય છે. એ જ રીતે સં. ૨૦૦૪ થી દરેક વર્ષે શ્રાવણ માસમાં પ્રૌઢગૃહસ્થો માટે પણ શિક્ષણવર્ગ ચાલે છે, તેમાં પણ ગામેગામના સેંકડો જિજ્ઞાસુઓ લાભ લ્યે છે. ૮ થી માંડીને ૯૦ વર્ષના માણસો શિક્ષણવર્ગમાં બેસતા હોય છે.

## 'આત્મધર્મ' માસિકનું પ્રકાશન

ગુરુદેવના ભક્ત-જિજ્ઞાસુઓ સૌરાષ્ટ્રમાં ને દેશભરમાં ઠેર ઠેર પ્રસરેલા છે, ને તેઓ નિયમિત ગુરુદેવનો સન્દેશ મેળવવા આતુર હોય છે. એટલે સં. ૨૦૦૦ ના માગશર માસથી 'આત્મધર્મ' માસિકનું પ્રકાશન શરૂ થયું; એના દ્વારા ગુરુદેવનો સન્દેશ ભારતભરમાં પ્રસરવા લાગ્યો; ભારતના ખૂણેખૂણેથી અનેક જિજ્ઞાસુઓ આકર્ષાવા લાગ્યા. હુકમચંદજી શેઠ જેવા અનેક મહાનુભાવો પણ 'આત્મધર્મ' દ્વારા સોનગઢ આકર્ષાયા. તેમને એવો પ્રમોદ આવેલ કે 'આત્મધર્મ'નું એક સાથે પચીસ વર્ષનું લવાજમ તેમણે મોકલી આપેલું ને હિન્દીભાષામાં તેના પ્રકાશન માટે રૂા. ૧૦૦૧) આપેલા. ભારતના અધ્યાત્મ-સાહિત્યમાં 'આત્મધર્મ'નું સ્થાન ઘણું ઊંચું છે, અનેક પત્ર-પત્રિકાઓ ને સાહિત્યકારો તેનું અનુકરણ કરી રહ્યા છે. ગુરુદેવનો સન્દેશ પ્રસરાવવામાં સાહિત્યક્ષેત્રે 'આત્મધર્મ'નો ફાળો મહાન છે. અધ્યાત્મપ્રેમી જિજ્ઞાસુસમાજ 'આત્મધર્મ' પ્રત્યે ખાસ પ્રેમ ધરાવે છે. આ ઉપરાંત અધ્યાત્મ-સાહિત્યનાં બીજાં પ્રકાશનોની પ્રવૃત્તિ પણ સંસ્થાએ હાથ ધરી; સમયસાર-પ્રવચનો વગેરે અનેક પુસ્તકો (જેની કૂલ સંખ્યા સાતેક લાખ થાય છે) આજ સુધીમાં પ્રકાશીત થયાં છે.

## બ્રહ્મચર્યાશ્રમ

ગુરુદેવની શીતલ છાયામાં અને પવિત્ર ચરણસાન્નિધ્યમાં રહીને અધ્યાત્મ-અભ્યાસ કરવા કેટલાક બ્ર. ભાઈઓ સોનગઢમાં જ કાયમ રહેવા લાગ્યા....ગુરુદેવ બધા બ્ર. બાળકો પ્રત્યે ખાસ પ્રેમ બતાવતા, નાના-નાના બ્ર. બાળકો ગુરુદેવની છાયામાં આનંદકિલ્લોલ કરતા ગુરુદેવ સાથેના પાદવિહાર વખતે તો અનેરો આનંદ આવતો. અનેક કુમાર ભાઈઓએ જીવનભર ગુરુદેવની છાયામાં રહેવાના હેતુથી ગુરુદેવ પાસે આજીવન-બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી છે. એ સિવાય બીજા જે ગૃહસ્થોએ સજોડે ગુરુદેવ પાસે આજીવન-બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી છે તેની સંખ્યા તો સેંકડો છે.

## જિનવાણી પ્રત્યે અત્યંત બહુમાન

સં. ૨૦૦૦ ની સાલમાં જ્યારે ગુરુદેવ વિહારમાં હતા તે વખતે જયધવલનો પહેલો ભાગ પ્રસિદ્ધ થયો; તે હાથમાં આવતાં ને વાંચતાં ગુરુદેવને એ જિનવાણી પ્રત્યે એવું અતિશય બહુમાન ને પ્રમોદ જાગ્યો,—કે જાણે તાજી સાંભળેલી દિવ્યધ્વનિ ફરીને જોવા મળી; અને ગામેગામ-રાજકોટ, વીંછીયા, લાઠી વગેરેમાં મુમુક્ષુમંડળોદ્વારા ઉત્સાહથી તેનું શ્રુત-પૂજન થયું.-જેમાં એ જમાનામાં સેંકડો રૂા. થયેલા; પ્રવચનમાં પણ તેનો કોઈ કોઈ ભાગ ગુરુદેવ કહેતા, જે સાંભળી મુમુક્ષુઓને ખૂબ પ્રમોદ થતો. આજે તો સોનગઢમાં કેટલાય ભાઈ બહેનો ધવલ-જયધવલની પણ સ્વાધ્યાય કરે છે.

રાજકોટમાં સં. ૧૯૯૯ નું ચોમાસું કર્યા પછી સોનગઢ તરફ પધારતી વખતે વચ્ચે અનેક ગામોને ગુરુદેવે પાવન કર્યા. ગામેગામની જનતા જે ઉત્સાહ બતાવતી તે અદ્‌ભુત હતો. 'કાનજીસ્વામી'નું નામ સાંભળતાં ગામના લોકો એમના દર્શનની જિજ્ઞાસા રોકી શકતા નહિ, ને આખા ગામમાં કોઈ અનેરા ઉત્સવનું વાતાવરણ છવાઈ જતું.

## યહ સન્તોંકા ધામ હૈ

ગુરુદેવના પ્રતાપથી સોનગઢની સુરત ધીમે ધીમે પલટાવા લાગી. સોનગઢનું શાંત-અધ્યાત્મ વાતાવરણ અને ભરચક ધાર્મિક કાર્યક્રમો જોઈને બહારથી આવેલા જિજ્ઞાસુઓ મુગ્ધ બની જાય છે, ને સોનગઢમાં રહે એટલા દિવસો તો બહારની દુનિયાના વાતાવરણને લગભગ ભૂલી જાય છે, કોઈ નવું જ જીવન એને પ્રાપ્ત થાય છે. ઠંડા પ્રદેશના લોકો તો રાડ પાડી જાય એવી સખ્ત ગરમી પણ, અધ્યાત્મની શીતળતામાં વસતા એ મુમુક્ષુને જાણે અસર કરી શકતી નથી. ધર્માત્માઓ, વિદ્વાનો, બ્રહ્મચારી ભાઈ-બહેનો, શ્રીમાનો, વૃદ્ધથી માંડીને બાળક સુધીના તત્ત્વપ્રેમી જિજ્ઞાસુઓ, સંસારની અનેકવિધ પ્રતિકૂળતાના પહાડ વચ્ચેય અધ્યાત્મપ્રેમમાં અણનમ રહેલા મુમુક્ષુઓ, ધર્મપ્રેમ ખાતર સંસારના સંબંધોને ઠોકર મારી સંતની છાયામાં સોનગઢ વસનારા જિજ્ઞાસુ ભક્તજનો એવા અનેક મહાનુભાવો પોતપોતાની વિવિધ વિશેષતા ધરાવે છે,-એ રીતે સોનગઢનો 'જીવંત વૈભવ' અપાર છે, પરંતુ અહીં કોઈનો વ્યક્તિગત પરિચય આપવાનું ઉચિત માનતા નથી; ગુરુદેવની શોભામાં આખા સોનગઢની શોભા સમાઈ જાય છે.

સોનગઢમાં જે ઉત્સવો ઉજવાય છે તે અનેરા ભાવોથી ભરપૂર હોય છે; માત્ર રૂઢિગત રીતે નહિ પણ તે-તે ઉત્સવને અનુરૂપ ભાવભીના વાતાવરણમાં પ્રસંગો ઉજવાય છે, જેથી તે-તે પ્રસંગો તાદ્રશરૂપ થાય છે. પ્રતિષ્ઠાના દિવસો કે પર્યુષણના દિવસો, શ્રુતપંચમી કે વીરશાસનજયંતી, નંદીશ્વરઅષ્ટાહ્નિકા કે મહાવીરજન્મોત્સવ, દીપાવલી કે રથયાત્રા, સિદ્ધચક્ર-

વિધાન વગેરે પ્રસંગો ખાસ અનેરી શૈલીથી ઉજવાતા હોય છે. હંમેશના ચાલુ દૈનિક કાર્ય-ક્રમો—દર્શન, પૂજન, પ્રવચન, ભક્તિ, તત્ત્વચર્ચા, શાસ્ત્રસ્વાધ્યાય વગેરેમાં પણ બધા જિજ્ઞાસુઓ રસપૂર્વક–ઉત્સાહપૂર્વક જિજ્ઞાસાંથી ભાગ લેતા હોય છે. વહેલી સવારથી મોડી રાત સુધી આવી ઉચ્ચપ્રવૃત્તિઓમાં આખોય દિવસ કેવી રીતે પસાર થઈ જાય છે તેની જાણે ખબર પડતી નથી. થોડા દિવસ અહીં રહેનાર જિજ્ઞાસુને પછી બીજે ઠેકાણે જવું ગમતું નથી. ખરેખર! અધ્યાત્મની સાધનાને અનુરૂપ શાંતિ સંતોના આ ધામમાં ભરી છે. અહીં આવતાં જ મુમુક્ષુના હૃદયમાંથી ધ્વનિ ઊઠે છે કે 'યહ સન્તોંકા ધામ હૈ....'

## શ્રી હુકમચંદજી શેઠ સોનગઢમાં

જૈનસમાજના અગ્રીમ નેતા, ઈન્દોરના શ્રી હુકમચંદજી શેઠ ગુરુદેવની અધ્યાત્મખ્યાતિ સાંભળીને, અને તેમનાદ્વારા થયેલી જૈનધર્મની મહાન પ્રભાવના દેખીને, સં. ૨૦૦૧ ના વૈશાખ વદ છઠ્ઠે ગુરુદેવના દર્શન તથા સત્સંગાર્થે અનેક પંડિતો સહિત સોનગઢ આવ્યા; તેમને ગુરુદેવનો આ પહેલવહેલો જ સમાગમ હતો. ગુરુદેવનું પ્રવચન સાંભળીને અને ભક્તિ વગેરેનું અધ્યાત્મરસભીનું વાતાવરણ દેખીને તેઓ ખૂબ જ આનંદિત થયા, ને સ્વાધ્યાય મંદિરને રૂા. ૨૫૦૦૧) ની ઉદાર ભેટ આપી. તેઓ સોનગઢ ત્રણ દિવસ રહ્યા ને વૈશાખ વદ છઠ્ઠ–આઠમના ઉત્સવોમાં હર્ષથી ભાગ લીધો. સમવસરણની રચના જોઈને તેમને ઘણી પ્રસન્નતા થઈ.

## ભગવાન શ્રી કુંદકુંદ–પ્રવચન–મંડપ

દિનેદિને વધતી જતી જિજ્ઞાસુઓની સંખ્યાને લીધે ઉત્સવના દિવસોમાં સ્વાધ્યાય–મંદિર ટૂંકું પડવા લાગ્યું. તેથી તેના કરતાં ચારગણો (પાંચ હજાર ચોરસ ફૂટનો) 'ભગવાન શ્રી કુંદકુંદપ્રવચનમંડપ' બાંધવાનું નક્કી થયું. સં. ૨૦૦૨ ના માગસર સુદ દસમે શ્રી હુકમચંદજી શેઠના હસ્તે ઘણા આનંદોલ્લાસ ભરેલા વાતાવરણમાં એ મંડપનું શિલાન્યાસ થયું. એ વખતે રૂા. ૧૧૦૦૧) શ્રી હુકમચંદજી શેઠે અર્પણ કર્યાં ને કુલ ફાળો સવાલાખ રૂા. ઉપરાંત થયો. શિલાન્યાસ પ્રસંગે શેઠજીએ કહ્યું કે—'यह महाराजजीके उपदेशके प्रभावसे बहुत जीवोंको लाभ हुआ है। मेरा भी अहोभाग्य है कि मुझे महाराजश्रीके चरणोंकी सेवाका लाभ प्राप्त हुआ है। मेरी तो भावना है कि मेरा समाधिमरण महाराजजीके समीपमें हो। आपकी पास तो मोक्ष जानेका सीधा रास्ता है।' જિનમંદિરમાં થતી જિનેન્દ્ર-ભક્તિ જોઈને પણ શેઠજીનું હૃદય ઉલ્લસી પડતું.

સં. ૨૦૦૩ ના ફાગણ વદ એકમે ભગવાનશ્રી કુંદકુંદ–પ્રવચનમંડપનું ઉદ્ઘાટન શેઠ શ્રી હુકમચંદજીના હસ્તે ઘણા ઉલ્લાસભર્યા વાતાવરણમાં થયું. શેઠજીએ આ વખતના પ્રવા-

સને 'સોનગઢયાત્રા' નામ આપેલ, ને તેમની સાથે ૪૫ જેટલા માણસો હતા. આ પ્રસંગે સોનગઢ ત્રણેક હજાર જેટલા માણસો આવ્યા હતા. અનેક પૌરાણિક ચિત્રો ને સૈદ્ધાંતિક સૂત્રોથી સુશોભિત મંડપના ઉદ્‌ઘાટન-પ્રસંગે રૂા. ૩૫૦૦૦] ની જાહેરાત સાથે શેઠજીએ કહ્યું હતું કે-'હું મારા હૃદયમાં એમ સમજું છું કે મેરી સબકુછ સંપત્તિ આ સદ્‌ધર્મની પ્રભાવના અર્થે ન્યોછાવર કરી દઉં તોપણ ઓછું છે. આ પ્રસંગે સાથે આવેલા પંડિત શ્રી દેવકીનંદનજી વગેરેએ પણ ઉત્સાહ ને પ્રમોદ બતાવ્યો હતો. પંડિતજીએ તો કહ્યું હતું કે 'અમારું તો બધુંય ભૂલવાળું હતું, આપે જ સત્ય સમજાવ્યું છે.'

## વીંછીયા મૂરત કરે છે

હવે સોનગઢ પછી સૌરાષ્ટ્રમાં બીજા અનેક ગામોમાં પણ દિ. જિનમંદિરોના પાયા નંખાવા શરૂ થયા. તેમાં સૌ પ્રથમ સં. ૨૦૦૩ ના ફાગણ વદ ત્રીજે શેઠ હુકમચંદજીના હસ્તે વીંછીયામાં દિ. જિનમંદિરનું શિલાન્યાસ થયું. તે પ્રસંગે ભાષણ કરતાં તેમણે કહ્યું કે આવા પવિત્ર ધર્મપ્રસંગમાં ભાગ લેવા હું દિનરાત તૈયાર છું. મારી તો ભાવના છે કે જૈનધર્મકા ડંકા સારા હિંદુસ્તાનમાં વાગી જાય. આપ લોગોનો અતિ ઉત્સાહ ને ઉત્કટ ધર્મપ્રેમ જોઈને મારા હૃદયમાં હર્ષ સમાતો નથી. જીવનભરમાં મેં આવી ધર્મભક્તિ જોઈ નથી. મને યાદ કરશો ત્યારે આવા કાર્યોમાં અડધી રાતે ઊઠીને પણ આવવા તૈયાર છું.

## સોનગઢમાં વિદ્વત્પરિષદનું અધિવેશન

સં. ૨૦૦૩ ના ફાગણ વદમાં સોનગઢમાં ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદનું વાર્ષિક અધિવેશન થયું. આ અધિવેશનનો પ્રસંગ ઘણો જ પ્રભાવશાળી હતો. અધિવેશનમાં કાશી-બનારસ, આગ્રા, દિલ્હી, કટની, સાગર, લખનૌ વગેરેથી ૩૨ જેટલા વિદ્વાન ભાઈઓ પધાર્યા હતા, તે બધાય વિદ્વાનો ગુરુદેવનો પ્રભાવ અને સોનગઢનું અધ્યાત્મ-વાતાવરણ દેખીને બહુ પ્રસન્ન થયા હતા. વિદ્વત્પરિષદે પૂ. શ્રી કાનજીસ્વામી પ્રત્યે અભિનંદનનો એક ખાસ પ્રસ્તાવ કર્યો હતો. શ્રીમાન્ હુકમચંદજી શેઠના આગમન પછી અને આ વિદ્વત્પરિષદના સંમેલન પછી ગુરુદેવનો પ્રભાવ અને અધ્યાત્મનો પ્રચાર ભારતમાં ઝડપથી ફેલાવા લાગ્યો. સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર જિનમંદિરોની તૈયારી થવા લાગી. તત્ત્વજ્ઞાનનો પ્રચાર જેમ જેમ વધતો ગયો તેમ તેમ લોકોની જિજ્ઞાસા પણ જાગતી ગઈ, સૌરાષ્ટ્રની બહારથી પણ વધુ ને વધુ જિજ્ઞાસુઓ સોનગઢ આવીને સત્સંગનો લાભ લેવા લાગ્યા.

## વ....ન....યા....ત્રા

સં. ૨૦૦૩ ના જેઠ સુદ પૂનમે સોનગઢમાં વનયાત્રાનો આનંદકારી પ્રસંગ બન્યો. સોનગઢમાં નદીકિનારે સેંકડો આંબાઓના ઝાડનું મધુર વન છે. ગુરુદેવ સંઘ સાથે એ

આમ્રવનમાં પધાર્યા ને ત્યાં વનના ઉપશાંત વાતાવરણમાં કુંદકુંદાદિ મુનિ ભગવંતોને યાદ કરીને વૈરાગ્યમય ચારિત્રભાવનાઓ ભાવી. પ્રવચનસારનો ગુજરાતી–અનુવાદ તે વખતે થતો હતો, તેમાંથી ચારિત્રભાવનાની પહેલી બે ગાથાનું ગુજરાતી ભાષાંતર ભાઈશ્રી હિંમતભાઈએ વાંચ્યું. તેમાં આચાર્યદેવ કહે છે કે–ચારિત્ર અંગીકાર કરવાનો જે યથાનુભૂત માર્ગ....તેના પ્રણેતા અમે આ ઊભા. એ સાંભળીને સૌને ઘણો પ્રમોદ થયો, મુનિમાર્ગ પ્રત્યે ભક્તિ જાગી. ગુરુદેવે આમ્રવનમાં 'અપૂર્વ અવસર' ગવડાવીને મુનિપદની ભાવના ભાવી. બેનશ્રી–બેને પણ મુનિવરોના સ્મરણપૂર્વક વૈરાગ્યભરી ભક્તિ કરાવી. ગુરુદેવ સાથેનો સોનગઢનો એ વનવિહાર આજેય વૈરાગ્યની મધુરી ઊર્મિઓ જગાડે છે.

## અધ્યાત્મપ્રચારની ભાવનારૂપ ઠરાવ

હવે ગુરુદેવનો પ્રભાવ સૌરાષ્ટ્રની બહાર દૂર દૂર પણ ઝડપથી ફેલાવા માંડ્યો અને આવું કલ્યાણકારી અધ્યાત્મજ્ઞાન આખા જગતમાં પ્રચાર પામે–એવી ભાવના ઘણાને જાગવા લાગી. મૈનપુરીની જૈનસાહિત્યસભાએ તો તે સંબંધી એક પ્રસ્તાવ કર્યો, (–આ પ્રસ્તાવ પહેલાં સોનગઢમાં ઉત્તરપ્રદેશની એ મૈનપુરીનું નામ પણ કોઈએ સાંભળ્યું ન હતું.) તે પ્રસ્તાવ નીચે મુજબ હતો–

'શ્રી જૈન સાહિત્ય સભા–મૈનપુરી એવો ઠરાવ કરે છે કે સુવર્ણપુરી–સોનગઢમાં એક વાયુપ્રવચનસ્થાન (બ્રાડકાસ્ટિંગ સ્ટેશન) સ્થાપિત કરવામાં આવે, જેના દ્વારા વર્તમાન સમયના ઉત્કૃષ્ટ જૈન તત્ત્વવેત્તા શ્રી કાનજી સ્વામીનાં પરમોપકારી આધ્યત્મિકપ્રવચન આખા જગતને સહેલાઈથી મળી શકે, અને જેથી જગતના મુમુક્ષુઓનું કલ્યાણ થાય.'

—મહતાબચંદ્ર જૈન
મંત્રી,
શ્રી જૈન સાહિત્ય સભા, મૈનપુરી.

તા–૧૪–જૂન ૧૯૪૭
(સર્વાનુમતે પસાર)

## વિશિષ્ટ જન્મજયંતી

સં. ૨૦૦૪ માં સોનગઢમાં ઉજવાયેલ પૂ. ગુરુદેવનો ૫૯ મો જન્મોત્સવ એ એક વિશિષ્ટ આનંદપ્રસંગ હતો. ભૂત–ભવિષ્ય સાથે સંધિ ધરાવનાર એક આશ્ચર્યકારી મંગળપ્રસંગ બનેલ, તેના મહાન હર્ષોલ્લાસને લીધે એ ઉત્સવમાં સૌને અસાધારણ ઉમંગ હતો. ત્રણ દિવસના એ મહાન ઉત્સવ વખતે (સોનગઢમાં તે જમાનામાં ઇલેક્ટ્રીકની સગવડ ન

હોવા છતાં) ઘરે ઘરે જે દીપકોની જ્યોતિ ઝગમગી ઊઠી એટલા દીપકોની અનેક હારમાળા સોનગઢમાં એ પહેલી જ વાર થઈ હશે. અનેક આગેવાનોએ ભાવભીના ભાષણો વડે ગુરુમહિમા પ્રસિદ્ધ કરીને પ્રમોદ વ્યક્ત કર્યો; રાત્રે પણ સ્વાધ્યાય–મંદિરના ખુલ્લા ચોકમાં ગુરુભક્તિનો ખાસ કાર્યક્રમ હતો; આનંદભર્યાં નાટકો અને અવનવી ભક્તિ વડે એ ઉત્સવમાં આનંદના ઊભરા આવ્યા. અહા! ભાવિ તીર્થંકર અને ગણધર ભગવંતોના મહિમાથી સુવર્ણપુરી ગાજી ઊઠી....મુમુક્ષુહૃદયો ખીલી ઊઠ્યાં.

## છ કુમારિકા બહેનોનીબ્રહ્મચર્યપ્રતિજ્ઞા

સં. ૨૦૦૫ ના કારતક સુદ ૧૩ ના રોજ એક નવીન ભવ્ય પ્રસંગ બન્યો. સોનગઢમાં વર્ષોથી પૂ. બેનશ્રી–બેનની મંગલ છાયામાં વસતા ને ગુરુદેવના પ્રવચનોનો લાભ લેતા (લગભગ ૨૨ વર્ષની ઉંમરના) છ કુમારિકા બહેનોએ એક સાથે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા ગુરુદેવ સમક્ષ અંગીકાર કરી. આ પ્રસંગ સમાજે ખાસ ઉલ્લાસથી ઊજવ્યો ને બહેનો માટેના બ્રહ્મચર્યાશ્રમની પણ સ્થાપના થઈ. એક સાથે છ કુમારિકા બહેનોની બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞાનો આ વિરલ પ્રસંગ, પૂ. ગુરુદેવ જે અતીન્દ્રિય આત્મતત્ત્વની સન્મુખતાનો ઉપદેશ આપી રહ્યા છે તેનું જ એક નાનકડું ફળ છે. ગુરુદેવના આત્મસ્પર્શી ઉપદેશનું શ્રવણ ને મંથન કરનારના જીવનમાં વૈરાગ્યભાવ સહેજે પોષાતો જાય છે. ને તેમાંય વળી પૂ. બેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બેન શાન્તાબેન જેવા મહાન વૈરાગી ધર્માત્માઓની છાયામાં દિન–રાત જ્ઞાન–વૈરાગ્યનું સીંચન થતું હોય છે. માતા જેવી વાત્સલ્યવંતી તેઓશ્રીની હૂંફ બહેનોના જીવનમાં મહાન શરણરૂપ છે. (ત્યારબાદ આવા જ બીજા ૧૪ તથા ૮ અને ૯ કુમારિકા બહેનોના એકી સાથે, તેમજ બીજા અનેક બહેનોના બ્રહ્મચર્યપ્રતિજ્ઞાના પ્રસંગો બન્યા છે.) આત્મહિત સાધવાના લક્ષે, અહર્નિશ સંતોની છાયામાં રહેવાના હેતુથી આ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લેવામાં આવી છે, તે એક ખાસ આદર્શ છે. ને એવો આદર્શ અપનાવનારા પચાસ જેટલાં બ્રહ્મચારી બહેનો ધન્યવાદને પાત્ર છે.

## 'સમયસાર–ભગવાનનો જય હો'

ગુરુદેવને 'સમયસાર' ઉપર મહાન પ્રેમ છે—જેવો કુંદકુંદ પ્રભુ ઉપર. સમયસાર એમનું જીવનસાથી હોય એમ લગભગ દરરોજ તે વાંચતા હોય છે. ૧૬ વખત તો તેના ઉપર પ્રવચનો થયાં; તેમાંથી આઠમી વખતના પ્રવચનો લગભગ અઢી વર્ષ ચાલેલાં....તેની પૂર્ણતા કેવા આનંદથી થઈ તે અહીં બતાવવું છે: સં. ૨૦૦૨ ની 'શ્રુતપંચમી'થી શરૂ થયેલાં એ પ્રવચનો, સં. ૨૦૦૫ ના માગશર વદ આઠમે જ્યારે પૂર્ણ થયા ત્યારે છેલ્લા પ્રવચનની પૂર્ણતા કરતાં ગુરુદેવે કહ્યું કે હે જીવો! અંદરમાં ઠરો....રે....ઠરો! અનંત

મહિમાવંત શુદ્ધાત્મભગવાનનો આજે જ અનુભવ કરો. જ્ઞાનના દિવસે (શ્રુતપંચમીએ) શરૂ કરેલું આ સમયસાર આજે ચારિત્રના દિવસે (કુંદપ્રભુની આચાર્યપદવીના દિવસે) પૂર્ણ થાય છે, એટલે શ્રુતજ્ઞાનથી શરૂઆત થઈ તે આગળ વધતાં ચારિત્રદશા પ્રાપ્ત કરીને ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચીને પૂરું થશે....બોલો....સમયસાર ભગવાનનો....જય....હો." આમ ગુરુદેવે પોતે કેવળજ્ઞાનના કોલકરાર સાથે સમયસારના જયકારપૂર્વક જ્યારે સમયસારની પૂર્ણતા કરી ત્યારે, સમસ્ત મુમુક્ષુ શ્રોતાજનોએ બહુ જ આનંદોલ્લાસથી એ જયકાર ઝીલી લીધો ને બીજી તરફ 'સદ્ધર્મ-પ્રભાવક દુદુંભી મંડળી'નાં વાજિંત્રોએ મંગલનાદથી તેમાં સૂર પુરાવ્યો.

સમયસારના અગાધ મહિમાનો એ એક આશ્ચર્યકારી પ્રસંગ હતો. ત્યારબાદ જ્યારે ૧૪ મી વખત સમયસાર ઉપર પ્રવચનો શરૂ થયાં ત્યારે ૧૪૦૦૦ રૂ. ના દાનની જાહેરાત થઈ; હાલમાં સોળમી વખત પ્રવચનો ચાલે છે.

## પ્રતિષ્ઠા-મહોત્સવ અને વિહાર

સોનગઢમાં સં. ૧૯૯૭ તથા ૧૯૯૮ ના બે પ્રતિષ્ઠા-મહોત્સવ પછી સૌ પ્રથમ સં. ૨૦૦૫ માં વીંછીયામાં પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો, અને એ નિમિત્તે ગુરુદેવે સારાષ્ટ્રમાં વિહાર કર્યો. ત્યારે ગુરુદેવ પગે ચાલીને વિહાર કરતાં; બ્રહ્મચારી બાળકો તેમની સાથે રહેતા; રોજ પાંચ-સાત માઈલનો પ્રવાસ થતો. નાના ગામડામાં એ વખતે ગુરુદેવ સાથે આખો દિવસ જે આનંદ આવતો તેના મધુર સંભારણાં આજેય આનંદ ઉપજાવે છે. એ વખતે ગુરુદેવ જે ગામડામાં પધારે ત્યાંના બધાં ખેડૂતો પણ ઉત્સવ જેવું માનીને તે દિવસે સાંતી જોડવાનું બંધ રાખતા ને હોંસે હોંસે ગુરુદેવનું પ્રવચન સાંભળવા આવતા. આ વિહાર દરમિયાન ગુરુદેવ ઉમરાળા પધાર્યા ત્યારે જન્મભૂમિસ્થાનના ઉદ્ધાર માટેની યોજના અને ફંડની શરૂઆત થઈ. વીંછીયા જેવા નાના ગામમાં ભવ્ય પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. એ મહોત્સવમાં પ્રતિષ્ઠા માટે પધારેલા ૪૨ જિનબિંબો ઉપર ગુરુદેવે પાવનહસ્તે અંકન્યાસવિધાન કર્યું. અહા, એ જિનેન્દ્રોનો મેળો! ને એ પંચકલ્યાણકના ઉલ્લાસભર્યાં દશ્યો! એ વખતે ઇન્દ્રપ્રતિષ્ઠાનું જૂલુસ હાથી ઉપર નહિ પણ ગાડામાં બેસીને નીકળેલું....છતાંય એ પ્રસંગો અદ્ભુત ને આહ્લાદકારી લાગતા. એ વખતે ગુરુદેવના સુહસ્તે પ્રતિષ્ઠા કરાવવા માટે કલકત્તા, ઇન્દોર, ભેલસા, કાનપુર, મલકાપુર, અજમેર વગેરે અનેક સ્થળેથી જિનબિંબો આવ્યા હતા. એ જ વર્ષે લાઠી શહેરમાં પણ શ્રુતપંચમીએ પંચકલ્યાણકપ્રતિષ્ઠાનો મહાન ઉત્સવ થયો. બીજા વર્ષે (સં. ૨૦૦૬ માં) પણ રાજકોટના ભવ્ય જિનમંદિરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા નિમિત્તે ગુરુદેવે સૌરાષ્ટ્રમાં વિહાર કર્યો. ફાગણ માસમાં રાજકોટમાં મહાન પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો, તેમાં એકંદર ૩૯ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ.

## શત્રુંજય સિદ્ધિધામની યાત્રા

સૌરાષ્ટ્રના વિહારમાંથી પાછા ફરતાં સં. ૨૦૦૬ ના પ્રથમ અષાડ સુદ ૪ ના દિવસે પૂ. ગુરુદેવે ૮૦૦ જેટલા યાત્રિકોના મહાન સંઘ સહિત શત્રુંજય–સિદ્ધિધામથી અપૂર્વ ઉલ્લાસભરી (બીજી) યાત્રા કરી. પાંડવધામમાં અદ્ભુત ભક્તિ–પૂજન અને પ્રવચનો થયાં.

## "સદ્‌ગુરુ–પ્રવચન–પ્રસાદ"

સં. ૨૦૦૬ ના ભાદરવા સુદ પાંચમથી આ દૈનિક પત્રિકાનું પ્રકાશન શરૂ થયું; તે લગભગ છ વર્ષ ચાલુ રહ્યું. જિજ્ઞાસુઓને તે પ્રિય હતું પરંતુ શ્રી અમૃતલાલભાઈના સ્વર્ગવાસ બાદ તેનું પ્રકાશન બંધ થયું.

## આફ્રિકા

ગુરુદેવનો પ્રભાવ ક્યાં ક્યાં ફેલાયેલો છે તે જોવા માટે આપણે હિન્દુસ્તાન બહાર પણ જરા નજર કરવી પડશે. ગુરુદેવના પ્રકાશકિરણો આફ્રિકા જેવા અંધારાદેશમાં પણ પહોંચી ગયા. જેમ જેમ ગુરુદેવના પ્રવચન–સાહિત્યદ્વારા પ્રચાર વધતો ગયો તેમ તેમ ભારતભરમાંથી જિજ્ઞાસુઓ આકર્ષાતા ગયા, એટલું જ નહિ, મુખ્ય મુખ્ય બધા જ શહેરોમાં મુમુક્ષુ મંડળો સ્થપાતા ગયા, અને રંગુન તથા આફ્રિકામાં નૈરોબી, મોમ્બાસા વગેરે શહેરોમાં રહેનારા ગુજરાતી ભાઈઓ પણ સોનગઢ પ્રત્યે આકર્ષાયા. આફ્રિકામાં તો એક વાર આત્મધર્મના ૪૦૦ જેટલા ગ્રાહકો થઈ ગયા હતા. આજે પણ આફ્રિકામાં ઉત્સાહી મુમુક્ષુમંડળ ચાલી રહ્યું છે; ભારતમાંથી જિનપ્રતિમા ત્યાં લઈ જઈને દર્શન–પૂજન–ભક્તિ કરે છે. તેમ જ ત્યાંના મુમુક્ષુ ભાઈઓ અવારનવાર સોનગઢ આવીને સત્સંગનો લાભ લ્યે છે.

## સીમંધરનાથની પ્રતિષ્ઠાનાં દસ વર્ષ

ભક્તજનોના હૃદયની ભાવનાથી વહાલા વિદેહીનાથ સં. ૧૯૯૭ માં સોનગઢ પધાર્યા; સીમંધરનાથની એ પ્રતિષ્ઠાને સં. ૨૦૦૭ માં દસ વર્ષ પૂર્ણ થતાં ઉલ્લાસકારી અઠ્ઠાઈ–મહોત્સવ ઉજવાયો. સીમંધરનાથની પરમ ભક્તિથી સોનગઢનું વાતાવરણ ગાજી ઊઠ્યું. અહો ભગવાન! આપ સાધકોના સાથીદાર છો....આપને હૃદયમાં રાખીને સાધકો સિદ્ધપદને નિર્વિઘ્નપણે સાધી રહ્યા છે. ગુરુકહાન કહે છે કે 'સીમંધરનાથની ૐકારધ્વનિમાંથી ઝીલીને કુંદકુંદાચાર્યદેવ મહાન શ્રુત લઈ આવ્યા, અને તેની જ કંઈક પ્રસાદી અહીં પીરસાય છે.' પૂ. બેનશ્રી–બેનનેય એ વિદેહીનાથ પ્રત્યે જે ભક્તિ ઉલ્લસે છે, ને તેમની પ્રશાંત મુદ્રા દેખી દેખીને એમના હૃદયમાં જે આનંદોર્મિ જાગે છે તેનું વર્ણન કઈ રીતે થાય? વિદેહવાસી હે સીમંધરનાથ! આપ 'સુવર્ણધામમાં....અથવા તો ભક્તોના અંતરમાં' પધાર્યા પછી આ

ભરતભૂમિના જિનેન્દ્રશાસનમાં અનેકાનેક મંગલવૃદ્ધિ થઈ છે.–આવા મહાન ભક્તિભાવો સાથે દશવર્ષીય મંગલોત્સવ ઘણા જ આનંદથી ઉજવાયો હતો. 'કુંદકુંદ–શ્રાવિકાશાળા'નું ઉદ્‌ઘાટન પણ તે દરમિયાન (મહા વદ તેરસે) થયું હતું. અઠ્ઠાઈ–ઉત્સવના પ્રારંભમાં, એક ભક્તિદ્વારા સીમંધરનાથને સન્દેશ મોકલાવ્યો કે 'સ્વસ્તિ શ્રી વિદેહક્ષેત્રે બિરાજમાન હે સીમંધરનાથ! ભરતક્ષેત્રના આપના ભક્તોની વિનતિ સ્વીકારીને, વહેલા વહેલા વિહાર કરીને આપ સોનગઢ પધારો....ભારતના ભક્તો આપની વાટું જુએ છે....' એ ઉત્સવપ્રસંગે અનેક ધાર્મિકનાટકો, ધાર્મિક ફિલ્મ (તીર્થધામ સોનગઢની), વગેરે અવનવા કાર્યક્રમો હતા. ગુરુદેવના પ્રતાપે સુવર્ણધામમાં આવા આનંદોત્સવના અવનવા પ્રસંગો બન્યા જ કરે છે.

## શ્રાવિકા–બ્રહ્મચર્યાશ્રમનું ઉદ્‌ઘાટન

સં. ૨૦૦૭માં કલકત્તાના (લાડનૂવાળા) શેઠશ્રી વછરાજજી ગંગવાલ વગેરે સોનગઢ પહેલીવાર આવ્યા; અને ગુરુદેવના માત્ર ચાર દિવસના પરિચયથી, ને પૂ. બેનશ્રી–બેનનું જીવન દેખીને તેઓ એવા પ્રભાવિત થયા કે તરત જ જિનમંદિર પાસે વિશાળ જગ્યા ખરીદીને લગભગ સવાલાખ રૂા. ના ખર્ચે તેમણે ભવ્ય આશ્રમનું નિર્માણ કરાવ્યું. એ શ્રી 'ગોગીદેવી દિ. જૈન શ્રાવિકા–બ્રહ્મચર્યાશ્રમ'નું ઉદ્‌ઘાટન શેઠજીના હસ્તે સં. ૨૦૦૮ ના માહ સુદ પાંચમે થયું. બોધિસમાધિદાતાર ગુરુદેવની મંગલ આશીષપૂર્વક થયેલ એ ઉદ્‌ઘાટન–મહોત્સવ અતિ આનંદકારી હતો. એ દિવસે મહાવીરપ્રભુના પ્રતિમાજીને આખો દિવસ આશ્રમમાં બિરાજમાન કર્યા હતા. ગુરુદેવનું પ્રવચન પણ આશ્રમમાં થયું હતું. આજે આખો દિવસ ને રાત ભક્તિ–ઉલ્લાસ ને હર્ષનું વાતાવરણ વ્યાપી ગયું હતું, ને પૂ. બેનશ્રી–બેનની હિતકર છાયામાં ૧૬ જેટલાં બ્ર. બહેનોએ આશ્રમમાં વાસ કર્યો હતો. પછી તો અનુક્રમે વધતા વધતા બ્ર. બહેનોની સંખ્યા ૫૦ જેટલી થઈ છે. આશ્રમનું વાતાવરણ અનેરું છે, ને આદર્શ મહાન છે.

## જૈન વિદ્યાર્થીગૃહ

સં. ૨૦૦૮ ના ફાગણ વદ ત્રીજે ત્રણ વિદ્યાર્થીઓની સંખ્યાથી શરૂ થયેલ આ વિદ્યાર્થીગૃહમાં આજે ૭૫ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે ને વિદ્યાર્થીગૃહ પોતાનું સુંદર સ્વતંત્ર મકાન ધરાવે છે.

## માનસ્થંભની તૈયારી અને ભવ્ય મહોત્સવ

સં. ૨૦૦૯ સુધી સૌરાષ્ટ્રમાં ક્યાંય માનસ્તંભ ન હતો; માનસ્તંભ શું કહેવાય–એની ખબરેય ઘણાને ન હતી. દસેક વર્ષ પહેલાં સોનગઢમાં જિનમંદિર થયું ત્યારથી જ માન-સ્તંભની ભાવના ભક્તોના મનમાં ઘોળાતી હતી; તે આ સાલમાં ફળીભૂત થઈ. તેને માટે અત્યંત ઉમળકાપૂર્વક થોડા જ વખતમાં સવા લાખ રૂા. જેટલું મોટું ફંડ થઈ ગયું.

સૌરાષ્ટ્રને માટે આ તદ્દન નવીન હતું. એક બાજુ જયપુરમાં માનસ્તંભના આરસના સામાનનો ઓર્ડર દેવાયો ને બીજી તરફ સોનગઢમાં એના ચણતરની જોરદાર તૈયારીઓ થવા લાગી. જે દિવસે ને જે ટાઈમે ગુરુદેવે પરિવર્તન કરેલું,–૧૭ વર્ષ બાદ બરાબર તે જ દિવસે ને તે જ ટાઈમે પૂ. બેનશ્રી–બેનના સુહસ્તે માનસ્તંભના પાયાની શરૂઆત થઈ. ને પછી વૈશાખ વદ સાતમના રોજ ગુરુરાજની મંગલ છાયામાં અત્યંત ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે પૂ. બેનશ્રી–બેને તેમજ શેઠશ્રી નાનાલાલભાઈ વગેરેએ ઉત્સાહપૂર્વક માનસ્તંભનું શિલાન્યાસ કર્યું. માનસ્તંભની મોટી મોટી ત્રણ પીઠિકાઓનું સીમેન્ટનું ચણતરકામ સેંકડો ભક્ત ભાઈ–બહેનો હાથોહાથ ઉમંગથી કરતા. પ્રવચનમાં ગુરુદેવ રોજ રોજ માનસ્તંભનો મહિમા સમજાવતા. આ જ અરસામાં સૌરાષ્ટ્રમાં કેટલાય ઠેકાણે જિનમંદિરો તૈયાર થયા હતા ને પ્રતિષ્ઠા માટે ગુરુદેવના પધારવાની મુમુક્ષુઓ રાહ જોતા હતા. તો બીજી તરફ દેશભરમાંથી અનેક મોટા–નાના જિજ્ઞાસુઓ (ત્યાગીઓ તેમજ ગૃહસ્થો) સોનગઢ આવતા ને ગુરુદેવના પરિચયથી તેમજ સોનગઢના અધ્યાત્મ–વાતાવરણથી ખૂબ જ પ્રભાવિત થઈને 'ધન્ય....ધન્ય' બોલી ઊઠતા. કોઈ કહેતું કે સોનગઢ તો વિદેહધામ જેવું લાગે છે, તો કોઈ કહે કે એ તો ધર્મપુરી છે.

જયપુર (મકરાના)થી છ વેગન ભરીને માનસ્તંભનો આરસનો સામાન આવ્યો. વચ્ચે બે વેગન ગૂમ થયેલા તે પણ ટાઈમસર આવી પહોંચ્યા. છેલ્લા બે વેગન ૨૦૧૦ ના ભાઈબીજને દિવસે આવ્યા. તેમાં બીજા સામાન ઉપરાંત માનસ્તંભના જિનબિંબો પણ હતા. આનંદપૂર્વક કારતક સુદ ત્રીજે જિનપ્રતિમાનો ગામપ્રવેશ થયો; ને માનસ્તંભની પીઠિકાના આરસનો પહેલો પાષાણ આ દિવસે પૂ. બેનશ્રી–બેનના સુહસ્તે ચણાયો. ભગવાનની બેઠકનું સ્થાપન માહ સુદ એકમે થયું ને બરાબર એ જ રાત્રે સ્વપ્નમાં ગુરુદેવે સીમંધરનાથના અદ્‌ભુત દિવ્ય દેદાર દેખ્યા. પછી તો એક પછી એક પથ્થર ઊંચે ઊંચે ચડતાં ચડતાં ૬૩ ફૂટ સુધી પહોંચી ગયા. (ગુરુદેવને એ વખતે ૬૩ મું વર્ષ ચાલતું હતું.)

—એમ કરતાં કરતાં ૨૦૦૯ નો ચૈત્રમાસ આવ્યો ને માનસ્તંભના મહોત્સવની મંગલ વધાઈ લાવ્યો. જેવી માનસ્તંભની અનેરી શોભા....એવો જ એની પ્રતિષ્ઠાનો ઉત્સવ! ભક્તજનો તો માનસ્તંભની ને મહોત્સવની શોભા જોઈ જોઈને ધરાતા ન હતા. પ્રતિષ્ઠા-મહોત્સવ વખતે છ હજાર જેટલા મહેમાનો આવ્યા હતા. તે ઉપરાંત આ સમય દરમિયાન શ્રવણબેલગોલમાં ભગવાન બાહુબલીની ૫૭ ફૂટ ઊંચી પ્રતિમાના મહા મસ્તકાભિષેકનો પ્રસંગ હોવાથી ત્યાં જતાં–આવતાં હજારો યાત્રિકો સોનગઢ આવતા હતા ને યાત્રિકોથી સોનગઢ ભર્યું રહેતું. જૈનસમાજની ઘણીખરી આગેવાન વ્યક્તિઓ સોનગઢ આવી ગઈ હતી. માનસ્તંભના ઉત્સવની તો શી વાત? એ નેમપ્રભુના પંચકલ્યાણક, એ જન્મોત્સવ, એ જાન


અને વૈરાગ્યપ્રસંગ, એ સહસ્રામ્રવનમાં દીક્ષા, નેમમુનિને આહારદાનનો એ ભાવભીનો પ્રસંગ, ૩ર પ્રતિમાઓ ઉપર ગુરુદેવના હસ્તે અંકન્યાસ, એ સમવસરણ ને એ ગીરનાર,–એ બધાય દશ્યો પછી, વિદેહીનાથ સીમંધર ભગવાન જ્યારે માનસ્તંભ ઉપર પધાર્યા ને પરમભક્તિથી ગુરુકહાને એમની પ્રતિષ્ઠા કરી ત્યારે ચારેકોર જયજયકાર ને આનંદનું વાતાવરણ છવાઈ ગયું.–અને પછી થયો એ ગગનવિહારી માનસ્તંભનો મહાઅભિષેક. છેલ્લી રથયાત્રાની તો શી વાત! સૌરાષ્ટ્રમાં માનસ્તંભનો પ્રતિષ્ઠા મહોત્સવ અદ્‌ભુત ને અપૂર્વ હતો. એમાં ચારેકોરથી ભારતના હજારો ભક્તોએ ભાગ લીધો હતો. ઉત્સવમાં આવેલા અનેક ત્યાગીઓ પણ એ વખતે ગુરુદેવથી પ્રભાવિત થયા હતા. એ દિવસોમાં સુવર્ણધામની શોભા અદ્‌ભુત હતી. એક મોટી નગરી રચાઈ હતી–એનું નામ હતું 'વિદેહધામ.' ઉત્સવમાં આવનારા કહેતા કે ખરેખર, અમે વિદેહમાં આવ્યા હોઈએ એવું લાગે છે. પ્રતિષ્ઠા પછી મંચ બાંધેલ હોવાથી ગુરુદેવ સહિત અનેક ભક્તજનો અવારનવાર ઉપર જઈને માનસ્તંભની યાત્રા કરતા ને ઉપર બેઠા બેઠા ભક્તિ–પૂજન કરતા; પૂ. બેનશ્રી–બેન કોઈ કોઈવાર તો આશ્ચર્યકારી ભક્તિ કરાવતા. એ બધાયના મીઠાં સંભારણાં આજેય આનંદ પમાડે છે. ગુરુદેવ જો કે હજી સુધી સૌરાષ્ટ્રની બહાર વિચર્યા ન હતા તો પણ આ ઉત્સવમાં એ સ્પષ્ટ દેખાયું કે ગુરુદેવ હવે માત્ર સોનગઢ કે સૌરાષ્ટ્રની જ નહિ પરંતુ ભારતભરના દિ. જૈનસમાજની એક મહાન વિભૂતિ છે. વૈશાખ સુદ દસમે જ્યારે માનસ્તંભ–પ્રતિષ્ઠાને એક મહિનો પૂરો થયો ત્યારે સાંજે આશ્રમમાં પૂ. બેનશ્રીબેને જે અચિંત્યભક્તિ કરાવી તે સોનગઢના ભક્તિના ઇતિહાસમાં અજોડ હતી. માનસ્તંભ ઉપર જવાનો મંચ જેઠ સુદ પાંચમ સુધી રહ્યો હતો, ને છેવટે જેઠ સુદ પાંચમે મહાન અભિષેક તથા પૂજન–ભક્તિ કરીને, અને ગુરુદેવે માનસ્તંભ ઉપર ખાસ ભક્તિ કરાવીને, પછી મંચ છોડી નાંખતાં, ખુલ્લા આકાશમાં માનસ્તંભની શોભા ગંધકૂટી જેવી શોભતી હતી.

એક તરફ ગુરુદેવનો પ્રભાવ વધતો ચાલ્યો ને બીજી તરફ પ્રવચનમાં તત્ત્વજ્ઞાનની સ્પષ્ટતા વધુ ખીલતી ગઈ. શ્વેતાંબરમત ને દિગંબરમત વચ્ચે મુખ્ય સિદ્ધાંતભેદ ક્યાં છે તે ગુરુદેવે વધુ સ્પષ્ટપણે પ્રસિદ્ધ કર્યું. નિશ્ચય–વ્યવહાર કે ઉપાદાન–નિમિત્ત વગેરે અનેક બાબતોની સ્પષ્ટતા પણ વધુ ને વધુ ખીલવા લાગી ને વધુ ને વધુ જિજ્ઞાસુઓ તેનો લાભ લેવા લાગ્યા.


## ઉમરાળા—જન્મભૂમિસ્થાન


પૂ. ગુરુદેવની જન્મભૂમિ ઉમરાળા સોનગઢથી માત્ર ૯ માઈલ દૂર છે. ત્યાંના જન્મધામવાળા જૂના ઘરને સ્થાને એવું જ નવું જન્મધામ બાંધવા માટે ૨૦૦૯ના વૈ. સુદ પૂનમે પૂ. બેનશ્રીબેનના હસ્તે શિલાન્યાસ થયું. ઉપરના ભાગમાં સીમંધરભગવાનની વેદિકા તથા

પંચકલ્યાણકપ્રસંગે નેમિનાથમુનિરાજને આહારદાનનો પ્રસંગ



બેનશ્રી–બેનજી ભક્તિથી આહારદાન થઈ રહ્યા છે, ને ગુરુદેવ ભાવપૂર્વક એને અનુમોદી રહ્યા છે. એ પ્રસંગને યાદ કરતાં બંને બહેનો હૃદયોર્મિથી કહે છે કે અહો, અમારી ઘણા વખતની ભાવના હતી તે આજે પૂરી થઈ. જાણે સાક્ષાત્ ભગવાન જ પધાર્યા હોય–એમ સહેજે ભાવો ઉલ્લસી જતા હતા. અમારું જીવન કૃતાર્થ થયું. ધન્ય એ પ્રસંગ!





ઉમરાળા—જન્મધામમાં સ્વસ્તિક અને સીમંધર ભગવાન

નીચે જન્મધામમાં સ્વસ્તિક-સ્થાપન, અને બાજુમાં 'ઉજમબા-સ્વાધ્યાયગૃહ'ની રચના થઈ. પોષ વદ ત્રીજે તેનું ઉદ્દઘાટન થયું. એ પ્રસંગનો ઉત્સવ ઘણો ભવ્ય હતો....ગુરુદેવનું જન્મધામ ભક્તોને માટે દર્શનીય બન્યું છે. ગુરુદેવ જ્યારે ઉમરાળા પધારે ત્યારે જન્મધામમાં ખાસ ભક્તિ થાય છે.

## સૌરાષ્ટ્રમાં ઠેરઠેર જિનેન્દ્રપ્રતિષ્ઠા : ને ગિરનારયાત્રા

સં. ૨૦૧૦ ની સાલને આપણે 'જિનેન્દ્રપ્રતિષ્ઠાનું વર્ષ' કહી શકીએ. સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર તૈયાર થઈ ગયેલા દિ. જિનમંદિરોમાં પ્રતિષ્ઠા કરવા માટે ગુરુદેવે સોનગઢથી પોષ વદ ત્રીજે મંગલ વિહાર કર્યો. ઉમરાળામાં જન્મધામ તથા સ્વાધ્યાયગૃહનું ઉદ્દઘાટન થયા બાદ તેમાં ગુરુદેવે સુહસ્તે સમયસારની સ્થાપના કરી. અનેક ગામ-શહેરોમાં થઈને માહ સુદ દસમે પૂ. ગુરુદેવ ગિરનારસિદ્ધિધામની યાત્રાએ પધાર્યા, ને ૧૧-૧૨ ના રોજ એક હજાર જેટલા યાત્રિકોના સંઘ સાથે ગિરનારસિદ્ધિધામની યાત્રા ઘણા જ ભક્તિભાવપૂર્વક કરી. ઠેરઠેર વૈરાગ્યભર્યા ઉદ્દગારોપૂર્વક ગુરુદેવે નેમનાથપ્રભુનું અને ગિરનારમાં વિચરેલા ધરસેનસ્વામી-કુંદકુંદસ્વામી વગેરે સંતોનું સ્મરણ કર્યું. પૂ. બેનશ્રીબેને ઠેરઠેર ભક્તિવડે અદ્દભુત વૈરાગ્યરસ રેલાવ્યો. ગુરુદેવે સંઘસહિત ગિરનારધામની આ બીજી યાત્રા કરી. આ યાત્રા પછી જુનાગઢ શહેરમાં જિનેન્દ્રદેવની મોટી રથયાત્રા નીકળી હતી. લોકો કહેતા કે આવી રથયાત્રા અમે જુનાગઢમાં કદી જોઈ નથી. ગુરુદેવ સાથે સૌરાષ્ટ્રના તીર્થોની યાત્રા તો થઈ, હવે ભારતના મહાનતીર્થો-સમ્મેદશિખર વગેરેની યાત્રા ગુરુદેવ સાથે થાય એવી ભાવના ઘણા ભક્તોના હૃદયમાં ઘૂંટાતી હતી.

ગિરનારસિદ્ધિધામની યાત્રા કરીને ગુરુદેવ પોરબંદર-મોરબી-વાંકાનેર પધાર્યા. એ ત્રણેય શહેરોમાં નૂતન જિનમંદિરોમાં પંચકલ્યાણકપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. ત્યારબાદ વઢવાણશહેર, સુરેન્દ્રનગર, રાણપુર, બોટાદ અને ઉમરાળામાં પણ નૂતન જિનાલયમાં વેદીપ્રતિષ્ઠાના ભવ્ય મહોત્સવો ઉજવાયા. ઉમરાળા એક તો ગુરુદેવનું જન્મધામ ને તેમાં વહાલા સીમંધરનાથની પધરામણી! એ પ્રસંગના ઉત્સવનું શું કહેવું? ગુરુદેવે રત્નોના અર્ઘવડે પ્રભુને પોતાના આંગણે વધાવ્યા હતા; ને પુષ્પવૃષ્ટિ માટે ખાસ વિમાન (હેલીકોપ્ટર) આવ્યું હતું. આમ માત્ર ૪ માસમાં આઠ પ્રતિષ્ઠામહોત્સવ થયા! સૌરાષ્ટ્ર આખું જિનેન્દ્રપ્રભાવથી ગાજી ઊઠ્યું. આવા મહાન કાર્યો કરીને ગુરુદેવ જ્યારે સોનગઢ પધાર્યા ત્યારે હાથી ઉપરથી પુષ્પવૃષ્ટિ કરીને ભક્તોએ મહાન ભાવભીનું સ્વાગત કર્યું.


સૌરાષ્ટ્રમાં વિહાર દરમ્યાન ગુરુદેવ જામનગર પણ પધાર્યા હતા. ત્યાં સૌરાષ્ટ્રના રાજપ્રમુખ શ્રી જામસાહેબે પોતાના બંગલે ગુરુદેવને નિમંત્રીને અધ્યાત્મઉપદેશ સાંભળ્યો હતો;

સાચું આત્મિક સામ્રાજ્ય શું છે તે સાંભળીને રાજપ્રમુખશ્રી તથા મહારાણીશ્રી પ્રસન્ન થયા હતા ને આવા જ્ઞાનના પ્રચાર માટે રૂા. ૧૦૦૧ અર્પણ કર્યા હતા.

## પ્રભાવનાનો વેગ ઝડપથી ચાલીયો રે....

દિનોદિન ગુરુદેવનો પ્રભાવ વધતો ગયો અને લાભ લેવા સોનગઢ આવનારા યાત્રિકોની સંખ્યા પણ વધતી ગઈ ને ભક્તિ-પૂજન માટે જિનમંદિર ટૂંકું પડવા લાગ્યું. ગુરુદેવની ૬૬ મી જન્મજયંતી પ્રસંગે એ જિનમંદિર વિસ્તૃત કરવાનો નિર્ણય જાહેર થયો. અત્યાર સુધી સૌરાષ્ટ્રમાં તો અનેક જિનમંદિરો બંધાયા, હવે સૌરાષ્ટ્ર બહાર ગુજરાતના પાલેજમાં (જ્યાં ગુરુદેવ અનેક વર્ષો રહેલા ત્યાં) પણ દિ. જિનમંદિર બંધાયું. અને સં. ૨૦૧૨ ના આસોમાં તો ગુજરાતથી પણ બહાર નીકળીને એ પ્રભાવ ભારતની મુંબઈનગરી સુધી પહોંચ્યો. ત્યાં આસો સુદ દસમે એક ભવ્ય જિનાલયનું શિલાન્યાસ થયું. મુંબઈના ઝવેરી બજાર જેવા લત્તાની નજીક આ જિનમંદિર થયું.

બીજા જ મહિને એક બીજી વધામણી આવી. દિનદિન વૃદ્ધિગત થઈ રહેલા ગુરુદેવના પ્રભાવને લીધે ભારતભરના જિજ્ઞાસુઓની અવરજવર સોનગઢમાં ખૂબ વધતી ચાલી, દર્શન પૂજન-ભક્તિ માટે જિનમંદિર નાનું પડવા લાગ્યું એટલે તેનું નવનિર્માણ કરવા માટે ૨૦૧૨ ના કા. વદ પાંચમે શિલાન્યાસ થયું. ગુરુદેવના મંગળ હસ્તે સ્વસ્તિકવિધાન કરાવીને આનંદોલ્લાસપૂર્વક શિલાન્યાસ થયું. શિલાન્યાસ પછી થોડા જ વખતમાં ભક્તિનો ઉલ્લાસકારી પ્રસંગ બન્યો : જે વિશાળ જિનમંદિર બંધાઈ રહ્યું હતું તેની મોટી છત (કે જે છતના બીમના સળિયા મોટા પૂલ જેવા લાગે છે તે) ભરવાનું કાર્ય (કે જેમાં વચ્ચે અંતર પડ્યા વિના એક સાથે ભરવાનું હોય છે તે) અષાડ સુદ ૧૪ તથા ૧૫ ના રોજ સેંકડો ભક્તોએ હાથોહાથ કર્યું. એ ભક્તિના શ્રમયજ્ઞમાં પૂ. બેનશ્રી-બેન તેમજ નાનાલાલભાઈ, રામજીભાઈ, વગેરે સહિત સમસ્ત મંડળ ભાગ લેતું હતું. એ પ્રસંગની ભક્તિના ઉમંગનો ખ્યાલ આ ઉપરથી આવશે કે એ કાર્ય ચાલ્યું તે બે દિવસો ગુરુદેવે પ્રવચનો બંધ રાખ્યા હતા. સીમેન્ટની ગરમીથી હાથની ચામડી ફાટી ન જાય તે માટે હાથમાં સૌ કપડાની થેલી બાંધતા. ભક્તિ ગાતાં ગાતાં સતત બે દિવસ એ મહાન પ્રસંગ ચાલ્યો. તે દશ્યો જોવાલાયક હતા; એ કાર્યની એટલી ધૂન હતી કે એ વખતે સૌરાષ્ટ્રભરમાં ધરતીકંપનો જે આંચકો લાગેલ તેનો પણ ખ્યાલ ભક્તોને આવ્યો ન હતો. અને છત ભરવાનું કાર્ય પુરું થઈ રહ્યા પછી એ છત ઉપર ઉભા ઉભા જે જયજયનાદથી ભક્તોએ આકાશ ગજાવ્યું છે તેના રણકાર આજેય હૃદયમાં ગૂંજે છે. જેમણે જેમણે એ વખતનું દશ્ય જોયું તે તો ભક્તિ દેખીને દિંગ થઈ ગયા હતા. આ જિનમંદિર માટેનું ફંડ પણ ઉત્સાહપૂર્વક વધ્યે જતું હતું-એક લાખ સુધી પહોંચવાની તૈયારી હતી.



નૂતન જિનમંદિરની છત ભરાય છે તેનું યાદગાર દૃશ્ય : ( સં. ૨૦૧૨ અષાડ સુદ ૧૪-૧૫ )

## ભાદરવાની બે વધામણી:
## શિખરજીયાત્રાનો નિર્ણય અને ૧૪ બહેનોની બ્રહ્મચર્યપ્રતિજ્ઞા

અનેક વર્ષોથી ગુરુદેવ સાથે સમ્મેદશિખરજી જેવા શાશ્વત સિદ્ધિધામની યાત્રા કરવાની ભક્તજનોના હૃદયમાં જે ભાવના હતી તે પૂર્ણ કરવાની વધાઈ શ્રાવણ સુદ એકમે ભક્તિ પછી ગુરુદેવે સંભળાવી....ગુરુદેવે કહ્યું કે આગામી સાલ (૨૦૧૩)માં ફાગણ લગભગમાં સમ્મેદશિખરજીની જાત્રાએ પહોંચવું છે. અહા, એ વધામણી સાંભળતાં સારાય મંડળમાં સર્વત્ર આનંદ છવાઈ ગયેલ....ગુરુદેવ સાથે જાશું ને તીર્થોને ભેટશું....એ સંદેશ સાંભળતાં ગામેગામના મુમુક્ષુઓએ ખુશાલી વ્યક્ત કરી. ભક્તોનાં હૃદય એ પ્રસંગ માટે થનગની રહ્યા....જે યાત્રાનો નિર્ણય સાંભળતાંય આનંદનું આવું મોજું ફરી વળ્યું તે યાત્રા કેવી આનંદકારી હશે!! (એ તો આપ 'મંગલતીર્થયાત્રા' પુસ્તક વાંચશો તો ખ્યાલમાં આવશે.)

સં. ૨૦૧૨ ના ભાદરવા સુદ પાંચમે એક સાથે ૧૪ કુમારિકા બહેનોએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી તે પ્રસંગ પણ ઘણો પ્રભાવશાળી હતો.

સવા લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ ભવ્ય નૂતન જિનમંદિરમાં ઉપરના ભાગમાં નેમિનાથ ભગવાનની પુનઃ વેદીપ્રતિષ્ઠા સં. ૨૦૧૩ ના કા. સુદ ૧૨ ના રોજ થઈ; એ ઉત્સવ ઘણા હર્ષોલ્લાસથી ઊજવાયો....સીમંધરનાથ કેવા વહાલા?–કે જેવા અંતરના જ્ઞાન વહાલા....એ વાણીથી કેમ કહેવાય? ઇત્યાદ પ્રકારે ભગવાનની અદ્‌ભુત ભક્તિ થતી. જિનમંદિરના શિખર ઉપર પધારીને ગુરુદેવે કળશ તથા ધ્વજને હાથ લગાડ્યો. લગભગ ૭૫ ફૂટ ઊંચે જિનમંદિરનો ધર્મધ્વજ ફરકી રહ્યો છે. ઉત્સવ પછી ચાંદીની ગંધકુટીવાળા નવીન રથમાં ભગવાનની જે રથયાત્રા નીકળી તેની શોભા ને તેનો ઉલ્લાસ અજોડ હતો. ભક્તોને કલકત્તાની રથયાત્રા યાદ આવતી. એ સોનગઢનું ઉન્નત્ત જિનમંદિર જોઈને ભક્તો કહેતા કે જેમ મૂડબિદ્રીમાં ત્રિભુવનતિલકચૂડામણિ જિનાલય છે તેમ આપણું આ જિનમંદિર 'સમ્યક્ત્વશિખર–ચૂડામણિ' છે.

સોનગઢના ઉત્સવ પછી તરત ગુરુદેવે મંગલતીર્થયાત્રા માટે વિહાર કર્યો. વચ્ચે પાલેજમાં જિનમંદિરની પ્રતિષ્ઠાનો ઉત્સવ થયો. પાલેજના જિનમંદિરમાં ગુરુદેવે સ્વહસ્તે શ્રેયાંસનાથ, સીમંધરનાથ વગેરે ભગવંતોને ભાવથી બિરાજમાન કર્યા, ને પછી મુંબઈનગરીમાં ૧૦–૧૫ હજાર માણસોની સભામાં પરમ સત્યની ઘોષણા કરીને સિદ્ધિધામની યાત્રા માટે પ્રસ્થાન કર્યું. અહા, અવનવા તીર્થોની અપૂર્વ યાત્રા! ગુરુદેવ જ્યાં જ્યાં જાય ત્યાં એવા સ્વાગત થતા કે ત્યાંની જનતા આશ્ચર્યથી બોલી ઊઠતી કે અમારી નગરીમાં આવું સ્વાગત કદી જોયું નથી. યાત્રાનું સંપૂર્ણ વર્ણન તો 'મંગલ તીર્થયાત્રા' પુસ્તકમાં છપાયેલું છે, જે વાંચતાં

મુમુક્ષુઓને એ યાત્રાનો ખરો ચિતાર ખ્યાલમાં આવે છે. આ યાત્રામાં ૫૦૦ ઉપરાંત યાત્રિકો (૮ મોટરબસો ને ૩૦ જેટલી મોટરો) સહિત ગુરુદેવે ઘણાય તીર્થોની યાત્રા કરી.

સોનગઢથી વલ્લભીપુર, બરવાળા, ખંભાત, વડવા, અગાસ, વડોદરા, પાલેજ, ભરૂચ અંકલેશ્વર, સજોદ, સુરત, ભીમડી, મુંબઈ; ત્યાર પછી ગજપંથા, માંગીતુંગી, રાવલગાંવ-ઈલોરા, માલેગાંવ, ધૂલીઆ, બડવાની....પાવાગીર-ઉન, ખંડવા, સનાવદ, સિદ્ધવરકૂટ, ઈન્દોર, ઉજ્જૈન, મક્ષી-પાર્શ્વનાથ, સારંગપુર, બ્યાવરા, રાઘવગઢ, સોનકચ્છ, ભોપાલ, કુરાના, નરસિંહગઢ, ગુના, બજરંગગઢ, કોલારસ, સેસઈ. શિવપુરી, ઝાંસી, થુબોનજી, ચંદેરી, દેવગઢ, બબીના, તાલહબેટ, લલિતપુર સોનકચ્છ, ગ્વાલિયર, ધોલપુર, આગ્રા, શૌરીપુરી-બટેશ્વર, મથુરા, ફિરોજાબાદ, મૈનપુરી, કાનપુર, લખનૌ, રત્નપુરી, અયોધ્યાપુરી, બનારસ (કાશી), ચંદ્રપુરી, સિંહપુરી, ડાલમીયાનગર, આરા, પટના, રાજગૃહી, કુંડલપુર-નાલંદા, પાવાપુરી, ગુણાવા, ગયા, સમ્મેદશિખરજી, ચંપાપુરી-મંદારગિરિ, ઋજુવાલિકાને તીરે, જમશેદપુર, ઝરીઆ, ધનબાદ, કલકત્તા, ખંડગિરિ-ઉદયગિરિ, ચોપારન, ડાલમીયાનગર, બનારસ, અલ્લાહાબાદ, કાનપુર, કુરાવલિ, એટા, હસ્તિનાપુર, દિલ્હી, સહારનપુર, અલ્વર, આમેર, જયપુર, અલીગઢ-ટોંક, અજમેર, લાડનૂ, સુજાનગઢ, કૂચામન, કિસનગઢ, બ્યાવર, શિવગંજ, જાવાલ, આબુ, તારંગા, અમદાવાદ થઈને સોનગઢ પધાર્યા.

મધુવનમાં હજારો માણસોની સભામાં જે પ્રવચનધારા વહેતી એ અદ્‌ભુત હતી.... પં. બંસીધરજીએ ભાવભીનું ભાષણ કરીને હિંમતપૂર્વક ગદગદભાવથી સમાજમાં પ્રસિદ્ધ કર્યું કે: અનંત ચોવીસીના તીર્થંકરો અને આચાર્યોએ સત્ય દિગંબર જૈનધર્મને અર્થાત્ મોક્ષમાર્ગને પ્રગટ કરનારો જે સંદેશ સંભળાવ્યો તે જ આ કાનજીસ્વામીની વાણીમાં આપણા સાંભળવામાં આવી રહ્યો છે. અનેક તીર્થોની ભાવભીની યાત્રા કરીને વૈ. વદ છઠ્ઠે ગુરુદેવ સોનગઢ પધાર્યા ત્યારે ભવ્ય સ્વાગત થયું ને છ માસથી સૂની પડેલી સુવર્ણપુરી ફરી ઝાકઝમાળ બની.

યાત્રા-ઉત્સવની ખુશાલી નિમિત્તે સોનગઢમાં અષાડ માસની અષ્ટાહ્નિકામાં સિદ્ધચક્ર-વિધાન-પૂજન ઘણા ઉત્સાહથી થયું. યાત્રાના છ હજાર ફૂટ લાંબા હાલતાચાલતા ચિત્ર (Film) દ્વારા એ તીર્થોને જ્યારે સોનગઢમાં જોઈએ છીએ ત્યારે યાત્રાનો આનંદ ફરી ફરી તાજો થાય છે. બહારગામ પણ અનેક સ્થળે તીર્થયાત્રાની એ ફિલ્મ દેખીને હજારો જિજ્ઞાસુઓ પ્રસન્ન થાય છે.

સં. ૨૦૧૪માં લીંબડી શહેરમાં પંચકલ્યાણકપ્રતિષ્ઠા નિમિત્તે ગુરુદેવે સૌરાષ્ટ્રમાં વિહાર કર્યો. આ દશકો જાણે 'વિહારનો દસકો' હોય એમ ઉપરાઉપરી વિહારના મંગલપ્રસંગો બનતા.

## દક્ષિણદેશની મોટી યાત્રા અને મુંબઈનો મોટો મહોત્સવ

૨૦૧૫ના પોષમાં ગુરુદેવ મુંબઈ પ્રતિષ્ઠા અને દક્ષિણદેશના તીર્થોની યાત્રા માટે પધાર્યા. આ તીર્થયાત્રામાં ધંધુકા, અમદાવાદ, પાલેજ, દાહોદ, બડવાની, નાશીક, ભીમડી થઈને મુંબઈ પધાર્યા. મુંબઈમાં મુંબાદેવીપ્લોટમાં પંચકલ્યાણકનો અત્યંત ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો. ત્યાં 'મહાવીરનગર'ની સુંદર રચના થયેલ હતી; ૨૫,૦૦૦ માણસો સમાય એવડો પ્રતિષ્ઠામંડપ હતો. મુંબઈ શહેરમાં ઉજવાયેલો આ પ્રતિષ્ઠામહોત્સવ મુંબઈના ઇતિહાસમાં અભૂતપૂર્વ હતો. ઝવેરીબજારમાં જિનમંદિર લગભગ ૪ લાખ રૂપિયાના ખર્ચે બંધાયું છે. ઉત્સવમાં લગભગ બે લાખનું ખર્ચ ને અઢી લાખની ઉપજ થઈ હતી. એ મહોત્સવનાં દ્રશ્યો નીહાળીને મુંબઈની જનતા મુગ્ધ બની હતી. પ્રવચનમાં પંદરેક હજાર માણસો લાભ લેતા. માહ સુદ છઠ્ઠે જિનમંદિરમાં ભગવંતોની પ્રતિષ્ઠા કરીને મહા સુદ આઠમના રોજ ગુરુદેવે ૬૫૦ જેટલા યાત્રિકો (આઠ મોટરબસો ને ૪૦ જેટલી મોટરો)ના વિશાળ સંઘ સાથે યાત્રા માટે પ્રસ્થાન કર્યું.

મુંબઈથી પુના, ફલ્ટન, જોગફોલ્સ, હૂમચ, કુંદાપુર–કુંદાદ્રિ, મુલબિદ્રિ, કારકલ, વેણુર, હલેબીડ, શ્રવણબેલગોલા, મૈસુર, બેંગલોર,કાંજીવરમ્, પુંડીનગરી, મદ્રાસ, બાંદેવાસ, પોન્નૂર, અકલંકબસ્તી કેરેન્ડે, નેલ્લુર, બેઝવાડા, હૈદ્રાબાદ, સોલાપુર, કુંથલગિરિ, ધારાશિવની ગુફાઓ, ઉસ્માનાબાદ, ઈલોરા, અજન્ટા, જલગાંવ, મલકાપુર, શિવપુર, બાસીમ, કારંજા, પરતવાડા (એલિચપુર), મુક્તાગિરિ, અમરાવતી, ભાતકુલી, બજારગાંવ નાગપુર, ડોંગરગઢ, ખૈરાગઢ, રામટેક, સીવની, જબલપુર, મઢીયાજી, ભેલુઘાટ, પનાગર, દમોહ, કુંડલગિરિ–સિદ્ધક્ષેત્ર, શાહપુર, દ્રોણગિરિ સિદ્ધક્ષેત્ર, ખજરાહ, પપૌરાજી, ટીકમગઢ, અહારજી, લલિતપુર, દેવગઢ, ચંદેરી, બારાં, ચાંદખેડી, ઝાલરાપાટણ, કોટા, બુંદી, ભાતપુરા, નીમચ, ચિત્તોડ, ઉદયપુર, કેસરીઆજી (ધૂલેવ), ઈડર, સોનાસન, રામપુરા, ફત્તેપુર (જન્મોત્સવ), તલોદ, રખિયાલ, દહેગામ, કલોલ, અમદાવાદ, પોલારપુર, શિહોર, ભાવનગર ઘોઘા થઈને સોનગઢ પધાર્યા.

ગુરુદેવ જ્યાં જતાં ત્યાં હજારો માણસો ઉત્સુકતાથી સંઘને નીહાળતા. લોકો ગુજરાતી તો શું, હિન્દીભાષા પણ ન સમજે છતાં પ્રવચનમાં હજારો માણસો આવતા ને ગુરુદેવનો પ્રભાવ દેખીને પ્રસન્ન થતા. (કાનડી–તામિલ વગેરે ભાષામાં પ્રવચનનો થોડોઘણો અનુવાદ પણ સંભળાવવામાં આવતો.) રોજરોજ નવાનવા તીર્થો ને નવા નવા મંદિરોનાં દર્શન કરતાં આનંદ થતો. બંને યાત્રાઓથી ગુરુદેવને અને સાથેના યાત્રિકોને પણ તીર્થોનું અને તીર્થમાં જાગેલી ઉત્તમ ભાવનાઓનું મધુર સંભારણું જીવનમાં મળ્યું. તેમાં પણ બાહુબલી ભગવાનના દર્શનવખતે જાગેલી અદ્‌ભુત ભાવનાઓ તો યાત્રા પછી પણ ઘણીવાર ગુરુદેવ યાદ કરે છે; પોન્નૂરને પણ ઘણીવાર યાદ કરે છે. ફત્તેપુરમાં ગુરુદેવનો

૭૦ મો જન્મોત્સવ અતીવ ઉત્સાહથી સૌરાષ્ટ્ર-ગુજરાતની જનતાએ ઉજવ્યો. ભારતના મહાન તીર્થોની આવી ઉલ્લાસભરી મંગલયાત્રા થઈ તે બદલ પરમપૂજ્ય ગુરુદેવનો આપણા ઉપર મહાન ઉપકાર છે. સંસારથી તરવા માટેનું તીર્થ તેઓ જ આપણને દર્શાવી રહ્યા છે. સમ્યક્ તીર્થની અપૂર્વ યાત્રા કરાવીને સિદ્ધિધામ તરફ લઈ જનાર ગુરુદેવના ચરણોમાં ભક્તોનું હૃદય ભક્તિથી નમી જાય છે.

ગુરુદેવનો પ્રભાવ હવે મધ્ય ભારતમાં પહોંચી ગયેલો; જ્યારે ગુરુદેવ ખૈરાગઢ પધાર્યા ત્યારે ત્યાંના નૂતન દિ. જિનમંદિરમાં વેદીપ્રતિષ્ઠાનો મહોત્સવ થયો ને બે કુમારીકા બહેનોએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી. પહેલાં અહીં દિ. જૈનોનું એક પણ ઘર ન હોવા છતાં નવું દિ. જૈનમંદિર થયું, ને વેદીપ્રતિષ્ઠા-મહોત્સવ પણ થયો.

## અધ્યાત્મધામ સોનગઢની શીતલછાયામાં

યાત્રા કરીને ગુરુદેવ સોનગઢ પધાર્યા ને ગુરુદેવની છાયામાં, સોનગઢના શાંત-અધ્યાત્મવાતાવરણમાં મુમુક્ષુ ભક્તજનો આનંદથી આત્મિકભાવનામાં રત બન્યા....જાત્રામાંથી મળેલી સંતોના આદર્શ-જીવનની પ્રેરણા અંતરમાં વાગોળવા માંડયા. ગુરુદેવનું અંતર પણ અધ્યાત્મચિંતનમાં વિશેષ પરોવાયું. યાત્રાના મધુર સંભારણાં ગુરુદેવ ફરીફરીને યાદ કરતા ને તેમનું હૃદય તીર્થ પ્રત્યેની ભક્તિભાવનાથી દ્રવી જતું. દક્ષિણયાત્રાની ખુશાલીમાં ૨૪ તીર્થંકર-પૂજનવિધાન થયું હતું. (આ દક્ષિણતીર્થયાત્રાનું પુસ્તક પણ હવે પ્રસિદ્ધ થશે.)

ગુરુદેવ સાથે ભારતના દેશદેશનો પ્રવાસ ખેડીને સોનગઢ આવ્યા પછી ત્યાંના શાંત-અધ્યાત્મવાતાવરણમાં મુમુક્ષુને જે મીઠાશ વેદાય છે, જે ચૈતન્યની નીકટતાના ભણકાર સંભળાય છે- તે અદ્‌ભુત છે. ગુરુદેવનો શીતળ વડલો દિનેદિને વધુ વિસ્તરતો જાય છે. આવા શીતળધામમાં, પૂ. બેનશ્રીબેનની મધુરી છાયામાં વસતા કુમારિકા બ્ર. બહેનો પ્રત્યે ધાર્મિક વાત્સલ્યનો પ્રમોદ આવતાં, આફ્રિકાથી એક જિજ્ઞાસુ ભાઈએ દરેક બહેનોને રૂા. ૧૦૧)- (૨૭ બહેનો માટે રૂા. ૨૭૨૭)-) ભેટ મોકલ્યા હતા. સાથે સંદેશ હતો કે 'ધન્ય છે તે બહેનોના જીવનને....દરેક આત્માર્થી જીવે તે જીવનનો ધડો લેવા જેવું છે.' આફ્રિકાના ઉત્સાહી ભાઈઓ તરફથી સં. ૨૦૧૬ ના કા. સુદ ૮ ના રોજ બે પત્રો આવ્યા; એકમાં જામનગરમાં જિનમંદિર બંધાવવા માટે રૂા. ૬૫૦૦૦) મોકલવાનું જણાવ્યું હતું, ને બીજામાં રૂા. ૫૧૦૦૦) મોકલવાનું જણાવ્યું હતું. જામનગરના જિનમંદિર માટે અત્યંત અલ્પ સમયમાં દોઢ લાખ ઉપરાંત ફંડ થઈ ગયું હતું.

૨૦૧૬ ના પોષમાસમાં ફરીને ગુરુદેવનો વિહાર સૌરાષ્ટ્રમાં વડીયા, જેતપુર ને ગોંડલના દિ. જિનમંદિરોમાં પ્રતિષ્ઠા નિમિત્તે થયો. ત્રણે ગામમાં દિ. જિનમંદિરોમાં ભવ્ય

પ્રતિષ્ઠા-મહોત્સવ ઉજવાયા. ફા. સુદ ૧૨ ના રોજ રાજકોટ-જિનમંદિરનો દસવર્ષીય ઉત્સવ ઉજવાયો.

## ઉમરાળામાં જન્મોત્સવ (સં. ૨૦૧૬)

ગુરુદેવનો ૭૧ મો જન્મોત્સવ જન્મનગરીમાં-ને જ્યાં જન્મ થયો તે જન્મધામમાં જ ઉજવાયો હતો....૭૦ વર્ષ પહેલાં જ્યાં માતા ઉજમબાએ કુંવર કહાનને લાડ લડાવ્યા-જમાડ્યા-રમાડ્યા, એ જ સ્થાનમાં આજે ભારતભરનાં ભક્તો ઉજમબાને યાદ કરી કરીને ભક્તિથી ગુરુ કહાનને અભિનંદતા હતા. અહા, અદ્‌ભુત હતા એ ભક્તિનાં દૃશ્યો! ને અનેરા હતા એ ધર્મમાતાઓનાં વાત્સલ્ય!! 'માતા આશીર્વાદ આપે છે' એવું દૃશ્ય જ્યારે 'પૂ. માતાજીએ' ભક્તિ દ્વારા વાત્સલ્યભાવથી દર્શાવ્યું-તે સર્વોત્તમ દૃશ્ય, એ પવિત્ર વાત્સલ્યનું ઝરણું-મુમુક્ષુજનો જીવનભર નહિ ભૂલે. માતા આશીર્વાદ આપે છે-બેટા, તું ધર્મનો રંગી થજે ને આત્માનો પ્રભાવી થજે. વૈશાખ સુદ બીજે જન્મવધાઈ લઈને ભારતના ભક્તો આવ્યા ને ઉજમબાના આંગણે ૫૦૦ શ્રીફળનો ને રૂપિયાનો ઢગલો થઈ ગયો. આજે ગુરુદેવ પણ ખુશખુશાલ હતા....ગામ-પરગામના જેટલા બાળકો દર્શન કરવા આવે તે દરેકને પ્રેમથી સ્વહસ્તે જૈનબાળપોથી તથા આત્મસિદ્ધિ તેઓ આપતા, ને ગુરુદેવ પાસેથી એમના 'બેસતા વર્ષની બોણી' મળતાં સૌ આનંદિત થતા. જન્મધામમાં ભક્તિ પણ અદ્‌ભુત આનંદકારી થઈ હતી. ખરેખર ઉમરાળા આજે ફરીને ધન્ય બન્યું હતું.

## વિદેહનાં સંભારણાં

ત્યારબાદ વૈશાખમાસના ઉત્સવ દરમિયાન સમવસરણમાં ભક્તિ વખતે, સીમંધરનાથ અને કુંદકુંદાચાર્યદેવ પ્રત્યે પરમ ઉલ્લાસ-ભક્તિ-બહુમાન આવતાં ગુરુદેવે સમવસરણમાં બેઠા બેઠા પુસ્તકમાં લખ્યું કે-'ભરતથી મહાવિદેહની મૂળદેહે જાત્રા કરનાર શ્રી કુંદકુંદ આચાર્યનો જય હો, વિજય હો.' તીર્થયાત્રાના કેવા ભાવો, ને વિદેહનાં કેવાં સ્મરણો એમના અંતરમાં ઉલ્લસે છે તે આ હસ્તાક્ષર દ્વારા દેખાઈ આવે છે.

## નવીન મેઘવર્ષા

સં. ૨૦૧૬ ના જેઠ વદ ત્રીજે ગુરુદેવની ડાબી આંખનો મોતિયો સફળ રીતે ઉતારવામાં આવ્યો હતો. અને એક અઠવાડિયે પાટો છૂટતાં ગુરુદેવ પહેલવહેલા જ્યારે સભામાં પાટ ઉપર આવીને બિરાજ્યા તે વખતના આનંદદાયી વાતાવરણની શી વાત!! અને પછી શ્રાવણ માસમાં ગુરુદેવે પ્રવચન શરૂ કરીને શ્રુતની મેઘવર્ષા ફરી શરૂ કરી ત્યારે તો શ્રુત-તરસ્યાં જિજ્ઞાસુ જીવોનાં હૈયાં એ નવીન અમૃતવર્ષા ઝીલીને આનંદવિભોર બનીને ખીલી

ઊઠ્યા હતા. પૂ. બેનશ્રીબેને નવીન ભક્તિ કરાવી હતી; આખા મંડળમાં આનંદોલ્લાસનું વાતાવરણ હતું.

## અધ્યાત્મની ધૂન ને મુનિદર્શનની ઊર્મિ

સં. ૨૦૧૬માં શ્રાવણ સુદ પાંચમે એકવાર ગુરુદેવ બહાર ફરવા ગયેલ, ને ત્યાં ખુલ્લા મેદાનમાં બેઠાબેઠા એકાંતમાં એકલા ધૂન જમાવી. [ પાસે એક ભક્ત–આ લખનાર પોતે–એ ધૂન સાંભળતો હતો એની ગુરુદેવને ખબર ન હતી, એ તો પોતાની ધૂનમાં મસ્ત હતા.] મુખમાંથી શબ્દો નીકળતા હતા—

જ્યાં ચેતન ત્યાં સર્વગુણ કેવળી બોલે એમ
પ્રગટ અનુભવ આતમા નિર્મળ કરો સપ્રેમ....રે....
ચૈતન્યપ્રભુ! પ્રભુતા તમારી ચૈતન્યધામમાં....
જિનવરપ્રભુ! પધાર્યા સમોસરણધામમાં....
વહાલા પ્રભુજી! બિરાજે વિદેહધામમાં....

—એ રટણમાં ને રટણમાં ગુરુદેવને મુનિદર્શનની એવી ઊર્મિ સ્ફુરી કે અરે, અત્યારે અહીં કોઈક મુનિરાજના દર્શન થાય તો કેવું સારું! કોઈક ચારણઋદ્ધિધારક પરમ દિગંબર મુનિરાજના અત્યારે દર્શન થાય, કુંદકુંદસ્વામી જેવા કોઈ મુનિરાજ ક્યાંકથી આકાશમાર્ગે અહીં આવી ચડે ને નીચે પધારીને દર્શન આપે–તો કેવું ધનભાગ્ય!!

—આ પ્રકારે ઘણીવાર ગુરુદેવ એકાંતમાં બેઠાબેઠા, કોઈવાર સ્વાધ્યાયમંદિરના ચોકમાં ઝાડની છાયામાં અધ્યાત્મ-ચિંતનમાં મશગુલ બની જતા હોય છે....એ વખતનું એમની મુદ્રાનું દૃશ્ય ખૂબ જ અધ્યાત્મપ્રેરક હોય છે....ને અંદર ઘોળાતા ઊંડા ભાવો કોઈકવાર સાંભળવા મળે છે ત્યારે આત્માર્થિજીવો ન્યાલ થઈ જાય છે.

## 'સુવર્ણ સન્દેશ''—સાપ્તાહિક

૨૦૧૬ના આસો વદ અમાસે આ સાપ્તાહિક શરૂ થયું, તેના દ્વારા જિજ્ઞાસુઓને સોનગઢના તાજા સમાચાર અને પ્રવચનોનું દોહન નિયમિત મળ્યા કરતા; સર્વે જિજ્ઞાસુઓમાં તે ખૂબ પ્રિય હતું. સં. ૨૦૧૮ ના ચૈત્ર માસ સુધી તેનું પ્રકાશન ચાલ્યું.

૨૦૧૭ ના પોષમાં કોંગ્રેસ મહાસભાનું અધિવેશન ભાવનગર મુકામે થયેલ, ત્યાં આવેલા અનેક નેતાઓ, કાર્યકરો ને પ્રેક્ષકો મોટી સંખ્યામાં સોનગઢ પણ આવ્યા હતા. અધિવેશનના ભરચક કાર્યક્રમમાંથી પણ સમય મેળવીને ઢેબરભાઈ જેવા આગેવાન (ભૂતપૂર્વ કોંગ્રેસપ્રમુખ) પણ સોનગઢ આવીને ગુરુદેવ સાથે એક કલાક તત્ત્વચર્ચા કરી હતી.

ઢેબરભાઈ ગુરુદેવ પ્રત્યે ખાસ પ્રેમ ધરાવે છે ને અવારનવાર સોનગઢ આવીને (તેમ જ બીજે જ્યાં અવકાશ મળે ત્યાં) તેઓ ગુરુદેવના સત્સંગનો લાભ લ્યે છે.

## ૨૦૧૭માં જિનબિંબ-પ્રતિષ્ઠા અને ગીરનારયાત્રા

સં. ૨૦૧૭ માં ફરી પાછો વિહાર આવ્યો....જો કે વારંવાર થતો વિહાર સોનગઢવાસી ભક્તોને વિરહદાતા લાગે....પરંતુ ભારતમાં પ્રસરતા ગુરુદેવના પ્રભાવનાના વેગને કોણ રોકી શકે? જામનગરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા, સાવરકુંડલામાં વેદીપ્રતિષ્ઠા અને ગિરનાર સિદ્ધિધામની યાત્રા—આવા મંગળપ્રસંગો નિમિત્તે પોષ માસમાં ગુરુદેવે વિહાર કર્યો.

જામનગરમાં લગભગ બે લાખના ખર્ચે તૈયાર થયેલ ભવ્ય જિનમંદિરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો મહોત્સવ માહમાસમાં ઘણા જ ઉલ્લાસથી ઊજવાયો. સૌરાષ્ટ્રનો આ મહોત્સવ અતીવ પ્રભાવશાળી હતો. દિલ્હી, જયપુર, કલકત્તા વગેરે અનેક સ્થળો ઉપરાંત આફ્રિકા વસતા કેટલાય જિજ્ઞાસુઓ પણ ખાસ આ ઉત્સવમાં ભાગ લેવા આવ્યા હતા; એટલું જ નહિ, આ મંદિર બાંધનાર કોન્ટ્રાક્ટર ભાઈશ્રી અગરસિંહજી દરબારે ભક્તિપૂર્વક રૂા. ૫૦૦૦) -ની ઉછામણી લઈને મંદિર ઉપર કળશ ચડાવ્યો હતો. બી.એ. ભણેલા એક કુમારિકાબહેને આ પ્રસંગે બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી હતી.

જામનગરના પ્રતિષ્ઠામહોત્સવ પછી ગુરુદેવ ગિરનારની યાત્રાએ પધાર્યા. ગુરુદેવ સાથે યાત્રાસંઘમાં ૧૨૦૦ જેટલા યાત્રિકો હતા, ને અદ્‌ભુત ઉત્સાહપૂર્વક યાત્રા થઈ હતી. ગુરુદેવે સંઘસહિત ગિરનારની આ ત્રીજી યાત્રા કરી. ગુરુદેવ સાથે ફરીફરીને એ વૈરાગ્યધામો —એ નેમ-રાજુલની સાધનાના સ્થળો, એ મોક્ષનાં ધામ ને સંતોનાં રહેઠાણ જોતાં ભક્તોને ઘણો જ આનંદ થતો, ને હૃદયમાં સંતોના ચૈતન્યજીવનની અનેરી પ્રેરણા મળતી. અહા, ચૈતન્યસાધનાનું એ જીવન!! ને એ સાધનાની આ ભૂમિ!—આત્મસાધક સંતો સાથે એની યાત્રા—એ જીવનનો કિંમતી અવસર છે. સૌરાષ્ટ્રની ધરામાં આવું મહાન—મહિમાવંત તીર્થ છે એનું ખરું ગૌરવ તો ગુરુદેવ સાથેની યાત્રા વખતે જ સમજાયું. ગિરનારના ધામ ઉપર બેઠાબેઠા ગુરુદેવના મુખથી વૈરાગ્યની વાણી સાંભળતા હોઈએ કે કોઈ અધ્યાત્મની ચર્ચા ચાલતી હોય, કે કોઈ ટૂંકની ટોચે બેઠાબેઠા ભક્તિપૂજન કરતા હોઈએ—કે મૌન બેઠા હોઈએ, અગર આનંદથી ગાતાં ગાતાં સંતો સાથે પર્વત ચડતા કે ઉતરતા હોઈએ—એ બધાય પ્રસંગો મુમુક્ષુજીવનમાં જ્ઞાન—વૈરાગ્ય ને ભક્તિનું અમીભર્યું સીંચન કરતા હોય છે.— ખરેખર એ જીવનની સોનેરી ઘડી છે.

—અને એ સિદ્ધિધામની યાત્રા પછી તરત બીજે જ મહિને સાવરકુંડલામાં નૂતન દિ. જિનમંદિરમાં જિનેન્દ્રદેવની વેદીપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. ને પછી ગુરુદેવ સોનગઢ પધાર્યા....

## પ્રભાવના, પ્રચાર, ભક્તિ ને સંતની છાયામાં જીવનઘડતર

ગુરુદેવના સાક્ષાત્ સમાગમનો તો દરવર્ષે હજારો જિજ્ઞાસુઓ લાભ લે છે, તે ઉપરાંત સાહિત્યદ્વારા ને ટેપરેકોર્ડિંગ-પ્રવચન દ્વારા ગામેગામના અનેક જિજ્ઞાસુઓ લાભ લઈને પોતાની જિજ્ઞાસા પોષે છે ને સોનગઢ પ્રત્યે આકર્ષાય છે. દૂર દૂરના જિજ્ઞાસુઓનું આગમન દિનેદિને વધતું જાય છે.

સોનગઢમાં સ્થિરતાના કાળ દરમિયાન નિત નવાનવા ભક્તિના ઉત્સવપ્રસંગો ઉજવાતા હોય છે. ગુરુદેવ પણ એવા પ્રસંગોમાં ઉપસ્થિત રહે છે. કોઈ વાર ચોવીસ તીર્થંકર વિધાન તો કોઈવાર સહસ્રમંડલ વિધાન, કોઈ વાર વીસવિહરમાન તીર્થંકર વિધાન, કોઈવાર અઢીદ્વિપવિધાન, તેરહદ્વીપવિધાન કે ત્રિલોકમંડલવિધાન, તો કોઈ વાર સિદ્ધચક્રવિધાન કે પંચપરમેષ્ઠીવિધાન, કોઈવાર જિનેન્દ્રપ્રભુના મહાઅભિષેક તો કોઈવાર રથયાત્રા, કોઈવાર મુનિવરોની અવનવી ભક્તિ તો કોઈવાર જિનવાણીમાતાની સેવાના વિધવિધ પ્રસંગો–આમ દેવ–ગુરુ–શાસ્ત્રની સેવનામાં અનુરક્ત મુમુક્ષુનું ચિત્ત સંસારની અનેકવિધ અટપટી માયાજાળોને ભૂલી જાય છે; સંતચરણમાં ચૈતન્યને સાધવાની ધૂનમાં અનુકૂળતા કે પ્રતિકૂળતાના પ્રસંગો પ્રત્યે તેનું વિશેષ લક્ષ જતું નથી, મુમુક્ષુનું આવું સુંદર જીવનઘડતર ગુરુદેવની છાયામાં થાય છે. ખરેખર, ગુરુદેવની છાયામાં જીવન એ એક અનેરું જીવન છે.

સં. ૨૦૧૮ના માગશર માસમાં ગુરુદેવની જમણી આંખનો મોતિયો સફળતાપૂર્વક ઊતર્યો; પૂરતા આરામ બાદ અઢી મહિને જ્યારે ફરીને ગુરુદેવનાં પ્રવચનો શરૂ થયાં ત્યારે ભારતભરના જિજ્ઞાસુઓએ આનંદિત થઈને સન્દેશા દ્વારા ખુશાલી વ્યક્ત કરી હતી; અને આ પ્રસંગે શ્રીમાન દીપચંદજી શેઠિયા વગેરે મુમુક્ષુઓ તરફથી ખુશાલી સાથે જ્ઞાનપ્રચાર માટે કુલ રૂ. ૨૫,૦૦૦–જેટલી રકમો જાહેર કરવામાં આવી હતી. ભક્તિ વગેરે પ્રસંગોથી એ દિવસ મોટા હર્ષોત્સવરૂપે ઉજવાયો હતો.

## માનસ્તંભનો મહાઅભિષેક

સં. ૨૦૧૮ ના ચૈત્ર માસમાં માનસ્તંભના મહાન પ્રતિષ્ઠામહોત્સવની દસમી વર્ષગાંઠ હતી, તે નિમિત્તે મંચ બાંધીને માનસ્તંભના દસવર્ષીયમહાઅભિષેકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સવના એ દિવસો યાદગાર બની રહ્યા છે. બાર વર્ષે થતા બાહુબલીનાથના મહામસ્તકાભિષેક જેવો આ અભિષેક શોભતો હતો, ને આ રીતે દરેક દસ વર્ષે (કે પાંચ વર્ષે) આવો અભિષેક થાય–એમ ભક્તો ભાવના ભાવતા હતા. મંચ ઉપર ગુરુદેવે ભક્તિભાવથી સીમંધરનાથનું પૂજન કરીને સુવર્ણકળશથી મહાઅભિષેકનો મંગલ પ્રારંભ કર્યો હતો....માનસ્તંભ–મહોત્સવનાં મધુર સંભારણાં એ વખતે તાજાં થતાં હતાં. હજારો યાત્રિકો હોંસેહોંસે મંચદ્વારા ઉપર જઈને માનસ્તંભની આનંદકારી યાત્રા કરતા, ને ભક્તિ-

ભાવથી પૂજન કરતા. ગુરુદેવ ઘણીવાર મંચ ઉપર જઈને સીમંધરનાથ પાસે બેસતા, ને વિધ-વિધ ભાવનાઓ સાથે ભક્તિ ગવડાવતા. કોઈ કોઈવાર પૂ. બેનશ્રીબેન પણ અદ્‌ભુત ભક્તિ તથા પૂજન કરાવતાં.

ચૈત્ર સુદ ૧૩ નો પવિત્ર દિવસ પણ વિશેષ આનંદોલ્લાસથી ઉજવાયો હતો. માનસ્તંભના પ્રતિષ્ઠા મહોત્સવની ફિલ્મદ્વારા એ વખતના પાવન પ્રસંગો ફરીફરીને નિહાળતાં સૌને ઘણો હર્ષ થતો હતો.

ત્યારબાદ તુરત મુંબઈ–દાદરમાં શેઠશ્રી નવનીતલાલભાઈ ઝવેરીના હસ્તે જિનમંદિરનું (જેમાં સમવસરણની પણ રચના છે તેનું) શિલાન્યાસ થયું. આ પ્રસંગે મુંબઈના મુમુક્ષુઓને ઘણો જ આનંદ હતો. આ જ અરસામાં જોરાવરનગર તથા દેહગાંવમાં પણ દિ. જિનમંદિરના શિલાન્યાસ થયા. આ વર્ષે ગુરુદેવનો વૈશાખ સુદ બીજનો (૭૩મો) જન્મોત્સવ રાજકોટ શહેરમાં ઉત્સાહથી ઉજવાયો હતો. અનેક શહેરના જૈનસમાજ હવે સોનગઢની–ગુરુદેવની–ઉપદેશશૈલીને અનુસરવા લાગ્યા છે, ગુરુદેવની અધ્યાત્મરસઝરતી વીતરાગતા-પ્રેરક આત્મપ્રધાન ઉપદેશશૈલી પાસે બીજા ઉપદેશ તેમને નીરસ જેવા લાગે છે. એટલે પર્યુષણ જેવા વિશેષ તહેવારોમાં સોનગઢથી કોઈ ભાઈને વાંચન માટે બોલાવે છે. આ પ્રકારની માગણી વધુ ને વધુ ગામોથી આવતી જાય છે. સોનગઢની અધ્યાત્મશૈલીથી સૌ પ્રભાવિત થાય છે.

## સૌરાષ્ટ્ર–ગુજરાત ને મધ્યપ્રદેશમાં વિહાર; લાઠી શહેરમાં જન્મોત્સવ; ભોપાલ શહેરમાં પ્રતિષ્ઠા-મહોત્સવ

સં. ૨૦૧૯માં ફાગણ માસમાં ફરીને ગુરુદેવનો મંગલવિહાર સૌરાષ્ટ્ર–ગુજરાત અને મધ્યપ્રદેશમાં થયો. તે દરમિયાન લાઠી શહેરમાં ગુરુદેવનો ૭૪ મો જન્મોત્સવ અતિ ઉત્સાહ-પૂર્વક ઉજવાયો. લાઠીમાં આ જન્મોત્સવ વખતે ગુરુદેવના સ્વાગતજુલૂસમાં ચાલતાં ચાલતાં મુંબઈના પ્રમુખશ્રી અને મંત્રી વગેરે સાથે, આગામી જન્મોત્સવ (હીરક મહોત્સવ) મુંબઈમાં ઉજવાય તે વખતના ઉલ્લાસની વાતચીત થઈ તથા તે પ્રસંગે અભિનંદનગ્રંથ બહાર પાડવાની આ લેખકની ભાવના તેમની પાસે રજૂ કરી....એ મહાન કાર્ય મુંબઈના ઉત્સાહી મંડળથી જ થઈ શકે તેમ હતું; આ બધી વાતચીતથી તે જન્મોત્સવના સરઘસમાં જ હીરકજયંતી–અભિનંદનગ્રંથના પાયા રોપાયા. લાઠીમાં એ જન્મોત્સવ બહુ ઉત્સાહથી ઉજવાયો હતો, જિનમંદિરના નવા શિખરની પ્રતિષ્ઠાનો ઉત્સવ પણ સાથે જ હતો.

ત્યારબાદ વૈશાખમાં જોરાવરનગરમાં (રૂ. ૬૫,૦૦૦ના ખર્ચે તૈયાર થયેલા) નવા દિ. જિનમંદિરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ થયો. જોરાવરનગર જેવા નાના ગામમાં પણ આવો મોટો મહોત્સવ ગુરુદેવના પ્રતાપથી ઉજવાયો, એ મહોત્સવ આનંદ-

કારી હતો. દેહગામ (ગુજરાત)માં પણ રૂા. ૫૫,૦૦૦ના ખર્ચે સુંદર જિનમંદિર બંધાયું અને વૈશાખ વદમાં વેદીપ્રતિષ્ઠાનો મહોત્સવ ગુરુદેવની છાયામાં ઉજવાયો. ગુજરાતની જનતાએ આ ઉત્સવમાં ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. આ ઉત્સવને ગુજરાતની જનતાનો ઉત્સવ કહી શકાય. આસપાસનાં ગામોથી પાંચ હજાર ભાઈ-બહેનો આવ્યાં હતાં ને મોટા ધાર્મિક મેળા જેવું વાતાવરણ હતું. નાની-મોટી ઉછામણી દ્વારા રૂા. ૮૫૦૦૦ જેટલી આવક થઈ હતી. દેહગામના ઇતિહાસમાં આવો મહોત્સવ આ પહેલવહેલો જ હતો. અહીંથી ગુરુદેવ અમદાવાદ પધારેલા ત્યારે ત્યાં પણ દિ. જિનમંદિરનું શિલાન્યાસ થયું હતું....મુમુક્ષુઓને આ પ્રસંગે ઘણો આનંદ હતો.

અમદાવાદથી દાહોદ થઈને ગુરુદેવ ભોપાલશહેર પધાર્યા....ત્યાં અધ્યાત્મ-સંમેલન થયું જેમાં દસહજાર માણસો હતા. નૂતન સ્વાધ્યાય ભવન તથા જિનભવનમાં વેદીપ્રતિષ્ઠાનો મહોત્સવ ભવ્ય હતો. મધ્યપ્રદેશની જનતા ગુરુદેવનો અધ્યાત્મસન્દેશ ખૂબ ઉત્સુકતાથી સાંભળતી હતી. જેઠ સુદ પાંચમે શાંતિનાથ ભગવાનની ભવ્ય રથયાત્રામાં ભગવાનના સારથિ તરીકે ગુરુદેવ રથમાં બેઠા હતા. અહીંથી ગુરુદેવ ભેલસા (વિદર્ભ) પધારેલા ત્યાં પણ તેમના હસ્તે સ્વાધ્યાય ભવનનું શિલાન્યાસ થયું. પછી ઇન્દોર પધાર્યા. ઇન્દોરનો જૈનસમાજ પહેલેથી જ ગુરુદેવ પ્રત્યે ખાસ પ્રેમ ધરાવે છે; હજારોની સંખ્યામાં જિજ્ઞાસુઓએ લાભ લીધો ને તિલકનગર સોસાયટીમાં ગુરુદેવની ઉપસ્થિતિમાં જિનમંદિરનું શિલાન્યાસ થયું. ત્યાંથી ગુરુદેવ ઉજ્જૈન પધારતાં મુમુક્ષુ મંડળના સ્વાધ્યાય મંદિરનું ઉદ્દઘાટન તેમ જ તેના ઉપરના ભાગમાં જિનાલયનું શિલાન્યાસ થયું. આમ ૨૦૨૦ માં મધ્ય પ્રદેશનો પ્રભાવશાળી પ્રવાસ કરીને તેમ જ નૌકાવિહારદ્વારા સિદ્ધવરકૂટ વગેરે તીર્થોની ફરીને યાત્રા કરીને ગુરુદેવ સોનગઢ પધાર્યા....

## આઠ કુમારિકા બહેનો

પહેલાં ૬ પછી ૧૪ અને હવે સં. ૨૦૧૯ના ભાદરવા માસમાં ૨૨ વર્ષની આસપાસના આઠ કુમારિકા બહેનોની બ્રહ્મચર્યપ્રતિજ્ઞાનો ભવ્ય પ્રસંગ બન્યો. આવો સામૂહિક બ્રહ્મચર્યપ્રતિજ્ઞાનો આ ત્રીજો અવસર હતો. આઠ બહેનોમાંથી ત્રણ બહેનો તો બી. એ. સુધી ભણેલી હતી. નાનાં નાનાં બાળકોને પણ ગુરુદેવનો ઉપદેશ કેવો પ્રિય લાગે છે ને સંતોના ચરણમાં અધ્યાત્મજીવન કેવું ગમે છે તેનાં આ ઉદાહરણ છે.

ભાદરવા વદ પાંચમે ગોગીદેવી આશ્રમની અંતર્ગત શ્રી મનફૂલા-સ્વાધ્યાય ભવનના ઉદ્દઘાટનનો પ્રસંગ પણ ઘણા હર્ષોલ્લાસથી ઉજવાયો હતો. ગુરુદેવે કરેલી સમ્મેદશિખર વગેરે મંગલતીર્થોની મહાન યાત્રાના આનંદકારી સ્મરણોથી ને તીર્થમહિમાથી ભરેલું પુસ્તક

દીવાળીપ્રસંગે પ્રકાશિત થયું. તીર્થયાત્રા સંબંધી સાહિત્યમાં આ ' મંગલ તીર્થયાત્રા ' પુસ્તક અનેરી ભાત પાડે છે.

## ફરી ફરીને યાત્રા....પુનઃ પુનઃ પ્રતિષ્ઠા....

મધ્ય પ્રદેશના પ્રવાસેથી પાછા ફર્યાને છ માસ થયા ત્યાં તો ફરીને મોટો પ્રભાવશાળી પ્રવાસ આવ્યો—એમાં સૌરાષ્ટ્ર ને ગુજરાત તથા દક્ષિણ દેશના મહાનતીર્થો–શ્રવણબેલગોલના બાહુબલી, મૂડબિદ્રી, કુન્દાદ્રિ અને પોન્નૂર વગેરેની યાત્રા થઈ. આ યાત્રા દ્વારા ગુરુદેવે પોન્નૂરના અસાધારણ મહિમાને ભારતભરમાં પ્રસિદ્ધ કર્યો. આ યાત્રામાં ગુરુદેવનો આનંદોલ્લાસ અપૂર્વ હતો. કુંદકુંદસ્વામી પ્રત્યેની ભક્તિનો પાર ન હતો. હજાર જેટલા યાત્રિકોએ ઘણા ઉત્સાહથી યાત્રા કરી હતી. ને દક્ષિણદેશનો જૈનસમાજ તો અતીવ પ્રભાવિત થયો હતો. પોન્નૂર યાત્રામાં આસપાસના લગભગ પાંચ હજાર માણસો આવ્યા હતા, ને પોન્નૂર પાસે તો મોટો મેળો ભરાયો હતો. કુંદકુંદસ્વામીના અજોડ મહિમાને ગુરુદેવ ભક્તિપૂર્વક પ્રસિદ્ધ કરી રહ્યા છે. ' અત્યારે જ જાણે અહીં બેઠાબેઠા કુંદકુંદસ્વામી શાસ્ત્રો લખી રહ્યા હોય કે શુદ્ધાત્માનું ચિન્તન કરી રહ્યા હોય '–એવી ઊર્મિઓ પોન્નૂરના કુદરતી વાતાવરણમાં જાગે છે.

પોન્નૂરની યાત્રા બાદ ગુરુદેવ રાજકોટ પધાર્યા ત્યાં સમવસરણમંદિર અને માનસ્તંભમંદિરનું શિલાન્યાસ ઘણા ઉમંગભર્યા વાતાવરણમાં થયું. પછી રખિયાલમાં જિનમંદિરનો વેદીપ્રતિષ્ઠામહોત્સવ પણ કોઈ અનેરા ઉત્સાહથી ઉજવાયો. ગુરુદેવના દર્શન અને પ્રવચનથી ગુજરાતની જનતા ખૂબ પ્રભાવિત થઈ. બોટાદમાં પણ પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાયો. આમ પગલે પગલે જિનેન્દ્રશાસનની પ્રભાવના કરતા કરતા, ઠેરઠેર ભગવંતોને સ્થાપતા સ્થાપતા ને જિનેન્દ્રોનો અધ્યાત્મસંદેશ ગામેગામ પહોંચાડતા પહોંચાડતા ગુરુદેવ મુંબઈ પધાર્યા; મુંબઈમાં ગુરુદેવની ૭૫ મી જન્મજયંતીનો હીરકમહોત્સવ અને જિનેન્દ્રદેવની પંચકલ્યાણકપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ અત્યંત આનંદપૂર્વક ઉજવાયો....ભારતના હજારો ભક્તોનાં હૈયાં અને મુંબઈ નગરીના લાખો નાગરિકો એ ઉત્સવ જોઈને મુગ્ધ બન્યા. જેનો અહેવાલ આપ હવે પછીના ત્રીજા ભાગમાં વાંચશો.

એકવીસમી સદીના ૨૦૧૦ થી ૨૦૨૦ સુધીના દસકાને આપણે 'યાત્રાના અને પ્રતિષ્ઠાના દસકા ' તરીકે ગણાવી શકીએ. જેમાં ગુરુદેવની હીરકજયંતી ઉજવાઈ એવા એ દસકા દરમિયાન નવ વખત વિહાર, બે વખત બાહુબલી–પોન્નૂર વગેરે દક્ષિણના તીર્થોની તથા મધ્યભારતના તીર્થોની યાત્રા, એકવાર સમ્મેદશિખર અને ઉત્તર ભારતના તીર્થોની યાત્રા, બે વાર ગિરનારયાત્રા, એકવાર ભોપાલ તરફ, ત્રણવાર મુંબઈ, આઠવાર પંચકલ્યાણકપ્રતિષ્ઠા અને ૧૭ વાર વેદીપ્રતિષ્ઠાના મહોત્સવ તથા કેટલાય ઠેકાણે દિ. જિનમંદિરોના શિલાન્યાસ

થયા. લાખો જીવોએ ભારતની આ મહાન વિભૂતિનાં દર્શન કર્યાં તથા અધ્યાત્મસન્દેશ સાંભળ્યો. ગુરુદેવનું જીવન ધર્મપ્રભાવનાના પ્રસંગોથી કેવું ભરપૂર છે-તેનો આપણને આ ઉપરથી ખ્યાલ આવશે. જોકે સંતોના અંતરંગ અધ્યાત્મજીવનનો ખ્યાલ એકલા બાહ્ય પ્રસંગો ઉપરથી તો ન જ આવી શકે....છતાં વિચારક એટલું તો સ્પષ્ટ જાણી શકે કે એમની બધી પ્રવૃત્તિઓમાં અધ્યાત્મની પ્રધાનતા સતત જળવાયેલી હોય છે, બધી પ્રવૃત્તિઓમાં-તે તે પ્રવૃત્તિ કરતાં ચૈતન્યની મહત્તા સદાય વર્ત્યા જ કરે છે. ચૈતન્ય તરફનું એક વિશિષ્ટ પ્રકારનું જોર એમના જીવનમાં સતત વર્તી રહ્યું છે.-એમના જીવનપરિચય દ્વારા એ ચૈતન્યની મહત્તા જ આપણે સમજવાની છે, એ ચૈતન્ય તરફના જોરની પ્રેરણા આપણને એમના જીવનમાંથી મળે છે.

ચૈતન્યપ્રેરક જેમનું જીવન છે એવા ગુરુદેવને
અત્યંત ભક્તિપૂર્વક ચૈતન્યપ્રાપ્તિ અર્થે નમસ્કાર હો.




(મુંબઈમાં ઉજવાયેલ હીરકજયંતીમહોત્સવ તેમ જ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ, અને ત્યારપછીનાં પાંચ વર્ષમાં રત્નચિંતામણિ જયંતી સુધીમાં બનેલા મહત્ત્વના પ્રસંગોનો પરિચય આપ હવે પછીનાં પૃષ્ઠોમાં વાંચશો.
-બ્ર. હ. જૈન.)

卐

શ્રી કુંદકુંદપ્રભુનો
અમારા ઉપર
મોટો ઉપકાર
છે.

卐



卐

તેમણે ભરતક્ષેત્રમાં
પંચમકાળે તીર્થંકર
જેવું કામ કર્યું
છે.

卐

કુંદના વારસ કહાન ગુરુજી વરતાવે જયજયકાર




[ તા. ૧૪–૩–૫૯ ના રોજ પોન્નૂરપહાડની તળેટીનું આ દૃશ્ય છે ]

# કુંદકુંદપ્રભુના ધામમાં...કહાનગુરુનું સન્માન

પોન્નૂર એટલે કુંદકુંદપ્રભુનો દેશ....તે એમની વિહારભૂમિ, તે એમની તપોભૂમિ....બે હજાર વર્ષ બાદ એ ગુરુભૂમિમાં કહાનશિષ્ય વિચર્યા....ને ત્યાંની જનતાએ અતિશય પ્રેમપૂર્વક તેમનું સન્માન કર્યું. જેવું સન્માન બે હજાર વર્ષ પહેલાંના નાગરિકો કુંદકુંદ-સ્વામીનું કરતા હશે તેવું સન્માન આજે તે દેશના નાગરિકોએ તેમના શિષ્યનું કર્યું. કુંદકુંદધામ પોન્નૂરતીર્થની અપૂર્વ યાત્રા બાદ તામિલપ્રાંતની જનતા તરફથી વંચાઈ રહેલા અભિનંદનપત્રમાં લખ્યું છે કે–

'પધારો....પધારો....પધારો! શ્રી કુંદકુંદાચાર્ય જેવા જૈન ધર્મના સ્તંભભૂત આચાર્યવરોએ જન્મ લઈને પવિત્ર કરેલા અમારા તામિલ પ્રાતમાં પધારેલા આપનું શ્રદ્ધાપૂર્વક સ્વાગત કરીએ છીએ.'

"આપે શ્રી કુંદકુંદાચાર્યના સમયસાર તત્ત્વગ્રંથ વડે નવો વિકાસ, નવી પ્રતિભા, નવી સ્થિતિ વગેરે પ્રાપ્ત કર્યાં છે. આપે ભગવાન ઋષભદેવના સદ્ધર્મની સાચી વસ્તુ જે સમયસાર છે તેના ઊંડાણમાં (હાર્દમાં) પહોંચીને તેનાથી સમ્યક્દર્શન પ્રાપ્ત કર્યું છે અને આપે પોતે પ્રાપ્ત કરેલા સમ્યગ્જ્ઞાનનો આખા દેશમાં પ્રચાર કરી રહ્યા છો. આપની પ્રતિભા અને પ્રવચનશૈલિથી હજારો લોકો સાચા માર્ગ પર આરૂઢ થઈને સમ્યગ્જ્ઞાની બની રહ્યા છે. આપના આ ચમત્કારયુક્ત કાર્યને દેખીને દુનિયા ચકિત બની રહી છે."



અનંત આશ્ચર્યવાળી વીતરાગતા!
ચૈતન્યની શીતળતાનો ડુંગર.
પવિત્રતા અને પુણ્ય બંને અલૌકિક.
દુનિયામાં એનો જોટો નથી.

# અધ્યાત્મસંત શ્રી કાનજીસ્વામી

## સંક્ષિપ્ત જીવનપરિચય ભાગ-૩

[ રત્નચિંતામણિ જયંતી પ્રસંગે ] [ લે. બ્ર. હરિલાલ જૈન ]

પૂજ્ય શ્રી કહાનગુરુદેવના જીવનનું અવલોકન કરતાં કરતાં સં. ૨૦૨૦ ના વૈશાખમાં આપણે મુંબઈ સુધી આવ્યા છીએ. મુંબઈના હીરકમહોત્સવ (૭૫ મી જયંતી) થી માંડીને ૨૦૨૫ ના આ રત્નચિંતામણિ મહોત્સવ (૮૦ મી જયંતી) સુધીના પાંચ વર્ષમાં થયેલ પ્રભાવનાનું વિહંગાવલોકન હવે આપણે કરીશું. અહા, ગુરુદેવના જીવનનું અવલોકન કરતાં આપણે એક તીર્થંકરના જ પૂર્વજીવનનું અવલોકન કરી રહ્યા છીએ....ને હૃદયમાં અપાર ઊર્મિઓ ઉલ્લસે છે. સમ્યક્ત્વરત્નના દાતાર એવા આ રત્નચિંતામણિ સમાન ગુરુદેવનો રત્નચિંતામણિ-જયંતીમહોત્સવ જગતમાં રત્નત્રયમાર્ગની અનેરી પ્રભાવના કરશે.


---

સં. ૨૦૨૦ માં મુંબઈની હીરકજયંતી પહેલાં ગુરુદેવે દક્ષિણદેશના તીર્થધામોની અત્યંત ભાવભીની યાત્રા કરી....તે વખતે બાહુબલી ભગવાનની ચેતનવંતી મુદ્રા જોઈ જોઈને, તેમ જ કુંદકુંદ પ્રભુજીના ચરણોને ભેટી ભેટીને જે ઊર્મિઓ ઉલ્લસી તે કોઈ અદ્ભુત હતી; જે કુંદકુંદ પ્રભુને વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ જોયેલા તે જ કુંદકુંદસ્વામીને જાણે અહીં સાક્ષાત્ નિહાળતા હોય એવી લાગણીઓ ઊભરાતી હતી. ઘણીવાર ગુરુદેવ કહે છે કે 'અહા! એ વખતના ભાવો અદ્ભુત હતા! જે સાથે આવ્યા હશે તેમણે તે જોયા હશે.' પોન્નૂર ઉપર બેઠા બેઠા ગુરુદેવે એમ હસ્તાક્ષર લખી આપ્યા કે '**શ્રી સીમંધર ભગવાનના દરશન કરનાર ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય આદિ નમોનમઃ**'

શ્રવણબેલગોલમાં બાહુબલી ભગવાનના દર્શન વખતે પણ ગુરુદેવ સ્તબ્ધ થઈ જતા. એ વીતરાગી ઢીમના દર્શને શાંતિની ને હર્ષની એટલી બધી ઊર્મિઓ જાગતી કે ક્ષણભર તો વાણી તેને વ્યક્ત કરી શકતી ન હતી. '**શ્રી બાહુબલી ભગવાનનો જય હો, આનંદામૃતનો જય હો**' એવા હસ્તાક્ષર વડે ગુરુદેવે એ ઊર્મિઓને ચિરંજીવી કરી. વારંવાર ખૂબ બહુમાનપૂર્વક ગુરુદેવ કહેતા કે–'વાહ! એમના મુખ ઉપર કેવા અલૌકિક ભાવ તરવરે

છે! પવિત્રતા અલૌકિક ને પુણ્યનો અતિશય પણ અલૌકિક,—બંને દેખાઈ આવે છે. એમનો જ્ઞાનઉપયોગ અંતરમાં એવો લીન થયો છે કે બહાર આવવાનો અવકાશ નથી. વીતરાગી આનંદના અનુભવમાં એ લીન થયા છે. એમના મોઢા ઉપર અનંત આશ્ચર્યવાળી વીતરાગતા છે–જાણે ચૈતન્યની શીતળતાનો ડુંગર! અત્યારે આ દુનિયામાં એનો જોટો નથી.'

કુંદકુંદ પ્રભુનું તપોધામ પોન્નૂર....તેની પાસે પાંચ માઈલ પર વાંદેવાસ નામનું મોટું ગામ છે, ત્યાંના જિનાલયમાં સીમંધરભગવાનની ખડ્ગાસન પ્રતિમાના દર્શન થતાં આનંદ થયો. જાણે કુંદકુંદ પ્રભુ વિદેહમાં જઈને વહાલા સીમંધરનાથને અહીં તેડી આવ્યા હોય! અહા, જ્યાંથી કુંદકુંદ પ્રભુએ વિદેહયાત્રા કરી અને વિદેહથી લાવેલી શ્રુતગંગા વહેતી કરી, એ પાવનધામની રમણીયતા કોઈ અનેરી છે....અને તેમાંય ગુરુદેવ જ્યારે પોન્નૂરમાં પધાર્યા ત્યારે તો કુંદકુંદ પ્રભુનું આખું જીવન સાક્ષાત્ તાજું થતું હતું....જાણે કુંદકુંદાચાર્યદેવ પુનઃ



પધાર્યા હોય એવું વાતાવરણ છવાઈ ગયું હતું. ચંપાવૃક્ષની છાયામાં કુંદપ્રભુના ચરણોને અતિ ભાવથી સ્પર્શ કરીને ગુરુદેવે ગવડાવ્યું કે 'મન લાગ્યું રે કુંદકુંદદેવમાં....' અહા, એ વખતે તો કહાન ગુરુની ભક્તિથી પ્રસન્ન થઈને એ સોનેરી પહાડ કુંદકુંદ પ્રભુના સન્દેશ સંભળાવતો હતો. ગુરુદેવ સાથેની યાત્રામાં પૂ. બેનશ્રીબેન પણ એવા પ્રસન્ન થતા હતા–જાણે કે ફરીને કુંદકુંદ પ્રભુનો સાક્ષાત્કાર થતો હોય! ('સોનગઢ' અને 'પોન્નૂર' બંનેનો અર્થ સમાન છે.) તામિલદેશની જનતાએ 'કુંદકુંદ પ્રભુના પ્રતિનિધિ' તરીકે ગુરુદેવનું સન્માન કર્યું. દક્ષિણયાત્રાથી પાછા ફરતાં વચ્ચે ગજપંથા સિદ્ધક્ષેત્રની પણ યાત્રા કરી.

ગુરુદેવના અંતરમાં વીતરાગરસનો પ્રવાહ નિરંતર વર્તી રહ્યો છે....પ્રવચન વખતે તો વીતરાગરસની એ પાવન ગંગાના પ્રવાહમાં અનેક જિજ્ઞાસુઓ પાવન થાય છે; તે ઉપરાંત તીર્થયાત્રાના વિશેષ પ્રસંગો વખતે, ભૂત-ભાવિનાં કોઈ મંગલ સ્મરણોની યાદી વખતે, સાધર્મી ધર્માત્માઓ સાથેના વિશેષ પ્રસંગો વખતે, વિશિષ્ટ શાસ્ત્રોની સ્વાધ્યાય કે ચિંતન કરતાં કરતાં જાગેલી ઊર્મિઓ વખતે—એમ અનેક પ્રસંગે એ વીતરાગરસની મસ્તી અને ચૈતન્યની ધૂન જોવા મળે છે; ત્યારે એમ થાય છે કે વાહ! ગુરુદેવનું ખરું જીવન આ જ છે, આ જ એમના જીવનનો કસ છે....એ વીતરાગી-ચૈતન્યરસથી ભરપૂર જીવનની ઓળખાણ તે ગુરુની સાચી સેવા છે. ઘણીવાર ચૈતન્યના ઊંડા મનનથી જાગેલા ભાવો વ્યક્ત કરતાં ગુરુદેવ પ્રમોદથી કહે છે કે 'આ તો મારો ખોરાક છે....' ચૈતન્યનું ચિંતન એ જ આત્માર્થીનો ખોરાક છે. કોઈવાર બહારની પ્રવૃત્તિમાં વિશેષ રોકાવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે ગુરુદેવ કહે છે કે 'અમારે ઘણાં કામ છે....અમને વખત નથી....' 'ઘણાં કામ' એટલે બીજું કાંઈ નહિ પણ ચૈતન્યના ઊંડા મનનનું કામ! ચૈતન્યગુણોનાં રહસ્યો એટલાં ઊંડાં ને ગંભીર છે કે તેમાંથી કાઢો એટલું નીકળ્યા જ કરે. એની ધૂન આડે બીજી પ્રવૃત્તિમાં અટકવું મુમુક્ષુને પાલવતું નથી. ગુરુદેવના જીવનના નિકટ પરિચયથી આપણને પણ એવી ચૈતન્યધૂનની જ પ્રેરણા મળે છે....ને એમ થાય છે કે **यह जीवन तुमसा जीवन हो...'**

સં. ૨૦૨૦ ના માહ માસમાં દક્ષિણદેશના તીર્થોની બીજી યાત્રા કરીને ગુરુદેવ રાજકોટ પધાર્યા, ને ત્યાં ૧૩ દિવસ સુધી અધ્યાત્મરસની ગંગા વહેવડાવી. ગુરુદેવ જ્યારે જ્યારે રાજકોટ પધારે ત્યારે ત્યાં એક અનેરું વાતાવરણ જામી જાય છે ને તત્ત્વચર્ચાથી ગલીગલી ગુંજી ઊઠે છે. વિશેષમાં આ ફાગણ સુદ ત્રીજના રોજ ગુરુદેવની મંગલઉપસ્થિતિમાં ભવ્ય સમવસરણનું તેમ જ ઉન્નત માનસ્તંભનું શિલાન્યાસ થયું. સૌરાષ્ટ્ર રાજ્યનું આ પાટનગર જિનેન્દ્રવૈભવ વડે વિશેષ શોભવા લાગ્યું. ત્રણેક લાખ રૂા. ના ખર્ચે સમવસરણ તથા માનસ્તંભ તૈયાર થવા લાગ્યા. શાસનપ્રભાવી ગુરુદેવના પ્રતાપે તત્ત્વચર્ચાના યુગની જેમ જિનેન્દ્રપ્રતિષ્ઠાનો પણ યુગ પ્રવર્તવા લાગ્યો....એક ઠેકાણે જિનેન્દ્રપ્રતિષ્ઠાનો ઉત્સવ પૂરો થાય ત્યાર પહેલાં તો બીજે ઠેકાણે તૈયારી શરૂ થઈ જાય-એમ ઉપરાઉપરી બન્યા જ કરતું. રાજકોટમાં ગુરુદેવ ૧૩ દિવસ રહ્યા ને બંધનથી છુટકારાનો માર્ગ બતાવ્યો; તે સાંભળીને રાજકોટની સેન્ટ્રલ જેલના ઉપરીને પણ એવી ભાવના થઈ કે આ જેલના કેદીઓ પણ સંસારની જેલમાંથી છુટકારાનો માર્ગ આવા સંતના મુખથી સાંભળે તો તેમનું જીવન ઉન્નત બને. એટલે તેમની વિનતિથી લગભગ અઢીસો કેદી ભાઈઓ સમક્ષ ગુરુદેવનું પ્રવચન થયું. ત્યાંના કરુણ અને વૈરાગ્યપ્રેરક વાતાવરણમાં ગુરુદેવે લાગણીભીના હૃદયે બોધવચનો સંભળાવ્યાં; તેમાં ખાસ એમ કહ્યું કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, દોષ અને પાપ તેનું ખરું સ્વરૂપ નથી;

સોનગઢમાં ભરઉનાળે શીતલવૃક્ષની છાયા નીચે
એકાંતમાં સ્વાધ્યાય કરી રહેલા ગુરુદેવ



ચૈતન્યશક્તિના ઊંડા મનનમાં મગ્ન ગુરુદેવ કહે છે કે–
'આ તો મારો ખોરાક છે.'

અજ્ઞાનથી આવેશમાં જીવ પાપ કરી નાંખે છે પણ તે કાંઈ કાયમી વસ્તુ નથી, એટલે તે દોષને ટાળી શકાય છે, ને જ્ઞાનવડે નિર્દોષ સુખીજીવન જીવી શકાય છે. આત્માને ન ઓળખે ત્યાં સુધી અજ્ઞાનથી બધાય જીવો સંસારરૂપી જેલમાં જ પડેલા છે, દેહથી ભિન્ન આત્મા શું ચીજ છે તેનું ભાન કરે ત્યારે તે સંસારબંધનરૂપી જેલમાંથી છૂટીને મોક્ષસુખ પામે છે. બંધનમાં તો સુખ કેમ હોય? જ્ઞાનસ્વભાવ બંધન વગરનો છે તે જ સુખરૂપ છે, તેની ઓળખાણ કરતાં બંધન ટળે છે ને સુખ થાય છે.

જેલમાં, જેને થોડા જ દિવસો પછી ફાંસી થવાની હતી એવા એક નાની ઉંમરના ઉદાસ યુવાનને દેખીને વૈરાગ્યથી રોમાંચ ખડા થઈ જતા હતા. મરણ તો સામે જ આવીને ઊભું હતું. ગુરુદેવ કહે– અરે! ક્ષણિક આવેશમાં જીવ શું કરી નાંખે છે એનું એને ભાન નથી....આવું જીવન પામીને જીવનમાં સારું કાર્ય કરવા જેવું છે. પાપીમાં પાપી જીવ પણ ક્ષણમાં પાપપરિણામ પલટાવીને આત્માનું ભાન કરી શકે છે, ને પોતાનું જીવન સુધારી શકે છે. જેલના કેદીઓની માફક અંધશાળાનાં અંધ ભાઈ–બહેનોને પણ ગુરુદેવે સંબોધન કરેલું, તે પણ એક વૈરાગ્યભીનો પ્રસંગ હતો.

રાજકોટમાં સમવસરણ અને માનસ્તંભનું શિલાન્યાસ કરીને પછી જોરાવરનગર થઈને ગુજરાતના રખિયાલ ગામે પધાર્યા, ત્યાં પણ નૂતન જિનમંદિરમાં જિનેન્દ્ર ભગવંતોની વેદી પ્રતિષ્ઠાનો ઉત્સવ ફાગણ સુદ ૧૪ થી ફાગણ વદ ત્રીજ સુધી થયો; પાંચ હજાર ઉપરાંત માણસોએ તેમાં ભાગ લીધો. ગુજરાતનો આ એક મહાન ઉત્સવ હતો. તેમાં દોઢસો જેટલા તંબુ બંધાયેલા ને 'નેમિનાથનગર' વસેલું. ગુરુદેવના પ્રતાપે નાનકડા ગામમાં મોટો ઉત્સવ ઉજવાયો.

ત્યારબાદ ગુજરાતનાં ગામો દેહગામ, સોનાસન, ફત્તેહપુર, રણાસણ અને તલોદ થઈને પછી વઢવાણશહેર, ગોંડલ, તથા જેતપુર, પધાર્યા; જેતપુરથી તા. ૧૩–૩–'૬૪ ની સાંજે ગિરનાર તળેટીમાં જઈને એ સિદ્ધિધામને વંદન કરી આવ્યા....ત્યાં નેમનાથપ્રભુના વૈરાગ્યજીવનનો સાક્ષાત્કાર કરાવે એવી ભાવભીની ભક્તિ થઈ. (જેતપુરથી ગિરનાર પંદર માઈલ નજીક છે.) જેતપુર પછી પોરબંદર, લાઠી, સાવરકુંડલા, કાનાતળાવ, મોટાઆંકડિઆ થઈને ઉમરાળા–જન્મધામમાં પધાર્યા. પોરબંદરમાં ત્યાંના મહારાણાશ્રી પણ પ્રવચનમાં આવતા. ઉમરાળા પોતાના જન્મઘરમાં બિરાજમાન સીમંધરનાથનાં દર્શન કર્યાં, ને અહીં બે દિવસ અદ્દભુત ભક્તિ થઈ. ત્યાંથી વચ્ચે (તા. ૪–૪–'૬૪ ના રોજ) સોનગઢમાં સીમંધરનાથના દર્શન કરીને ગઢડા, પાટી અને રાણપુર થઈને બોટાદ પધાર્યા. બોટાદના ભવ્ય શિખરબંધી જિનાલયમાં ઉપરના ભાગમાં જિનબિંબ વેદી પ્રતિષ્ઠાનો મહાન ઉત્સવ ઉજવાયો. બોટાદ પછી બરવાળા

થઈને ચૈત્ર સુદ તેરસે અમદાવાદ પધાર્યા ને ત્યાં મંગલરૂપ મહાવીર ભગવાનનો ૨૫૬૨ મો જન્મોત્સવ ઉજવાયો. કઈ રીતે આત્મસાધના કરીને તેઓ પરમાત્મા બન્યા તે પાટનગરના પ્રવચનમાં ગુરુદેવે સમજાવ્યું, ને પરમ ભક્તિથી ભગવાનના જન્મોત્સવનું એવું વર્ણન કર્યું -જાણે કે પોતે વીરપ્રભુનું મધુરું હાલરડું ગાતા હોય! ૬૫ વર્ષ પહેલાં દસ વર્ષની ઉંમરે સાંભળેલ 'ચૈતર તેરસ અજવાળી'-તે યાદ કરીને વીરનાથના જન્મથી માંડીને પરમાત્મદશા સુધીનું ભાવભીનું વર્ણન કર્યું. અમદાવાદ પછી વડોદરા, મીયાગામ, પાલેજ, સુરત, બિલિમોરા અને ઘાટકોપર થઈને, ચૈત્ર વદ છઠ્ઠ ને રવિવાર તા. ૩-૫-૬૪ના રોજ ગુરુદેવે મુંબઈનગરીમાં પ્રવેશ કર્યો.-શા માટે? કે ૭૫ મી હીરકજયંતી માટે, અને દાદર જિનાલય તથા સમવસરણના ભવ્ય પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ માટે. અદ્દભુત હતા એ મહોત્સવો.

## મુંબઈનગરીમાં—
## હીરકજયંતી મહોત્સવ અને જિનેન્દ્ર-પંચકલ્યાણક મહોત્સવ

ચૈત્ર વદ છઠ્ઠ ને રવિવાર તા. ૩-૫-૬૪....અહા! એ દિવસે આખી મુંબઈનગરી જાણે આનંદથી હલમલી ઊઠી....હજારો જીવોનાં ટોળાં હર્ષોલ્લાસથી આઝાદમેદાન તરફ જઈ રહ્યા છે....અરે, ઊંચે આ શું દેખાય છે?-જાણે સોનાના શિખરવાળું મંદિર! વાહ, એ તો છે મહાવીરનગરનું પ્રવેશદ્વાર. શી એની શોભા! કેવો ભવ્ય એ મંડપ! ને જિજ્ઞાસુઓની કેટલી બધી ભીડ! સવારમાં ગુરુદેવ પધાર્યા સીમંધરનાથનાં દર્શન કર્યા ને મુંબઈનગરીની જનતાએ હર્ષભર્યું ભવ્ય સ્વાગત કર્યું. કેવું ઉમંગભર્યું સ્વાગત! સ્વાગત બાદ મંગલપ્રવચનમાં આઠ હજારની માનવમેદની સમક્ષ ચૈતન્યની સુંદરતા બતાવનારું સુંદર પ્રવચન ગુરુદેવે કર્યું....અહા, એકત્વ-વિભક્ત ચૈતન્યસ્વરૂપ આત્મા જ સર્વત્ર સુંદરપણે શોભે છે. આવું ચૈતન્યસ્વરૂપ સાંભળવા માટે બપોરના ધોમધખતા તાપમાંય હજારો જીવોનાં ટોળાં મુંબઈના મહાવીરનગરમાં ઊભરાતા હતા,-શું સાંભળ્યું એમણે પ્રવચનમાં? પ્રવચનમાં એમણે સમયસારના કર્તા-કર્મઅધિકારની પ્રારંભિક ગાથાઓનું વિવેચન સાંભળ્યું; ભેદજ્ઞાનની રીત સાંભળી....દેહથી ભિન્ન ચૈતન્યમૂર્તિ આત્માનું સ્વરૂપ સાંભળ્યું; રાગાદિ પરભાવોના કર્તૃત્વ વગરનો જ્ઞાનસ્વભાવ સાંભળ્યો....જે સાંભળતાં ને સમજતાં આનંદ થાય એવા અપૂર્વ ભેદજ્ઞાનની વાત ગુરુદેવે મુંબઈનગરીમાં સંભળાવી.

લોકોને આશ્ચર્ય થતું-અરે! મોહમયી મુંબઈનગરીમાં આવી વાત!! હા ભાઈ! આત્મા કયાં મોહમય છે? આત્મા તો જ્ઞાનમય છે. મુંબઈમાં હો કે સોનગઢમાં હો, વિદેહમાં હો કે ભરતમાં હો, અમારે તો આ જ્ઞાનસ્વરૂપ આત્મા જ બતાવવાનો છે. ને એ જ્ઞાનસ્વરૂપની સમજણ વડે જ જીવનું કલ્યાણ છે. વાહ! ધન્ય બની મુંબઈનગરી!



અધ્યાત્મપ્રધાન ભારતદેશની અલબેલી નગરીનું ગૌરવ આજ સફળ બન્યું. અધ્યાત્મની આવી વાત સાંભળવાનો સુઅવસર જીવોને મહા ભાગ્યથી મળે છે. આત્મામાં એનું લક્ષ કરતાં અપૂર્વ કલ્યાણ થાય છે, ને એનું બહુમાન કરતાં પણ લોકોત્તર પુણ્ય બંધાય છે. ગુરુદેવના હૃદયમાં અને વાણીમાં સદાય એનું જ ઝરણું વહી રહ્યું છે. એ ઝરણાના મધુર વીતરાગી રસનો સ્વાદ ચાખનાર જીવ સંસારના રસ વગરનો 'અરસ' થઈને અમર પદને પામે છે.


મુંબઈ–દાદરમાં જૈન ભાઈઓ માટે એક કહાનનગર સોસાયટી બંધાયેલી, ને તેમાં ચાર-પાંચ લાખ રૂા. ના ખર્ચે મહાવીરભગવાનનું ભવ્ય જિનમંદિર તથા સીમંધર ભગવાનનું સુંદર સમવસરણ રચાયેલ, જે એક દર્શનીય વસ્તુ છે. તેમાં જિનેન્દ્રભગવંતોની પ્રતિષ્ઠા માટેનો મહાન પંચકલ્યાણક ઉત્સવ મુંબઈનગરીના આઝાદમેદાનમાં,–'મહાવીરનગર'માં સં. ૨૦૨૦ ના વૈશાખ સુદ એકમથી શરૂ થયો. બીજે જ દિવસે વૈશાખ સુદ બીજ આવી ને કહાનજન્મની મંગલવધાઈ લાવી. ગુરુદેવનો ૭૫ મો જન્મોત્સવ 'હીરકજયંતી મહોત્સવ' તરીકે મુંબઈમાં અતિ ઉલ્લાસપૂર્વક ઉજવાયો. દેશભરમાંથી આવેલા હજારો ભક્તોએ ઉમંગથી એ ઉત્સવમાં ભાગ લીધો. મંડપ આજે અનેરા આકર્ષણોથી શોભતો હતો....ને મંડપમાં ગુરુદેવ જૈનશાસનના હીરાની માફક ઝળકતા હતા. વહેલી સવારમાં હજારો ભક્તજનો

જન્મની મંગલવધાઈ ગાતાં ગાતાં જિનમંદિરેથી મંડપમાં આવી પહોંચ્યા....ચારેકોર મંગલવધાઈના નાદથી ને વાજિંત્રોથી મંડપ ગૂંજી ઊઠ્યો, ને પ્રકાશથી ઝગમગી ઊઠ્યો....આનંદપૂર્વક સૌએ ગુરુદેવના દર્શન કર્યા. મંગલવધાઈનાં હજારો નાળિયેરનો ઢગલો નાનકડા ડુંગરા જેવો દેખાતો હતો. તીર્થયાત્રાના પ્રદર્શન યોજાયા....ને ભક્તોએ આનંદભર્યા પ્રવચનો દ્વારા ગુરુનાં ગુણગાન કર્યા....હજારો ભક્તોએ ૭૫ ના મેળવાળી રકમોનું ફંડ જાહેર કર્યું, દેશો-દેશથી સેંકડો અભિનંદન સંદેશાઓ આવ્યા. પણ ગુરુદેવે તો એ બધાથી અલિપ્તપણે અધ્યાત્મસંદેશ સંભળાવીને જન્મરહિત થવાનો માર્ગ બતાવ્યો....ભક્તિ અને આનંદપૂર્વક આખોય દિવસ એવું અનેરું વાતાવરણ છવાઈ રહ્યું હતું—જાણે કે મોહમયી મુંબઈનગરીમાં નહિ પણ વિદેહની કોઈ ધર્મનગરીમાં હોઈએ, ને કલ્યાણકો નજરે નીહાળતા હોઈએ.

બીજે દિવસે (વૈશાખ સુદ ત્રીજે) જન્મજયંતી નિમિત્તે ભારતભરના મુમુક્ષુઓદ્વારા ગુરુદેવનું પરમબહુમાન વ્યક્ત કરતો હીરકજયંતીનો મહાન અભિનંદનગ્રંથ ગુરુદેવને અર્પણ કરવાનો ખાસ કાર્યક્રમ હતો. ૮૦૦ પાનાનો હીરલે મઢેલો એ અભિનંદનગ્રંથ રાષ્ટ્રના પ્રધાન શ્રી લાલબહાદુરજી શાસ્ત્રીના હસ્તે ગુરુદેવને અર્પણ કરવાનો હતો. શ્રી ઉછરંગરાયભાઈ ઢેબરના અધ્યક્ષપદે દસ-પંદર હજાર માણસોની સભા શાસ્ત્રીજીના આગમનની આતુરતાથી રાહ જોતી હતી. છેલ્લી ઘડી સુધી શાસ્ત્રીજી આવશે કે નહિ એની ચિંતા સેવાતી હતી; ત્યાં તો 'ભારતના એ ભાવિ વડાપ્રધાન' ઉમંગભેર પોતાના જીવનનો એક સુંદર લહાવો લેવા અને ભાવિ તીર્થંનાયકને અભિનંદવા આવી પહોંચ્યા; સભા હર્ષાનંદથી ગાજી ઊઠી. અને શાસ્ત્રીજીએ ૮૦૦ પાનાનો હીરલે મઢેલો સુંદર અભિનંદનગ્રંથ ગુરુદેવને અર્પણ કર્યો; તે વખતે ગુરુદેવ પ્રત્યે બહુમાન વ્યક્ત કરતાં શાસ્ત્રીજીએ કહ્યું કે–'મુઝે બડી પ્રસન્નતા હૂઈ, મૈં ફિર એકવાર અપના આદર સન્માન ઔરશ્રદ્ધાંજલિ પ્રગટ કરતા હૂં; ઔર યહ નિવેદન કરતા હૂં કિ, જો માર્ગ—જો રાસ્તા અહિંસા ઔર શાંતિકા, ચારિત્રકા, નૈતિકતાકા આપ દિખાતે હૈં ઉસ પર યદિ હમ ચલેંગે તો ઉસમેં હમારા ભી ભલા હોગા, સમાજકા ભી હોગા, વ દેશકા ભી હોગા.'


પૂ. ગુરુદેવદ્વારા થયેલા જૈનશાસનના પ્રભાવની ગૌરવગાથા ગાતા આ અભિનંદનગ્રંથમાં, સૌથી પહેલા મંગલ તોરણસ્થાને પચરંગી શ્રી ચોવીસ તીર્થંકરભગવંતો એવા શોભી રહ્યા છે કે જાણે ગુરુદેવ ઉપર મંગલઆશીર્વાદ વરસાવતા હોય. અને ઝવેરાતથી ઝગઝગતા એના મુખપૃષ્ઠના અક્ષરો ગ્રંથના ગૌરવને પ્રકાશી રહ્યા છે. મુમુક્ષુઓનાં હૃદયની હાર્દિક ઉર્મિઓ એમાં ભરેલી છે. કેટલાય ઉત્તમ પ્રસંગો, કેટલાય ચિત્રો, અને પચાસેક શાસ્ત્રો ઉપરનાં ગુરુદેવનાં પ્રવચનો પણ તેમાં છે. આખોય ગ્રંથ જૈનસાહિત્યના એક કિંમતી આભૂષણ જેવો શોભી રહ્યો છે. શાસ્ત્રીજી દ્વારા અણધાર્યા આવી પહોંચીને ગુરુદેવને આ ગ્રંથના

ભાવિ રાષ્ટ્રનાયક
અભિનંદી રહ્યા છે
ભાવિ તીર્થનાયકને—



"मुझे बडी प्रसन्नता हुई। मैं फिर एकबार अपना आदर, सम्मान और श्रद्धांजलि प्रगट करता हूं, और यह निवेदन करता हूं कि, जो मार्ग—जो रास्ता अहिंसा और शान्तिका, चारित्रका नैतिकताका आप दिखाते हैं उस पर यदि हम चलेंगे तो उसमें हमारा भी भला होगा, समाजका भी होगा व देशका भी होगा"। —પ્રધાનશ્રી લાલબહાદુરજી શાસ્ત્રી

*




જિનમાર્ગના પથિક, સિદ્ધપદના સાધક, અષ્ટકર્મોથી શૂન્ય ને અષ્ટમહાગુણસંયુક્ત એવા ચૈતન્યપદના દર્શક, રત્નત્રયમાર્ગના પ્રકાશક, ચૈતન્યચિંતામણિના ચિન્તક એવા હે ગુરુદેવ! એક સમ્યક્‌રત્ન અમને પણ આપની રત્નજયંતિ પ્રસંગે આપોજી.



સં ૨૦૧૫ વૈશાખ સુદ બીજે ફત્તેપુરમાં
આત્મધર્મના ખાસ અંકનું અવલોકન કરી રહેલા ગુરુદેવ


અર્પણનો યાદગાર પ્રસંગ ગુરુદેવના વિશિષ્ટ પુણ્યપ્રભાવને પ્રસિદ્ધ કરે છે. ગુરુદેવની ચરણ છાયામાંઆ બાળકે દશ-દશ વર્ષથી જે ગ્રંથની ભાવના ભાવી હતી તે ગ્રંથ અંતે આ હીરક-જયંતીપ્રસંગે સર્વાંગ સુંદર સ્વરૂપે પ્રકાશીત થયો ને મારી તે ભાવના પૂરી થઈ.

મુંબઈમાં એક તરફ ગુરુદેવનો આ હીરકજયંતી મહોત્સવ ચાલતો હતો, બીજી તરફ પંચકલ્યાણકોનો પ્રારંભ થતો હતો. પાર્શ્વનાથ ભગવાનના કલ્યાણકના અનેરા દશ્યોએ મુંબઈનગરીને મુંબઈ મટાડીને કાશી (વારાણસી) બનાવી દીધી હતી. અમે મુંબઈમાં નહિ પણ પારસનાથના બનારસમાં બેઠા છીએ-એવી લાગણી પ્રેક્ષકો અનુભવતા હતા. ઉત્સવમાં ભાગ લેવા બહારગામોથી પાંચ હજાર જેટલા ભક્તો આવ્યા હતા. આ ઉત્સવનિમિત્તે મુંબઈમાં મહાન ધાર્મિક જાગૃતી આવી ગઈ, તેની સાથે આસપાસના પરાંના ગામો પણ જાગ્યા ને ઘાટકોપર, બોરીવલી, મલાડ, દાદર, ખાર, ગોરેગાંવ, કાંદીવલી, દહીસર વગેરેમાં પણ મુમુક્ષુમંડળની વિશેષ પ્રવૃત્તિઓ શરૂ થઈ. મુંબઈના આ મહાન ઉત્સવોએ આખા ભારતનું લક્ષ મુંબઈ તરફ અને ગુરુદેવ તરફ આકર્ષ્યું.


અહા, મુંબઈમાં પાર્શ્વપ્રભુના પંચકલ્યાણકનાં એ દશ્યો આશ્ચર્યકારી હતા. ઈન્દ્રસભા, માતાજીના ૧૬ મંગલ સ્વપ્નો, કુમારિકા દેવીઓદ્વારા માતાજીની સેવા, મેરુ પર જન્માભિષેક —એ રીતે ચોથા કાળમાં બનેલા એ પાવનપ્રસંગો આ પંચમકાળે મુંબઈમાં દેખીને મુમુક્ષુઓ પોતાને ધન્ય સમજતા; અને સહેજે અનુમાન પણ થઈ શકતું કે જેમના પ્રતાપે આવા પંચકલ્યાણકો વારંવાર ઉજવાય છે તે મહાત્મા પોતે પણ પંચકલ્યાણક સાથે સીધો સંબંધ ધરાવનારા છે. પાર્શ્વપ્રભુના જન્મકલ્યાણકની સવારી કોઈ અનેરી હતી. જ્યાં માણસનેય ચાલવાની મુશ્કેલી એવા મુંબઈના રસ્તા પર હાથીની સવારી, ને સાથે સાત સૂંઢવાળો ઐરાવત, એ દશ્યો જોવા સાત સાત માળના મકાનો પણ ઊભરાઈ પડ્યા હતા. પછી પાર્શ્વપ્રભુની દીક્ષાનાં વૈરાગ્યદશ્યો, મુનિરાજને આહારદાન, અનેક ઉપસર્ગો છતાં ધૈર્યપૂર્વકની ક્ષમા, -એ બધાય દશ્યો વીતરાગશાસન પ્રત્યે અને મુનિવરો પ્રત્યે પરમ ભક્તિ જગાડતા હતા. ગુરુદેવ પરમભક્તિથી મંત્રાક્ષર વડે અંકન્યાસવિધિ કરતા ત્યારે સાધ્ય અને સાધકની કેવી એકતા છે-એ દેખીને મુમુક્ષુને અદ્વૈતભક્તિરૂપ નિર્વિકલ્પ સાધનાનું સ્મરણ થતું હતું. પછી કેવળજ્ઞાન અને મોક્ષ વખતે પણ, સમવસરણની અને સમ્મેદાચલ-મોક્ષધામની નયનમનોહર રચનાઓ દેખીને પ્રસન્નતા થતી હતી.

અને પછી વૈશાખ સુદ અગિયારસે જ્યારે પ્રતિષ્ઠિત થયેલા જિન ભગવંતો દાદર મુકામે જિનાલયમાં તથા સમવસરણમાં પધાર્યા, ને ગુરુદેવે ભક્તિપૂર્વક વેદીપ્રતિષ્ઠા કરી ત્યારે પ્રભુજીના દર્શનથી હજારો ભક્તોને અપાર આનંદ થયો. ગુરુદેવ વગેરેનું પૂર્વજીવન

ॐ अं नमः



ગુરુદેવ પરમભક્તિથી જિનબિંબ ઉપર અંકન્યાસ કરતા ત્યારે સાધ્ય અને સાધકની એ એકતા દેખીને મુમુક્ષુને અદ્વૈત ભક્તિરૂપ નિર્વિકલ્પ સાધનાનું સ્મરણ થતું હતું.




દાદરનું ૭૫ ફૂટ ઊંચું ભવ્ય જિનમંદિર
જેમાં મૂળનાયક મહાવીરપ્રભુ છે ને ઉપરના ભાગમાં સમવસરણ છે.

શ્રી સીમંધર ભગવાનનું સમવસરણ
દાદર : મુંબઈ



[સં. ૨૦૨૦ ના વૈશાખ સુદ અગિયારસે જેની પ્રતિષ્ઠા થઈ]

卐

જેની સાથે સંકળાયેલું છે એવું વિદેહીનાથનું સમવસરણ આ ભરતક્ષેત્રમાં દેખીને આનંદકારી અનેક પ્રસંગો તાજા થાય છે. ૭૫ ફૂટ ઊંચું જિનાલય, ને તેના ઉપર ૭૫ ઇંચનો સોને મઢ્યો કળશ આકાશમાં ઝગમગી ઊઠ્યો....પવિત્ર જૈનધર્મનો ધ્વજ આકાશમાં લહરી ઊઠ્યો. આ હીરકજયંતી વગેરેનો અહેવાલ મુંબઈની આકાશવાણીએ પ્રસારિત કર્યો હતો. મુંબઈ-નગરીનો આ ઉત્સવ અનેરો હતો, જૈનધર્મની કેવી મહા પ્રભાવના ગુરુદેવ કરી રહ્યા છે તે અહીં દેખાઈ આવતું હતું.

## મુનિભક્તિનો મહોત્સવ

દક્ષિણદેશની યાત્રા અને મુંબઈના મહોત્સવો કરીને જ્યારે પાછા સોનગઢ આવ્યા, ત્યારે જાણે મુનિવરોના દેશમાં જઈને આવ્યા હોઈએ એવી ઊર્મિ વારંવાર ગુરુદેવને વેદાતી હતી; કુંદકુંદસ્વામી આદિ મુનિભગવંતો જ્યાં વિચરેલા એવા એ ગુરુધામમાં હમણાં જ જઈ આવ્યા હોવાથી એ મુનિદશાને ગુરુદેવ વારંવાર પ્રવચનમાં યાદ કરતા, તેનો અપાર મહિમા સમજાવતા. અને સાથે સાથે એ યાત્રાની ખુશાલીમાં અષાડમાસની અષ્ટાહ્નિકા દરમિયાન ૬૪ ઋદ્ધિધારી મુનિવરોની મહાપૂજા પણ થઈ, તેથી જાણે મુનિભક્તિનો મહોત્સવ જ ચાલતો હોય એવું વાતાવરણ હતું. કુંદકુંદસ્વામી વિદેહમાં ગયા ને ત્યાં તેમના બહુમાનમાં આઠ દિવસનો મહોત્સવ થયો, તેમ અહીં પણ કુંદકુંદસ્વામીની યાત્રાની ખુશાલીમાં આઠ દિવસનો પૂજનમહોત્સવ થયો. સોનગઢમાં અવારનવાર સિદ્ધચક્રવિધાન, સહસ્ત્ર-અષ્ટોત્તરનામ પૂજનવિધાન, પંચમેરુપૂજનવિધાન, વગેરે વિશિષ્ટ પૂજનવિધાનો થયા કરે છે; કોઈ કોઈવાર એ પૂજનવિધાનમાં ગુરુદેવ પણ ભાગ લ્યે છે.

## 'સમયસારનો યુગ' અને કુંદકુંદાચાર્યદેવ સાથેનો સંબંધ

'સમયસાર' એ ગુરુદેવના જીવનનું સાથી છે....સમયસારના રચનાર કુંદકુંદાચાર્યદેવ સાથે એમને વિદેહમાં સીધો સંબંધ થયેલ હોવાથી તેમનું સમયસાર પણ તેમને અતિશય પ્રિય છે, ને તેઓ કહે છે કે આ જીવ ઉપર કુંદકુંદાચાર્યદેવનો અને સમયસારનો મહાન ઉપકાર છે. નિરંતર તેનું સ્વાધ્યાય-મનન તેઓ કરે છે. અનેક વર્ષોથી તેના ઉપર પ્રવચનો તો થાય છે જ, તે ઉપરાંત બપોરની નિવૃત્તિના સમયે એકાંતમાં બેસીને સમયસારનું ઊંડું અધ્યયન તેઓ હંમેશા કરે છે, ને એ રીતે શતાધિક વાર તેમણે સમયસારની સ્વાધ્યાય કરી છે. એ સ્વાધ્યાય કરતાં કરતાં કોઈ કોઈવાર તેઓ વિદેહક્ષેત્રના સીમંધરસ્વામીનાં અને કુંદકુંદસ્વામી વગેરેના ઊંડા વિચારમાં ચડી જાય છે....ત્યારે આ ભરતક્ષેત્રના વાતાવરણને ભૂલીને વિદેહક્ષેત્રના વાતાવરણમાં એમનું ચિત્ત થંભી જાય છે. સં. ૧૯૭૮ માં જ્યારે તેમણે સમયસારના ઉપોદ્ઘાતમાં કુંદકુંદપ્રભુના વિદેહગમન સંબંધી ઉલ્લેખ વાંચ્યો ત્યારે તેમના

આત્મામાં વિદેહના અવ્યક્ત સંસ્કાર ઝણઝણી ઊઠેલા ને અંતરના ઊંડાણથી એ વાતનો સહર્ષ સ્વીકાર આવ્યો હતો. પછી તો એ સંબંધમાં આત્મસાક્ષાત્કાર જેવું જ અત્યંત મજબૂત પ્રમાણ સં. ૧૯૯૩ માં પૂ. બેનશ્રી ચંપાબેનના જાતિસ્મરણજ્ઞાનના બળે પ્રાપ્ત થયું, ને ભૂત-ભવિષ્યના અનેક પાવનપ્રસંગોની વધુ ને વધુ સ્પષ્ટતાથી ગુરુદેવનોય આત્મા ખીલી ઊઠ્યો....ગુરુદેવના મુખેથી એ વાત સાક્ષાત્ સાંભળનારા ભક્તો તો હર્ષથી નાચી ઊઠતા. આજથી ૨૩ વર્ષ પહેલાં (સં. ૨૦૦૨ માં) આ બાળકને પણ પૂ. ગુરુદેવના સાક્ષાત ચરણોમાં બેસીને દોઢ કલાક સુધી પરમ વાત્સલ્યપૂર્વક એ બધુંય સાંભળવાનો પરમ આનંદકારી લાભ પ્રાપ્ત થયો છે....અહા, ગુરુદેવના શ્રીમુખથી વિદેહનું આશ્ચર્યકારી વર્ણન ને ધર્મમાતાઓનો અપાર મહિમા, એ રાજકુમાર અને તેના બંને મિત્રોની મધુરી વાતો તથા તે ત્રણેની ભવિષ્યની મહાન જગપૂજ્ય પદવી,—એ બધુંય શ્રીગુરુમુખથી સાંભળતાં કોઈ પરમ કલ્યાણની આગાહીથી અસંખ્ય પ્રદેશો ઝણઝણી ઊઠતા હતા. ગુરુદેવની પરમ કૃપાનો એ પ્રસંગ સ્મરણમાં આવતાં અત્યારેય ચૈતન્યપ્રદેશોમાં ગુરુદેવ પ્રત્યેની અનેરી લાગણીના મધુર તરંગો ઉલ્લસે છે,-જાણે કોઈ એક તીર્થંકરની સાથે જ આ આત્મા વસતો હોય એવો આનંદ ઊભરાય છે. ધન્ય ગુરુદેવ! ધન્ય આપનો મંગલમૂર્તિ આત્મા! (ષટ્ખંડાગમમાં તીર્થંકરાદિના આત્માને ત્રિકાળમંગળસ્વરૂપ કહેલ છે, તેનો ભાવભીનો ઉલ્લેખ ગુરુદેવ ઘણીવાર કરે છે, તેમાંય અવ્યક્તપણે પોતાના ભાવિના ભણકાર ગુંજતા હોય છે.)

સમયસાર ઉપર ગુરુદેવનાં પ્રવચનો ૧૬ મી વખત (સં. ૨૦૨૫માં) ચાલી રહ્યાં છે ....સમયસારની શરૂઆત વખતે 'હું સિદ્ધ....તું સિદ્ધ' એમ કહીને જ્યારે ગુરુદેવ અત્યંત પ્રમોદથી આત્મામાં સિદ્ધપણું સ્થાપતા હોય તે વખતે સિદ્ધભગવાનના સાક્ષાત્કાર જેવા મહા પ્રમોદથી શ્રોતાઓ ઉલ્લસી જાય છે. આત્માના જોસપૂર્વક કુંદકુંદસ્વામીની વતી ગુરુદેવ કહે છે કે 'હું સિદ્ધ, તું સિદ્ધ'–હા પાડ! ને હાલ્યો આવ સિદ્ધપદમાં! અમારી પાસે સમયસાર સાંભળવા આવ્યો તે જીવ ભવ્ય જ હોય. સિદ્ધપણું લક્ષમાં લઈને તેની હા પાડી તે અપ્રતિહત માંગલિક છે. આમ ગાથાએ-ગાથાએ મોક્ષનાં મંગળ મોતીનો મેહુલો વરસાવતા ગુરુદેવ શ્રોતાઓનાં હૃદયમાં શુદ્ધાત્માનું બહુમાન ઠાંસીઠાંસીને ભરે છે, ને રાગાદિનું બહુમાન જડમૂળથી કઢાવી નાંખે છે. આજ ૩૫-૪૦ વર્ષોથી ૧૬-૧૬ વખત સમયસારનાં પ્રવચનો થવા છતાં વક્તા અને શ્રોતાઓનો રસ વધતો જ જાય છે, વધુ ને વધુ ભાવો ખૂલતા જાય છે. તેના ઉપર પ્રવચનોનાં પાંચ પુસ્તકો છપાઈ ગયાં છે. એમાંથી ત્રણ પુસ્તકોનાં પ્રવચનો તો પૂ. બેનશ્રી-બેન (ચંપાબેન-શાન્તાબેન) ના સુહસ્તે લખાયેલાં છે.

એ ગ્રંથાધિરાજની મૂળ ગાથાઓ (૪૧૫) ચાંદીમાં કોતરાયેલી છે. એટલું જ નહિ, પણ વિદેહમાં સાક્ષાત્ જોયેલા કુંદકુંદાચાર્યપ્રભુનો જેમણે અહીં જાતિસ્મરણના બળે સાક્ષાત્કાર

કર્યો છે એવા પૂજ્ય બેનશ્રી ચંપાબેનના સુહસ્તે સોનગઢના સ્વાધ્યાયમંદિરમાં સમયસારની પૂજનીક સ્થાપના થઈ છે. આજે તો જૈનસમાજમાં મુમુક્ષુઓનાં ઘરેઘરે સમયસાર બિરાજે છે ને આદરપૂર્વક તેનો અભ્યાસ થાય છે.

સમયસારના ભાવોનું જે રહસ્ય ગુરુદેવ અનેક વર્ષોથી સમજાવી રહ્યા છે તેના પ્રતાપે ધાર્મિકસાહિત્યમાં અત્યારે 'સમયસારનો યુગ' વર્તી રહ્યો છે ને અનેક જિજ્ઞાસુ જીવો એમાં બતાવેલા એકત્વ-વિભક્ત શુદ્ધ-જ્ઞાયક આત્માને લક્ષગત કરીને એના અનુભવને માટે ઉદ્યમશીલ વર્તે છે.—એ રીતે જૈનશાસનની સાચા હાર્દની મહાન જીવન્ત પ્રભાવના થઈ રહી છે.

* * *

[અહીંથી આગળ વધતાં પહેલાં એક બાબતનો થોડો ઉલ્લેખ કરી લઈએ:]

ગુરુદેવ જડ-ચેતનની ભિન્નતા અને આત્માનું અવિનાશીપણું સમજાવીને જે ભેદજ્ઞાન ઘૂંટાવી રહ્યા છે–તેના પ્રતાપે જિજ્ઞાસુઓનું જીવન તો પલટી જાય છે, ને મરણ પણ સુધરી જાય છે. ભાવમરણથી બચાવીને આનંદમય આત્મજીવનનો માર્ગ ગુરુદેવ બતાવી રહ્યા છે. 'આત્મા તો અવિનાશી છે, દેહથી ભિન્ન છે–' એવા પ્રકારના ગુરુદેવના ઉપદેશના સંસ્કાર વડે જેણે પોતાનું જીવન સીંચ્યું છે તે મુમુક્ષુના જીવનમાં તો કોઈ મહાન પલટો આવી જાય છે, અને મૃત્યુપ્રસંગ પણ એવા અનેરા પ્રકારે થતા હોય છે કે જે દેખીને લોકો આશ્ચર્યમાં પડી જાય છે. મુમુક્ષુને માટે મૃત્યુ એ કોઈ મોટો 'હાઉ' નથી પણ જાણે કે ધર્મના ઉત્સવનો કોઈ પ્રસંગ છે, એવી અત્યંત સાહજિકતાથી, અંતિમઘડી સુધી દેવ-ગુરુ-ધર્મને યાદ કરતા કરતા, કે તત્ત્વનું ચિન્તન કરતા કરતા દેહ છોડીને બીજે ચાલ્યા જાય છે. એટલું જ નહિ, પાછળના જિજ્ઞાસુઓ પણ મૃત્યુ પાછળ, (કોઈવાર તો ભરયુવાન વયે મૃત્યુ હોય તોપણ) કલ્પાંત કે કકળાટ ન કરતાં અત્યંત ધૈર્ય રાખીને તત્ત્વના વાંચન-વિચાર વડે વૈરાગ્યનું બળ વધારે છે; તેને આશ્વાસન આપવા આવનારા બીજાઓ તેનું ધૈર્ય દેખીને, તેને આશ્વાસન આપવાને બદલે ઊલટા તેની પાસેથી આશ્વાસન પામે છે. તીવ્ર દર્દમાં કે અત્યંત ગંભીર ઓપરેશન વખતેય જિજ્ઞાસુઓ જે ધૈર્ય રાખે છે તે દેખીને કેટલાય દાક્તરો પણ આશ્ચર્ય પામે છે. શ્વેતામ્બર સમાજના એક પ્રસિદ્ધ સાધુ પણ એક વખત તો બોલેલા કે આ સોનગઢવાળા લોકોનું મરણ પણ જુદી જાતનું થાય છે! બીજા એક ભાઈ કહેતા કે સમાધિમરણ કરતાં શીખવું હોય તો સોનગઢ જાઓ. બીજા અનેકવિધ પ્રતિકૂળ પ્રસંગોએ તો ઠીક પરંતુ મૃત્યુ જેવા પ્રસંગે પણ આ પ્રકારના ધાર્મિક સંસ્કારોની જાગૃતિ અને શાંતપરિણામ રહેવા તે ગુરુદેવે આપેલા વીતરાગી તત્ત્વજ્ઞાનને લીધે મુમુક્ષુને અત્યંત સુગમ બને છે. ગુરુદેવ ઘણીવાર કહે છે કે ભાઈ, આ અપૂર્વ ચૈતન્ય તત્ત્વ જે

સમજીને અનુભવમાં લેશે તેની તો શી વાત! પરંતુ આ તત્ત્વનું લક્ષ કરીને તેનાં હકારના સંસ્કાર જે પાડશે તેને પણ બીજા ભવમાં તે સંસ્કાર ઊગીને આત્માનું પરમ હિત કરશે. ખરેખર, પરભવમાં એ સંસ્કાર નહિ ભુલાય, તેમ એ સંસ્કારદાતા ગુરુદેવનો ઉપકાર પણ નહિ ભુલાય.

## સોનગઢમાં ધર્મમય વાતાવરણ

આમ તો સોનગઢમાં પૂ. ગુરુદેવની મંગલછાયામાં સદાય એવું ધર્મમય વાતાવરણ વર્તે છે કે મુમુક્ષુઓ પોતે જાણે કે નાનકડા સમવસરણમાં બેઠા હોય એમ અનુભવે છે. તેમાંય શ્રાવણ મહિનો એ સોનગઢમાં વિશેષ ધાર્મિક પ્રવૃત્તિમય હોય છે; તે વખતે ગુરુદેવના સાન્નિધ્યમાં શાંતિથી રહેવા ને તત્ત્વનો અભ્યાસ કરવા ભિન્ન ભિન્ન પ્રાંતોમાંથી સેંકડો જિજ્ઞાસુ ગૃહસ્થો આવે છે, સાધર્મીજનો પરસ્પર મિલનથી આનંદિત થાય છે, વહેલી સવારથી મોડી રાત સુધી જ્યાં જુઓ ત્યાં તત્ત્વચર્ચાનો મેળો દેખાય છે. ખૂબ ખૂબ અભ્યાસ કરીને તત્ત્વનું આખા વર્ષનું ભાતું ઘણા જિજ્ઞાસુઓ આ એક માસમાં લઈ જાય છે. આ વખતે ગુરુદેવ પણ ખૂબખૂબ ખીલે છે, પ્રવચનોની રમઝટ અનેરી હોય છે; બહારમાં વર્ષાઋતુની મધુરી મોસમની સાથે એ આધ્યાત્મિક શ્રુતવર્ષા સૌને પ્રફુલ્લિત કરતી હોય છે. અને આવા પ્રસન્ન વાતાવરણમાં ઊભરો લાવે એવો પ્રસંગ પૂ. બેનશ્રી ચંપાબેનના જન્મદિવસનો –તે પણ આ શ્રાવણ માસમાં જ આવે છે. એ વખતે ધર્મના વાત્સલ્યની કોઈ નવીન ભરતી આવે છે ને અવારનવાર ગુરુદેવના શ્રીમુખથી એમના અનુભવજ્ઞાનની, અદ્‌ભુત વૈરાગ્યની તેમ જ ચાર ચાર ભવના જાતિસ્મરણની અને ભવિષ્યના પવિત્ર પદોની આનંદકારી વાર્તા સાંભળી–સાંભળીને ભક્તોનું હૃદય ઉમંગથી ઉલ્લસે છે, ને આવા સંતોના દર્શનથી પણ પોતાની ધન્યતા અનુભવે છે. તે પવિત્ર દિવસે પૂ. ગુરુદેવ બેનશ્રી–બેનને ત્યાં જમવા પધારે છે, ને આખોય દિવસ ઉત્સવ જેવું વાતાવરણ રહે છે. ફાગણ માસમાં પૂ. શ્રી શાન્તાબેનના જન્મદિવસે પણ એવું જ વાતાવરણ હોય છે ને આનંદથી એ દિવસનો ઉત્સવ ઉજવાય છે.

શ્રાવણમાસમાં ચાલુ થયેલો તત્ત્વચર્ચાનો ધોધ ભાદરવા માસમાંય ચાલુ રહે છે, અને તેમાં પણ દસલક્ષણીધર્મસંબંધી વિશેષ પ્રવચનો, પૂજન–ભક્તિ વગેરેને લીધે હજારો જિજ્ઞાસુઓ પોતાને ચોથાકાળમાં જ વર્તતા સમજીને આનંદપૂર્વક ધર્મસાધના કરે છે. ખરેખર તો ગુરુદેવ જેવા સંત–ધર્માત્માઓને લીધે સોનગઢમાં સદૈવ ધર્મકાળ જ વર્તે છે. તેથી તો અહીંના હવામાનમાંય વારંવાર પડઘા સંભળાય છે કે–'યહ સન્તોંકા ધામ હૈ'....અહીં પંચમકાળ નહિ પણ ચોથોકાળ છે. દેવગુરુના પ્રતાપે અહીં ધર્મની જાહોજલાલી વર્તે છે.

હે મુમુક્ષુ બંધુઓ! તમે આવો રે આવો! ચૈતન્યની મુક્તિનો અપૂર્વ માર્ગ પ્રાપ્ત કરવા તમે આ ધર્મધામમાં આવો.

અનેક ગામના મુમુક્ષુઓ સોનગઢમાં આવીને વસ્યા છે, ને ગુરુદેવની મધુરી છાયામાં ધાર્મિક ઉપાસના વડે, આત્મસ્વભાવના ઘોલન વડે, પોતાના જીવનને સાર્થક કરે છે. અહીંના ધાર્મિકવૈભવ પાસે પોતાના ઘરનો કોઈ વૈભવ વિલાસ એમને યાદ પણ નથી આવતો. તાજેતરમાં શેઠશ્રી નવનીતભાઈએ તેમ જ સાગર (મધ્યપ્રદેશ) ના શેઠશ્રી ભગવાનદાસ શોભાલાલજીએ પણ બબ્બે લાખના ખર્ચે મકાન બંધાવેલ છે, ને અવારનવાર સોનગઢ આવીને લાભ લ્યે છે. સાગરવાળા શેઠ ભગવાનદાસજીએ પોતાના મકાનના વાસ્તુપ્રસંગે જિનપ્રતિમાજીને પણ બિરાજમાન કરીને આનંદથી પૂજા-ભક્તિ કરી હતી. દરેક નવા મકાનના વાસ્તુ પ્રસંગે મંગલ તરીકે તે મકાનમાં પ્રવચન કરતાં ગુરુદેવ ચૈતન્યવસ્તુમાં વાસ્તુ કરવાની રીત બતાવતા કહે છે કે ભાઈ! આ બહારના ઘરમાં તારું વાસ્તુ નહીં, અંદર અનંતગુણથી ભરેલી એવી તારી ચૈતન્યવસ્તુમાં જ તારું વાસ્તુ છે; તેને ઓળખીને તેમાં તું વસ! તે જ મંગળ વાસ્તુ છે.

પુરાણકથાના આધારે અવનવા ધાર્મિક સંવાદો-નાટકો પણ સોનગઢમાં તેમ જ અન્યત્ર પ્રસંગઅનુસાર બાળકો ભજવે છે, ને તે દ્વારા બાળકોમાં નાનપણથી જ ધાર્મિક દૃઢતાના સુંદર સંસ્કાર રેડાય છે. સીતાજી, અંજના, ચંદના, ચેલણા, અકલંક-નિકલંક, ભરત-બાહુબલી, શ્રીકંઠવૈરાગ્ય; વારિષેણકુમાર, વજ્રબાહુવૈરાગ્ય, હરિષેણચક્રવર્તી, વગેરે અનેક ધાર્મિક નાટકો ભજવાઈ ચૂક્યાં છે.

સં. ૨૦૧૦ થી ૨૦૨૦ માં કુલ પચીસ વખત જિનબિંબ પ્રતિષ્ઠાના પ્રસંગો બન્યા, અને પછી પણ તે પ્રવાહ ચાલુ જ રહ્યો. ૨૦૨૦ ના આસો માસમાં જસદણમાં જિનમંદિરનું શિલાન્યાસ થયું.

ગુરુદેવને સમ્મેદશિખર વગેરે તીર્થો ઉપર ખાસ લાગણી છે. જૈનસમાજમાં જ્યારે એ તીર્થો સંબંધી હિલચાલ ચાલતી હતી ત્યારે ગુરુદેવ પણ તીર્થરક્ષા સંબંધમાં ચિન્તા ધરાવતા, અવારનવાર ચર્ચામાં તેનો ઉલ્લેખ કરતા, ને કહેતા કે મૂળ તો જૈન દિગંબર ધર્મ જ હતો; પણ દિગંબર મુનિઓ તો પરમ નિસ્પૃહ, તે તો કાંઈ બહારની ઉપાધિમાં પડે નહીં. તીર્થોમાં અહીંથી ભગવાન મોક્ષ પધાર્યા છે-તેની યાદી તરીકે ભગવાનનાં પગલાં હોય છે. આવા તીર્થોની જાળવણી માટે બંદોબસ્ત થવો જોઈએ. તીર્થોની જેમ સાધર્મી પ્રત્યેનો પ્રેમ પણ અપાર છે. એના અનેક પ્રસંગો બન્યા છે. સીતાજી, અંજના વગેરેનું જીવન વાંચતાં વાંચતાં ગુરુદેવને આંસુ આવી જાય છે; તેઓ કહે છે કે ધર્માત્મા ઉપરનું દુઃખ હું

જોઈ શકતો નથી. એ જ રીતે શાસ્ત્રો પ્રત્યે પણ ઘણો પ્રેમ ને આદર છે; કોઈ નવીન શાસ્ત્ર પ્રાપ્ત થતાં તેઓ પ્રસન્ન થાય છે.

રાજસ્થાનના બયાના શહેરમાં પાંચસો વર્ષ પ્રાચીન (સં. ૧૫૦૭ ની) સીમંધર-ભગવાનની પ્રતિમા બિરાજે છે–એ વાત ૨૦૨૧ ના કારતક માસમાં સોનગઢમાં જાણવા મળી; તે જાણીને ગુરુદેવ વગેરે ખૂબ પ્રસન્ન થયા; ને એનાં દર્શનની ઇંતેજારી જાગી.

સં. ૨૦૨૦ માગસર-પોષમાં સમયસારની ૪૭ શક્તિ ઉપરના પ્રવચનમાં ગુરુદેવ અદ્‌ભુત ખીલ્યા હતા. ૪૭ શક્તિનાં પ્રવચનો વખતે ચૈતન્યગુણો પ્રત્યેનો એમને કેવો પરમ આહ્‌લાદ ઉલ્લસે છે!–તે તો સાંભળનારને નજરે દેખાય છે. ગુરુદેવ રોજ સવારમાં ૪૭ શક્તિનું રટણ કરી જાય છે ને કહે છે કે આ મારી માળા છે. '૪૭ શક્તિ તે આત્માનો વૈભવ છે, એવા વૈભવશાળી ભગવાન આત્માનું અંતરમાં ધ્યાન કરવાથી જ્ઞાન-આનંદરૂપી વૈભવ પ્રગટે છે.' –આમ ગુરુદેવે પોતાના સ્વહસ્તે 'આત્મવૈભવ' પુસ્તકમાં લખ્યું છે. તેઓ ઘણીવાર પ્રમોદથી કહે છે કે અહા! સંતોએ અંદરમાં સર્વજ્ઞસ્વભાવના ભેટા કરી કરીને એની શક્તિનાં અચિંત્ય રહસ્યો ખોલ્યાં છે. ૪૭ શક્તિ વડે આત્મગુણોનો જે અપાર મહિમા ગુરુદેવે સમજાવ્યો છે તે મુમુક્ષુને ન્યાલ કરે તેવો છે.

પોષ સુદ દસમે ગુરુદેવ ઘણા ભક્તોને કહેતા કે–'આજે તો મેં ભગવાન જોયા.'–તે સાંભળીને ભક્તો આશ્ચર્યમાં પડી જતા. ને ગુરુદેવ પ્રમોદથી ખુલાસો કરતા કે આજે તો સ્વપ્નમાં પૂર્વના આકાશમાં બાહુબલી ભગવાનના અદ્‌ભુત દેદાર દેખ્યા. આશ્ચર્યકારી એમની મુદ્રા હતી. એનું રૂપ ને એમના મુખ ઉપરની વીતરાગતા કોઈ અલૌકિક હતા. એ અચિંત્ય શક્તિવંત બાહુબલીનાથના અદ્‌ભુત વૈરાગ્યદેદારના દર્શનથી ગુરુદેવને ઘણો જ આહ્‌લાદ થયો હતો; અને ગુરુમુખે એનું વર્ણન સાંભળીને ભક્તજનોને પણ ખૂબ હર્ષ થયો.

ગુરુદેવ અવારનવાર સ્વપ્નમાં અપૂર્વભાવસૂચક સ્વપ્નો જુએ છે,—કોઈમાં ભૂતકાળના ભણકારા હોય છે, તો કોઈમાં ભવિષ્યની આગાહી હોય છે; ને કોઈવાર વર્તમાન અધ્યાત્મનું જે ઘોલન ચાલતું હોય તે સ્વપ્નમાં ફરીને તાજું થાય છે. ઘણાં વર્ષો પહેલાંના એક સ્વપ્નામાં ગુરુદેવે છઠ્ઠ-સાતમના કેટલાય ચંદ્રમાથી ભરેલું આકાશ જોયું હતું.-તેને ઘણીવાર યાદ કરીને ગુરુદેવ કહે છે કે જાણે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનરૂપ મુનિદશા સૂચવતું હોય–એવું એ મંગલ સ્વપ્ન હતું. બીજા એક સ્વપ્નામાં સિદ્ધાન્તસૂત્રો લખેલાં મોટાં મોટાં પાટિયાં આકાશમાંથી ઊતરતાં જોયેલાં,–તે જિનવાણીની પ્રાપ્તિ અને શ્રુતજ્ઞાનની અતિશયતાનું સૂચક હતું. આ ઉપરાંત, જાણે પોતે કોઈ રાજકુમાર હોય એવા વારંવાર ભણકાર આવતા,–જે સ્પષ્ટપણે પૂર્વભવના સૂચક હતા; પણ તે વખતે એની ખબર ન હતી; પાછળથી જાતિસ્મરણજ્ઞાનના પ્રસંગે

બનતાં એ બધું સ્પષ્ટ થયું, ને બધી સંધિ મલી ગઈ કે પોતે પૂર્વભવે વિદેહમાં એક રાજકુમાર હતા–તેના એ ભણકાર હતા. વીર સં. ૨૪૮૭ ના જેઠમાસમાં ગુરુદેવે કોઈ એક મુનિરાજને સ્વપ્નમાં જોયા. જાણે કોઈ મુનિરાજ દર્શન દેવા પધાર્યા છે. મુનિરાજના અદ્દભુત આશ્ચર્યકારી દર્શનથી ગુરુદેવને અપાર પ્રમોદ થયો. (એ દશ્યની થોડીક યાદી સુવર્ણ-સંદેશના ૩૨ મા અંક ઉપર છે.) એ વખતે પ્રવચનમાં અષ્ટપ્રાભૃતમાંથી મુનિદશાના અપાર મહિમાનું વર્ણન ચાલતું હતું, ને તેમાં વળી સ્વપ્નદ્વારા મુનિરાજે દર્શન દીધાં,—પછી તો પૂછવું જ શું! પ્રવચનમાં મુનિમહિમાનો જે ધોધ વહ્યો તેમાંથી થોડાંક ટીપાં નમૂનારૂપે જોતાં તેનો ખ્યાલ આવશે; ગુરુદેવ કહેતા—

- અહા, મુનિરાજ એ તો અરિહંતના પુત્ર છે; અરિહંતના યુવરાજ છે.
- મુનિને તો જિનતુલ્ય સમજીને તેનું પરમ બહુમાન અને આદર કરવા યોગ્ય છે.
- મુનિદશા એટલે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની વીતરાગી દશા.
- મુનિ તો સહજ સ્વરૂપની નિર્વિકલ્પ શાંતિમાં ઝૂલતાં ઝૂલતાં સિદ્ધપદને સાધી રહ્યા છે.
- ચૈતન્યનિધાનને ખોલવા નીકળેલો સાધુ જગતના નિધાનમાં લોભાતો નથી.

–આમ હજારો પ્રકારે મુનિદશાનો સાચો મહિમા ગુરુદેવના મુખે સાંભળીને તીવ્ર ભક્તિપૂર્વક એવા મુનિરાજના દર્શનની તાલાવેલી જાગતી હતી. ગુરુદેવ પોતે ઘણીયેવાર મુનિદર્શનની ઝંખના વ્યક્ત કરે છે.—પણ અંતે કુંદકુંદાદિ મુનિભગવંતોની સ્મૃતિથી જ સંતોષ માનવો પડે છે; ને તેમની વાણીને જ મુનિસમાન સમજીને પરમ આદરથી એમના અંતરના ભાવોનું વધુ ને વધુ ઊંડું મનન કરવામાં ઉપયોગ લગાવે છે.

૨૦૨૧ ના માહ માસમાં ગુરુદેવે મધ્યપ્રદેશનો ૨૫ દિવસનો પ્રવાસ કર્યો, તેમાં ભોપાલ, ઇન્દોર, ઉજ્જૈન, મક્ષી–પાર્શ્વનાથ અને મલ્હારગઢ વગેરે સ્થાને થઈને ફાગણ સુદ એકમે સોનગઢ પધાર્યા. આ પ્રસંગે ભોપાલ અને ઉજ્જૈનમાં જિનબિંબની વેદીપ્રતિષ્ઠા થઈ. મલ્હારગઢમાં પણ ગુરુદેવ પધારતાં ધાર્મિકમેળા જેવો ભવ્ય ઉત્સવ થયો,–જંગલમાં મંગલ થયું.

જયપુરના પંડિતથી ટોડરમલ્લજી રચિત મોક્ષમાર્ગપ્રકાશક ગુરુદેવનું એક અતિપ્રિય શાસ્ત્ર છે, અનેકવાર તેના ઉપર પ્રવચનો થયાં છે; અને નિશ્ચય-વ્યવહારનાં રહસ્યો સંબંધી પં. ટોડરમલ્લજીએ જે સ્પષ્ટીકરણ કર્યું છે તેને માટે ગુરુદેવ કહે છે કે જૈન શાસ્ત્રોના અર્થો ઉકેલવાની એ ચાવી છે. ઘણા પ્રકારે પંડિતજીનો મહિમા ગુરુદેવે પ્રસિદ્ધ કર્યો ને તેનો

ખૂબ પ્રચાર થયો; તેને પરિણામે જયપુરમાં લાખો રૂા. ના ખર્ચે વિશાળ 'પં. ટોડરમલ્લજી સ્મારકભવન' બંધાવવાનું શેઠશ્રી પૂરણચંદજી ગોદિકાએ નક્કી કર્યું, અને સં. ૨૦૨૧ ના મહા વદ પાંચમે તેનું શિલાન્યાસ ભાઈશ્રી ખીમચંદ જે. શેઠના હસ્તે થયું. ૨૦૦ વર્ષ પહેલાં પં. શ્રી ટોડરમલ્લજીએ પ્રસિદ્ધ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' તે જ દિવસે લખી હતી. આ ચિઠ્ઠી ઉપર ગુરુદેવનાં અદ્ભુત ભાવભીનાં અનુભવપ્રધાન પ્રવચનો થઈ ગયા છે ને 'अध्यात्मसन्देश' નામના પુસ્તકરૂપે પ્રકાશિત થયા છે—જે સ્વાનુભવના પ્રયત્ન માટે દરેક જિજ્ઞાસુને ખાસ મનનીય છે.

## રાજકોટ શહેરમાં
## પંચકલ્યાણક-પ્રતિષ્ઠા અને જન્મજયંતિના ઉત્સવો

રાજકોટ શહેરમાં સીમંધરપ્રભુના સમવસરણની તથા બાવન ફૂટ ઊંચા માનસ્તંભની રચનાનું કાર્ય પૂરું થયું હતું, તેમ જ ત્યાંના સંઘની ભાવના ગુરુદેવનો જન્મોત્સવ પોતાના આંગણે ઊજવવાની હતી; તેથી ગુરુદેવ સં. ૨૦૨૧ ચૈત્ર સુદ ૧૩ (તા. ૧૩-૪-૬૫) ના રોજ રાજકોટ પધાર્યા. ૭૬ મા જન્મોત્સવનિમિત્તે રાજકોટ પધારેલા ગુરુદેવનું ૭૬ મંગલ-કલશ સહિત ભવ્ય સ્વાગત થયું.-ત્યારે ગુરુદેવે શુદ્ધાત્માનું અને સિદ્ધભગવંતોનું સ્વાગત કરતાં મંગલાચરણમાં કહ્યું કે: હે પ્રભો! મને આપનો રંગ લાગ્યો, ને હું શુદ્ધાત્માને સાધવા માટે જાગ્યો, તેમાં હવે ભંગ પડવાનો નથી. જેવા તીર્થંકરો છે તેવો જ હું છું-એમ પ્રતીત કરીને શુદ્ધ આત્મા સિવાય બીજાને મનમાં લાવું નહીં,-એવી અમારી ટેક છે. આમ ઓળખાણપૂર્વક હે નાથ! હું આપનું મંગલ સ્વાગત કરું છું. હે સિદ્ધભગવંતો! મારા જ્ઞાનમાં આપને પધરાવીને હું સ્વાગત કરું છું, એટલે કે જ્ઞાનને શુદ્ધાત્મા તરફ વાળીને આપનું સ્વાગત કરું છું. આમ સાધક અને સિદ્ધના ઉમંગભર્યા સ્વાગતથી સૌ આનંદિત બન્યા. મહાન ઉત્સવોની જોસદાર તૈયારીઓ થવા લાગી; જિનમંદિરની સામે જ 'સીમંધરનગર'ની રચના થઈ ગઈ. ચૈત્ર સુદ પૂનમના રોજ પૂ. ગુરુદેવ જામનગર મુરબ્બીશ્રી વીરજીભાઈ વકીલને દર્શન દેવા પધાર્યા હતા. ચૈત્ર વદ પાંચમે શ્રીમદ્‌રાજચંદ્રજીના સમાધિસ્થાનની પણ મુલાકાત લીધી હતી ને ત્યાં શ્રીમદની જ્ઞાન-વૈરાગ્યદશાના મહિમાપૂર્વક 'અપૂર્વ અવસર' દ્વારા પરમપદપ્રાપ્તિની ભાવના ભાવી હતી. ચૈત્ર વદ છઠ્ઠે 'બાલાશ્રમ'ની મુલાકાત લીધેલી, ત્યાં બે-ચાર દિવસના બાળકથી માડીને પંદર વર્ષ સુધીનાં સેંકડો નિરાધાર બાળકોને જોતાં ગુરુદેવે લાગણીથી કહ્યું કે અરે, સંસારની આ સ્થિતિ વિચારતાં તો વૈરાગ્ય આવી જાય તેવું છે. જ્યાં જન્મ દેનારા માતા પિતા પણ શરણ નથી થતા એવો આ અશરણ સંસાર! તેમાં આત્માની ઓળખાણ ન કરે ત્યાં સુધી જીવની આ જ સ્થિતિ છે. ત્યાંનાં એ 'અનાથ' બાળકોને ગુરુદેવે પ્રેમભર્યો બાલોપયોગી ઉપદેશ આપ્યો હતો

ને તેમને માટે 'જૈનબાળપોથી' આપવામાં આવી હતી.

તા. ૨૨-૪-૬૫ના રોજ, સમ્મેદશિખરજી તીર્થધામ સંબંધમાં દિગંબર જૈનસમાજના સંપૂર્ણ હક્કોની રક્ષા થાય, ને સમગ્ર જૈનસમાજ હળીમળીને રહે-તે બાબતમાં રાજકોટ અને સૌરાષ્ટ્રના સમસ્ત દિગંબર જૈનસમાજ તરફથી એક ઠરાવ કરવામાં આવ્યો હતો. -આ જ અરસામાં દિલ્હી પાટનગરમાં એક લાખ જેટલા દિગંબર જૈનોનું સરઘસ વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીજીને મળ્યું હતું, ને સમાજની લાગણીઓ વ્યક્ત કરી હતી.

રાજકોટમાં એકકોર સીમંધરનગરમાં સીમંધરનાથનો સન્દેશ હજારો શ્રોતાઓને ગુરુદેવ સંભળાવતા હતા, તો સામે આરસના સમવસરણ અને માનસ્તંભની બાકીની રચનાઓ પૂરી કરવા ઝડપભેર કામ ચાલતાં હતાં, ને સાથે સાથે પંચકલ્યાણક ઉત્સવની તૈયારીઓ ચાલતી હતી....પરંતુ એ બધાની તૈયારી થાય ત્યારપહેલાં તો વૈશાખસુદબીજ ઊડતી ઊડતી રાજકોટમાં આવી પહોંચી ને કહાનજન્મની મીઠી વધાઈ લેતી આવી. એકાએક ઘંટનાદથી પાટનગરના પ્રજાજનો ઝબકીને જાગી ઊઠ્યા. આજના પ્રવચનમાં બીજનું દૃષ્ટાંત આપીને ગુરુદેવે બોધીબીજનો મહિમા સમજાવ્યો. હજારો ભક્તોએ જન્મોત્સવની ખુશાલી વ્યક્ત કરી. ૭૬ દીપકોથી જિનદેવની આરતી થઈ; બાલિકાઓએ ગુરુજન્મનું 'આનંદ નાટક' કર્યું. આ રીતે ગુરુદેવનો જન્મોત્સવ ઊજવીને સૌરાષ્ટ્રનું પાટનગર ધન્ય બન્યું.

વૈશાખ સુદ ૧ થી ૧૨ સુધી પંચકલ્યાણક પ્રતિષ્ઠાની વિધિ થઈ; કલ્યાણકનાં એ પાવન દૃશ્યો જોઈને ધર્મપ્રેમી જનતા આશ્ચર્યમુગ્ધ બની. વૈશાખ સુદ બારસે તો એ સમવસરણ સીમંધરનાથ વડે શોભી ઊઠ્યું. અહા! સાધકોના પ્રતાપે આ ભરતક્ષેત્રમાં પણ સીમંધરનાથનું સમવસરણ આવ્યું.—એક રીતે જોઈએ તો વિદેહના સમવસરણમાં સીમંધરપ્રભુ બોલે છે ને ભરતના સમવસરણમાં મૌન બેઠા છે,-એટલો જ ફેર છે ને!-પરંતુ બીજી રીતે જોઈએ તો, સીમંધરનાથ વિદેહમાં જે ઉપદેશ આપી રહ્યા છે તે ઉપદેશ સાક્ષાત્ સાંભળીને તેનો સાર કહાનગુરુદ્વારા આપણને ભરતમાં પણ મળી જ રહ્યો છે. અને ત્રીજી રીતે જોઈએ તો કહાનગુરુના હૃદયમાંથી જ એક ભાવિતીર્થંકરનો દિવ્ય નાદ નીકળી રહ્યો છે.—વાહ, કેવું મધુર છે ગુરુદેવનું જીવન! ને કેવા મધુર છે એનાં અતીત-અનાગતનાં સંભારણાં!

સમવસરણમાં અને માનસ્તંભમાં ગુરુદેવે ઘણા ભક્તિભાવે સીમંધરપ્રભુની પ્રતિષ્ઠા કરી, હજારો ભક્તો આનંદપૂર્વક એ સાધ્ય-સાધકનું મિલન નીહાળી રહ્યા. સમવસરણમાં કુંદકુંદાચાર્યદેવની પણ સ્થાપના કરી. ગુરુદેવના પ્રભાવથી આ પંદરમો પંચકલ્યાણકમહોત્સવ થયો હતો. પ્રતિષ્ઠા પછી બીજે દિવસે (વૈ. સુદ તેરસે) ગુરુદેવ સોનગઢ પધાર્યા, અને ભરઉનાળામાં તત્ત્વપિપાસુઓ માટેની પરબ ફરીને ચાલુ થઈ.

આ વર્ષની શ્રાવણ વદ બીજે પૂ. બેનશ્રી ચંપાબેનના મંગલ જન્મદિવસે સભામાં પૂ. ગુરુદેવના શ્રીમુખથી હાર્દિક પ્રમોદભર્યા ઉદ્‌ગારો સાંભળીને સભાજનો અતિ હર્ષિત થયા;–એ સુવર્ણ પ્રસંગના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે; તે ઉદ્‌ગારો અક્ષરશઃ લખાયેલા છે, ને અહીં આપવાનું મન થાય છે, પરંતુ તેઓશ્રીને પોતાની પ્રસિદ્ધિ પ્રત્યેની અત્યંત ઉદાસીનતાને કારણે તે મુલતવી રાખવું પડે છે. તેમનું ચાર ભવનું જાતિસ્મરણજ્ઞાન તેમ જ અનુભવજ્ઞાન વગેરેની પ્રસિદ્ધિ બાબત એકવાર ગુરુદેવે સહેજ વિચાર બતાવ્યો ત્યારે તેમણે સહજભાવે કહ્યું કે 'ગુરુદેવ! એ બધો તો આપનો પ્રતાપ છે; બહાર પ્રસિદ્ધિનું શું કામ છે?' ગુરુદેવ કોઈવાર આ પ્રસંગ યાદ કરીને એમની ગંભીરતાનો મહિમા બતાવે ત્યારે સાંભળનાર આશ્ચર્ય પામે છે. ગુરુદેવ ઘણીવાર કહે છે કે આવાં બે બહેનો પાક્યાં છે તે મંડળની બહેનોનું મહા ભાગ્ય છે.

શ્રી જૈન સ્વાધ્યાય મંદિરના ટ્રસ્ટના નિવૃત્તપ્રમુખ મુરબ્બીશ્રી રામજીભાઈ માણેકચંદ દોશીએ આ સંસ્થાની શરૂઆતથી જ જે સેવાઓ કરી છે, ને પચીસેક વર્ષ સુધી સંસ્થાના પ્રમુખપદે રહીને સંસ્થાનો જે વિકાસ કર્યો છે, તે બદલ તેમના ૮૩ મા જન્મદિવસે (ભાદરવા સુદ ચોથે) તેમના સન્માનનો એક મેળાવડો યોજવામાં આવ્યો હતો; અને પ્રમુખશ્રી નવનીતલાલભાઈની પ્રેરણાથી આ નિમિત્તે સાહિત્યપ્રચાર માટે એક લાખ રૂા. જેટલું ફંડ મુમુક્ષુઓમાંથી ભેગું થયેલ હતું. તે રકમમાંથી પચાસેક હજારના ખર્ચે સોનગઢમાં સ્વાધ્યાય-મંદિરના ચોકમાં એક 'કુંદકુંદકહાનજૈનસરસ્વતીભવન' બંધાયેલ છે; તેનું ઉદ્‌ઘાટન ૨૦૨૨ ના ભાદરવા સુદ ચોથે જૈનસમાજના આગેવાન શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહુ (કલકત્તા)ના હસ્તે થયું.

'આત્મધર્મ' માસિક–કે પહેલેથી જેના સંપાદક મુરબ્બીશ્રી રામજીભાઈ હતા, તેનો વધુ ને વધુ વ્યવસ્થિત વિકાસ થાય તે હેતુથી માનનીય પ્રમુખશ્રીએ બ્ર. હરિભાઈને તેનું સંપાદન સોંપ્યું. અને ગુરુદેવની કૃપાદૃષ્ટિ ઝીલીને આત્મધર્મનો વધુ ને વધુ વિકાસ થવા લાગ્યો. આત્મધર્મની રજતજયંતીના વર્ષમાં તેનો ૩૦૦ મો અંક વાંચીને અત્યંત પ્રમોદપૂર્વક ગુરુદેવના હૃદયમાંથી જે ઉદ્‌ગારો નીકળ્યા તે સાંભળતાં ગુરુદેવના મહાન અનુગ્રહનો ખ્યાલ આવતો હતો. આત્મધર્મનો હંમેશાં એક જ ઉદ્દેશ છે કે આત્મહિતકારી પરમસત્ય ઉપદેશ ગુરુદેવ આપણને સંભળાવી રહ્યા છે તે સર્વે જિજ્ઞાસુઓ સુધી પહોંચે, અને ગુરુદેવનો સત્યમહિમા જીવોને લક્ષગત થાય. આ ઉદ્દેશ સફળ થયો છે ને હજારો જિજ્ઞાસુઓ તેનો લાભ અત્યંત પ્રેમથી લઈ રહ્યા છે. ગુરુદેવદ્વારા થઈ રહેલી મહાન પ્રભાવનામાં 'આત્મધર્મ' પણ તેનું એક અંગ બની ગયું છે. એના 'બાલવિભાગ' દ્વારા હજારો બાળકોમાં નાનપણથી જ ધર્મના ઊંચા સંસ્કાર રેડાઈ રહ્યા છે. અઢી હજાર જેટલા એના સભ્યોમાંથી

મોટા ભાગના સભ્યો હંમેશાં જિનેન્દ્રદેવનાં દર્શન કરે છે, રાત્રિભોજન છોડી દીધું છે, સિનેમા જોતા નથી, રોજ તત્ત્વનો અભ્યાસ કરે છે, ને જૈનશાસનની સેવા કરવા માટે ખૂબ આતુર છે. પોતાને 'જિનવરના સન્તાન' કહેતાં તે ગૌરવ અનુભવે છે. એક તરફ ગુરુદેવના પ્રતાપે શ્રુતનાં મહાન રહસ્યો ખૂલતાં ગયાં ને વધુ ને વધુ શ્રુતપ્રભાવના થતી ગઈ, તો બીજી તરફથી બરાબર એ જ અરસામાં, પૂર્વના વીતરાગી સન્તોએ ગૂંથી રાખેલું દિવ્યધ્વનિ સાથે સંધિવાળું શ્રુત પણ ભંડારોમાંથી બહાર આવ્યું ને પુસ્તકોરૂપે છપાઈ-છપાઈને ગુરુદેવના હાથમાં આવવા લાગ્યું; એ વાંચીને ગુરુદેવ અત્યંત પ્રમોદિત થતા, ને તેમાંથી કોઈ અવનવા અપૂર્વ ન્યાયો જ્યારે પ્રવચનમાં કહેતા ત્યારે શ્રોતાજનો પણ ખૂબ ઉલ્લસિત થતા, અને અત્યંત બહુમાનથી એવી ભાવના થતી કે અહા, તીર્થંકરની એ દિવ્યધ્વનિ કેવી હશે! ને એનું રહસ્ય ઝીલનારા વીતરાગી સન્તો કેવા હશે! એમના પ્રત્યે પરમ ભક્તિથી હૃદય નમી પડતું. વિનયવાન શિષ્ય મતિજ્ઞાનના બળથી કેવળજ્ઞાનને બોલાવે છે; મતિજ્ઞાન તે કેવળજ્ઞાનનો અંશ છે; અંશદ્વારા પૂર્ણની પ્રત્યક્ષતા થાય છે; વસ્તુ પોતે પોતાના વિશેષ અંશરૂપે પરિણમે છે, તે વિશેષ પરમાંથી આવતું નથી; મુનિવરોને નિશ્ચય પ્રત્યાખ્યાનમાં આહારાદિની વૃત્તિનો પણ ત્યાગ,—વગેરે અનેક વિષયોનું રોમાંચકારી વર્ણન ષટ્ખંડાગમ વગેરેમાંથી અવારનવાર ગુરુદેવ પ્રવચનમાં કહે છે. ગુરુદેવ કહે છે કે ભગવાનની સીધી વાણી આ શાસ્ત્રોમાં ગૂંથાયેલી છે. આનાથી વિરુદ્ધ બીજા લોકોએ ભગવાનના નામે શાસ્ત્રો બનાવ્યાં છે, પણ એ ભગવાનની વાણી નથી. આમાં ભગવાનની વાણી ભવના અંતનો ભણકાર કરતી આવે છે. એ જ રીતે પર્યુષણ વગેરે પ્રસંગે દસલક્ષણધર્મ વગેરેનું સ્વરૂપ અનેરી શૈલીથી સમજાવીને ગુરુદેવ જૈનધર્મનું ખરું હાર્દ સમજાવે છે. મહાવીરજયંતી જેવા પ્રસંગે ગુરુદેવ પ્રવચનમાં કહે છે કે ભગવાન મહાવીર શરીરમાં જન્મ્યા જ નથી, શરીરપણે તે ઊપજ્યા જ નથી, એ તો એમની નિર્મળ જ્ઞાનપર્યાયોપણે જ ઊપજે છે.—એવી પર્યાયમાં વર્તતા આત્મા તરીકે જે ભગવાનને ઓળખે તેણે ખરા મહાવીર ભગવાનને ઓળખ્યા છે. દીપાવલી પ્રસંગે ભગવાનના મોક્ષનો અપાર મહિમા કરીને સાથે સાથે કહેશે કે-ભાઈ, જેવા નિધાન ભગવાન પાસે છે તેવા જ નિધાન તારા આત્મામાં ભર્યા છે, તેને તું ઓળખ, તો તારામાં પણ આવી મોક્ષદશા પ્રગટે.

કેવી અપૂર્વ રજૂઆત! મુમુક્ષુઓ તો નિજનિધાન સાંભળતાં રાજી રાજી થઈ જાય છે. આત્માને સાધવા માટે ગુરુદેવની આવી વાણી મુમુક્ષુને શૂરાતન ચડાવે છે. ગુરુદેવ ઘણીવાર કહે છે કે શુદ્ધાત્માને ધ્યેય બનાવીને ધર્મી જીવોનો સંઘ મોક્ષપુરીમાં ચાલ્યો જાય છે.—હે જીવ! તું પણ એમાં ભળી જા! સ્વાનુભવીની અંદરની જ્ઞાનચેતનાનું સ્વરૂપ અને તે અંગે થયેલી ચર્ચા ગુરુદેવ કોઈવાર કહે છે તે ચર્ચા જ્ઞાનીનું સાચું હૃદય સમજાવનારી છે. ( આત્મ-

ધર્મ અંક ૨૬૬, પૃ : ૪૫ માંથી એ વાંચવા-વિચારવા જિજ્ઞાસુઓને ભલામણ કરીએ છીએ.) ખરેખર, અનુભવના ઊંડાણમાંથી અધ્યાત્મરસનું મધુર ઝરણું ગુરુદેવ સદા વહેવડાવી રહ્યા છે. તેનું રસપાન કરતાં એમ લાગે છે કે અહા, **જાણે કે કોઈ બીજા જ અગમ્ય દેશમાં વિચરતા હોઈએ,** ને આ સંસારથી દૂર દૂર ક્યાંક ચાલ્યા ગયા હોઈએ.

મધ્યપ્રદેશમાં ગુરુદેવનો વિહાર થયા પછી ઉજ્જૈન, ભોપાલ, ઈન્દોર, ગુના, અશોકનગર વગેરે અનેક શહેરોના મુમુક્ષુમંડળમાં વિશેષ જાગૃતિ આવી, અને 'મધ્યપ્રાંતીય મુમુક્ષુમંડળ' સં. ૨૦૨૨ માં સ્થપાયું; તેના દ્વારા જૈનશિક્ષણ શિબિર વગેરે યોજનાઓ વડે તત્ત્વજ્ઞાનનો સારો પ્રચાર થાય છે. એનું ઉદ્‌ઘાટન મધ્યભારતના પ્રધાનશ્રી મિશ્રિલાલજી ગંગવાલે કર્યું હતું; તેમને ગુરુદેવ પ્રત્યે ઘણો આદર છે, ને ગુરુદેવ ભોપાલ પધાર્યા ત્યારે તેમને ત્યાં જ ઉતારો હતો. ભારતના મોટાભાગમાં ગુરુદેવના પ્રવાસ દરમિયાન ઠેર ઠેર ઊમટેલી જૈન-મેદની નજરે જોતાં, આ લેખકનું દૃઢ અનુમાન છે કે ભારતમાં જૈનોની વસ્તી એક કરોડ જેટલી હશે.

સં. ૨૦૨૨ ના પોષમાસમાં એવો યોગાનુયોગ બન્યો કે અહીં સોનગઢમાં ગુરુદેવને એક સ્વપ્ન આવ્યું જેમાં વીરજીભાઈ દેવલોકમાં દેખાયા; તે જ વખતે જામનગરમાં પથારીવશ વીરજીભાઈએ ગુરુદેવના દર્શનની ઇચ્છા વ્યક્ત કરી.—આથી ગુરુદેવ જામનગર તેમને દર્શન આપવા ગયા હતા. એ પ્રસંગે જામનગરમાં કેટલાય જિજ્ઞાસુઓએ ગુરુદેવના પ્રવચનનો લાભ લીધો હતો.

આ ફાગણ સુદ બીજે સોનગઢ-જિનમંદિરમાં સીમંધર ભગવાનની પ્રતિષ્ઠાના પચ્ચીસ વર્ષની પૂર્ણતાનો મહાન રજતજયંતી-ઉત્સવ ઉજવાયો હતો. આમ તો પ્રતિષ્ઠાનો એ દિવસ દરવર્ષે આઠ દિવસ સુધી બહેનોમાં ગીત-ભક્તિપૂર્વક ઉજવાય જ છે, પણ આ રજતજયંતીના ઉત્સવનો ઉલ્લાસ અદ્‌ભુત હતો. પચીસ વર્ષ પહેલાં બંધાયેલું ૩૫ ફૂટ ઊંચું જિનમંદિર પચીસ વર્ષમાં તો ૭૫ ફૂટ ઊંચું થઈ ગયું,-જાણે કે ગુરુદેવની પ્રભાવનાવૃદ્ધિ સાથે તે પણ વધવાની હરીફાઈ કરતું હોય! મંદિરની અંદર સુંદર પૌરાણિક ચિત્રો દીવાલમાં કોતરેલાં છે.-અને સીમંધર ભગવાનની શોભા તો એવી અદ્‌ભુત છે કે જેવી અદ્‌ભુત સાધકની પરિણતિ! સોનગઢમાં આવીને એકવાર પણ એ દિવ્યપ્રભુની પ્રશાંત મુદ્રા જોનાર જીવનભર એને ભૂલતા નથી. સાધકસન્તોદ્વારા હંમેશાં જેમનું સ્તવન થતું હોય-એ સાધ્યના મહિમાની શી વાત! અહા, ઉત્સવ વખતે રથયાત્રામાં ચાંદીના રથમાં સીમંધર ભગવાનના સારથિ તરીકે ગુરુદેવ બેઠા હતા.-ખરું જ છે, આજે આ ભારતમાં જિનનો રથ તો તેઓ જ ચલાવી રહ્યા છે ને!! **'जिन' અને जिनका ભક્ત कानजी**—એ બંનેને રથારૂઢ દેખીને ભક્તો




બહુ જ પ્રસન્ન થતા હતા. (અગાઉ ઉજ્જૈન અને ભોપાલમાં પણ જિનરથના સારથિ તરીકે ગુરુદેવ બેઠા હતા.) સીમંધરનાથ પ્રભુજીના પ્રતાપે ભારતમાં આજે મહાન ધર્મપ્રભાવના થઈ રહી છે, તેમના પ્રતિનિધિ કહાનગુરુ તેમની પાસેથી અહીં આવીને તેમના શાસનને શોભાવી રહ્યા છે.

સીમંધરપ્રભુની પ્રતિષ્ઠાની રજતજયંતી પછી તુરત ગુરુદેવની ૭૭ મી જયંતી પણ આવી પહોંચી. સોનગઢમાં આ જન્મજયંતી પાંચ વર્ષ બાદ ઉજવાતી હોવાથી નવા જ ઉલ્લાસથી ઉજવાઈ હતી. તે નિમિત્તે સિદ્ધચક્રમંડલવિધાન પૂ. બેનશ્રી–બેન તરફથી થયું હતું. સવારમાં સીમંધરનાથના દર્શન કરીને, ૭૭ કમાનોવાળા આમ્રફળોથી ઝૂલતા મંગલમંડપમાં થઈને ગુરુદેવ મંગલમંડપમાં પધાર્યા,–તે મંડપની છતમાં ચામર-છત્ર વગેરે ૭૭ મંગલવસ્તુઓ ઝૂલતી હતી; ૭૭ કળશ, ૭૭ સ્વસ્તિક અને ૭૭ દીપકોની હારમાળા શોભતી હતી, મંડપ વચ્ચે સુંદર ધર્મચક્ર ફરતું હતું. બીજના દિવસની સવારના પાંચ વાગે કહાનજન્મની મંગલ-વધાઈથી આખું સોનગઢ ગાજી ઊઠ્યું, ઘંટનાદ ને વાજિંત્રો વાગવા માંડ્યાં. હજારો ભક્તોએ

હૈયાના ઉમંગથી ગુરુદેવની જન્મજયંતી ઊજવી. જિનવાણીની અદ્‌ભુતરથયાત્રા ચાંદીના રથમાં નીકળી,-એના સારથી તરીકે કોણ બેઠું હશે, કહો જોઈએ? જિનવાણીના રણકાર જેના હૃદયમાં ગુંજે છે એવા ગુરુદેવ એના સારથિ હતા. મંગલપ્રભાતમાં 'આજ મારે સોના સમો રે સૂરજ ઊગિયો'-એમ બહેનો ગાતાં હતાં, ત્યારે પ્રવચનમાં એ વાત યાદ કરીને ગુરુદેવે એમ ગાયું કે—

મારા અંતરમાં સ્વસંવેદનથી ચૈતન્યસૂર્ય ઊગિયો જી....
ચેતનના અંતરમાં સ્વસંવેદનથી સમક્તિસૂરજ ઊગિયોજી....

—આમ અદ્‌ભુત સુપ્રભાત એ દિવસે ખીલ્યું હતું. અહા, આરાધક જીવનો જન્મ એ જ ખરો જન્મ છે-એમ આ જન્મોત્સવ જોતાં ખ્યાલ આવતો હતો. દેશોદેશના ભક્તો તરફથી ૨૦૦ જેટલા અભિનંદન સંદેશાઓ આવ્યા હતા. સોનગઢ ઉપરાંત ભારતનાં મોટાં-નાનાં અનેક શહેરોમાં પણ દરવર્ષે ગુરુદેવનો મંગલજન્મોત્સવ આનંદથી ઉજવાય છે.

આ જન્મોત્સવ પ્રસંગે ગુરુદેવની પાસે અવનવી વાતો સાંભળવા મળી તેમાંથી થોડાક પ્રસંગોનો અહીં ઉલ્લેખ કરીશું—

● ગુરુદેવે કહ્યું કે-શ્રુતજ્ઞાનીના હૃદયમાં સર્વજ્ઞ-તીર્થંકર બિરાજે છે એ વાત ઘણાં વર્ષો પહેલાં પહેલીવાર સાંભળી ત્યારે મને ખૂબ ગમી ગઈ; વાહ! જ્ઞાનીના હૃદયમાંથી તીર્થંકરભગવાન બોલે છે! જેના હૃદયમાં સર્વજ્ઞ બિરાજે છે એને અનંત ભવ હોતા જ નથી, એટલે સર્વજ્ઞે પણ એના અનંત ભવ દીઠા જ નથી. સર્વજ્ઞનો નિર્ણય જે જ્ઞાને કર્યો તે જ્ઞાનમાં ભવ છે જ નહિ. સર્વજ્ઞના નિર્ણય વગર તેમની વાણીનો (શાસ્ત્રનો) નિર્ણય થઈ શકે નહિ. સર્વજ્ઞનો એટલે કે જ્ઞાન સ્વભાવનો નિર્ણય એ જૈનશાસનની મૂળવસ્તુ છે, તે જ ધર્મનું મૂળ છે.

● નાના બાળકો પણ ગુરુદેવ સાથે અવારનવાર અવનવી વાત કરતા હોય છે. એક બાળકે પૂછ્યું-ગુરુદેવ! તમે ધોળા ને હું કાળો-એમ કેમ? ગુરુદેવ કહે—ભાઈ! આત્મા કાંઈ કાળો કે ધોળો નથી. શરીર ક્યાં આત્માનું છે? હું જીવ, ને તું પણ જીવ, બંને સરખા; બસ! જીવ તો શરીરથી જુદો રંગ વગરનો, જ્ઞાનસ્વરૂપ છે.

હું કાળો નથી, હું તો આત્મા છું,-એમ જાણીને તે બાળક ખુશી થયો.

● સં. ૧૯૮૯ના માગસર સુદ દસમે ચેલા ગામે ગુરુદેવને એક સ્વપ્ન આવેલું; ગુરુદેવ તે વખતે સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા. સ્વપ્નામાં એક મોટી હૂંડી મળી, પણ તે હૂંડી

સાથે સ્વપ્નમાં એમ પણ આવ્યું કે આ હૂંડી આ દુકાને (એટલે કે જે સંપ્રદાયમાં તમે છો તે સંપ્રદાયમાં) વટાવી શકાય તેમ નથી, તે વટાવવા બીજી દુકાન શાહુકારની એટલે કે વીતરાગમાર્ગી સન્તોની શોધવી પડશે. અને, આ સ્વપ્ન પછી થોડા વખતમાં (સં. ૧૯૯૧માં) ગુરુદેવે હૂંડી વટાવીને તત્ત્વની મૂળ રકમ પ્રાપ્ત કરી.

● ગુરુદેવ કહે છે કે–

● સ્વાનુભૂતિ તે ધર્માત્માનું ખરું જીવન છે.

● સ્વાનુભૂતિ તે જ ધર્મના પ્રાણ અને ધર્મનું જીવન છે.

● સ્વાનુભૂતિને ઓળખે તો જ ધર્મીનું ખરું જીવન ઓળખાય છે.

● તારું જીવન ખરું તારું જીવન........જીવી જાણ્યું તેં આત્મજીવન.

● એકવાર (સં. ૨૦૨૨ના માગસર વદ અમાસે) ગુરુદેવે સર્વજ્ઞના મહિમા સંબંધી ખૂબખૂબ ભાવો ખોલ્યા; સર્વજ્ઞપદની ધૂનમાં તેઓ ઝૂલતા હતા, ત્યારે સર્વજ્ઞના અપાર મહિમાનું ઘોલન કરતાં કરતાં ગુરુદેવને સીમંધરનાથનું વિદેહક્ષેત્ર સાંભરી આવ્યું, ને તેમનું હૃદય પરમભક્તિથી, કંઈક વિરહની વેદનાપૂર્વક બોલી ઊઠ્યું—

હમ પરદેશી પંથી સાધુ જી....આ રે દેશકે નાંહી જી....
સ્વરૂપ સાધી સ્વદેશ જાશું રહેશું સિદ્ધપ્રભુ સાથ જી....
હમ પરદેશી પંથી સાધુ જી....

—પછી તો વિદેહક્ષેત્રની કેટલીયે વાતો યાદ કરી; ધર્માત્માઓ સાથેના કેટલાય પ્રસંગો યાદ કર્યા. ગુરુદેવ કહે છે કે અમે વિદેહમાં ભગવાન પાસે હતા ત્યાંથી અહીં આવ્યા છીએ. રામનું સોણલું ભરતને મળ્યું તેમ વિદેહથી અમે અહીં ભરતમાં આવી ગયા છીએ. અમારા ઘરની આ વાત નથી, આ તો સાક્ષાત્ ભગવાન પાસેથી આવેલી વાત છે. જેનાં મહાન ભાગ્ય હશે તે આ સમજશે.

● ઘણાં વર્ષો પહેલાં ગુરુદેવે એકવાર સ્વપ્નમાં દરિયો દેખ્યો. તેમાં અપાર મોજાં ઊછળતાં હતાં, પણ પોતાને જે તરફ જવાની ઇચ્છા થાય તે તરફના દરિયામાં વચ્ચે રસ્તો બની જાય. એ રીતે ઊછળતા દરિયા વચ્ચે પણ નિર્વિઘ્નમાર્ગ પ્રાપ્ત થઈ ગયો, કુદરતે માર્ગ કરી આપ્યો. તેમ આ પંચમકાળમાં મિથ્યામાર્ગના ઊછળતા દરિયા વચ્ચે પણ ગુરુદેવે

યથાર્થ માર્ગ શોધી કાઢ્યો ને તે માર્ગે ગમન કર્યું. જીવ તૈયાર થાય ત્યાં જગતમાં માર્ગ હાજર જ છે.

—આમ ધર્મના અવનવા મધુર સંભારણાંપૂર્વક આનંદથી વૈશાખ સુદ બીજ ઊજવી.

આ અરસામાં એક વિશેષ ઘટના એ બની કે પાંચ વર્ષની બાલિકા (વજુભાઈની પૌત્રી) રાજુલને જાતિસ્મરણજ્ઞાન હોવાની વાત પ્રસિદ્ધિમાં આવી. પૂર્વભવે (એટલે કે પાંચ જ વર્ષ પહેલાં) તે જુનાગઢમાં હતી ને તેનું નામ ગીતા હતું. તે વખતનાં તેનાં માતા અત્યારે પણ જુનાગઢમાં હયાત છે. રાજુલબેનનો પરિચય આપતાં સભામાં ગુરુદેવે કહ્યું કે આ રાજુલને તો જાતિસ્મરણમાં આ જ ક્ષેત્ર સાથેનો સંબંધ, એટલે તેના પુરાવા બહારમાં પણ બતાવી શકાય; પરંતુ બેનને તો આત્માના જ્ઞાન ઉપરાંત વિદેહક્ષેત્રસહિત ચાર ભવનું જ્ઞાન છે, તે બધું અંદરના પુરાવાથી સિદ્ધ થઈ ગયેલું છે, પણ અહીંના જીવોને તે કઈ રીતે બતાવી શકાય?

વૈશાખ સુદ બીજ પછી તરત પંદર દિવસ માટે ગુરુદેવ રાજકોટ પધાર્યા, ને વૈશાખ વદ પાંચમે પુનઃ સોનગઢ પધાર્યા. સોનગઢના શાંત-અધ્યાત્મ વાતાવરણમાં વનજંગલમાં એકવાર ફરીને ગુરુદેવને મુનિદર્શનના કોડ જાગ્યા કે અહા, કોઈ દિગંબર સંત-મુનિ અત્યારે અચાનક આકાશમાંથી ઊતરીને દર્શન આપે તો કેવું સારું! મુનિના વીતરાગી દેહાર નજરે દેખીએ, એમના મુખથી છૂટતી અધ્યાત્મની ધારા સાંભળીએ, ને એમના ચરણને ભક્તિથી સેવીએ. અત્યારે વિદેહમાં તો ઘણાય મુનિવરો છે, તેમાંથી કોઈ એકાદ મુનિરાજ આકાશ-માર્ગે પધારીને દર્શન આપો.—તે ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય!

એકવાર (વીસેક વરસ પહેલાં) બપોરના સમયે ગુરુદેવ બહાર જંગલમાં ગયેલા ત્યારે કોઈ વિચારની ધૂનમાં ને ધૂનમાં લાંબો વખત બેસી રહ્યા. ટાઈમ થવા છતાં ગુરુદેવને પાછા આવેલા ન દેખીને અહીં સ્વાધ્યાયમંદિરમાં તો કેટલાય માણસોમાં ચિન્તા થઈ પડી....ને ચારેકોર શોધખોળ થઈ પડી. અંતે એકાદ કલાકની ચિન્તા પછી, તેઓ તો પોતાની મસ્તીમાં મસ્તપણે ચાલ્યા આવતા હતા! ગુરુદેવ પગપાળા કે ડોળી મારફત વિહાર કરતા ત્યારેય કોઈવાર આવા વિચિત્ર પ્રસંગો બનતા.

સં. ૨૦૨૨ ના શ્રાવણ સુદ સાતમનો દિવસ ભારતભરમાં તેમ જ સોનગઢમાં 'સમ્મેદ-શિખર-દિન' તરીકે ઉજવાયો હતો. આ અરસામાં, સમ્મેદશિખરસંબંધમાં દિગંબર જૈન-સમાજના સંપૂર્ણ હક્કોની જાળવણી થાય તે પ્રકારના કરાર બિહાર-સરકાર સાથે થઈ ગયા હતા. શ્રાવણમાસના શિક્ષણવર્ગ દરમિયાન જયપુરથી દોઢસો જેટલા મુમુક્ષુઓ ગુરુદેવને જયપુર પધારવાની વિનતિ કરવા આવ્યા ને સોનગઢનું અધ્યાત્મવાતાવરણ દેખીને બહુ જ

પ્રસન્ન થયા. મધ્યભારતના પ્રધાનશ્રી મિશ્રિલાલજી જૈન ગંગવાલ પણ સાથે જ હતા. જયપુરમાં ફાગણમાસમાં ટોડરમલ-સ્મારક ભવનનું ઉદ્‌ઘાટન તથા તેના ચૈત્યાલયમાં સીમંધરનાથની વેદીપ્રતિષ્ઠા થવાની હોવાથી ગુરુદેવે જયપુર જવાનું સ્વીકાર્યું. ગુરુદેવના મહાન પ્રભાવનાયોગને લીધે ઉપરાઉપરી ધર્મના મંગલ પ્રસંગો નિમિત્તે વિહાર થયા જ કરે છે.

ગુરુદેવને કોઈવાર વૈરાગ્યરસની અદ્‌ભુત ખુમારી જાગી હોય ને રાત્રિચર્ચામાં તે વ્યક્ત કરતા હોય,—ત્યારે આખી સભા વૈરાગ્યના રંગથી રંગાઈ જાય છે. નાનકડા રાજકુમાર કહેતા હોય કે હે માતા! આ રાજપાટમાં ક્યાંય અમને સુખ લાગતું નથી, અમારું સુખ અમારા અંતરમાં છે. તેને સાધવા હવે અમે વનમાં જઈશું ને મુનિ થઈશું. હે માતા! તું રજા આપ. તું અમારી છેલ્લી માતા છો....હવે બીજી માતાના પેટે અવતાર નહિ કરીએ, બીજી માતાને નહિ રોવડાવીએ....' એમ કહીને કુમારો દીક્ષા લેતા હોય ને નાનકડા હાથમાં પીંછી-કમંડળ સહિત મુનિપણે વિચરતા હોય—એ દશ્યો કેવાં હશે! આવા પ્રસંગોનું તેમ જ સીતાજીના વનવાસ વગેરેનું વૈરાગ્યરસભીનું વર્ણન સાંભળતાં મુમુક્ષુને આ સંસારનો રસ તૂટી જાય છે, ને તીવ્રમાં તીવ્ર વૈરાગ્યભાવો પોષાય છે.—અહા, જાણે આજે જ એ સંયમના વીતરાગમાર્ગે ચાલ્યા જઈએ.

ઘણીવાર રાતે ચિન્તન કરતાં કરતાં જાગેલી કોઈ મીઠી ચેતન્યઊર્મિ સવારમાં ગુરુદેવ ભાવભીના ઉદ્‌ગાર વડે વ્યક્ત કરે છે. એકવાર ગુરુદેવે કહ્યું—'પ્રભુ! તું પોતે અનંત શક્તિનું ધામ છો, પછી બીજા અંતર્જલ્પ કે બહિર્જલ્પ કરવાની વૃત્તિનું શું કામ છે? બહાર જતી વૃત્તિને છોડીને, એક અનંત શાંતિમય ધામ પ્રભુ આત્મામાં જ તું લયલીન થા....એની જ પ્રીતિ કરીને એમાં જ રમ.'

સાથે સાથે એક ભગવાનની વાત પણ સાંભળો: ભગવાન તો ખરા, પણ અદ્‌ભુત ને આશ્ચર્યકારી! સ્ફટિક જેવા ઊજળા....પણ એ શેમાંથી બનેલા ખબર છે?—મીઠી સાકરના અખંડ ગાંગડામાંથી કોતરેલા એ ભગવાન ખડ્‌ગાસન હતા. સાકરના ભગવાન એટલે જાણે મીઠા અમૃતરસથી ભરેલા, અતીન્દ્રિય આનંદથી ભરેલા; ને કારીગરી તો એવી આશ્ચર્યકારી કે જાણે શાશ્વતી રત્નની મૂર્તિ હોય....ને બોલતી હોય! આવા અદ્‌ભુત એ ભગવાનને સં. ૨૦૨૩ની શરદપૂર્ણિમાની રાતે ગુરુદેવે સ્વપ્નમાં દેખ્યા. અહો, શરદપૂનમે સાકરના પ્રભુદર્શનનો એ મીઠો સ્વાદ....એ મધુર આહ્‌લાદ! એ જિનપ્રતિમાના આનંદકારી દર્શનનું વર્ણન કરતાં ઉલ્લાસપૂર્વક ગુરુદેવ કહે છે કે એ પ્રતિમાની આશ્ચર્યકારી અદ્‌ભુતતાનું વર્ણન હું વચનથી બરાબર કહી શકતો નથી. જિનગુણચિન્તનમાં દિનરાત મગ્ન રહેનારા ગુરુદેવ સ્વપ્નમાંય અવારનવાર જિનદેવને દેખે છે. એ અમૃતસ્વાદમય સાકરના

જિનપ્રતિમાનું દર્શન કોઈ મીઠા–મધુર પ્રભાવશાળી ફળની આગાહી સૂચવે છે. હે ગુરુદેવ! અમને પણ જિનમાર્ગના એ અમૃતનો મધુરસ્વાદ ચખાડો.

— અને એ સ્વપ્નનું મધુર ફળ ચાખવા માટે જ જાણે સિદ્ધભગવંતોના દેશમાં જવાનું ને સમ્મેદશિખરસિદ્ધિધામની યાત્રા કરવાનું નક્કી કર્યું. વાહ! ગુરુદેવ સાથે સંતોના ધામમાં જાશું ને ત્યાં ગુરુદેવ આપણને સિદ્ધભગવાન દેખાડશે.

પરમ સત્યતત્ત્વની ગંભીરતા અને ભારતની અત્યારની પરિસ્થિતિ જોઈને ગુરુદેવ કોઈ કોઈવાર કહે છે કે – બાપુ, આ કોઈ સાધારણ વાત નથી, આ તો સર્વજ્ઞ પરમાત્મા પાસેથી આવેલો સત્યનો પ્રવાહ છે. અહીંના જીવોના ભાગ્યે આ મહા નિધાન આવી ગયા છે. જે આ નિધાનને ઠુકરાવશે તે પસ્તાશે. મહાભાગ્યે મળેલો આ અવસર ચૂકવા જેવો નથી. જગતના કોલાહલમાં ન રોકાતાં વીરરસ પ્રગટ કરીને આત્માને સાધી લ્યો.

સં. ૨૦૨૩ માં ફરીને ગુરુદેવનો મંગલવિહાર આવ્યો. પંચકલ્યાણકો, વેદીપ્રતિષ્ઠાઓ, સમ્મેદશિખરજી વગેરે તીર્થયાત્રાઓ, તેમ જ મહાન આનંદકારી એક અણધાર્યો પ્રસંગ – એ બધા મંગલકાર્યો માટે ગુરુદેવે પોષ સુદ ૧૨ના રોજ સોનગઢથી પ્રસ્થાન કર્યું. ચાલો, આપણે પણ ગુરુદેવની સાથે જઈએ ને મંગલપ્રસંગોનું સાક્ષાત્ અવલોકન કરીને તેનો આનંદ લઈએ :

'આત્માને સાધવા માટે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે નિજકાર્ય તે મંગળ છે' – એવા મંગલઉદ્ગારપૂર્વક ગુરુદેવે પ્રસ્થાન કર્યું ને અમરાપુર ગામે પહોંચ્યા; નાનકડા ગામમાં બ્ર. તારાબેન અને તેમના કુટુંબે સત્સંગનો અનેરો લાભ લીધો. પછી લાઠી થઈને અમરેલી પધાર્યા; પૂ. શાન્તાબેનનું આ ગામ. અહીં સં. ૧૯૮૬ થી માંડીને આજસુધીના કેટલાંય જૂનાં સંસ્મરણો ગુરુદેવે યાદ કર્યાં હતાં. ત્યાંથી જસદણ પધાર્યા ને નવા જિન-મંદિરમાં વર્ધમાન જિનેન્દ્રની પ્રતિષ્ઠાનો મહોત્સવ થયો. અહીંનું રાજકુટુંબ પણ પ્રવચનનો લાભ લેતું હતું.

જસદણ પછી ગુરુદેવ આંકડિયા ગામે પધાર્યા. 'આત્મધર્મ' માસિકના પ્રકાશનનો જ્યાંથી પ્રારંભ થયેલો એવા આ નાનકડા ગામના નવા જિનમંદિરમાં પંચકલ્યાણકનો મોટો ઉત્સવ થયો. ઉત્સવમાં આખા ગામની જનતાએ ભાગ લીધો. ગ્રામ્યજનતાનો ઉત્સાહ પણ એવો કે કણબીલોકોનાં ટોળેટોળાં ગીત ગાતાં ગાતાં પ્રવચન સાંભળવા આવતાં હતાં. મંદિરનિર્માણ કરાવનાર સ્વ. શ્રી બાલચંદભાઈના બંધુ કપુરચંદભાઈ વગેરે તો આ પંચકલ્યાણકનાં દશ્યો પહેલી જ વાર નીહાળીને એવા મુગ્ધ થઈ ગયા, કે તેમણે કહ્યું–

વાહ! આ તો ભારે સરસ; હૃદય હલાવી નાંખે એવું છે. અમે આવું તો કદી જોયું ન હતું. (–ક્યાંથી જોયું હોય? પહેલાં તો સ્થાનકવાસી હતા ને?) અહીં તળાવના કિનારે ઊભા ઊભા ગિરનાર દેખાય છે, ને પંચકલ્યાણક નેમપ્રભુના જ થયા હતા. આ ઉત્સવપ્રસંગે અમરેલીના ભાવિ-જિનાલય માટે શ્રી શાંતિનાથ તથા સીમંધર ભગવાનના પ્રતિમાજીની પણ પ્રતિષ્ઠા થઈ હતી. ઉત્સવ વખતે ગામના યુવાન કણબીભાઈઓ પણ સમયસારનાં ગીત ગાતા હતા. પ્રતિષ્ઠા માહ સુદ એકમે થઈ હતી.

આંકડિયાથી અમરેલી–બરવાળા–ઉમરાળા ત્રણે ગામોથી પસાર થઈને રાણપુર તથા અમદાવાદ થઈને હિંમતનગર આવ્યા. અહીં મહાવીરનગર સોસાયટીમાં સવાલાખ રૂા. ના ખર્ચે નવું દિ. જિનમંદિર બંધાયેલ છે. અત્યંત ઉલ્લાસપૂર્ણ વાતાવરણ વચ્ચે ભવ્ય પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ થયો. હેલિકોપ્ટર-વિમાન દ્વારા પુષ્પવૃષ્ટિ પણ થઈ. આ પ્રસંગે પચીસેક હજાર માણસોનો આનંદમેળો થયો હતો. મૂળનાયક મહાવીરપ્રભુ અને ઉપર ખડ્ગાસન શાંતિનાથપ્રભુના પ્રતિમાજીથી જિનમંદિર ખૂબ શોભે છે.

હિંમતનગરના મહોત્સવ પછી અમદાવાદ થઈ, વચ્ચે એક ટંક સોનગઢમાં વિસામો લઈ ગુરુદેવ ભાવનગર પધાર્યા. ગુરુદેવે ૩૯ વર્ષ પહેલાં (સં. ૧૯૮૬ માં) ચંપાબેનને પહેલવહેલા અહીં ભાવનગરમાં જોયેલા; ને 'આ બેનનો આત્મા કોઈ અલૌકિક છે' એમ તેમને જોતાં જ થયેલું. પૂ. ચંપાબેન તો તે વખતે ૧૬-૧૭ વર્ષના જ હતા. આવા અનેક સંસ્મરણો ગુરુદેવે ભાવનગરમાં તાજાં કર્યાં હતાં. ત્યાંથી અમદાવાદ, હિંમતનગર થઈને આબુ પહોંચ્યા; પછી શિરોહી, શિવગંજ અને પાલી આવ્યા. પાલી હીરાચંદજી મહારાજનું ગામ હોવાથી અનેક પ્રસંગો ગુરુદેવ યાદ કરતા. દીક્ષા પછી એકવાર તેમણે કહેલું કે 'કાનજી! અમે તારી પાસે કામ કરાવવા તને દીક્ષા નથી આપી, પણ તું જૈનશાસનનો થાંભલો થા–એ માટે દીક્ષા આપી છે.' એ દીક્ષા તો ભલે દીક્ષાને ઠેકાણે રહી, પણ 'જૈનશાસનનો થાંભલો' થવાની આગાહી તો તદ્દન સાચી પડી.

પાલી પછી સોજત, કિસનગઢ, કુચામન થઈને વછરાજજી શેઠના લાડનૂ ગામે આવ્યા. અહીં વીસેકલાખ રૂા. ના ખર્ચે તૈયાર થયેલા સુખદેવ-આશ્રમમાં પ્રવેશતાં જ વિશાળ ચોકમાં ઊભેલા બાહુબલિભગવાન, માનસ્તંભ, અને અંદર જિનમંદિરમાં સુવર્ણબિંબ જેવા ઝગઝગતા અતિ ભાવવાહી આદિનાથ ભગવાન, આજુબાજુ ભરત – બાહુબલી, કલામય તોરણદ્વાર વગેરેનાં દર્શનથી આનંદ થાય છે. આ ઉપરાંત જમીનમાંથી નીકળેલાં બીજાં પ્રાચીન મંદિરો પણ દર્શનીય છે. આ લાડનૂશહેરમાં ૨૭ વખત તો પંચકલ્યાણક ઉત્સવો થયેલા છે. લાડનૂ પછી સીકર થઈને તા. ૬–૩–૬૭ ના રોજ જયપુરશહેરમાં પ્રવેશ કર્યો.

## જયપુરનો પ્રભાવશાળી ઉત્સવ

અહીં પાંચેક લાખ રૂા. ના ખર્ચે શેઠ શ્રી પૂરણચંદજી ગોદિકાએ ટોડરમલ્લ-સ્મારક-ભવન બંધાવેલ છે તેનું ઉદ્‌ઘાટન, તેમાં જિનબિંબની વેદીપ્રતિષ્ઠા, પં. ટોડરમલ્લજીનો દ્વિશતાબ્દી ઉત્સવ વગેરે પ્રસંગો હતા. ઉત્સવ માટે ખૂબ ઉલ્લાસ ને મોટી તૈયારીઓ હતી. એ જ સમયે કડક કરફ્યુ (ઘર બહાર નીકળવાનો કડક પ્રતિબંધ) આવી પડયો, તોપણ ઉત્સવ તો ચાલુ જ રહ્યો. ચારેકોર ભરી બંદૂક તાકીને લશ્કર ફરતું હોય તેની વચ્ચે પણ જગતમાં પરમ અહિંસાનો ધ્વજ ફરકાવનાર જિનદેવની પ્રતિષ્ઠાનો ઉત્સવ ઉજવાતો હતો, –તે દેખીને આશ્ચર્ય થાય તેવું હતું. મુલતાન નગર (કે જ્યાંના સાધર્મીઓ ઉપર પંડિતજીએ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી લખી હતી અને હાલ જે પાકિસ્તાનમાં છે) ત્યાંથી આવીને અહીં આદર્શનગરમાં રહેતા મુલતાની સાધર્મીભાઈઓની વિનતિથી ગુરુદેવે ત્યાં પ્રવચન કર્યું હતું ને ટોડરમલ્લજીનો મહિમા કર્યો હતો. આદર્શનગરમાં નવું જિનાલય બે-ત્રણ લાખ રૂા. ના ખર્ચે સુંદર બંધાયું છે. તેમાં મુલતાનથી સાથે લાવેલાં સેંકડો જિનબિંબ છે, તેનાં દર્શન કર્યાં. સોનગઢમાં જે દિવસે સીમંધરપ્રભુની પ્રતિષ્ઠા થઈ તે જ દિવસે (ફાગણ સુદ બીજે) જયપુરમાં પણ સીમંધર ભગવાનની પ્રતિષ્ઠા થઈ; ટોડરમલ્લ–સ્મારકભવનનું ઉદ્‌ઘાટન થયું; તથા, ટોડરમલ્લજી જે જિનમંદિરમાં શાસ્ત્રવાંચન કરતા તે મંદિરમાં બસો વર્ષથી કલશ–ધ્વજ ચડયા ન હતા તે પણ આજે જ ગુરુદેવના સુહસ્તે મંગલસ્વસ્તિક-પૂર્વક ચડયા; અને ત્યાં જ હજારો માણસોની સભામાં 'મોક્ષમાર્ગ એક જ છે, બે નથી'– એ વિષય ઉપર મોક્ષમાર્ગપ્રકાશકમાંથી ગુરુદેવે પ્રવચન કર્યું. અહા, કરફ્યુના બંધનમાં પડેલી જયપુરનગરી આજ કંઈક મુક્તિની હવા માણતી હતી. ટોડરમલ-સ્મારકભવનનો વિસ્તાર ૬૫૦૦૦ ચોરસફૂટ કરતાં વધુ છે; ને તેના એક કમરામાં સીમંધરભગવાનનું ચૈત્યાલય છે. શેઠ શ્રી શાંતિપ્રસાદજી શાહુની અધ્યક્ષતામાં ટોડરમલ્લ-દ્વિશતાબ્દી મહોત્સવનું ઉદ્‌ઘાટન શેઠ શ્રી નવનીતલાલભાઈએ કર્યું. ને ગુરુદેવે 'મંગલમયકરણ વીતરાગવિજ્ઞાન' એના ઉપર મંગલ-પ્રવચન કરીને વીતરાગવિજ્ઞાનનો મહિમા સમજાવ્યો. ટોડરમલ્લજી–ગ્રંથમાળાના પ્રથમ પુષ્પરૂપે મોક્ષમાર્ગપ્રકાશકની ૧૧૦૦૦ પ્રત પ્રકાશિત થઈ. જયપુર ઉત્સવ દરમિયાન ગુરુદેવ ખાનિયાજી તથા પદ્મપુરીના જિનમંદિરોનાં દર્શન કરવા ગયા હતા. સાંગાનેરનાં પ્રાચીન જિનાલયોનાં પણ દર્શન કર્યાં. સુંદરતાને લીધે દેશ-વિદેશમાં પ્રસિદ્ધ એવી આ જયપુરનગરીને ખરું ગૌરવ તો અહીંના કેટલાય જિનાલયો તથા ટોડરમલ્લજી વગેરે અનેક વિદ્વાનોએ જ આપ્યું છે. ટોડરમલ્લજીના જીવન ઉપર બાળકોનું સુંદર નાટક, તેમ જ સીતાજીના વનવાસ તથા અગ્નિપરીક્ષાનું પણ સુંદર નાટક થયું હતું. અને, જયપુર ઉત્સવના અંતિમ દિવસે ફાગણ સુદ પાંચમે મહાવીરપાર્કના પ્રવચનમાં દસેક હજાર માણસો હતા.–એ દૃશ્યો દેખીને

વિદ્વાનો પણ આશ્ચર્ય પામતા. પછી જયપુરના ઇતિહાસમાં કદાચ અભૂતપૂર્વ એવી જિનેન્દ્ર ભગવાનની રથયાત્રા નીકળી હતી; જેમાં ૧૮ હાથી હતા, કહાનગુરુ જિનરથના સારથિ હતા. અનેક વૈભવસમ્પન્ન એ રથયાત્રાને નીહાળીને લાખો લોકો આશ્ચર્ય પામતા. રાજસ્થાની ગુજરાતી–મુલતાની સૌ ભક્તો, એકબીજાની સાથે ઉમંગથી જિનભક્તિ કરતા હતા. દસ દિવસના કરફ્યુની વેદનામાંથી છૂટેલી જયપુરનગરી આ અદ્ભુત રથયાત્રા દેખીને આનંદથી પ્રફુલ્લિત બની હતી. રથયાત્રાની પૂર્ણતા થતાં અઢાર હાથીઓએ સૂંઢ ઊંચી કરીને સલામી આપી, કે બરાબર તે જ વખતે કુદરતની અમીવૃષ્ટિરૂપે આકાશમાંથી ઝરમર છાંટણા વરસ્યા. અદ્ભુત હતો જયપુરનો એ પ્રભાવશાળી ઉત્સવ.–અને એથીયે વધુ રોમાંચકારી આનંદનો પ્રસંગ હજી બીજે દિવસે બનવાનો છે.–ક્યાં? એ તો હમણાં આપ આ પુસ્તકમાં જ વાંચશો.


* * *

ફાગણ સુદ છઠ્ઠના રોજ જયપુરથી સમ્મેદશિખરજીના યાત્રાસંઘનું ૪૦૦ યાત્રિકો સહિત પ્રસ્થાન થયું. મહાવીરજીની પ્રશાંતમૂર્તિનાં દર્શન કર્યાં, અને ફાગણ સુદ સાતમે આવ્યા—બયાના શહેર.

## બયાનાશહેરમાં સીમંધર ભગવાનના દર્શનથી ગુરુદેવને અપૂર્વ ઉલ્લાસ અને ગુરુમુખથી પૂર્વભવનું આનંદકારી વર્ણન

બયાના શહેરમાં સીમંધરભગવાનના પ્રાચીન પ્રતિમાજી (સં. ૧૫૦૭ના) બિરાજે છે. પ્રતિમાજી પરના શિલાલેખમાં લખ્યું છે કે–'**पूर्व्व विदेहके तीर्थकर्ता श्री जीवन्तस्वामी श्री श्रीमंधरस्वामी।**' એ વિદેહીનાથના દર્શનથી ગુરુદેવને અલૌકિક ઊર્મિઓ જાગી, એમની સાથેના પૂર્વભવના સંબંધના સ્મરણો તાજા થયા ને પ્રવચન વખતે અત્યંત આનંદમય વાતાવરણમાં એ વાત ગુરુદેવે પ્રસિદ્ધ કરી. મંગલપ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે-અત્યારે સીમંધર ભગવાન ૂર્વવિદેહમાં તીર્થંકરપણે વિચરે છે. બે હજાર વર્ષ પહેલાં જેમની વાણી સાંભળીને કુંદકુંદાચાર્યદેવે શાસ્ત્રો રચ્યાં તે જ સીમંધરભગવાન અત્યારે પણ બિરાજી રહ્યા છે. અમારે સોનગઢમાં પણ સીમંધર ભગવાનની સ્થાપના છે, અહીં સીમંધર ભગવાનના ૫૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમાના દર્શનથી હમકો બડા પ્રમોદ આવ્યા.

આ સીમંધરભગવાન હમારા પ્રભુ હૈ, હમારા દેવ હૈ, તેમનો અમારા ઉપર મહાન ઉપકાર છે. આ પહેલાંના ભવમાં અમે તે ભગવાન પાસે હતા, પણ અમારી ભૂલના કારણે અહીં ભરતમાં આવ્યા છીએ. કુંદકુંદાચાર્યદેવ અહીંથી સીમંધરપરમાત્મા પાસે આવ્યા ને



" કુંદકુંદાચાર્ય વિદેહમાં આવ્યા ત્યારે અમે ત્યાં હતાં; આ બંને બહેનોના આત્મા પણ પુરુષભવમાં ત્યાં હતા ને તેઓ અમારા મિત્ર હતા...." –ગુરુદેવ; બયાના શહેરમાં )

ભગવાનની વાણી સાંભળી ત્યારે હમ ભી વહાં ઉપસ્થિત થે. આ દોનોં બહેનોંકા આત્મા ભી પુરુષભવમેં વહાં ઉપસ્થિત થે. ઔર વે હમારે મિત્ર થે કુંદકુંદાચાર્યકો હમને સાક્ષાત્ દેખે હૈં, વિશેષ ક્યા કહેં ? ઔર ભી બહુત ગંભીર બાત હૈ. સીમંધર પરમાત્માકા યહાં વિરહ હુઆ; યહાંકે ભગવાનકી બાત સુનકાર ઔર આજ સાક્ષાત્ દર્શન કર હમકો બહુત પ્રમોદ હુઆ. (ગુરુદેવના આ પૂર્વભવ સંબંધી દશ્ય આપ ચિત્રમાં જોઈ શકશો.)

આજે ગુરુદેવના અંતરમાં કોઈ જુદો જ ઉમળકો હતો; એટલે અંતરમાં ઘૂંટાઈ રહેલી એક અત્યંત મહત્ત્વની સોનેરી વાત જાહેર કરી....સીમંધરનાથના દર્શનથી અંતરમાં જાગેલા વિદેહક્ષેત્રના મધુર સંભારણા આજે ગુરુદેવના હૃદયમાં આનંદની ઉર્મિઓ જગાડતા હતા; ને હૃદયના ઘણા ઘણા ભાવો ખોલવાનું મન થતું હતું. પૂ. શ્રી ચંપાબેનને પૂર્વના ચાર ભવનું જાતિસ્મરણ જ્ઞાન છે અને પૂર્વભવમાં સીમંધર ભગવાન પાસે હતાં, તે વાત પ્રસિદ્ધ કરતાં અત્યંત પ્રમોદ અને પ્રસન્નતાથી ગુરુદેવે કહ્યું કે—

જુઓ, અહીં સીમંધર ભગવાન બિરાજમાન છે; સીમંધરભગવાનની અહીં સાક્ષી છે; આ ભગવાનની સાક્ષીમાં અહીં એ વાત પ્રસિદ્ધ કરું છું કે આ ચંપાબેનને (સામે બેઠેલાં છે તેમને) ચાર ભવનું જાતિસ્મરણ જ્ઞાન છે. આ બંને બહેનો (ચંપાબેન અને શાન્તાબેન) પૂર્વે મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન પાસે હતાં, ત્યાંથી અહીં આવ્યાં છે. આ બે બેનો, હું તથા બીજા એક ભાઈ હતા—એમ ચાર જીવો ભગવાનની સમીપમાં હતા, પણ અમારી ભૂલથી અમે આ ભરતક્ષેત્રમાં આવ્યા. અહીં ૫૦૦ વર્ષ પ્રાચીન સીમંધર પ્રભુ બિરાજી રહ્યા છે, તેમને દેખીને ઘણો પ્રમોદ થયો. આ પરમાત્માની સમીપમાં હું આ વાત આજે અહીં ખુલ્લી મૂકું છું કે આ બેનો ને અમે પૂર્વે સીમંધર પરમાત્મા પાસે હતા ને આ ચંપાબેનને ચાર ભવનું જ્ઞાન છે. આત્માના જ્ઞાન ઉપરાંત તેમને તો ચાર ભવનું જ્ઞાન છે. આ સીમંધર ભગવાનની સાક્ષીએ સમાજમાં આ વાત બહાર પાડી છે. અમારા ઉપર ભગવાનનો મહા ઉપકાર છે.

અહા, સીમંધર ભગવાનની સમીપમાં ગુરુદેવના આવા પરમ ભાવભીના હૃદયઉદ્‌ગાર સાંભળીને શ્રોતાજનો હર્ષાનંદમાં તરબોળ બન્યા....યાત્રામાં સૌ ધન્યતા અનુભવવા લાગ્યા. વિદેહીનાથ સીમંધરપ્રભુની ગુરુદેવે મહાન આનંદપૂર્વક યાત્રા કરાવી. એકેએક યાત્રિક બીજું બધું ભૂલીને સીમંધરનાથની ચર્ચામાં મશગૂલ હતા. બયાના નગરમાં જ્યાં જુઓ ત્યાં ગુરુદેવના આજના હર્ષોદ્‌ગારનું વાતાવરણ દેખાતું હતું. જયપુરના ભવ્ય ઉત્સવ પછી તરત આવો મહાન આનંદકારી પ્રસંગ બન્યો—એ ખરેખર સીમંધર ભગવાનના પ્રતાપે ગુરુદેવદ્વારા ભરતક્ષેત્રમાં મહાન ધર્મવૃદ્ધિ થવાનું સૂચવે છે.

સીમંધર ભગવાન...........બયાનાશહેર



'આ સીમંધર ભગવાન હમારા પ્રભુ હૈ, હમારા દેવ હૈ. તેમનો અમારા ઉપર મહાન ઉપકાર છે, આ પહેલાંના ભવમાં અમે તે ભગવાન પાસે હતા.'

જય હો જીવંતસ્વામી સીમંધરનાથનો....
જય હો સીમંધરનંદન ગુરુદેવનો........
જય હો વિદેહથી પધારેલા સન્તોનો....

* * *

આમ ઘણા જ પ્રમોદપૂર્વક ગુરુદેવે સીમંધરપ્રભુના ચરણસાન્નિધ્યમાં હૃદયના ભાવો ખોલ્યા. શ્રોતાજનોના હર્ષનો તો આજે પાર ન હતો. બયાનાની આવી આનંદકારી યાત્રાની તો કોઈને કલ્પનાય ન હતી. બયાના શહેર જાણે આજ સીમંધરનગર બની ગયું હતું. આજના આનંદકારી પ્રસંગની જ ચર્ચા ગુરુદેવ વારંવાર કરતા હતા. હજી પણ હૃદયના ઘણા ઘણા ભાવો ખોલવાનું ગુરુદેવનું મન હતું. પ્રસન્નચિત્તે ફરીફરી તેમણે કહ્યું – કોઈ લોકો કહે છે કે તમે સીમંધરપ્રભુની પ્રતિમા કેમ પધરાવી? પણ ભાઈ, પ્રતિમા તો ૨૪ તીર્થંકરની તેમ જ વિદ્યમાન તીર્થંકરોની પણ હોય છે. અહીં પાંચસો વર્ષ પહેલાં સીમંધરપ્રભુની સ્થાપના થઈ છે–એ જ એનો મોટો પુરાવો છે; ને પ્રતિમા ઉપર સીમંધરપ્રભુનો લેખ અત્યંત સ્પષ્ટ છે. તેમને **जीवन्तस्वामि** એટલે કે વિદ્યમાન તીર્થંકર કહ્યા છે. તેમના દર્શન કરવાનો વિચાર હતો, તે આજે સફળ થયો; ને ભગવાનની સમીપમાં આ વાત પ્રસિદ્ધ કરી, તે મંગળ છે.

અહીં તો સીમંધર ભગવાનની સ્થાપના છે; ને મહાવિદેહમાં સાક્ષાત્ સીમંધર પરમાત્મા અત્યારે બિરાજે છે. આ ચંપાબેનને ૪ ભવનું જ્ઞાન છે. પૂર્વ ભવમાં અમે ચાર જીવો ભગવાન પાસે હતા, તે તેમના જ્ઞાનમાં સ્પષ્ટ ભાસ્યું છે; બીજું ભવિષ્યનું પણ ઘણું છે. આત્મજ્ઞાન ઉપરાંત તેમને તો ચાર ભવનું જ્ઞાન છે. ત્રીસ વર્ષે આજે અહીં સીમંધરભગવાનની સાક્ષીમાં એ વાત જાહેર કરું છું. પૂર્વભવમાં આ બે બેનો તથા મારો આત્મા (ગુરુદેવનો આત્મા-રાજકુમાર તરીકે) ત્યાં ભગવાનની સમીપમાં હતા. ત્યાંથી અમે ચાર જીવો આ ભરતક્ષેત્રમાં આવ્યા છીએ. અહીં ભગવાનની સમીપમાં આજે સમાજમાં આ વાત હું જાહેર કરું છું.

ગુરુદેવના શ્રીમુખથી વારંવાર આવી આનંદકારી જાહેરાત સાંભળતાં ભક્તોને ઘણો જ હર્ષ થતો હતો. આમ તો ગુરુદેવ ઘણા ભક્તોને અવારનવાર એ વાત કરતા, પણ ભરસભા વચ્ચે, આટલી પ્રસન્નતાપૂર્વક અને સીમંધર ભગવાનની સાક્ષીમાં ગુરુદેવે આજે જે પ્રસિદ્ધિ કરી તે ખાસ નવીનતા હતી. ને શ્રોતાજનો એ સાંભળી ધન્યતા અનુભવતા હતા. વાહ! આજની યાત્રા સફળ થઈ. ગુરુદેવ પણ અહીંના પ્રસંગને ફરી ફરી સેંકડોવાર આનંદથી યાદ કરે છે. ને વિદેહના સાધર્મીઓ પણ આ વાત જાણીને આનંદિત થતા હશે.

જાણે વિદેહક્ષેત્રની યાત્રા કરતા હોય એવા ઉમંગથી આ બયાનાની યાત્રા કરીને ગુરુદેવે આ સીમંધર ભગવાનને સારા ભારતમાં પ્રસિદ્ધ કરી દીધા. એટલું જ નહિ, એ સીમંધર ભગવાન સાથેના પૂર્વભવના સંબંધને પણ આનંદપૂર્વક પ્રસિદ્ધ કરીને મહાન મંગલ કર્યું.

## સીમંધર ભગવાનનો જય હો!

બપોરે પણ ફરીફરીને સીમંધરનાથનું અવલોકન કરવા ગુરુદેવ પધાર્યા હતા; વારંવાર સૂક્ષ્મતાથી અવલોકન કરતાં તેમના અંતરમાં અવનવા ભાગો જાગતા હતા, ને પૂર્વનાં ઘણાં મધુર સ્મરણો તાજાં થતાં હતાં. ભક્તોને ત્યારે એમ થતું હતું કે અહીં આ ભરતક્ષેત્રમાં સં. ૧૫૦૭માં જ્યારે આ સીમંધરભગવાન સ્થપાતા હશે ત્યારે ગુરુદેવ અને પૂ. બેનશ્રી-બેન વગેરે આત્માઓ તો વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ સીમંધરનાથને સેવતા હશે! એ વખતે બયાનામાં કોને કલ્પના હશે કે ૫૧૬ વર્ષ પછી સાક્ષાત્ સીમંધર ભગવાન પાસેના ભક્તો અહીં આવીને આ સીમંધરનાથનાં દર્શન-પૂજન કરશે! બપોરે ભક્તોને ભાવના જાગી કે ગુરુદેવ સાથે અહીં આવ્યા છીએ તો ચાલો, ભગવાનનો અભિષેક પણ કરીએ ને ગુરુદેવ પાસે પણ અભિષેક કરાવીએ. ઉત્સાહથી અભિષેક માટેની ઉછામણી થઈ, ને ગુરુદેવે સ્વહસ્તે ભાવભીના ચિત્તે પોતાના વહાલા નાથનો અભિષેક કર્યો. ગુરુદેવના હસ્તે સીમંધરનાથના અભિષેકનું દૃશ્ય દેખીને યાત્રિકસંઘમાં તેમજ બયાનાની જનતામાં હર્ષપૂર્વક જયજયકાર છવાઈ ગયો. અને સીમંધરનાથની આ યાત્રાની ખુશાલીમાં કુલ રૂા. ૫૫૫૫ (પાંચ હજાર પાંચસો પંચાવન) જિનમંદિર (બયાના)ને અર્પણ કરવામાં આવ્યા. બપોરના પ્રવચનમાં પણ ગુરુદેવે વારંવાર પોતાનો પ્રમોદ વ્યક્ત કર્યો હતો. પ્રવચનનું સ્થાન બરાબર સીમંધર ભગવાનની સન્મુખ નિકટમાં જ હતું, તેથી ગુરુદેવને વિશેષ ભાવો ઉલ્લસતા હતા. (એ પ્રવચન માટે જુઓ આત્મધર્મ અંક ૨૮૨) આજે દિવસ પણ ફાગણ સુદ સાતમ હતો; (દશ વર્ષ પહેલાં આ જ દિવસે સમ્મેદશિખરજીની યાત્રા કરી હતી, ને અત્યારે પણ તેની જ જાત્રા કરવા જઈ રહ્યા હતા.) પ્રવચન પછી ફરી સીમંધરપ્રભુના દર્શન કરીને બયાનાથી પ્રસ્થાન કર્યું.

## સમ્મેદશિખર-યાત્રા કરીને સોનગઢ તરફ

બયાના પછી ફિરોઝાબાદ, જસવંતનગર, ઈટાવા, કાનપુર, અલ્લાહાબાદ (પ્રયાગ) થઈને ફાગણ સુદ ૧૧ના રોજ બનારસ (કાશી) પહોંચ્યા. ચાર પ્રભુના જન્મધામની યાત્રા કરી. પછી ડાલમિઆનગર થઈને સમ્મેદશિખર પહોંચ્યા, ને ફાગણ સુદ પૂનમે આનંદપૂર્વક એ સિદ્ધિધામની યાત્રા કરી. છેલ્લી પારસટૂંકે ગુરુદેવે સ્તવન ગવડાવ્યું ને 'સમ્મેદશિખરજીકી જય હો....જય હો' એવા હસ્તાક્ષર કરી આપ્યા. ત્યારપછી ગિરડીહ, ઋજુવાલિકા

વાલિકા (બરાકર) નદી, ઈસરી–આશ્રમ, પાવાપુર, રાજગૃહી–વિપુલાચલ, નાલંદા, કુંડલપુર, કોડરમા, ઝૂમરીતલૈયા, હજારીબાગ થઈને રાંચી આવ્યા. અહીં બ્ર. કોકિલાબેન અને તેમના પરિવારે તથા અન્ય મુમુક્ષુઓએ વિશેષ ઉત્સાહથી લાભ લીધો. ફાગણ વદ દસમે રાંચીથી પ્રસ્થાન કર્યું, ને ધનબાદ આસનસોલ, ચિન્સુરા થઈને કલકત્તા પહોંચ્યા. કલકત્તામાં ત્રણ દિવસ રહી ધનબાદ અને ઈસરી બબ્બે દિવસ રહ્યા. થાકને કારણે તબિયત જરા અસ્વસ્થ હોવાથી સિદ્ધિધામની મધુરી છાયામાં (ઈસરીમાં) વિશ્રામ લીધો. (ગયા, ફત્તેહપુર તથા મૈનપુરીના કાર્યક્રમો રદ કરવા પડ્યા.) ઈસરીથી ટ્રેઈનદ્વારા કલકત્તા, ત્યાંથી વિમાન દ્વારા આગ્રા થઈ ફિરોઝાબાદ આવ્યા; શેઠશ્રી છદામીલાલજીએ ઉત્સાહથી સ્વાગત કર્યું. ત્યારબાદ બુલન્દશહેર, ગાઝિયાબાદ અને શાહદરા થઈને દિલ્હી આવ્યા. લાલમંદિરની બાજુના મંડપમાં પ્રવચનો થતાં હતાં, ભવ્ય રથયાત્રા નીકળી હતી, તથા સમન્તભદ્રવિદ્યાલયમાં વિદ્યાનંદજી મહારાજ સાથે મુલાકાત પણ થઈ હતી. પછી મથુરા-સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને, આગ્રામાં મહાવીર–જયંતી કરી, ને જયપુર પધાર્યા; થાક અને ગરમીના કારણે અહીં ગુરુદેવે ચાર દિવસ આરામ લીધો. (–આથી અજમેર, ચિત્તોડ, કુણ અને ભીંડરનો પ્રવાસ રદ કરવો પડ્યો. કુણગામમાં વેદીપ્રતિષ્ઠા થઈ હતી.) જયપુરથી પ્લેનદ્વારા ઉદયપુર આવ્યા. ૧૨ માઈલ દૂર ડબોક ગામે એક દિવસ આરામ કર્યો. ચૈત્રવદ પાંચમે ઉદેપુરમાં પ્રવેશ કર્યો ને નવા જિનાલયમાં વેદીપ્રતિષ્ઠાનો ભવ્ય ઉત્સવ ઉજવાયો. રાણાપ્રતાપની આ રળિયામણી નગરી કુદરતી સૌન્દર્ય અને જૈનધર્મના પ્રાચીન ગૌરવથી શોભી રહી છે. અહીં એક મંદિરમાં આરસના સમ્મેદશિખરની મોટી રચના છે. ભવ્ય રથયાત્રા માટે અજમેરથી આવેલા સોનેરી રથમાં સારથિ તરીકે કહાનગુરુ બેઠા હતા; ઉદેપુરમાં ચંદ્રપ્રભસ્વામી વગેરે ભગવંતોની પ્રતિષ્ઠા કરીને ગુરુદેવે ગુજરાતમાં પ્રવેશ કર્યો ને બામણવાડા આવ્યા, ત્યાંથી અમદાવાદ થઈને બોટાદ આવ્યા; બોટાદશહેરમાં આનંદપૂર્વક ગુરુદેવનો ૭૮મો જન્મોત્સવ ઉજવાયો. વૈશાખ સુદ ત્રીજે રાજકોટ પધાર્યા ને ત્યાં જૈનશિક્ષણવર્ગ ચાલ્યો. વૈશાખ વદ ૯ના રોજ પુનઃ સોનગઢ પધાર્યા. સોનગઢમાં આવતાંવેંત મંગલમાં સ્વાનુભવરસનો મહિમા કરતાં કહ્યું કે સ્વાનુભૂતિમાંવેદાતો શાંતરસ તે 'રસેન્દ્ર' છે, સર્વે રસોમાં તે જ શ્રેષ્ઠ છે: આમ શાંતરસનું અધ્યાત્મ-ઝરણું સોનગઢમાં વહેવા લાગ્યું.

## નવ કુમારિકા બહેનોની બ્રહ્મચર્યપ્રતિજ્ઞા

અધ્યાત્મરસની પાસે સંસારનો રસ ક્યાંથી ટકી શકે? એટલે સંસારથી વિરક્ત થઈ, સંતોની છાયામાં એ અધ્યાત્મરસને સાધવાને માટે સં. ૨૦૨૩ના શ્રાવણ વદ એકમે નાની ઉંમરની નવ કુમારિકા બહેનોએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી. ૬, ૧૪, ૮ પછી ૯ બહેનોની પ્રતિજ્ઞાનો આ ચોથો પ્રસંગ બન્યો. બાલબ્રહ્મચારી બહેનોની કુલ સંખ્યા પચાસ જેટલી થઈ,–

જેમાં માત્ર ગુજરાતી જ નહિ પરંતુ દૂરદૂરના હિન્દી બહેનો પણ અનેક છે. આ પ્રસંગે ઉત્સવ જેવું અનેરું વાતાવરણ હતું, ને વળી બીજે જ દિવસે 'બીજ' હતી. પરમવત્સલ પૂ. બેનશ્રીબેનના પ્રતાપે પચાસ બહેનોનું કેવું ઉત્તમ જીવનઘડતર થઈ રહ્યું છે ને આત્મહિત માટે કેવી ઉત્તમ પ્રેરણાઓ મળી રહી છે તે તો નજરે જોનારને ખ્યાલ આવે. ગુરુદેવનો અધ્યાત્મઉપદેશ મુમુક્ષુના અંતરમાં જે વૈરાગ્યબીજ રોપે છે, તેને વાત્સલ્યનાં પાણી પાઈને માતાજી ઉછેરે છે....ને સંતોના પ્રતાપે ઊગેલું એ વૈરાગ્યનું ઝાડ સમ્યક્ત્વાદિ મધુરાં ફળ આપનારું છે.

## 'સમયસાર' અને 'જ્ઞાનચેતના'

સં. ૧૯૭૮ માં સમયસાર હાથમાં આવ્યું ત્યારે ગુરુદેવના પહેલા ઉદ્ગાર આ હતા કે 'આ શાસ્ત્ર અશરીરીભાવ બતાવનારું છે; અશરીરી એવા સિદ્ધપદનો માર્ગ આમાં બતાવ્યો છે.'

અને, સં. ૧૯૯૨ માં પણ સ્વાનુભવની ને જ્ઞાનચેતનાની જે અત્યંત મહત્ત્વની ચર્ચા થયેલી તે પ્રસંગ યાદ કરીને કોઈકવાર પ્રસન્નતાથી ગંભીરભાવે જ્યારે ગુરુદેવ સંભળાવે છે ત્યારે જિજ્ઞાસુના રોમરોમ પુલકિત થઈને જ્ઞાનીના સ્વાનુભવ પ્રત્યે ઉલ્લસી જાય છે. જ્ઞાનીની 'જ્ઞાનચેતના' કેવી હોય ? ને તેનું કાર્ય શું ? તેનું સ્વાનુભવસહિત વર્ણન લક્ષગત કરતાં મુમુક્ષુના અંતરમાં કોઈ અપૂર્વ ભેદજ્ઞાનની ઝણઝણાટી જાગી જાય છે. (જુઓ આત્મધર્મ નં. ૨૯૮)

## 'જ્યાં અમે ત્યાં તમે'

સં. ૧૯૯૧ પહેલાં, જ્યારે ગુરુદેવ સંપ્રદાય છોડીને પરિવર્તનની વિચારણામાં હતા, નિવૃત્ત થઈને ક્યાંક એકાંતમાં રહેવા ચાહતા હતા, તે વખતે બંને બહેનોએ એમ પૂછ્યું કે–'ગુરુદેવ! અમારું શું?' ત્યારે ગુરુદેવે કહ્યું–'જ્યાં અમે ત્યાં તમે.' અહા, ઠેઠ સિદ્ધપદ સુધીના સાથીદાર એવા ગુરુદેવના મુખથી 'જ્યાં અમે ત્યાં તમે' એ સાંભળીને બંને બહેનોને અસંખ્ય પ્રદેશે જે આહ્લાદ થયેલો તેની અસર આજે પાંત્રીસવર્ષ પછી પણ તેમની વાણીમાં દેખાય છે. આવા તો બીજા ઘણાય આનંદપ્રસંગો ગુરુદેવના પ્રતાપે બનેલા છે.

અગાઉ જેનો ઉલ્લેખ થઈ ગયો છે તે સરસ્વતી ભવનના ઉદ્ઘાટન-પ્રસંગે સોનગઢ પહેલી જ વાર આવેલા જૈનસમાજના નેતા શાહૂ શાંતિપ્રસાદજી શાંતઅધ્યાત્મ વાતાવરણમાં પ્રસન્ન થઈને એમ બોલ્યા કે–મુઝે યહ પવિત્ર તીર્થસ્થાનમેં આકર બડી પ્રસન્નતા હૂઈ, આજ

જૈસે હમલોગ ભગવાન કુંદકુંદસ્વામીકા નામ મંગલરૂપમેં લેતે હૈ વૈસે ભવિષ્યકી પીઢીકે લોગ આપકા (કાનજી સ્વામીકા) નામ લેતે રહેંગે.'

સં. ૨૦૨૪ નું વર્ષ તે 'આત્મધર્મ'ની 'રજતજયંતી'નું વર્ષ હતું, સં. ૨૦૦૦ માં શરૂ થયેલું આ માસિક સં. ૨૦૨૪ માં પચીસ વર્ષ પૂરા કરતું હતું; આત્મધર્મ દ્વારા ગુરુદેવની વાણી ઘરે ઘરે જિજ્ઞાસુઓ અત્યંત પ્રેમથી વાંચે છે. રજતજયંતીના વર્ષમાં ગુરુદેવના વિશેષ આશીર્વાદ મળ્યા. સાથે સાથે આ વર્ષમાં જ શ્રીમદ્‌રાજચંદ્રજીની જન્મશતાબ્દિનો પણ ઉત્સવ હતો તેથી તેમનાં સારભૂત ઉત્તમ વચનામૃતોનું દોહન કરીને આત્મધર્મ દ્વારા તેનો ખૂબ પ્રચાર કરવામાં આવ્યો. પં. ટોડરમલ્લજીની દ્વિશતાબ્દિનો ઉત્સવ પણ આ જ વર્ષમાં ઉજવાયો ને તેના પ્રચારમાં પણ ખાસ વિશેષાંકદ્વારા મહત્ત્વનો ફાળો આપ્યો. આફ્રિકામાં પણ આપણા જિજ્ઞાસુઓએ 'શ્રીમદ્‌રાજચંદ્ર-સ્મૃતિગૃહ' બંધાવેલું છે. આફ્રિકામાં એક મુમુક્ષુ-ભાઈને ત્યાં લગ્નપ્રસંગે ચાર હજાર ધાર્મિક પુસ્તકો સોનગઢથી મંગાવીને લાણી કરવામાં આવી હતી, ને જૈનવિધિ અનુસાર લગ્ન થયા હતા. ગુરુદેવના ઉપદેશને થોડોક પણ લક્ષગત કરતાં કુદેવ-કુગુરુ-કુધર્મનું સેવન તો મુમુક્ષુના હૃદયમાંથી જડમૂળથી ઊખડી જાય છે, અને વીતરાગી દેવ-ગુરુ-ધર્મપ્રત્યે કોઈ અનેરી ભક્તિનો ઉમંગ જાગે છે. આ તો ધર્મનો એકડો લખવા માટેની કોરી પાટી છે.–એકડો તો હજી એનાથી આઘો છે.

ગુરુદેવ પાસે કોઈ હસ્તાક્ષર માંગે તો સામાન્યપણે "ૐ" લખી આપે છે. એક ભાઈએ હસ્તાક્ષર માંગ્યા, ૐ લખી આપ્યો, તે ભાઈ કાંઈ સમજ્યા નહિ એટલે કહ્યું કે આપનું નામ લખી આપો.—ગુરુદેવ કહે છે કે આ ૐ છે તે સર્વજ્ઞભગવાનની વાણી છે; એ જ અમારું નામ છે ને એ જ અમારું ધામ છે. ૐ એટલે શુદ્ધઆત્મા. (જે દિવસે આ વાત થઈ તે દિ' ફાગણ વદ એકમ હતી, સોનગઢમાં જ્યાં ગુરુદેવ બિરાજે છે ત્યાં ૐ ની સ્થાપના તે દિવસે જ થયેલી છે.)

સં. ૨૦૨૪ માં ફાગણ સુદ ત્રીજે ગુરુદેવે સૌરાષ્ટ્રમાં વિહાર માટે સોનગઢથી મંગલ-પ્રસ્થાન કર્યું; લાઠી થઈને રાજકોટ પધાર્યા. પછી વડાલથી સાંજે નેમપ્રભુની સાધનાભૂમિ ગિરનાર તીર્થધામના દર્શન કરી આવ્યા; ત્યાંથી પોરબંદર, જેતપુર, ગોંડલ, વડીઆ, મોરબી, વવાણીયા, ચૈત્ર સુદ તેરસે વાંકાનેર, ચોટીલા, સુરેન્દ્રનગર, વઢવાણ, જોરાવરનગર થઈને વીંછીયા પધાર્યા. જ્યાં ૐ કારના અવ્યક્ત ભણકાર આવ્યા એવા આ ગામમાં ૭૮ મી જન્મ-જયંતીનો મહોત્સવ ઉજવાયો. વીંછીયાનું જિનમંદિર એટલે સોનગઢના જૂના જિનમંદિરની જ પ્રતિકૃતિ. અત્યારે તો સોનગઢનું જિનાલય ૭૫ ફૂટ ઊંચે ધર્મધ્વજ ફરકાવી રહ્યું છે પણ પંદર વર્ષ પહેલાં જે ઘુમ્મટવાળું ૩૭ ફૂટ ઊંચું જિનાલય હતું તે જોવું હોય તો વીંછીયાનું જિનાલય જોઈ લ્યો. વીંછીયામાં જન્મોત્સવ પછી તરત ગુરુદેવ જન્મધામમાં–ઉમરાળા પધાર્યા.

જન્મઘરમાં ગુરુદેવને બીજા અનેક સંભારણાંની સાથે 'બા' નું પણ સ્મરણ થયું. રમી કરીને રાતે ઘરે આવે ત્યારે બારણું ઉઘડાવવા 'બા'....કહીને સાદ પાડતા, વગેરે પ્રસંગ ગુરુદેવે કહ્યા. માતા તે માતા! માતાનાં વાત્સલ્યભર્યાં સંભારણાં જ એવાં હોય છે કે તે યાદ આવતાં પુત્રનું હૈયું રોમાંચ અનુભવે છે. ૪૭ વર્ષ પહેલાં, એટલે કે ૩૩ વર્ષની વયે (સં. ૧૯૭૮ માં) ગુરુદેવને ૐ કારના ભણકાર આ ઉમરાળામાં પણ આવ્યા હતા; (સૌથી પહેલા ભણકાર વાંકાનેરના ઉપાશ્રયમાં સં. ૧૯૭૭ માં આવેલા.) થોડાં જ વર્ષો પહેલાં સાક્ષાત્ સાંભળેલી એ તીર્થંકરવાણીના બડબડીયાં આત્મામાં બોલતા હોવાથી ગુરુદેવને એ જિનવાણી-અનુસાર માર્ગ સિવાય બીજા કોઈ માર્ગમાં ચેન પડતું ન હતું. અંતે જિનવાણી પ્રાપ્ત કરીને જગતમાં તે માર્ગ પ્રસિદ્ધ કર્યો. જન્મોત્સવ વખતે તો ઉમરાળાનગરી અયોધ્યાની બેનપણી જેવી લાગતી હતી. જન્મોત્સવ બાદ લીંબડી થઈને ગુરુદેવ વૈશાખ સુદ પૂનમે સોનગઢ પધાર્યા.

ગુરુદેવ સોનગઢમાં આવે એટલે અધ્યાત્મની ધૂન જામે. મુમુક્ષુઓ પણ પોતપોતાના પ્રયત્નમાં પરોવાઈ જાય. અધ્યાત્મની આનંદકારી ચર્ચાની કોઈ ધન્યપળે ગુરુદેવના ઉદ્‌ગાર નીકળ્યા કે 'જ્ઞાનની લીલી વાડીમાં આત્મા આનંદની રમત રમે છે.' આ ઉદ્‌ગારની સાથે ૩૫ વર્ષ પહેલાંની 'આત્મચર્ચા' પણ ગુરુદેવ ઘણા મહિમાપૂર્વક તાજી કરે છે....અને સાથે સાથે વિશિષ્ટ ઉદાહરણપૂર્વક આત્માને શોધવાની રીત બતાવે છે.

૨૦૨૪ ના શ્રાવણ વદ બીજે પ્રવચનસારશાસ્ત્રની નવી આવૃત્તિનું પ્રકાશન હતું; ઝરીભરેલું પુસ્તક પં. શ્રી હિંમતભાઈએ ગુરુદેવને અર્પણ કર્યું; આ દિવસે પૂ. ચંપાબેનનો જન્મદિવસ હોવાથી ગુરુદેવે અપાર વાત્સલ્યપૂર્વક કહ્યું કે 'આ પુસ્તક હું બેનને ભેટ આપું છું.' —વાહ, કેવો અદ્‌ભુતપ્રસંગ! ગુરુદેવદ્વારા અપાતી જિનાગમની ભેટનું એ દૃશ્ય દેખીને **जयधवला** નું એ કથન યાદ આવતું હતું કે જેમાં જિનવચનોને **परमानन्द-पाहुड** કહેલ છે,—કેમકે તેના દ્વારા જિનભગવાને ભવ્યજીવોને માટે 'પરમ-આનંદ'ની ભેટ મોકલી છે. અહા, આવા આનંદને દેનારા ને એ આનંદને લેનારા સન્તોને નજરે નિહાળતાં કેવો આનંદ થાય છે! ખરેખર, એ સન્તો આપણને પણ આનંદના દાતાર છે.

આજે મંગલમુરત તરીકે ગુરુદેવે પ્રવચનસારની પહેલી પાંચ ગાથા વાંચી; તેમાં પંચપરમેષ્ઠીને નમસ્કારરૂપ મુક્તિમંડપનાં મંગલવાજાં મુમુક્ષુને અનેરો આનંદ આપતાં હતાં.—જાણે પંચપરમેષ્ઠી ભગવંતો જ સાક્ષાત્ પધાર્યા છે કે શું! ભેદ તોડી, પંચપરમેષ્ઠીની સાથે જ ભળીને તેમને નમસ્કાર કઈ રીતે કરાય? તે ગુરુદેવ સમજાવતા હતા....એ વખતના રણકાર હજીપણ આત્મપ્રદેશોમાં ઝણઝણે છે. ધન્ય હતો એ અવસર!

એકકોર પ્રવચનસારમાં પંચપરમેષ્ઠીની ધૂન, બીજી કોર સમયસાર ઉપર ૧૯ મી વખતનાં પ્રવચનોના પ્રારંભમાં સિદ્ધપદની ધૂન, — જાણે સોનગઢમાં પંચપરમેષ્ઠીનો મોટો

મેળો ભરાયો હોય – એવું વાતાવરણ પ્રવચન વખતે વર્તતું હતું. ગુરુદેવ વારંવાર મહિમાથી કહે છે કે આ શાસ્ત્ર શુદ્ધાત્માનો અનુભવ કરાવીને ભવનો નાશ કરાવનારું છે; આત્માના અશરીરીભાવને બતાવનારું આ શાસ્ત્ર છે. સાધક કહે છે – અંતરમાં અમે અમારા ચિદાનંદ-સ્વભાવ તરફ ઝૂકીને સિદ્ધભગવાનનો સાથ લીધો છે; પરભાવથી હવે અમે ભિન્ન થયા છીએ, ને સિદ્ધાલયમાં અનંત સિદ્ધભગવંતોની પંક્તિમાં બેસવાના છીએ. — કેવી નિઃશંક વાણી! કેવા આત્મસ્પર્શી ભાવો! — જાણે દિવ્યધ્વનિની કોઈ મંગલવીણા વાગતી હોય! અત્યારે જ જાણે કુંદકુંદસ્વામી વિદેહમાંથી આવીને ત્યાંના અતીન્દ્રિય જ્ઞાન-આનંદનું સ્વરૂપ સમજાવતા હોય! [ આરાધકભાવની ઝણઝણાટી બોલાવતા એ પ્રવચનોનું દોહન જ્યારે આત્મધર્મના અંક નં. ૩૦૦માં ગુરુદેવે વાંચ્યું ત્યારે તેમણે અતિશય આહ્‌લાદપૂર્વક પરમ-પ્રમોદ વ્યક્ત કર્યો હતો. ]


સં. ૨૦૨૫ ના માગસર માસમાં ઘાટકોપરમાં, મલાડમાં તેમજ ભાવનગરમાં દિ. જૈન મંદિરનું શિલાન્યાસ થયું. ભાવનગરમાં શિલાન્યાસપ્રસંગે ગુરુદેવ પણ ત્યાં પધાર્યા હતા. આ જ અરસામાં ગિરનારસિદ્ધક્ષેત્રમાં માનસ્તંભજીનું શિલાન્યાસ થયું.

### અમદાવાદ--રણાસણ--મુંબઈના પંચકલ્યાણકમહોત્સવો, અને

## મુંબઈમાં કહાનગુરુ–રત્નચિન્તામણિજયંતી મહોત્સવ

સં. ૨૦૨૫ માં અમદાવાદ-રણાસણ તથા મુંબઈ (મલાડ તથા ઘાટકોપર) ના જિન-મંદિરોમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાના ત્રણ મહોત્સવ નિમિત્તે, તેમ જ મુંબઈમાં ૮૦ મી રત્ન-ચિંતામણિ-જન્મજયંતીના મહોત્સવ નિમિત્તે ગુરુદેવે માહવદ છઠના રોજ સોનગઢથી મંગલ પ્રસ્થાન કર્યું. રાણપુર થઈને અમદાવાદ પધાર્યા. સવાલાખ જેટલા જૈનોથી શોભતું ગુજ-રાતનું આ પાટનગર જિનેન્દ્રદેવના પંચકલ્યાણકથી શોભી ઊઠ્યું. વિશાળ જિનબિંબની વીતરાગીપ્રભાથી ભવ્ય જિનાલય શોભી રહ્યું છે. નેમિપ્રભુનો એ જન્મકલ્યાણક ને દીક્ષા વગેરે અદ્‌ભુત પ્રસંગો દેખીને અમદાવાદની જનતા મુગ્ધ બની. અમદાવાદનું આ શિખર-બદ્ધ જિનાલય (ખાડિયા વિસ્તારમાં) પાંચેક લાખ રૂ. ના ખર્ચે તૈયાર થયેલ છે. પાટનગરમાં આવા ભવ્ય જિનાલયથી ગુજરાત ગૌરવવન્તું બન્યું. આદિનાથભગવાનનું આ જિનાલય ફિરોજાબાદના જિનાલયને યાદ કરાવે છે. સવાલાખ જેટલા જૈનોથી ભરેલી આ નગરીનું

卐 શ્રી આદિનાથ દાદા....અમદાવાદ 卐




જય કમલાસન સુંદર શાસન ભાસત નભદ્વય બાધવરં

અને જૈનસમાજનું ગૌરવ વધારનારી એક વાતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે, આઠ દિવસનો આ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ દિગંબર જૈનસમાજનો હોવા છતાં, અમદાવાદના શ્વેતાંબર જૈનસમાજે અત્યંત મધ્યસ્થતા રાખીને તેમ જ શકય એટલો સહકાર આપીને આખા જૈનસમાજનું ગૌરવ વધાર્યું છે. જરાય વિખવાદ ફેલાય એવું પરસ્પર કયાંય બન્યું નથી. અમદાવાદ માટે આ શોભાની વાત છે; ને સારાય ભારતભરમાં આ પ્રકારે પરસ્પર બંધુત્વનું સહકારનું વાતાવરણ ફેલાય તે હવે ભગવાનના અઢી હજારમા નિર્વાણોત્સવ પ્રસંગે અત્યંત જરૂરી છે. અમદાવાદનો પ્રતિષ્ઠા મહોત્સવ અદ્ભુત હતો. ચાર-ચાર હાથી અને બીજા અનેક ઠાઠમાઠ સહિત જિનેન્દ્રદેવની રથયાત્રા લાખો દર્શકોને આનંદ પમાડતી હતી. જિનમંદિરમાં વિશાળ કમળ ઉપર સવાપાંચ ફૂટ ઉન્નત પદ્માસને પ્રભુ આદીશ્વરદાદા બિરાજી રહ્યા છે,–જેમનો વીતરાગી વૈભવ મુમુક્ષુઓને મુગ્ધ કરે છે.

અમદાવાદના આનંદકારી ઉત્સવ બાદ દેહગામ, રખિયાલ, તલોદ, અને બામણવાડા થઈને સુનાઈ પધાર્યા, ત્યાં સ્વાધ્યાય મંદિરનું ઉદ્ઘાટન થયું ને આખા ગામની જનતાએ આનંદથી ઉત્સવ ઊજવ્યો. પછી ભીલોડા ગામમાં પ્રાચીન જિનાલયના આનંદપૂર્વક દર્શન–ભક્તિ કરીને ફાગણ સુદ ૧૧ના રોજ રણાસણ ગામે પધાર્યા. નાના ગામમાં પણ મોટો પંચકલ્યાણક ઉત્સવ અમદાવાદ જેવો જ ઉજવાયો. માત્ર પાંચેક ઘર દિ. જૈનોના હોવા છતાં દોઢેક લાખ રૂ.ના ખર્ચે ત્રણ શિખરથી સુશોભિત જિનાલય બંધાયું છે. 'જંગલમાં મંગલ' જેવો મહાન ઉત્સવ અહીં ઉજવાયો....આદિનાથપ્રભુના પંચકલ્યાણકથી રણાસણ જાણે અયોધ્યા બની ગયું હોય એવું શોભતું હતું. બે હજારની વસ્તીવાળા ગામમાં વીસ હજાર જેટલા પ્રેક્ષકોનો મેળો ઊભરાયો હતો. અદ્ભુત હતો એ ઉત્સવ, ને ધન્ય બન્યું રણાસણ!

ફાગણ સુદ ત્રીજે હિંમતનગર આવ્યા ને ત્યાં અત્યંત ઉલ્લાસભરપૂર વાતાવરણ વચ્ચે જૈન સ્વાધ્યાય મંદિરનું ઉદ્ઘાટન ઇન્દોરના શેઠશ્રી રાજકુમારસિંહજીના હસ્તે થયું હતું. ત્યારબાદ નરસિંહપુરા–જહર, ફતેપુર તથા અમદાવાદ થઈને ફાગણ વદ દસમે સોનગઢ પધાર્યા. (વચ્ચે બરવાળા તથા સાવરકુંડલાના કાર્યક્રમો ઉધરસની તકલીફને કારણે સ્થગિત થયા.) સોનગઢના ઉપશાંત વાતાવરણમાં દસ દિવસ નિવૃત્તિથી રહીને ચૈત્ર સુદ પાંચમે ગુરુદેવ રાજકોટ પધાર્યા. ત્યાં ૯ દિવસ સુધી શ્રુતજ્ઞાનરૂપી અમૃત પીવડાવીને, સુરેન્દ્રનગર, અમદાવાદ, પાલેજ, સુરત, થાણા થઈને ચૈત્ર વદ ૧૧ના રોજ ગુરુદેવ મુંબઈ નગરીમાં પધાર્યા છે; ને અદ્ભુત પંચકલ્યાણક મહોત્સવ ઊજવવાની ઉમંગભરી તૈયારીઓ આઝાદમેદાનમાં મહાવીરનગરમાં ચાલી રહી છે. સાથે સાથે વૈશાખ સુદ બીજે ગુરુદેવની ૮૦મી જન્મ-જયંતીનો **રત્નચિન્તામણિમહોત્સવ** પણ ઉજવાઈ રહ્યો છે. ને એ રત્નચિન્તામણિ જયંતીમહોત્સવ નિમિત્તે આ પુસ્તક આપના હાથમાં શોભી રહ્યું છે. તેમાં વર્ણવેલા પાવન

પ્રસંગો આપણને ચૈતન્ય ચિંતામણિના અનુભવ વડે રત્નત્રયની પ્રાપ્તિ કરાવો,-એવી મંગલ પ્રાર્થનાપૂર્વક પુસ્તક સમાપ્ત કરું છું.

* * *

પૂ. ગુરુદેવની મંગલછાયામાં વસતાં મને ૨૬ વર્ષ થયાં, તેમાં ગુરુપ્રતાપે અનેક ઉત્તમપ્રસંગો બન્યા છે, ત્યારપહેલાંના પણ કેટલાય પ્રસંગો ગુરુમુખે સાંભળ્યા છે, અનેક ઉત્તમપ્રસાદીઓ ગુરુદેવના આશીર્વાદપૂર્વક પ્રાપ્ત થઈ છે, – એનાં હજારો સંભારણાં આત્માને ઊંડા સંશોધનમાં લઈ જાય છે, ને સંત-જ્ઞાનીઓના પવિત્ર જીવન પ્રત્યે અર્પણતા પ્રગટાવે છે. એવા કેટલાક પ્રસંગોનો ઉલ્લેખ આ પુસ્તકમાં કર્યો છે; બીજા પણ કેટલાય પ્રસંગો આ પુસ્તકમાં આપી શકાયા હોત, – પરંતુ એક તો પુસ્તક એકલા હાથે અત્યંત અલ્પ મુદતમાં પૂરું કરવાનું હતું, અને બીજું તેની નોંધો અને તેને લગતું બીજું સાહિત્ય સોનગઢમાં હતું, – ગુરુદેવની સાથે પ્રવાસમાં હોવાને કારણે તે સાહિત્યનો પૂરો ઉપયોગ થઈ શક્યો નહિ; આમ છતાં જેટલા બની શક્યા તેટલા પ્રસંગોનું વિવિધતાપૂર્ણ સંકલન કરીને આ પુસ્તકને સુંદર–રસપૂર્ણ બનાવવા પ્રયાસ કર્યો છે; જિજ્ઞાસુ જીવોને તે ખૂબ જ ગમશે અને તેમાંથી અવનવા પ્રકારે આત્મહિતની ઉત્તમ પ્રેરણાઓ મળશે. ગુરુદેવના જીવનમાંથી એ જ આદર્શ આપણે લેવાનો છે.

જીવનમાં ગુરુદેવે આ વાત તો રગડી રગડીને ઘૂંટાવી છે કે, જો આત્માર્થ સાધવો જ છે તો જીવનની કોઈ પરિસ્થિતિ આપણને રોકી શકવાની નથી. જ્યાં અંતરમાં આત્માર્થ સાધવાનો દૃઢ નિર્ણય ને સાચી લગન છે ત્યાં જગતસંબંધી અવનવા અનેક પ્રસંગોમાંથી પસાર થવા છતાં એ નિર્ણયને કે એ લગનીને જરાય ઢીલીપોચી થવા ન દેવી ને સંતોના ચરણમાં તેનું બળ વધારતા રહેવું, પરમ વૈભવથી ભરપૂર જે પોતાનું શુદ્ધસ્વરૂપ તેનો મહિમા કરી કરીને તેમાં અંતર્મુખ થવું તે આપણું કર્તવ્ય છે. જીવનમાં વધુ ને વધુ વૈરાગ્યથી, વધુ ને વધુ આત્મરસથી ગુરુચરણમાં પોતાનું હિત સાધવાનું એક જ લક્ષ રાખીને ક્ષણક્ષણ–પળપળ આત્મસાધનામાં પ્રયત્નશીલ રહેવું.

**અહો, જીવનમાં આવી આત્મહિતની ઉત્તમ પ્રેરણા આપનારા કહાનગુરુ**
**જેવા જે રત્નચિન્તામણિ સન્તરત્નો આપણને મળ્યા છે**
**તેમના અનંત ઉપકારના સ્મરણપૂર્વક નમસ્કાર હો.**

卐 जय जिनेन्द्र 卐

# પરમાત્મધ્યાનભાવના

## [ મોક્ષમાર્ગસૂચક ૧૦૮ નામોની ચૈતન્યચિંતામણિ–રત્નમાળા ]

સહજ શુદ્ધજ્ઞાનાનંદસ્વભાવી પરમાત્મતત્ત્વની સન્મુખ થઈને, તેના ધ્યાનથી પ્રગટેલી નિર્મળ પર્યાયરૂપ જે મોક્ષમાર્ગ,—તેનાં અનેક નામોની માળા દ્રવ્યસંગ્રહમાં વર્ણવી છે, ગુરુદેવને તે 'માળા' અત્યંત પ્રિય છે. તે દ્રવ્યસંગ્રહનાં નામો ઉપરાંત બીજાં પણ કેટલાંક નામો ગુરુદેવે કહેલાં તે ઉમેરીને, કુલ ૧૦૮ રત્નોની આ માળા અહીં રત્ન-ચિંતામણિ–જન્મોત્સવનિમિત્તે રજૂ થાય છે. તેનું પ્રત્યેક રત્ન મોક્ષ-માર્ગને પ્રકાશિત કરનારું છે.

૧. તે જ શુદ્ધાત્મસ્વરૂપ છે.
૨. તે જ પરમાત્મસ્વરૂપ છે.
૩. તે જ સુખામૃતસરોવરના પરમહંસસ્વરૂપ છે.
૪. તે જ પરમ બ્રહ્મસ્વરૂપ છે.
૫. તે જ પરમ વિષ્ણુસ્વરૂપ છે. (સ્વગુણોમાં વ્યાપક)
૬. તે જ પરમ શિવસ્વરૂપ છે. (આત્મકલ્યાણ)
૭. તે જ પરમ બુદ્ધસ્વરૂપ છે. (જ્ઞાનસ્વરૂપ)
૮. તે જ પરમ નિજ સ્વરૂપ છે.
૯. તે જ પરમ સ્વાત્મોપલબ્ધિલક્ષણ સિદ્ધસ્વરૂપ છે.
૧૦. તે જ નિરંજનસ્વરૂપ છે.
૧૧. તે જ નિર્મળ સ્વરૂપ છે.
૧૨. તે જ સ્વસંવેદન જ્ઞાન છે.
૧૩. તે જ પરમતત્ત્વજ્ઞાન છે.
૧૪. તે જ શુદ્ધાત્મદર્શન છે.
૧૫. તે જ પરમઅવસ્થાસ્વરૂપ છે.
૧૬. તે જ પરમાત્માનું દર્શન છે.
૧૭. તે જ પરમાત્મજ્ઞાન છે.
૧૮. તે જ શુદ્ધાત્મજ્ઞાન છે.

૧૯. તે જ ધ્યેયભૂત શુદ્ધ પારિણામિકભાવરૂપ છે.
૨૦. તે જ ધ્યાનભાવનાસ્વરૂપ છે.
૨૧. તે જ શુદ્ધ ચારિત્ર છે.
૨૨. તે જ અંતર્ તત્ત્વ છે.
૨૩. તે જ પરમ તત્ત્વ છે.
૨૪. તે જ શુદ્ધાત્મદ્રવ્ય છે.
૨૫. તે જ પરમ જ્યોતિ છે.
૨૬. તે જ શુદ્ધાત્મઅનુભૂતિ છે.
૨૭. તે જ આત્મપ્રતીતિ છે.
૨૮. તે જ આત્મસંવિત્તિ છે.
૨૯. તે જ સ્વરૂપ-ઉપલબ્ધિ છે.
૩૦. તે જ નિત્ય-ઉપલબ્ધિ છે.
૩૧. તે જ પરમ સમાધિ છે.
૩૨. તે જ પરમ આનંદ છે.
૩૩. તે જ નિત્ય-આનંદ છે.
૩૪. તે જ સહજ-આનંદ છે.
૩૫. તે જ સદાનંદ છે.
૩૬. તે જ શુદ્ધાત્મ પદાર્થનું અધ્યયન છે.
૩૭. તે જ પરમ સ્વાધ્યાય છે.
૩૮. તે જ નિશ્ચય મોક્ષઉપાય છે.
૩૯. તે જ એકાગ્ર ચિન્તાનિરોધ છે.
૪૦. તે જ પરમ બોધ છે.
૪૧. તે જ શુદ્ધ ઉપયોગ છે.
૪૨. તે જ પરમ યોગ છે.
૪૩. તે જ ભૂતાર્થ છે.
૪૪. તે જ પરમાર્થ છે.
૪૫. તે જ નિશ્ચય પંચાચાર છે.
૪૬. તે જ સમયસાર છે.
૪૭. તે જ અધ્યાત્મસાર છે.
૪૮. તે જ સમતાવગેરે છ નિશ્ચયઆવશ્યકસ્વરૂપ છે.
૪૯. તે જ અભેદરત્નત્રયસ્વરૂપ છે.

૫૦. તે જ વીતરાગ સામાયિક છે.
૫૧. તે જ પરમ શરણ-ઉત્તમ-મંગલ છે.
૫૨. તે જ કેવળજ્ઞાનઉત્પત્તિનું કારણ છે.
૫૩. તે જ સકલકર્મક્ષયનું કારણ છે.
૫૪. તે જ નિશ્ચય-ચતુર્વિધ આરાધના છે.
૫૫. તે જ પરમાત્મભાવના છે.
૫૬. તે જ સુખની અનુભૂતિરૂપ પરમ કળા છે.
૫૭. તે જ દિવ્ય કળા છે.
૫૮. તે જ પરમ અદ્વૈત છે.
૫૯. તે જ પરમ અમૃત છે.
૬૦. તે જ પરમ ધર્મધ્યાન છે.
૬૧. તે જ શુક્લધ્યાન છે.
૬૨. તે જ રાગાદિ વિકલ્પશૂન્ય ધ્યાન છે.
૬૩. તે જ નિષ્કલ ( અશરીરી ) ધ્યાન છે.
૬૪. તે જ પરમ સ્વાસ્થ્ય છે.
૬૫. તે જ પરમ વીતરાગપણું છે.
૬૬. તે જ પરમ સામ્ય છે.
૬૭. તે જ પરમ એકત્વ છે.
૬૮. તે જ પરમ અભેદજ્ઞાન છે.
૬૯. તે જ પરમ સમરસીભાવ છે.
૭૦. તે જ અમૃતમાર્ગ છે.
૭૧. તે જ વીતરાગવિજ્ઞાન છે.
૭૨. તે જ ભેદવિજ્ઞાન છે.
૭૩. તે જ સમ્યક્ દર્શન છે.
૭૪. તે જ સમ્યક્ આચાર છે.
૭૫. તે જ સર્વજ્ઞની પરમાર્થસ્તુતિ છે.
૭૬. તે જ પરમ નિષ્કર્મ છે.
૭૭. તે જ અકર્તૃત્વ ભાવ છે.
૭૮. તે જ અનેકાન્તનું રહસ્ય છે.
૭૯. તે જ સ્યાદ્‌વાદની સૌરભ છે.
૮૦. તે જ શુદ્ધ ઉપાદાન છે.

૮૧. તે જ શુદ્ધ ઉપયોગ છે.
૮૨. તે જ પરમાત્માની સેવા છે.
૮૩. તે જ શુદ્ધાત્મસન્મુખપરિણામ છે.
૮૪. તે જ ધર્મની પાંચ લબ્ધિ છે.
૮૫. તે જ ભવ્યત્વશક્તિની વ્યક્તિ છે.
૮૬. તે જ ઔપશમિકાદિ ત્રણ ભાવ છે.
૮૭. તે જ શુદ્ધચેતના છે.
૮૮. તે જ સમ્યક્ પુરુષાર્થ છે.
૮૯. તે જ આનંદમાર્ગ છે.
૯૦. તે જ પરમાત્માનો સાક્ષાત્કાર છે.
૯૧. તે જ સિદ્ધોને સાચા નમસ્કાર છે.
૯૨. તે જ ધર્મની ક્રિયા છે.
૯૩. તે જ મોક્ષની ક્રિયા છે.
૯૪. તે જ જૈનધર્મ છે.
૯૫. તે જ શુદ્ધપરિણતિ છે.
૯૬. તે જ જ્ઞાનની અનુભૂતિ છે.
૯૭. તે જ શુદ્ધનય છે.
૯૮. તે જ આત્મલબ્ધિનો અવસર છે.
૯૯. તે જ નિયમથી કર્તવ્ય છે.
૧૦૦. તે જ કારણપરમાત્મા છે.
૧૦૧. તે જ જ્ઞાનીનું કાર્ય છે.
૧૦૨. તે જ મોહ-ક્ષોભરહિત પરિણામ છે.
૧૦૩. તે જ ભાવશ્રુત છે.
૧૦૪. તે જ જ્ઞાયકભાવની ઉપાસના છે.
૧૦૫. તે જ જૈનશાસન છે.
૧૦૬. તે જ પરમેષ્ઠીપદ છે.
૧૦૭. તે જ તીર્થંકરોનો માર્ગ છે.
**૧૦૮. તેજ ચૈતન્યચિંતામણિ-રત્ન છે.**

[ઉત્તમમાં ઉત્તમ એવાં ૧૦૮ રત્નોની આ મંગળ માળા-કે જે પહેરવી સાધકજીવોને અત્યંત પ્રિય છે, તે માળાદ્વારા આપણી ભક્તિ અને આનંદ વ્યક્ત કરીએ છીએ....ને ભાવના ભાવીએ છીએ કે એ મંગળમાળાનો એક મણકો આપણે પણ બની જઈએ. —હરિ]

# દર્શન પ્રાભૃત

જૈનશાસનમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે '**दंसणमूलो धम्मो**' કહીને ધર્મનો જે મહાન મંત્ર આપ્યો, તેના વિવેચનદ્વારા પૂ. શ્રી કાનજીસ્વામી હંમેશાં સમ્યક્ત્વનું સ્વરૂપ ઉપદેશીને તેનો અપાર મહિમા સમજાવે છે. એવા સમ્યક્ત્વના મહિમાથી ભરપૂર દર્શનપ્રાભૃતની ગાથાઓનો ગુજરાતી અનુવાદ વિદ્વાન ભાઈશ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે કરેલ છે તે અહીં આપવામાં આવેલ છે. દર્શનપ્રાભૃત એટલે સમ્યક્ત્વરૂપી ભેટ; ગુરુદેવની રત્નચિંતામણિ જયંતી પ્રસંગે સમ્યક્ત્વરત્નની ઉત્તમ ભેટ સૌને ગમશે. આપણે એવું રત્ન પ્રગટ કરીએ ને તેના વડે ગુરુદેવની ભાવસ્તુતિ કરીએ.

પ્રારંભમાં કરીને નમન જિનવરવૃષભ મહાવીરને,
સંક્ષેપથી હું યથાક્રમે ભાખીશ દર્શનમાર્ગને. ૧.

રે! ધર્મ દર્શનમૂલ ઉપદેશ્યો જિનોએ શિષ્યને;
તે ધર્મ નિજ કર્ણે સૂણી દર્શનરહિત નહિ વંદ્ય છે. ૨.

દગ્ભ્રષ્ટ જીવો ભ્રષ્ટ છે, દગ્ભ્રષ્ટનો નહિ મોક્ષ છે;
ચારિત્રભ્રષ્ટ મુકાય છે, દગ્ભ્રષ્ટ નહિ મુક્તિ લહે. ૩.

સમ્યક્ત્વરત્નવિહીન જાણે શાસ્ત્ર બહુવિધને ભલે,
પણ શૂન્ય છે આરાધનાથી તેથી ત્યાં ને ત્યાં ભમે. ૪.

સમ્યક્ત્વ વિણ જીવો ભલે તપ ઉગ્ર સુષ્ઠુ આચરે,
પણ લક્ષ કોટિ વર્ષમાંયે બોધિલાભ નહીં લહે. ૫.

સમ્યક્ત્વ-દર્શન-જ્ઞાન-બળ-વીર્યે અહો! વધતા રહે,
તે અલ્પ કાળે કલેશ-મળ-અઘ ટાળી વરજ્ઞાની બને. ૬.

સમ્યકૂત્વનીરપ્રવાહ જેના હૃદયમાં નિત્યે વહે,
તસ બદ્ધકર્મો વાલુકા—આવરણુ સમ ક્ષયને લહે. ૭.

દગ્ભ્રષ્ટ, જ્ઞાને ભ્રષ્ટ ને ચારિત્રમાં છે ભ્રષ્ટ જે,
તે ભ્રષ્ટથી પણ ભ્રષ્ટ છે ને નાશ અન્ય તણો કરે. ૮.

જે ધર્મશીલ સંયમ-નિયમ-તપ-યોગ-ગુણ ધરનાર છે,
તેનાય ભાખી દોષ, ભ્રષ્ટ મનુષ્ય દે ભ્રષ્ટત્વને. ૯.

જ્યમ મૂળનાશે વૃક્ષના પરિવારની વૃદ્ધિ નહીં,
જિનદર્શનાત્મક મૂળ હોય વિનષ્ટ તો સિદ્ધિ નહીં. ૧૦.

જ્યમ મૂળ દ્વારા સ્કંધ ને શાખાદિ બહુગુણ થાય છે,
ત્યમ મોક્ષપથનું મૂળ જિનદર્શન કહ્યું જિનશાસને. ૧૧

દગ્ભ્રષ્ટ જે નિજ પાય પાડે દૃષ્ટિના ધરનારને,
તે થાય મૂંગા, ખંડભાષી, બોધિ દુર્લભ તેમને. ૧૨.

વળી જાણીને પણ તેમને ગારવ-શરમ-ભયથી નમે,
તેનેય બોધિ-અભાવ છે પાપાનુમોદન હોઈને. ૧૩.

જ્યાં જ્ઞાન ને સંયમ ત્રિયોગે, ઉભયપરિગ્રહત્યાગ છે,
જે શુદ્ધ સ્થિતિભોજન કરે, દર્શન તદાશ્રિત હોય છે. ૧૪.

સમ્યક્ત્વથી સુજ્ઞાન, જેથી સર્વ ભાવ જણાય છે,
ને સૌ પદાર્થો જાણતાં અશ્રેય-શ્રેય જણાય છે. ૧૫.

અશ્રેય-શ્રેયસુજાણ છોડી કુશીલ ધારે શીલને,
ને શીલફળથી હોય અભ્યુદય, પછી મુક્તિ લહે. ૧૬.

જિનવચનરૂપ દવા વિષયસુખરેચિકા, અમૃતમયી,
છે વ્યાધિ-મરણ-જરાદિહરણી, સર્વ દુઃખવિનાશિની. ૧૭.

છે એક જિનનું રૂપ, બીજું શ્રાવકોત્તમ-લિંગ છે,
ત્રીજું કહ્યું આર્યાદિનું, ચોથું ન કોઈ કહેલ છે. ૧૮.

પંચાસ્તિકાય, છ દ્રવ્ય ને નવ અર્થ, તત્ત્વો સાત છે;
શ્રદ્ધે સ્વરૂપો તેમનાં, જાણો સુદૃષ્ટિ તેહને. ૧૯.

જીવાદિના શ્રદ્ધાનને સમ્યક્ત્વ ભાખ્યું છે જિને
વ્યવહારથી, પણ નિશ્ચયે આત્મા જ નિજ સમ્યક્ત્વ છે. ૨૦.

એ જિનકથિત દર્શનરતનને ભાવથી ધારો તમે,
ગુણરત્નત્રયમાં સાર ને જે પ્રથમ શિવસોપાન છે. ૨૧.

થઈ જે શકે કરવું અને નવ થઈ શકે તે શ્રદ્ધવું;
સમ્યક્ત્વ શ્રદ્ધાવંતને સર્વજ્ઞ જિનદેવે કહ્યું. ૨૨.

દૃગ, જ્ઞાન ને ચારિત્ર, તપ, વિનયે સદાય સુનિષ્ઠ જે,
તે જીવ વંદનયોગ્ય છે—ગુણધર તણા ગુણવાદી જે. ૨૩.

જ્યાં રૂપ દેખી સાહજિક, આદર નહીં મત્સર વડે,
સંયમ તણો ધારક ભલે તે હોય પણ કુદૃષ્ટિ છે. ૨૪.

જે અમરવંદિત શીલયુત મુનિઓ તણું રૂપ જોઈને
મિથ્યાભિમાન કરે અરે! તે જીવ દૃષ્ટિવિહીન છે. ૨૫.

વંદો ન અણસંયત, ભલે હો નગ્ન પણ નહિ વંદ્ય તે;
બંને સમાનપણું ધરે, એક્કે ન સંયમવંત છે. ૨૬.

નહિ દેહ વંદ્ય, ન વંદ્ય કુલ, નહિ વંદ્ય જન જાતિ થકી;
ગુણહીન ક્યમ વંદાય? તે સાધુ નથી, શ્રાવક નથી. ૨૭.

સમ્યક્ત્વસંયુત શુદ્ધભાવે વંદું છું મુનિરાજને,
તસ બ્રહ્મચર્ય, સુશીલને, ગુણને તથા શિવગમનને. ૨૮.

ચોસઠ ચમર સંયુક્ત ને ચોત્રીસ અતિશય યુક્ત જે,
બહુજીવહિતકર સતત, કર્મવિનાશકારણ-હેતુ છે. ૨૯.

સંયમ થકી, વા જ્ઞાન-દર્શન-ચરણ-તપ છે ચાર જે
એ ચાર કેરા યોગથી, મુક્તિ કહી જિનશાસને. ૩૦.

રે! જ્ઞાન નરને સાર છે, સમ્યક્ત્વ નરને સાર છે;
સમ્યક્ત્વથી ચારિત્ર ને ચારિત્રથી મુક્તિ લહે. ૩૧.

દગ-જ્ઞાનથી, સમ્યક્ત્વયુત ચારિત્રથી ને તપ થકી
—એ ચારના યોગે જીવો સિદ્ધિ વરે, શંકા નથી. ૩૨.

કલ્યાણશ્રેણી સાથ પામે જીવ સમકિત શુદ્ધને;
સુર-અસુર કેરા લોકમાં સમ્યક્ત્વરત્ન પુજાય છે. ૩૩.

રે! ગોત્ર ઉત્તમથી સહિત મનુજત્વને જીવ પામીને,
સંપ્રાપ્ત કરી સમ્યક્ત્વ, અક્ષય સૌખ્ય ને મુક્તિ લહે. ૩૪.

ચોત્રીસ અતિશયયુક્ત, અષ્ટ સહસ્ર લક્ષણધરપણે
જિનચંદ્ર વિહરે જ્યાં લગી, તે બિંબ સ્થાવર ઉક્ત છે. ૩૫.

દ્વાદશ તપે સંયુક્ત, નિજ કર્મો ખપાવી વિધિબળે,
વ્યુત્સર્ગથી તનને તજી, પામ્યા અનુત્તમ મોક્ષને. ૩૬.

*

☞ હવે આપ વાંચશો—

## પૂ. ગુરુદેવના પવિત્ર હસ્તાક્ષર

વિધવિધ પ્રસંગે ગુરુદેવે પોતાના અંતરના જે ભાવો હસ્તાક્ષર દ્વારા વ્યક્ત કર્યા છે તે તેઓશ્રીના જ હસ્તાક્ષરમાં વાંચીને આનંદ થશે. આવા ૮૦ જેટલા હસ્તાક્ષરો આપવાની ભાવના હતી....પરંતુ આ કાર્યમાં સમયની અલ્પતાને કારણે, તેમજ પૂ. ગુરુદેવની સાથે પ્રવાસમાં રહેવાને કારણે પૂરા ૮૦ આપી શકાયા નથી, છતાં જેટલા આપી શકાયા છે તેટલા પણ જિજ્ઞાસુઓને આનંદિત કરશે. બ્ર. હ. જૈન




મુમુક્ષુઓનાં હજારો-લાખો પુસ્તકોમાં ગુરુદેવે આ હસ્તાક્ષર કર્યા છે. ગુરુદેવ કહે છે કે આમાં જે ૐ છે તે સર્વજ્ઞ ભગવાનની વાણી છે, અને તે શુદ્ધાત્મા દેખાડે છે. તે શુદ્ધાત્મા કેવો છે? સહજ ચિદાનંદ' એટલે કે અતીન્દ્રિય જ્ઞાન ને આનંદસ્વરૂપ છે; એવા આત્માને તમે ઓળખો,—એમ ગુરુદેવના આ હસ્તાક્ષરો આપણને કહે છે.



## ગુરુદેવે સમયસાર માટે લખેલા ખાસ હસ્તાક્ષર (સં. ૧૯૯૬)

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ


ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયપ્રાભૃતમાં કહે છે કે, હું જે આ ભાવ કહેવા માગું છું તે અંતરના આત્મસાક્ષીના પ્રમાણ વડે પ્રમાણ કરજો; કારણ કે આ અનુભવપ્રધાન શાસ્ત્ર છે. તેમાં મારા વર્તતા સ્વ-આત્મવૈભવ વડે કહેવાય છે. આમ કહીને છઠ્ઠી ગાથા શરૂ કરતાં આચાર્યભગવાન કહે છે કે, 'આત્મ આત્મદ્રવ્ય અપ્રમત્ત નથી અને પ્રમત્ત નથી એટલે કે એ બે અ અવસ્થાનો નિષેધ કરતો હું એક જાણનાર અખંડ છું- એ મારી વર્તમાન વર્તતી દશાથી કહું છું.' મુનિપણાની દશા અપ્રમત્ત અને પ્રમત્ત એ બે ભૂમિકામાં હજારો વાર આવ-જા કરે છે, તે ભૂમિકામાં વર્તતા મહા મુનિનું આ કથન છે.

સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટણું. જેમ રાજાને મળવા ભેટણું આપવું પડે છે તેમ પોતાની પરમ ઉત્કૃષ્ટ આત્મદશાસ્વરૂપ પરમાત્મદશા પ્રગટ કરવા સમયસાર- જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આત્મા તેની પરિણતિરૂપ ભેટણું આપ્યે પરમાત્મદશા—સિદ્ધદશા—પ્રગટ થાય છે.

આ શબ્દબ્રહ્મરૂપ પરમાગમથી દર્શાવેલા એકત્વવિભક્ત આત્માને પ્રમાણ કરજો, હા જ પાડજો, કલ્પના કરશો નહિ. આનું બહુમાન કરનાર પણ મહાભાગ્યશાળી છે.

(પોતાના જ હસ્તાક્ષરમાં)


### સદ્ગુરૂદેવના હૃદયોદ્ગાર




[ સં. ૨૦૧૭ માં ગિરનારયાત્રા વખતે, 'સુવર્ણ-સન્દેશ' માટે વિનતિ કરતાં ગુરુદેવે ગિરનાર ઉપર બેઠાં બેઠાં આ સાખીના હસ્તાક્ષર કરી આપ્યા હતા. ]

ૐ

શ્રી નેમીનાથ ભગવાનનું ચારીત્ર ધામ
કેવળજ્ઞાન ધામ સમ શ્રેણીએ સિધ્ધાલય
ધામના સ્મરણનું સ્થાનં શ્રી ગીરનાર
ધામનો જયવંત.



ૐ


સ્વાલંબી ઉપયોગરૂપ સ્વરૂપને સાધીને
જે ક્ષેત્રથી સિદ્ધ થયા તે જ ક્ષેત્ર
સમશ્રેણીએ ઊર્ધ્વ સિદ્ધપણે બિરાજે છે,
તેના સ્મરણના કારણરૂપ
આ તીર્થ નિમિત્ત છે.

ૐ

ચિદાનંદ નમઃ

'સુવર્ણસન્દેશ'ના વૈ. સુ. બીજના અંકમાં ગુરુદેવના હસ્તાક્ષર

ગુરુદેવને અત્યંત પ્રિય એવી ૪૭ શક્તિના પુસ્તકમાં-



## પાંચ બોલે પૂરો પ્રભુ



આત્મચિંતનપૂર્વક ગુરુદેવે સ્વહસ્તે લખેલા પાંચ બોલ–

પરમ પારિણામિક ભાવ છું

કારણ પરમાત્મા છું

કારણ જીવ છું

શુદ્ધ ઉપયોગોઽહં

નિર્વિકલ્પોઽહં



ॐ આશીર્વાદ.

પરમકૃપાપૂર્વક ગુરુદેવના આશીર્વાદની પ્રાપ્તિ—એ આ બાળકના જીવનનું એક અતિમધુર સંભારણું છે. આજથી ૨૨ વર્ષ પહેલાં (સં. ૨૦૦૩ માં) મહા વદ ૧૪ ના રોજ ગુરુદેવના આશીર્વાદની પ્રાપ્તિનો મંગલ પ્રસંગ બનેલો. ત્યાર પછી સં. ૨૦૧૯ની દીપાવલીના રોજ તે મંગલપ્રસંગને યાદ કરીને ગુરુદેવને વિનતિ કરતાં તેઓશ્રીના ફોટામાં તેમણે સ્વહસ્તે ઉપરોક્ત આશીર્વાદ લખી આપ્યા છે. ગુરુદેવના કૃપાભરેલા આશીર્વાદથી આ બાળકનું જીવન કૃતાર્થ બન્યું.



ૐ

નિજ પરમ પાવન પરમાત્માનું
નિજ પરમ સ્વરૂપ, તેના શ્રદ્ધાની
પરમ પ્રતીતિ અને તેમાં સ્થિરતા
એ અમૂલ્ય ચિંતામણી રત્ન છે,
કે તેનું મુલ્યાંકન હોઈ શકે નહિ.

ૐ

ભાવ શ્રુતજ્ઞાનરૂપ પરિણમન કે જેમાં સમ્યક્ દર્શન-
જ્ઞાન-ચારિત્ર સમાય છે તે ભાવશ્રુતજ્ઞાનરૂપ
પરિણમન અખંડ એક દ્રવ્યના આશ્રયે પ્રગટે છે.
જે સર્વજ્ઞનાં સર્વ કથનનો સાર છે.

ૐ

સ્વભાવ તે ઈષ્ટ છે, વિભાવ તે અનિષ્ટ છે.
સ્વભાવમાં વિભાવનો તથા વિભાવમાં
સ્વભાવનો અભાવ છે તે ખરું અનેકાંત છે.
જગતનાં જીવોને આ સમજવું જ કલ્યાણ છે.

ૐ

અનેકાંત એ અમૃત છે
કારણ સત સ્વપણે છે ને પરપણે નથી
તેમાં સ્વનું હોવું તેમાં પરના અભાવ ભાવ રૂપ હોવાથી
સ્વની શાંતિ વેદાય છે એથી અમૃત છે.

ૐ

આત્માનું જ્ઞાન સ્વ પર પ્રકાશક
હોવાથી તેના અનુભવના કાળમાં પણ
તે જ્ઞાન સ્વરૂપ જ્ઞાનને પણ પ્રકાશે છે
અને આનંદને પણ પ્રકાશે છે તેથી તેને
નિશ્ચયથી સ્વપર પ્રકાશક કહેવાય છે:

ૐ

આત્મા સહજ આનંદ સ્વરૂપ છે તે ખરેખર
દુઃખ રૂપ નથી. કેમકે પદાર્થનો સહજ સ્વભાવ
અવિકૃત હોય છે તેથી અસલમાં દુઃખ નથી

ૐ

"અનેકાન્તિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી." શ્રી રાજચંદ્ર
અનેકાન્તિક માર્ગ એટલે કે ઉપાદાન પણ છે, નિમિત્ત પણ છે. અભેદ પણ છે, ભેદ પણ છે. શુદ્ધ પણ છે, અશુદ્ધ પણ છે. દ્રવ્ય પણ છે, પર્યાય પણ છે. નિશ્ચય પણ છે અને વ્યવહાર પણ છે. એમ હોવા છતાં સમ્યક્ એકાંત એવા શુદ્ધ દ્રવ્ય સ્વભાવના આશ્રય વિના નિજપદની પ્રાપ્તિ થઈ શકતી નથી અને શુદ્ધ સ્વભાવના આશ્રય સિવાય ભેદ, નિમિત્ત, વ્યવહાર, અને પર્યાય નું અનેકાંતિક જ્ઞાન પણ યથાર્થ થઈ શકતું નથી.

ૐ

ચૈતન્ય વસ્તુનો સ્વભાવ તે ત્રિકાળ નિત્ય છે. વિકાર તે ક્ષણિક અનિત્ય છે તેથી ત્રિકાળ સત્‌ની અપેક્ષાએ તે અસત છે. અને પર પદાર્થનો આત્મામાં એક સમય પણ નથી તેથી તે આત્માની અપેક્ષાએ અસત છે માટે પરમ સત એવો જ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ તેનું શરણ લેવું.

ॐ

આત્મામાં એક સુખ શક્તિ નામનો ગુણ કે જેની અંતર શક્તિની મર્યાદા અનંત છે તેવા ગુણની બુદ્ધિ વડે આત્મરૂપ દ્રવ્યનો આદર કરતાં પાંચ ઇન્દ્રિયોના ઇંદ્રાદિના વિષયોને પણ હેય જાણી છોડે છે.

ॐ

સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્ર તે જ્ઞાન માત્ર જ પર્યાય છે એમાં રાગમાત્રનો અભાવ છે માટે તેને જ્ઞાનમાત્ર કહ્યું છે.

જ્ઞાનમાત્ર કહેતાં રાગમાત્રનો અભાવ બતાવે છે પણ તેમાં દર્શન શાંતિ આનંદ આદિનો અવિનાભાવ છે તેથી તે જ્ઞાનમાત્ર પર્યાય જ મુક્તિનું કારણ છે

ॐ

જેને પરમ ઠરવું હોય એટલે કે સ્વતંત્રતા મેળવવી હોય અને સ્વની સંપદામાં એકતા કરવી હોય એણે કર્માધીન સંયોગો અને વિકારોથી રહિત દ્રષ્ટિ કરી સ્વાભાવિક અને પરિપૂર્ણ એવા નિર્વિકાર સ્વભાવમાં સ્થિરતા કરવી એ પરમ પૂર્ણ પદે ઠરવાનો એક માત્ર ઉપાય છે.

ॐ

પરિપૂર્ણ દ્રવ્યને લક્ષગત કરવામાં જે ભેદરૂપ જ્ઞાનનો પર્યાય જે દ્રવ્યશ્રુત તરીકે છે, તે સર્વશ્રુતપણાને પામે છે. કેમકે સર્વ સ્વભાવનો આધાર એવું જે અભેદ દ્રવ્ય તેને પકડવામાં તે નિમિત્ત થાય છે.

ॐ

ચૈતન્ય સ્વભાવનું અજ્ઞાન તે રાગ દ્વેષનું કર્તુત્વ મનાવે છે.

રાગ દ્વેષનું કર્તુત્વ છતાં અકર્તા એવો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એની દૃષ્ટિમાં આવતો નથી તેથી પરિભ્રમણનું મૂળ એવું રાગદ્વેષનું કર્તુત્વ એવું અજ્ઞાન એજ સંસારનું બીજ છે.

ॐ

એક આત્માને જાણતાં સર્વ જાણી શકાય છે. કેમકે આત્માનો સર્વને જાણવાનો સ્વભાવ છે. આત્માનો સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી. સ્વને જાણતાં પર જણાઈ જાય છે.

ૐ

આત્માને અવિરત ચોથા ગુણ
સ્થાનમાં પણ પ્રથમ સ્વસંવેદન પ્રત્યક્ષનું
થયું તે અનિવાર્ય છે કેમકે તેમાં રાગાદિ
ની અપેક્ષા રહેતી નથી. તેથી તેને વિરળ
અનુભૂતિ કહેવાય છે.

ૐ

પરં અકષાયિ શાંતરસ સ્વરૂપ
આત્મા કે જે એવી શાંતરસ આદિ
અનંત શક્તિનો પિંડ છે એવા ચૈતન્ય
રૂપ હિમાલયનો આશ્રય કરવો જ
સંસારની આકુળતા રૂપ વિષમ આતા-
પને ટાળે છે.

ૐ

આત્માની નિર્મળ શક્તિના ભાવ
માં સ્વ અને અનંત પદાર્થો, જેમ જળની
સ્વચ્છતામાં અનેક તારાઓ જળની સ્વચ્છતા
ભેળાં દેખાય છે તેમ, દેખાય છે

ૐ

જેને સુખી થવું હોય તેણે સુખ સમૃદ્ધ એવો આત્મા કે જે સુખ સ્વભાવનું અવલંબન જ પોતે છે તેના આશ્રયથી સુખી થવાય છે અને દુઃખનો નાશ થાય છે.

એટલે સત્ય પ્રતીતમાં આવે છે અને અસત્યની પ્રતીતનો નાશ થાય છે આમ સત્યનું યથાર્થ જ્ઞાન થાય છે અને અજ્ઞાનનો નાશ થાય છે. તેમજ સત્યમાં સ્થિરતા થાય છે અને અસ્થિરતાનો નાશ થાય છે.

ૐ

આત્માનું બળ એટલે કે વીર્ય એમાં એવી તાકાત છે કે તે આત્મ સ્વરૂપની રચના કરેછે અને તેજ તેનો સ્વભાવ છે. તે વિકાર ને રચે કે પરને રચે તેવું તે વીર્યનું સ્વરૂપ જ નથી.

પરમજ્ઞાની આત્માની દિવ્ય શક્તિઓ-નું વર્ણન કરતાં જણાવે છે કે આત્મામાં દ્રવ્ય ગુણ પર્યાયની રચનાના સામર્થ્યરૂપ એક વીર્ય શક્તિ છે કે જેનું શક્તિવાન એવા આત્મ દ્રવ્ય ઉપર નજર જતાં દ્રવ્ય ગુણપર્યાય એ ત્રણેમાં વ્યાપવું થાય છે.

ૐ

આત્માનો સ્વભાવ નવાં કર્મબંધન
ને નિમિત્ત થવાનો નથી. એ કર્મને નિમિત્ત
થવાનો સ્વભાવ હોય તો બંધનનું નિમિત્ત
કારણ એવો વિકાર ત્રિકાળ કરવો પડે
અને એથી બંધન કદી મટે નહિં માટે
આત્માનો સ્વભાવ પરમાર્થે અબંધ છે
એવી દ્રષ્ટી કરવી તે ધર્મ છે.

ૐ

સમ્યક્ દ્રષ્ટિ થતાં સહજાત્મ ચૈતન્યના
સ્વામી થાય છે તેનું ફળ મુક્તિ છે.
તેથી વિપરીત મિથ્યા રૂચિમાં પર પદાર્થ
અને વિકારનો સ્વામી થાય છે.
તે બંધનું કારણ છે.

ૐ સહજાત્મ સ્વરૂપ અનંત શક્તિ સંપન્ન
ચૈતન્ય ચિત્ ચમત્કાર ચિંતામણી
ભગવાન કિ જય.

ૐ

સ્વભાવનો વિશ્વાસ એ પુણ્ય પાપ રૂપ.
દ્વૈત ભાવનો વિશ્વાસ ઉડાડી દે છે એટલે કે
પુણ્ય પાપના વિભાવ ભાવમાંથી સ્વભાવની
જાગૃતિ થતી નથી અને પુણ્ય પાપના ભાવથી
સંસાર રૂપ જન્મ મરણ મટતું નથી માટે
સ્વભાવ માંજ વિશ્વાસ કરવા જેવો છે.

ૐ

ગતિ, કષાય, જોગ, લેશ્યા, જ્ઞાન પર્યાય, દર્શન
પર્યાય આદિ સહવર્તી એટલે અક્રમરૂપ
વ્યાવહારિક ભાવરૂપ ભેદ અને ક્રમરૂપ એવા
મનુષ્ય ગતિ, તિર્યંચ ગતિ અને દેવ ગતિ
તેમજ ક્રોધ, માન, માયા, લોભ અને બાળ,
યુવાન, વૃદ્ધ રૂપ ક્રમે થતા વ્યાવહારિક ભા-
વોથી ભેદરૂપ નહિ થતો હોવાથી હું એક છું.

ૐ

સ્વ સ્વભાવ સન્મુખનું જ્ઞાન તે સમ્યક્ જ્ઞાન છે
એવા પર સન્મુખનું જ્ઞાન તે અજ્ઞાન છે.
કારણ કે સ્વ સ્વભાવની સંપૂર્ણતાના ભાન વિના
એક સમયની પર્યાયની અપૂર્ણતા માં પૂર્ણતા માની છે
તેથી પૂર્ણ સ્વભાવ ને લક્ષ માં લઈ પૂર્ણ સાધન
સાધવું.

ૐ

આત્માને ત્રિકાળી શુદ્ધ જાણતાં શુદ્ધ પર્યાયનો લાભ થાય છે. અને તેને અશુદ્ધ જ જાણતાં તેને અશુદ્ધ રાગાદિનો લાભ થાય છે.

માટે પર્યાયમાં અશુદ્ધ હોવા છતાં તેનું લક્ષ છોડીને શુદ્ધ ત્રિકાળ સ્વભાવ સન્મુખ થવું તેજ સુખનો ઉપાય છે. તે સિવાય બીજો કોઈ ઉપાય નથી.

ૐ

દરેક દ્રવ્ય પોતાથી છે અને પરથી નથી.
દરેક ગુણ પોતાથી છે ને પરથી નથી.
દરેક પર્યાય સ્વથી છે અને પરથી નથી.
એ અસ્તિ નાસ્તિ આદી પરસ્પર વિરુદ્ધ શક્તિઓનું દરેક પદાર્થમાં હોવું તેને અનેકાન્ત કહે છે.

ભરતથી મહાવિદેહની મુળ દેહે જાત્રા કરનાર શ્રી કુંદકુંદ આચાર્યની જય હો જય હો.

ॐ

કુંદન ગીરી પાવન કરનાર
કુંદકુંદને નમ:

ॐ

શુધ્ધ આત્મા સિવાઈ બીજા પાંચ દ્રવ્યો અને સંસારી જીવનું ધ્યાન કરતા ધ્યાન કરનારને ધ્યાન નથી, તેમ સુખ નથી.

શુધ્ધ આત્માના ધ્યાન કરનારને ધ્યાન છે અને સુખ છે, માટે શુધ્ધાત્મા જ ઉપાદેય છે.

ॐ

અનંત ગુણ સ્વરૂપ આત્માના એકરૂપ સ્વરૂપને દ્રષ્ટીમાં લઈ, તેને (આત્માને) એકને ધ્યેય બનાવી, તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો એજ પહેલામાં પેલા શાંતિ સુખનો ઉપાય છે.

ૐ

નિજ સ્વરૂપનો ઉપયોગ તે સુખ છે
તે આબાલ ગોપાળ કરી શકે છે.
એ વીના શાંતીનો બીજો કોઈ ઉપાય નથી.

ૐ

એક આત્મદ્રવ્યમાં એક ગુણ
અનંત શક્તિ સંપન્ન છે. એવા અનંત
ગુણ અનંત શક્તિ સંપન્ન હોવાથી
એનો આધાર એવું એકરૂપ દ્રવ્ય
તે દ્રષ્ટિનું ધ્યેય છે.

ૐ

સહજ સ્વભાવની સમજણ સહજ સરલતા વિના
સંભવે નહિં કારણકે મૂળ સ્વભાવ સરળ છે. તેથી
સુખી થવા ઈચ્છનારે સહજ સ્વભાવ અને સહજ સરલતા
ની સંધી કરવા સત સમાગમ કરવો જોઈએ.

ૐ

નિર્દોષ જેણે થવું હોય એણે સદોષતા કેટલી
છે, ટળી શકે છે એવો નિર્ણય કરવો જોઈએ અને
સદોષતાના સ્થાનમાં નિર્દોષતા લાવવી છે તે નિર્દોષ
તા માત્ર સ્વક્ષેત્રમાં સ્વભાવ રૂપ પૂર્ણ રીતે પડી છે
એમ નિર્ણય કરવો જોઈએ.

વર્તમાન અવસ્થામાં જે નિર્દોષતા લાવવી છે
તે બહારથી આવી શકતી નથી પરંતુ ધ્રુવ એવા
સ્વભાવનો આશ્રય કરવાથી તે પ્રગટ થાય છે.

ॐ

દરેક વસ્તુનો સ્વભાવ તેની
શક્તિમાં અનંત છે. કારણ કે જેનો સ્વભાવ
હોય તેની મર્યાદા શું હોય.

એવા એક આત્મદ્રવ્યમાં અનંત
ગુણરૂપ શક્તિ રહી છે એનું મહાત્મ્ય
આવતા સંયોગ રાગ અને ભેદરૂપથી
દબાઈ ગયું છે.

ॐ

અંતર નિજ સ્વભાવમાં વિકારાદિ
વિભાવ પરિણતિને બહાર કરવાનું સામર્થ્ય
છે એટલે કે તે વિકારાદિને ટકાવી રાખે તેવું
સામર્થ્ય એનામાં નથી માટે નિજ સ્વભાવનો
આશ્રય કરવા લાયક છે.

ॐ

આત્મામાં એટલે કે અનંત શક્તિ
સંપન્ન દ્રવ્યમાં અનંત શક્તિનું સ્વસંવેદન પણ
એટલે કે નિજ (પોતાના) ભાવથી રાગના
અભાવરૂપ પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ
વેદન થવું તે અનંત ગુણશક્તિની એક
એવી સ્વસંવેદન શક્તિને બતાવે છે.

ૐ

અનાદિ અનંત એક નિજ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તેનું સ્વ સન્મુખ થઈ આરાધન કરવું તેજ પરમાત્મા થવાનો સાચો ઉપાય છે.

ૐ

વ્યવહાર નય કહો કે પર્યાયાર્થિક નય કહો તે દ્રવ્યના એક ભેદ અંશને જણાવે છે. નિશ્ચય નય વસ્તુના અભેદને જણાવે છે માટે વ્યવહાર નય હેય છે અને નિશ્ચય નય ઉપાદેય છે.

ૐ

મૃતક કલેવરમાં મૂર્છાએલો એવો અમૃત આનંદ સ્વરૂપ આત્મા પોતા તરફ નજર પણ કરતો નથી. પોતા તરફ નજર કરતાં સુખરૂપ અમૃતથી ભરેલો પૂર્ણ સમુદ્ર તેને નિહાળતાં, જોતાં, અવલોકતાં, દેખતાં માનતા અને તેમાં સ્થિર થતાં તૃપ્ત થઈ તેવી ચીજ પોતેજ છે.

શ્રી સીમંધર ભગવાન ના દરસન કરનાર
ભગવાન શ્રી કુંદકુંદ આચાર્યદેવને નમો નમઃ

શ્રી બાહુબલી ભગવાનનો જય હો.
આનંદામૃતનો જય હો.

ૐ ચિદાનંદ
અંતરીક્ષ ઉદયગીરી
આકાશ ગામિની યાત્રા જય હો

ૐ
જ્ઞાન છે તે અવિનાભાવી આનંદ વાળું છે
તેથી ધ્રુવ સ્વરૂપનો આશ્રય કરતાં
જ્ઞાન અને આનંદ એકી સાથે
પ્રગટ થાય છે.

ૐ

સાધક જીવને વર્તમાનમાં વર્તતા ધ્યાનમાં લેવા લાયક ધર્મોમાં કેટલાક કાયમી ધર્મો છે, કેટલાક વર્તમાન પર્યાયના ધર્મો છે. તેને બરાબર જાણી યથાર્થ જ્ઞાન કરવું તે પ્રમાણ જ્ઞાન છે.

ૐ

આત્માને ચોથા ગુણસ્થાનથી નિર્વિકલ્પ અનુભવ કેવો હોય, કેટલો કાળ રહે અને ફરીને આંતરે આવે એ વાત આ અનુભવ પ્રકાશમાં ખાસ વર્ણવવામાં આવી છે.

શ્રી દીપચંદજી સાધર્મીએ પોતે અનુભવનો સ્પષ્ટ ચિતાર આપીને આ શાસ્ત્ર રચેલ છે; માટે આત્માર્થી જીવોએ આ શાસ્ત્ર વારંવાર અભ્યાસ, ચિંતવન અને વિચારમાં લેવા જેવું છે.







મંગલમય મંગલકરણ
વીતરાગવિજ્ઞાન
નમું તેહ યાતેં ભયે
અરિહંતાદિ મહાન







































૧૮



૧૯


૨૦


૨૧


૨૨



૨૩


૨૪


૨૫



૨૬


૬૦








૬૩




૬૫


૬૬







